ॐ

# દ્રવ્ય સ્વભાવ
# પર્યાય સ્વભાવ
# અપૂર્વ સ્પષ્ટીકરણ

ॐ

**શ્રી પંચપરમેષ્ઠીને નમઃ**
**શ્રી નિજ શુદ્ધાત્માને નમઃ**
**શ્રી સદ્‍ગુરુદેવાય નમઃ**

# દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ અપૂર્વ સ્પષ્ટીકરણ

**અધ્યાત્મ યુગપુરુષ**
**પૂજ્ય કહાનગુરુદેવના**
**અનન્ય શિષ્યરત્ન, આત્મજ્ઞ,**
**પૂજ્ય 'ભાઈશ્રી' લાલચંદભાઈના**
**'દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ'**
**અપૂર્વ સ્પષ્ટીકરણરૂપ પ્રવચનો**

પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન:
શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ
'સ્વીટ હોમ', જાગનાથ પ્લોટ,
શેરી નં-૬, જીમખાના રોડ,
રાજકોટ - ૩૬૦ ૦૦૧. (સૌરાષ્ટ્ર)
(ટ્રસ્ટ, ૯૪૨૯૦ ૮૮૮૭૯)
(સમકિત મોદી, ૯૮૨૫૫ ૮૨૫૪૯)

| વીર સંવત ૨૫૪૯ | વિક્રમ સંવત ૨૦૭૯ | ઈ.સ. ૨૦૨૩ |
|---|---|---|

**-: પ્રકાશન :-**

પૂ. "ભાઈશ્રી" લાલચંદભાઈ મોદીના
૧૧૪ મી જન્મદિન પ્રસંગે
તા. ૨૯-૫-૨૦૨૩, સોમવાર, જેઠ સુદ-૯

પ્રથમ આવૃતિ - ૩૦૦

પડતર કિંમત ૪૪૦ રૂપીયા (અંદાજીત)
મૂલ્ય - સ્વાધ્યાય

| **પ્રવચનોની ઉપલબ્ધિ** | |
|---|---|
| ઓડિઓ, વિડિયો, લિખિત તથા સબટાઇટલ્સ | AtmaDharma.com & AtmaDharma.org |
| વિડિયો તથા સબટાઇટલ્સ | YouTube.com/LalchandbhaiModi |
| Telegram: જાહેરાતો | t.me/Lalchandbhai |
| WhatsApp: જાહેરાતો | https://chat.whatsapp.com/Dkjf4AJ5vew8sE1VNm2amO |
| Telegram: જાહેરાતો અને તત્ત્વ ચર્ચા | t.me/DhyeyPurvakGyey |

# અનુક્રમણિકા


પ્રકાશકીય કલમે....4
દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ - અપૂર્વ સ્પષ્ટીકરણમાંથી ખાસ વિણેલાં બિંદુઓ....6
પ્રકાશનો....21
શ્રી સમયસારજી સ્તુતિ....22
શ્રી કુંદકુંદ આચાર્યદેવ....23
શ્રી સદગુરુદેવ-સ્તુતિ....24
પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી....25
જિનજીની વાણી....26
પૂજ્ય ભાઈશ્રી લાલચંદભાઈ....27
દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાય પર પ્રવચનો....28
પ્રવચન: LA ૪૦૪....28
પ્રવચન LA ૪૦૫....40
પ્રવચન LA ૪૦૬....58
પ્રવચન LA ૪૦૭....78
પ્રવચન LA ૪૦૮....88
પ્રવચન LA ૪૦૯....111
પ્રવચન LA ૦૬૬....131
પ્રવચન LA ૦૬૭....151
પ્રવચન LA-૦૬૮....168
પ્રવચન LA ૪૧૦....192
પ્રવચન LA ૪૧૧....217
પરમપારિણામિકભાવ, સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો સંવાદ....239

# પ્રકાશકીય કલમે

**અહો ઉપકાર જિનવરનો, કુંદનો ધ્વનિ દિવ્યનો,**

**જિનકુંદ ધ્વનિ આપ્યા, અહો તે ગુરુ કહાનનો.**

વર્તમાન શાસન નાયક મહાવીર ભગવાનથી પ્રગટ થયેલી દિવ્યધ્વનિની પરંપરામાં કળિકાળ સર્વજ્ઞ એવા શ્રી કુંદકુંદાચાર્યદેવ બે હજાર વર્ષ પૂર્વે થયા. તેઓશ્રીએ વર્તમાન મહાવિદેહક્ષેત્રે બિરાજમાન શ્રી સીમંધર ભગવાનની સુખાનંદથી વહેતી દિવ્ય દેશનાને પ્રત્યક્ષ સદેહે ત્યાં જઈ સાક્ષાત મૂર્તિમંત કરીને ભરતક્ષેત્રમાં લાવીને દ્વિતીય શ્રુતસ્કંધમાંના સમયસાર આદિ પંચપરમાગમોની રચના કરી. ત્યારબાદ એક હજાર વર્ષ પૂર્વે આ કાળના હાલતા ચાલતા સિદ્ધ એવા શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ થયા. તેમણે સમયસાર આદિ અનેક શાસ્ત્રોની ટીકા કરી.

આ પરંપરામાં મોક્ષમાર્ગ પ્રાયે: લોપ જેવો જ થઈ ગયેલો. મિથ્યાત્વ ગળાડૂબ થઈને તેનું એક છત્ર રાજ શરૂ થયેલું. તેવામાં જ જૈનશાસનમાં એક આધ્યાત્મિક મહાપુરુષ, આત્મજ્ઞસંત, નિષ્કારણ કરુણાના સાગર અને ભાવિ તિર્થાધિરાજ એવા નિર્ભય-નિડર અને નિશંક સિંહપુરુષ પરમ પૂજ્ય શ્રી કાનજીસ્વામીનો જન્મ થયો. તે પુરુષે આચાર્યોના હૃદયમાં પેસીને ચારે પડખેથી શાસ્ત્રોનો નિચોડ કાઢીને, પરમાગમના રહસ્યોને પોતાની પ્રજ્ઞાથી આત્મસાત્ કરીને, ભવ્યજીવોના શ્રેયાર્થે ૪૫ વર્ષ સુધી અતૂટ ધારાથી દેશનાની શૃંખલા વરસાવીને, અસંખ્ય જીવોને આધ્યાત્મિક વાતાવરણમાં તરબોળ કરી દીધા. ઘણાં જીવોએ પૂજય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નિમિત્તે પોતાના આત્મસ્વરૂપને સમજીને આત્મસાત્ કર્યું.

પૂજય ગુરુદેવશ્રીના ૪૫ વર્ષના સોનગઢના સુવર્ણકાળ દરમ્યાન અનેક શિષ્યરત્નો થયા. તેમાંના એક પ્રમુખ શિષ્યરત્ન એવા આદરણીય પૂજ્ય શ્રી લાલચંદભાઈ થયા. પૂજ્ય ભાઈશ્રીએ ઘણો સમય સોનગઢ પૂજય ગુરુદેવશ્રીની નિશ્રામાં રહી, આચાર્ય ભગવંતોના મૂળ તાત્ત્વિક રહસ્યોને પોતાના જ્ઞાનસરોવરના

પ્રકાશ સાથે મેળવીને આચાર્ય ભગવાન તથા પૂજય ગુરુદેવશ્રીએ જે રીતે શુધ્ધાત્માનું રહસ્ય ચારે પડખેથી વિસ્તૃત કરેલ છે તેને બરાબર અવધારીને છઠ્ઠી ગાથાના નિમિત્તે પોતાના શુધ્ધાત્માનો સ્પર્શ કરી અતીન્દ્રિય આનંદનો સ્વાદ ચાખી લીધો.

અનુભવ કેમ થાય એની આ પુસ્તકમાં વિધિ છે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી છે આ. હું તો ત્રિકાળ મુક્ત છું, એમ ત્રિકાળ અકારક-અવેદક છું. એમ પોતાનો જે આત્મા જેવો છે એ આત્માને વિકલ્પ દ્વારા, મનના સંગ દ્વારા, રાગના સંબંધવાળા જ્ઞાન દ્વારા, જે જ્ઞાનનુ લક્ષ રાગ ઉપર છે હજી, એવા જ્ઞાન દ્વારા, એ વિચાર કરે છે વસ્તુનો, તો એને મિથ્યાત્વ તો ગળે છે પણ મિથ્યાત્વ ટળીને સમ્યગ્દર્શન થતું નથી. અહીંયા સુધી આવ્યા પછીઃ

એને નયોના વિકલ્પ કેમ છૂટે?

અને સાક્ષાત અનુભવ કેમ થાય?

એ આ '**દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ - અપૂર્વ સ્પષ્ટીકરણ**' પુસ્તકમાં તેની સ્પષ્ટતા બહુ જ સુંદરતાથી પૂજ્ય શ્રી લાલચંદભાઈએ કરેલ છે.

આ પુસ્તક પૂજ્ય ભાઈશ્રીના ૧૧ વિડીયો પ્રવચન નંબર LA ૪૦૪, LA ૪૦૫, LA ૪૦૬, LA ૪૦૭, LA ૪૦૮, LA ૪૦૯, LA ૦૬૬, LA ૦૬૭, LA ૦૬૮, LA ૪૧૦ તથા LA ૪૧૧ ને અક્ષરશઃ પ્રવચનોના રૂપમાં પ્રકાશિત કરવામાં આવેલ છે.

આ **દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ** પર પૂજ્ય શ્રી લાલચંદભાઈની **અપૂર્વ સ્પષ્ટીકરણ**રૂપ વાણીના વિડિયો રેકોર્ડીંગ બ્ર. સંધ્યાબેન જૈન (શિકોહાબાદ) દ્વારા કરેલ છે. સંસ્થા આ કાર્ય બદલ તેમનો આભાર વ્યક્ત કરે છે.

અક્ષરશઃ પ્રવચન લખવાનું, ટાઇપિંગનું (typing) અને પ્રૂફ રીડિંગનું (proof reading) કાર્ય પૂજ્ય શ્રી લાલચંદભાઈ અમરચંદભાઈ મોદી અક્ષરશઃ પ્રવચન ટીમે (team) તૈયાર કરેલ છે. સંસ્થા આ કાર્ય બદલ આખી ટીમનો આભાર વ્યક્ત કરે છે.

આ પુસ્તકનું પ્રિન્ટિંગ તથા બાઈન્ડીંગનું કાર્ય Design Scope વાળા અમરભાઈ પોપટ તથા Sharp Offset Printers વાળા ધર્મેશભાઈ શાહ દ્વારા થયું છે. સંસ્થા તેમનો આભાર માને છે.

આ પુસ્તક બે વેબસાઇટ પર ઉપલબ્ધ છે:-

**AtmaDharma.com** અને **AtmaDharma.org**

અમારા ટ્રસ્ટનું આ ૨૦ મું પુસ્તક છે. આ પુસ્તકમાં અજાણતા કાંઈ ક્ષતિ રહી ગઈ હોય તો તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ. ભૂલ મળે તો **atmadharma.com@gmail.com** પર જણાવશો.

અંતમાં આ '**દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ - અપૂર્વ સ્પષ્ટીકરણ**' પુસ્તકમાં સ્વભાવનું સ્પષ્ટીકરણ જે પૂજ્ય શ્રી લાલચંદભાઈએ કરેલ છે તેવો સ્વભાવ, સર્વ જીવોને, પક્ષાતિક્રાંત થઈ અને પ્રાપ્ત થાય, તેવી મંગલ ભાવના.

લી.

ટ્રસ્ટી શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ, રાજકોટ

# દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ - અપૂર્વ સ્પષ્ટીકરણમાંથી ખાસ વિણેલાં બિંદુઓ

**૧.** 'હું અકારક, હું અવેદક' એવો જે વિકલ્પ, 'હું જાણનાર, કરનાર નહિ, હું તો જાણનાર' એવો વિકલ્પ, એ સંસાર છે.

**૨.** ભૂતાર્થનયથી જાણ જ્ઞાનને તો નિરાલંબી દેખાશે. ત્રિકાળી દ્રવ્ય તો નિરાલંબી છે પણ જે ઉપયોગમાં આત્મા જણાય છે એ પણ નિરાલંબી છે. સત્ અહેતુક છે, પર્યાયમાં પણ.

**3.** ધ્યેયમાં ધ્યાનની નાસ્તિ છે એવી ધ્યેયની અસ્તિ છે, એનો અનુભવ એ મસ્તી!

**૪.** શ્રધ્ધા સ્વભાવથી એકાંત. જ્ઞાન સ્વભાવથી અનેકાંત. શ્રધ્ધાનો વિષય એકાંતિક છે. શ્રધ્ધા સાચી થાય તો જ્ઞાન અનેકાંતિક, બે નયનો જ્ઞાતા. શ્રધ્ધા ખોટી હોય તો જ્ઞાન ખોટું. જ્ઞાન ખોટું હોય તો બે નયનો જ્ઞાતા ક્યાંથી થાય?

**૫.** બે નયોના વિષયને સમાનપણે સત્યાર્થ માને અને એનું શ્રધ્ધાન કરે, તો શ્રધ્ધાન ન પ્રગટ થાય.

**૬.** (૧) નયજ્ઞાન સાપેક્ષ છે. (૨) નય વિકલ્પરૂપ છે અને (૩) નય અંશગ્રાહી છે.

**૭.** દ્રવ્યને પણ સ્વભાવથી જુઓ, જ્ઞાનની પર્યાયને પણ એના સ્વભાવથી જુઓ, નયથી ન જુઓ. ત્યારે વિકલ્પ છૂટી જશે.

**૮.** પર્યાયના બે સ્વભાવ બતાવ્યા. એક તો પર્યાય થવા યોગ્ય થાય છે. અને બીજું - આ જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયક જ જણાય છે, સ્વભાવથી જ જણાય છે. પર્યાય સ્વતંત્રપણે કર્તા થઈને દ્રવ્યનું લક્ષ કરે છે.

**૯.** સ્વભાવમાં નય નથી. સ્વભાવનું જે જ્ઞાન પ્રગટ થાય છે એમાં પણ નય ન હોય.

**૧૦.** સમ્યગ્દૃષ્ટિ થયા પછી બે નયોનો જ્ઞાતા થાય. સમ્યગ્દર્શન થવા પહેલા બે નયોનો કર્તા હોય, જ્ઞાતા ન હોય.

**૧૧.** નયોના વિકલ્પ છે, એ શરીરનો એક ભાગ છે, જ્ઞેયનો ભેદ છે, જ્ઞાનનો ભેદ નથી.

**૧૨.** પૂર્વે અનંતવાર દ્રવ્યલિંગી મુનિ થયો, નયજ્ઞાન સુધી આવી ગયો, અને વ્યવહારનય હેય છે ત્યાં સુધી આવ્યો, પણ નિશ્ચયનય ઉપાદેય છે એમ (શલ્ય) રહી ગયું.

**૧૩.** વ્યવહારનો પક્ષ સૂક્ષ્મ રહી જાય છે, આ નિશ્ચયનો પક્ષ એટલે વ્યવહારનો પક્ષ છે.

**૧૪.** નિષેધનો પણ વિકલ્પ નહિ, વિધિનો પણ વિકલ્પ નહિ, વિકલ્પ માત્ર ટળી જાય છે અને સ્વભાવમાં ઢળી જાય છે, ત્યારે સ્વાનુભવ થાય છે.

**૧૫.** શ્રદ્ધા નિર્વિકલ્પ હોવાથી બળવાન છે. જ્ઞાનની પર્યાય સવિકલ્પ હોવાથી કમજોર છે. શ્રદ્ધાના બળે જ ઉપયોગ અંદરમાં આવે છે. કેમકે 'હું પરને જાણતો નથી' એમાં જ્ઞાનનું બળ નથી પણ શ્રદ્ધાનું બળ છે.

**૧૬.** 'આત્મા પરને જાણતો નથી' એ શ્રદ્ધાનું બળ છે. અને 'હું પરને જાણું છું' એ મિથ્યાત્વ છે, જ્ઞાનનો દોષ નથી. શ્રદ્ધાના દોષથી જ્ઞાનનો દોષ આવ્યો છે.

**૧૭.** એક જ્ઞાન સાચું કરવા જાય છે પણ શ્રદ્ધા એની વિપરીત રહે છે, એ એને ખબર નથી પડતી.

**૧૮.** સ્વભાવ સર્વથા હોય.

**૧૯.** સ્યાદ્વાદનો - કથંચિત્ નો અભાવ હોવા છતાં, સર્વથામાં આવીશ તો પણ નિશ્ચયાભાસ નહિ થાય, અનુભવ થઈ જશે, જા!

**૨૦.** આત્મામાં સ્યાદ્વાદનો અભાવ, પણ અનુભવજ્ઞાનમાં સ્યાદ્વાદનો સદ્ભાવ.

**૨૧.** અનંતા નય છે, એકેક પદાર્થ અનંત ગુણથી અને અનંત ધર્મથી યુક્ત છે.

**૨૨.** ગુણ હોય એની પર્યાય હોય અને ધર્મ હોય એની પર્યાય ન હોય. ગુણ નિરપેક્ષ છે અને ધર્મ સાપેક્ષ છે - ધર્મ પરસ્પર સાપેક્ષ છે.

**૨૩.** એકેક નય દ્વારા એકેક ગુણને જાણો, એકેક નય દ્વારા એકેક ધર્મને જાણો, તો અનંતકાળ ચાલ્યો જાય પણ આત્માનો અનુભવ ન થાય. એની રીત કાંઈક બીજી હોવી જોઈએ.

**૨૪.** જ્ઞાનીને એક ગુણ પ્રત્યે પણ ઉપયોગ જાતો નથી તેમ એક ધર્મ પ્રત્યે પણ ઉપયોગ જાતો નથી, ધર્મી પ્રત્યે ઉપયોગ લાગેલો છે, એમાં ધર્મો જણાય જાય છે.

**૨૫.** સામાન્ય ઉપર જ્યાં ઉપયોગ લાગ્યો, ત્યાં સામાન્ય-વિશેષ બધું આખું જ્ઞેય, અનંત ગુણાત્મક અને અનંત ધર્માત્મક આખું જ્ઞેય, ધ્યેય પૂર્વક જ્ઞેય થઈ જાય છે, જણાઈ જાય છે. ધ્યેયનું ધ્યાન અને જ્ઞેયનું જ્ઞાન, સમય એક.

**૨૬.** કર્તા અને ભોક્તાપણું પર્યાયનો ધર્મ છે. અકારક અને અવેદક એ દ્રવ્યનો સ્વભાવ છે.

**૨૭.** દ્રવ્યનો સ્વભાવ, સ્વભાવથી જ અકારક-અવેદક છે. રાગને પણ કરતો નથી અને વીતરાગભાવને પણ કરતો નથી. દુ:ખને પણ ભોગવતો નથી અને આનંદને પણ ભોગવતો નથી.

**૨૮.** દ્રવ્યને કર્તા-ભોક્તા કહેવો એ વિભાવ અને કર્તા-ભોક્તા માનવો તે મિથ્યાત્વ.

**૨૯.** 'નયાતિક્રાંત ભાખ્યો તે સમયનો સાર છે', નયથી આત્માનો અનુભવ થતો નથી. અનુભવના કાળે નય રહેતી નથી.

**૩૦.** દ્રવ્યનો સ્વભાવ તે નયાતીત છે. એમાં નય નથી અને એને પ્રસિદ્ધ કરનાર જ્ઞાન, એમાં પણ નય નથી. નય તો માનસિક જ્ઞાનનો ધર્મ છે. એ ઇન્દ્રિયજ્ઞાનનો ધર્મ છે, નય. વિકલ્પવાળી નય છે આ.

**૩૧.** કોઈને નયનું જ્ઞાન ન હોય તો પણ અનુભવ થઇ જાય.

**૩૨.** નિશ્ચયનયે અકર્તા છું એ તારો વિકલ્પ સાચો છે, વિકલ્પ ખોટો નથી, પણ તેથી શું?

**૩૩.** ત્રણ પાઠ:- (૧) 'લાકડાને બાળે તેને અગ્નિ કહેવામાં આવે' - પરાશ્રિત વ્યવહાર. (૨) 'અગ્નિ ઉષ્ણ છે' - ભેદરૂપ વ્યવહાર. (૩) અગ્નિ તો અગ્નિ છે' -

પરાશ્રિત વ્યવહાર ગયો, ભેદાશ્રિત વ્યવહાર ગયો અને અભેદ વસ્તુ અનુભવમાં આવી.

**૩૪.** ત્રણ પાઠ:- (૧) છ દ્રવ્યને જાણે તેને જ્ઞાન કહેવામાં આવે, અસદ્‌ભૂત વ્યવહારના લાકડા એવા ઘૂસી ગયા. (૨) પછી જ્ઞાન તે આત્મા, એ ભેદનું લાકડું ગળી ગયું. (૩) પછી જ્ઞાયક તો જ્ઞાયક છે. બન્ને લાકડા નીકળી ગયા અને અનુભવ થઇ જાય.

**૩૫.** નય સાપેક્ષ હોય અને સ્વભાવ નિરપેક્ષ હોય.

**૩૬.** નિશ્ચયનય તો માત્ર સ્વભાવનો ઇશારો કરે છે. વ્યવહારનયમાં તો સ્વભાવનો ઇશારો કરવાની શક્તિ પણ નથી.

**૩૭.** સ્વભાવ નયથી સિધ્ધ ન થાય, સ્વભાવ સ્વભાવથી જ સિધ્ધ થાય.

**૩૮.** દ્રવ્ય પર્યાયને કરે નહિ કેમ કે પર્યાય ભિન્ન છે. એકમાં બીજાની નાસ્તિ છે, તો પર્યાયને કેમ કરે?

**૩૯.** આત્મા પર્યાય માત્રથી ભિન્ન છે, તો પર્યાય સર્વથા ભિન્ન છે કે કથંચિત્ ભિન્ન-અભિન્ન છે?

**૪૦.** પર્યાય દ્રવ્યને અડતી નથી, દ્રવ્ય પર્યાયને અડતું નથી. સત્તા એક છે અને સત્ બે છે.

**૪૧.** उत्पाद व्यय ध्रौव्ययुक्तं सत्, સત્તા એક, પણ સત્ એમાં ત્રણ છે - ઉત્પાદ સત્, વ્યય સત્ અને ધ્રુવ સત્ છે.

**૪૨.** આત્મા પહેલા બંધને કરે અને પછી બંધને છોડે અને પછી મોક્ષને કરે? એમ પછી કે પહેલા કાંઈ છે નહિ. એ તો પ્રથમથી જ અકારક છે.

**૪૩.** જેમ શુભાશુભ ભાવ બંધનું કારણ છે, એમ નયોના વિકલ્પ પણ બંધનું કારણ છે.

**૪૪.** વ્યવહારનયનો વિકલ્પ અને નિશ્ચયનયનો વિકલ્પ બંધનું કારણ હોવા છતાં પણ આત્માના દ્રવ્ય અને પર્યાયનો નિર્ણય કરવા માટે, પ્રાથમિક ભૂમિકામાં, એને વ્યવહારનયે સાધન પણ કહેવામાં આવે છે.

**૪૫.** વ્યવહારનયે જ્ઞાન પરને જાણે છે એમ નથી અને નિશ્ચયનયે જ્ઞાન સ્વને જાણે છે એમ પણ નથી.

**૪૬.** જ્ઞાન ઉત્પાદરૂપ થાય છે એ ઉત્પાદરૂપ પર્યાય ધ્રુવને જ પ્રસિધ્ધ કરે છે, પરને નહિ.

**૪૭.** જ્ઞાનનો પર્યાય, એનો વિષય બદલાવતો નથી. આ જ્ઞાનની પર્યાયના સ્વભાવની વાત ચાલે છે. આ સમ્યગ્જ્ઞાન-મિથ્યાજ્ઞાનની વાત નથી.

**૪૮.** જ્ઞાનની પર્યાયનો અનાદિ-અનંત એવો સ્વભાવ છે, કે એ જ્ઞાન જે ઉત્પન્ન થાય છે તે પોતાના આત્માને જ જાણતું પ્રગટ થાય છે, કેમ કે ઉપયોગથી આત્મા અનન્ય છે.

**૪૯.** જે સામાન્યનું વિશેષ હોય, તે વિશેષ તેના જ સામાન્યને પ્રસિધ્ધ કરે, બીજાને ન કરે.

**૫૦.** લક્ષ્યને પ્રસિધ્ધ કરે અને અલક્ષ્યને પ્રસિધ્ધ ન કરે, એને લક્ષણ કહેવામાં આવે છે.

**૫૧.** જ્ઞાનની પર્યાય આત્માને જાણતાં-જાણતાં, એમાં લોકાલોકનો પ્રતિભાસ થાય છે. આ પ્રતિભાસને પરપ્રકાશક કહેવાય.

**૫૨.** સૂર્યનો પ્રકાશ મકાનને પ્રસિધ્ધ કરે છે, સૂર્યને પ્રસિધ્ધ નથી કરતો - એમ કોઈ કહે ગાંડો તો? તો એ સૂર્યને પ્રસિધ્ધ નહિ કરે એનો પ્રકાશ? અંધારું થઈ જશે પ્રકાશમાં? નહિ થાય.

**૫૩.** એ જ્ઞાન આત્માને પ્રસિધ્ધ કર્યા કરે છે, સમયે-સમયે. આ અનુભવનો સહેલામાં સહેલો ઉપાય છે.

**૫૪.** જ્ઞાનની પર્યાય આત્માને જાણે છે. કઇ નયથી? પ્રશ્ન જ નથી, જ્ઞાનની પર્યાયનો સ્વભાવ જ છે.

**૫૫.** નિર્ણયમાં આવી ગયો એમ જે માને, નિર્ણયને આગળ કરે, એ તો નિર્ણયમાં પણ નથી. નિર્ણયમાં જ્ઞાયક તત્ત્વ આગળ હોય, એને નિર્ણય હોય.

**૫૬.** નિર્ણયવાળાને રાત-દિવસ એક જ્ઞાયક જ સ્મરણમાં આવતું રહે છે.

**૫૭.** નિર્ણયવાળો એમ જાણે છે કે આ અપૂર્વ નિર્ણયનો મારામાં અભાવ છે કેમ કે એ પર્યાય છે.

**૫૮.** વ્યવહારનયનો નિષેધ કરે એનું જ નામ નિશ્ચયનય કહેવાય.

**૫૯.** પરને જાણતું નથી એમાં વ્યવહારનો નિષેધ થયો. નિશ્ચયનયે જ્ઞાન આત્માને નથી જાણતું એમાં નિશ્ચયનયનો નિષેધ આવ્યો. નિશ્ચયનયના વિકલ્પનો નિષેધ છે, એના વિષયનો નિષેધ નથી.

**૬૦.** કઈ અપેક્ષાએ કહેવામાં આવે છે? શું અહીંયાં પ્રયોજન સિધ્ધ કરવું છે? એ સમજવું જોઈએ.

**૬૧.** એ નથી ભોગવતો આનંદને ત્યારે જ આનંદ પ્રગટ થશે અને પર્યાય આનંદને ભોગવશે, ભોગવશે અને ભોગવશે! એમ જ્ઞાન જાણશે કે પર્યાય ભોગવે છે, હું ભોગવતો નથી.

**૬૨.** હું અકારક અને અવેદક છું, હું પરિણામનો કરનાર અને પરિણામનો વેદનાર નથી.

**૬૩.** દ્રવ્યને દ્રવ્યના સ્વભાવથી જુઓ અને પર્યાયને પર્યાયના સ્વભાવથી જુઓ તો તને અનુભવ થઈ જશે.

**૬૪.** જાણનારો જણાય છે વર્તમાનમાં, અને જણાયા કરે છે, કોઈ કાળે જ્ઞાન જાણવાનું છોડતું જ નથી. તો પછી કેમ અનુભવ થતો નથી? કે તને ક્યાં એમ વિશ્વાસ છે કે જાણનારો જણાય છે?

**૬૫.** નિમિત્તના લક્ષે જાણનારો ન જણાય. ત્રિકાળી ઉપાદાનના લક્ષે જાણનાર જણાય, જણાય અને જણાય. લક્ષ ફેરવી નાખ ને!

**૬૬.** જાણે છે અને જણાય છે, જાણે છે અને જણાય છે, એ function (ફંકશન, કાર્ય) ચાલુ જ છે, અનાદિથી.

**૬૭.** 'જાણે છે ને' એ જ્ઞાન પ્રધાન કથન થયું અને 'આત્મા જણાયા કરે છે' એ જ્ઞેય પ્રધાન કથન થયું. 'જાણે છે' એ જ્ઞાન અને 'જણાય છે' તે જ્ઞેય. જાણે પણ આત્મા અને જણાય પણ આત્મા.

**૬૮.** જ્યાં જ્ઞેય તમારી શ્રધ્ધા-જ્ઞાનમાં રહેશે, ત્યાં જ તમારો ઉપયોગ જાશે.

**૬૯.** આબાળગોપાળ સૌને ભગવાન આત્મા જણાયા જ કરે છે, પ્રયત્ન વિના હોં! કાંઈ પુરુષાર્થ ન કરવો પડે અને જણાયા જ કરે છે. જાણે છે અને જણાય છે, એવો સ્વભાવનો સ્વીકાર કરવો એનું નામ પુરુષાર્થ છે.

**૭૦.** પ્રકાર બે છે, નય અને પ્રમાણના. (૧)'વિકલ્પાત્મક નય' પણ હોય છે અને (૨)'નિર્વિકલ્પાત્મક નય' પણ કહેવામાં આવે છે. (૧)'વિકલ્પાત્મક પ્રમાણ' હોય છે અને (૨)'નિર્વિકલ્પ પ્રમાણ' પણ હોય છે.

**૭૧.** અભેદ ધ્યેયમાં પણ બેપણું નથી અને અભેદ જ્ઞેય થાય એમાં પણ બેપણું નથી. એ શું?

**૭૨.** ધ્યેયમાં ગુણભેદ દેખાતો નથી અને સ્વજ્ઞેય થયું, એમાં પર્યાયનો ભેદ દેખાતો નથી. છતાં ગુણો છે અને પર્યાયો પણ છે.

**૭૩.** જાણનારો જણાય છે એટલામાં સમ્યગ્દર્શન-જ્ઞાન થઈ જાય? એટલું બધું સહેલું છે? સ્વભાવ સહેલો હોય, વિભાવ અઘરો હોય.

**૭૪.** આ પ્રયોગની વાત ચાલે છે. આ વાત 'જાણનારો જણાય છે' એ ધારણાની વાત નથી.

**૭૫.** બે પ્રકારના અભેદ એક અભેદ થઈને જણાય છે.

**૭૬.** 'જાણનારો જણાય છે' - આ સાધારણ વાત નથી, એની કિંમત કરજો બધા.

**૭૭.** વ્યવહારે જ્ઞાતા એટલે શું? કે મન એને જાણે છે અને કહેવાય કે આત્મા એને જાણે છે, એનું નામ 'વ્યવહારે કહેવાય'.

**૭૮.** નિર્મળ પર્યાયનો આત્મા વ્યવહારે કર્તા છે, વ્યવહારે કર્તા એટલે શું? કર્તા નથી, કર્તા પર્યાયનો પર્યાય છે અને ઉપચાર આવ્યો આત્મા ઉપર.

**૭૯.** થવા યોગ્ય થાય છે એને જાણતો નથી. થવા યોગ્ય થાય છે, એમ જાણીને 'જાણનારને જાણું છું'.

**૮૦.** 'ઉપચારથી કર્તા નથી', એ કેવળજ્ઞાનનો કક્કો છે.

**૮૧.** નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણે છે, સ્વભાવથી દૂર થઈ ગયો. એને એમ લાગે કે હું આગળ વધ્યો પણ કાંઈ આગળ વધ્યો નથી, વિકલ્પની જાળમાં અટક્યો છે એ!

**૮૨.** એકને માને તો પણ સમ્યગ્દર્શન, નવને ભૂતાર્થનયે જાણે તો પણ સમ્યગ્દર્શન!

**૮૩.** નિશ્ચયનયે આત્માને જાણે છે તો વ્યવહારનયે પરને જાણે છે એમ આવશે. એટલે નિશ્ચયનય નહિ, પણ સ્વભાવથી જ જ્ઞાન આત્માને જાણ્યા કરે છે.

**૮૪.** શિષ્યોનો આ જ પ્રશ્ન છે કે અમને કેમ અનુભવ થતો નથી? નયના વિકલ્પોમાં અટકી ગયો છે એટલે.

**૮૫.** નિશ્ચયનય કથન યથાર્થ કરે છે. વ્યવહારનય કથન જ વિપરીત કરે છે. એમ આ બે કથનમાં એક કથન ખોટું અને એક કથન સાચું, ત્યારે તો હજી નયમાં આવ્યો કહેવાય.

**૮૬.** વ્યવહારનય તો અન્યથા જ કથન કરે છે. નિશ્ચયનય કથન સાચું કરે છે. તેથી પંચાધ્યાયીમાં કહ્યું કે નિશ્ચયનય ઉપર દૃષ્ટિ રાખવવાળો જ સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે.

**૮૭.** વ્યવહાર જૂઠો ન લાગે ત્યાં સુધી તો નિશ્ચય સાચો ન લાગે!

**૮૮.** એક વ્યવહાર અને એક નિશ્ચય. છે બન્ને વ્યવહાર! પણ એક ભેદ દ્વારા અભેદને સમજાવે છે અને એક સીધો એભદને બતાવે છે.

**૮૯.** વ્યવહારનય કહે છે કે જ્ઞાન છે તે આત્મા, નિશ્ચયનય કહે છે કે જ્ઞાયક તે આત્મા. એક કહે કે જ્ઞાન આત્માને જાણે છે, બીજો કહે કે આત્મા આત્માને જાણે છે. એક ભેદ દ્વારા અને એક અભેદથી.

**૯૦.** 'અકર્તા છે' એ તો સ્વરૂપ છે એનું. પણ 'હું અકર્તા છું' એવો જે વિકલ્પ ઊઠે છે, ત્યારે એ વિકલ્પ એનું કર્મ બની ગયું, જ્ઞાન કર્મ ન થયું. અનુભવ ન થયો એમાં.

**૯૧.** નિશ્ચયનયનું વિકલ્પ સાચું, વિકલ્પની ઉપસ્થિતિ અનુભવને બાધક.

**૯૨.** ખરેખર તો એ આગમની ભાષા છે કે એ આત્માની ભાષા છે? એ વિચારવા જેવું છે. એ અંદરથી એને આવ્યું છે કે આગમ કહે છે અકર્તા માટે અકર્તા છે?

**૯૩.** 'સ્વભાવથી અકર્તા છું' એટલે 'નિશ્ચયનયથી અકર્તા છું' એવો સ્થૂળ વિકલ્પ ગયો. 'સ્વભાવથી અકર્તા છું' એવો સૂક્ષ્મ વિકલ્પ રહ્યો, પણ છૂટીને અનુભવ થાય છે, એવો સંધિકાળ છે.

**૯૪.** પરને જાણતો નથી અને જાણનાર જણાય છે- એવા બે વિકલ્પ ઊઠતા હતા વિધિ-નિષેધના, જ્યાં સ્વભાવમાં આવ્યો, બન્ને વિકલ્પ છૂટી જાય છે.

**૯૫.** નિશ્ચયનયથી સ્વીકારે એ જુદું, અને સ્વભાવથી સ્વીકારે એ જુદું. નિશ્ચયનયથી સ્વીકારે છે એ અપૂર્વ નિર્ણય નથી. સ્વભાવથી સ્વીકાર આવે એ અપૂર્વ નિર્ણય છે, એને અનુભવ ચોક્કસ થાય.

**૯૬.** આ નયે આવો છું, તો બીજી નયે બીજો છું, એમ આવે છે.

**૯૭.** નયવાળો પ્રમાણમાં જ ઊભો છે, સ્વભાવવાળો પ્રમાણને ઓળંગે છે.

**૯૮.** નય તો સાપેક્ષ જ છે ને? વ્યવહારનય કહો તો નિશ્ચયનય ગૌણપણે આવી જાય, નિશ્ચયનય કહો તો વ્યવહારનય ગૌણપણે આવી જાય. મુખ્ય ગૌણ હોય ને નયમાં?

**૯૯.** ઉપાદેય તત્ત્વમાં બે પડખાં નથી, જેનું લક્ષ કરવું છે એમાં બે પડખા નથી. જેમાં તમારે અહમ્ કરવું છે, એના બે પડખા ન હોય.

**૧૦૦.** નય નિરપેક્ષ ન હોય, સ્વભાવ નિરપેક્ષ હોય.

**૧૦૧.** પહેલા પર્યાય નક્કી ન કર, પહેલા દ્રવ્ય નક્કી કર.

**૧૦૨.** ચૌદે ગુણસ્થાન જીવતત્ત્વ નથી, અજીવતત્ત્વ છે. અજીવને જીવ માનવાનું છોડી દે.

**૧૦૩.** પર્યાયને ગૌણ કર અને દ્રવ્યના વિકલ્પનો અભાવ કર.

**૧૦૪.** સ્વભાવથી વિચાર તો સ્વભાવની પ્રાપ્તિ થશે.

**૧૦૫.** ભૂતાર્થનયે તું આત્માને જાણ એટલે શું? પર્યાયથી રહિત આત્મા છે, નાસ્તિ છે એમ આત્માને જાણ તું! ભૂતાર્થનયે પર્યાયને પણ જાણ, કે પર્યાયનો કોઈ કર્તા નથી, પર્યાય સત્ અહેતુક છે જા. તો જ દ્રવ્યદૃષ્ટિ થશે અને કર્તાબુધ્ધિ છૂટશે.

**૧૦૬.** ૧૧ મી ગાથામાં પર્યાયથી નિરપેક્ષ દ્રવ્ય બતાવ્યું. ૧૩ મી ગાથામાં દ્રવ્યથી નિરપેક્ષ પર્યાય છે તે બતાવ્યું. દ્રવ્યથી નિરપેક્ષ પર્યાય હોય? કે હા. પર્યાયથી નિરપેક્ષ દ્રવ્ય હોય? કે હા. તો એકાંત થશે? કે સમ્યક્ એકાંત થઈ જશે.

**૧૦૭.** જ્યાં કથંચિત્ કહ્યું તો સાપેક્ષ થઈ ગયું. જ્ઞાન સાચું કરવા ગયો, શ્રધ્ધા ખોટી થઈ ગઈ. પહેલા જ્ઞાન સાચું થાય જ નહિ! શ્રધ્ધા સાચી થાય તો જ્ઞાન સાચું થાય.

**૧૦૮.** પહેલા નિરપેક્ષ અને પછી સાપેક્ષનું જ્ઞાન હોય. નિરપેક્ષના શ્રધ્ધાનમાં, નિરપેક્ષનું જ્ઞાન અને સાપેક્ષનું જ્ઞાન, ત્રણ આવી જાય. એકલી શ્રધ્ધા નિરપેક્ષ નહિ, જ્ઞાન પણ નિરપેક્ષનું થાય છે.

**૧૦૯.** સ્વભાવનું અવલંબન લેતાં દ્રવ્ય-પર્યાય બન્નેનું યુગપદ એક સમયમાં જ્ઞાન થાય. નયના વિકલ્પથી અનુભવ ન થાય, બેનો જ્ઞાતા ન થાય, નય વિકલ્પનો કર્તા બની જાય.

**૧૧૦.** નિશ્ચયનયનો પક્ષ વ્યવહારનયના પક્ષને છોડાવે છે, અને સ્વભાવ નિશ્ચયનયના પક્ષના વિકલ્પને છોડાવે છે, ત્યારે અનુભવ થાય છે.

**૧૧૧.** નિશ્ચયનય એક ધર્મને સ્વીકારે છે. સ્વભાવ દૃષ્ટિમાં આખો ધર્મી આવી જાય છે.

**૧૧૨.** નયથી એક ધર્મ જણાતો હતો. સ્વભાવદૃષ્ટિથી આખો ધર્મી જણાઈ જાય છે.

**૧૧૩.** આશ્રય એકનો અને જ્ઞાન અનંતનું થઈ જાય. આશ્રય સામાન્યનો અને જ્ઞાન સામાન્ય-વિશેષ આખા આત્માનું.

**૧૧૪.** નિશ્ચયનય તો એક ધર્મને અંગીકાર કરે છે અને બાકીના ધર્મો રહી જાય છે.

**૧૧૫.** નયથી એક-એક ધર્મનું જ્ઞાન થાય. સ્વભાવથી અનંત ધર્મનું જ્ઞાન થાય. નય માનસિક જ્ઞાન છે, ઓલું અતીન્દ્રિયજ્ઞાન છે.

**૧૧૬.** બે નયને જાણે છે જ્ઞાની. ક્રમે જાણવું એ જાણવું જ નથી. દ્રવ્ય-પર્યાયસ્વરૂપ આખી વસ્તુ અક્રમે જણાઈ જાય છે.

**૧૧૭.** ભગવાન જે આત્મા સામાન્ય જ્ઞાયકભાવ છે, એ અનાદિ-અનંત પોતાના સ્વભાવથી જ શુધ્ધ છે. અશુધ્ધતા ટળે તો શુધ્ધ છે, એમ પણ નહિ, અને 'હું શુધ્ધ છું' એવો વિકલ્પ કરે તો શુધ્ધ છે, એમ પણ નહિ.

**૧૧૮.** વ્યવહારનયથી વિચારે તો પણ પ્રમાણમાં અને નિશ્ચયનયથી વિચારે તો પણ પ્રમાણમાં આવી જાય છે. સાપેક્ષ છે ને, એટલે.

**૧૧૯.** નયો દ્વારા સમજાવવામાં આવે છે પણ નયોથી વસ્તુ તને અનુભવમાં નહિ આવે, અનુમાનમાં આવશે પણ અનુભવમાં નહિ આવે.

**૧૨૦.** શ્રધ્ધાના બળે જ ઉપયોગ અંદરમાં આવે છે. શ્રધ્ધા વિપરીત છે અનંતકાળથી. શ્રધ્ધાનો દોષ પહેલો ટળે છે, પછી ચારિત્રનો દોષ ટળે છે.

**૧૨૧.** વ્યવહારનય સંયોગને બતાવે છે, નિશ્ચયનયનય સ્વભાવને બતાવે છે. બન્નેને વિકલ્પાત્મક નય છે.

**૧૨૨.** લોકો જ્ઞાનના બળ ઉપર ચાલ્યા ગયા, શ્રધ્ધાનું બળ જોઈએ.

**૧૨૩.** જ્ઞાન નિર્બળ છે, સવિકલ્પ છે. શ્રધ્ધા નિર્વિકલ્પ છે. શ્રધ્ધા અભેદગ્રાહી છે, જ્ઞાન ભેદાભેદગ્રાહી છે.

**૧૨૪.** નિશ્ચયનયથી અકર્તા છું એમ નહિ, સ્વભાવથી જ અકર્તા છું. નિશ્ચયનયથી જ્ઞાતા છું એમ નહિ, સ્વભાવથી જ જ્ઞાતા છું.

**૧૨૫.** નિશ્ચયનય વ્યવહારનો નિષેધ કરે છે અને સ્વભાવ નિશ્ચયનયનો નિષેધ કરી અને અનુભવ કરાવે છે.

**૧૨૬.** વ્યવહારનય તો અન્યથા કથન કરે છે. નિશ્ચયનય તો જેવું સ્વરૂપ છે એવું પ્રતિપાદન કરે છે. પણ તેથી શું?

**૧૨૭.** સ્વભાવનું જોર આવતા વિકલ્પ સહેજે છૂટે છે. છોડતો નથી, વિકલ્પની ઉત્પત્તિ થતી નથી.

**૧૨૮.** વિકલ્પને છોડતો પણ નથી અને નિર્વિકલ્પને કરતો પણ નથી, એ તો જ્ઞાયકને જાણે છે - ત્યાં આ સ્થિતિ ભજી જાય છે.

**૧૨૯.** વિકલ્પનો અર્થ ખંડજ્ઞાન છે, વિકલ્પનો અર્થ રાગ પણ છે.

**૧૩૦.** પહેલા વ્યવહારનો નિષેધ એને વિકલ્પ દ્વારા કરવો પડે. પછી જ્યારે એવો નિશ્ચયનયનું જોર આવી જાય છે ત્યારે એને નિષેધ માટે વિકલ્પ નથી કરવો પડતો, વિકલ્પ વિના નિષેધ વર્ત્યા કરે છે.

**૧૩૧.** આત્માનો આશ્રય આવ્યો નથી અને નિશ્ચયનયના વિકલ્પનો પક્ષ રહ્યા કરે છે. જ્યારે આત્માનો આશ્રય આવે, ત્યારે નિશ્ચયના પક્ષનો વિકલ્પ છૂટી અને અનુભવ થઈ જાય.

**૧૩૨.** વ્યવહારનો નિષેધ એ વિકલ્પનો દુરુપયોગ. સ્વભાવ ગ્રહણ કર્યો વિકલ્પમાં, તો વિકલ્પનો સદ્ઉપયોગ થયો. એ વિકલ્પનો જે સદ્ઉપયોગ રહે છે, એ વિકલ્પ તૂટવાવાળો છે. જે વિકલ્પમાં દુરુપયોગ છે, તે વિકલ્પ તૂટે નહિ.

**૧૩૩.** પર તો જણાતું નથી પણ મારા વિશેષમાં સામાન્ય જણાય છે એવો જે વિકલ્પ, એક અપેક્ષાએ એ સદ્ઉપયોગ છે, વ્યવહારની અપેક્ષાએ. પણ એ વિકલ્પની પણ અધિકતા નથી આવતી. અધિકતા જો આવી જાય તો નિશ્ચયનય રહેતી નથી.

**૧૩૪.** વિકલ્પમાં સ્વભાવની અધિકતા હોય એટલે આ વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ અનુભવ અવશ્ય થાય એને.

**૧૩૫.** સ્વભાવના લક્ષે જ સ્વાધ્યાય કરવો, નિમિત્તના લક્ષે નહિ, ભેદના લક્ષે નહિ, રાગના લક્ષે નહિ, ઉઘાડના લક્ષે નહિ. એમાં ઉર્ધ્વ આત્મા, આત્મા આવવો જોઈએ, બસ, તો જ સ્વાધ્યાય સાચું.

**૧૩૬.** સ્વભાવથી જુઓ તો વિકલ્પ છૂટી જશે. નયથી જોયા કરશો તો વિકલ્પ રહેશે.

**૧૩૭.** સ્વભાવથી વિચારતા અને સ્વભાવથી અનુભવતાં, એ બન્નેમાં ફેર છે. સ્વભાવથી વિચારતા એ માનસિક છે.

**૧૩૮.** 'હું સ્વભાવથી જ શુદ્ધ છું' -એમાં વ્યવહારનયે અશુદ્ધ છું, એ દોષ છૂટી જાય છે અને નિશ્ચયનયે શુદ્ધ છું એ વિકલ્પ છૂટી જાય છે.

**૧૩૯.** એવો દ્રવ્ય સ્વભાવ ત્રિકાળી છે કે જે પરિણામ થાય એને કરે પણ નહિ અને પરિણામ થાય એને જાણે પણ નહિ. એવો દ્રવ્ય સ્વભાવ નિષ્ક્રિય પરમાત્મા છે.

**૧૪૦.** સ્વભાવથી જ અકારક અને અવેદક છે. કોઈ પણ થતા પરિણામને કરે નહિ અને થતા પરિણામને ભોગવે નહિ.

**૧૪૧.** જૈનદર્શન વસ્તુ-દર્શન છે. એના બે ભેદ, દ્રવ્ય સ્વભાવ અને પર્યાય સ્વભાવ. દ્રવ્ય નિષ્ક્રિય અને પર્યાય સક્રિય, અનાદિ-અનંત બન્ને. પોતપોતાના ધર્મને, સ્વભાવને છોડતા નથી.

**૧૪૨.** પ્રમાણથી એક સત્તા છે, નય વિભાગથી જુઓ તો બે સત્તા છે. સ્વભાવથી જુઓ તો પણ બે સત્તા છે, જુદી-જુદી. અભેદનયે એક સત્તા છે, ભેદનયે બે સત્તા છે. વસ્તુનું સ્વરૂપ છે આવું.

**૧૪૩.** અજ્ઞાની હોય, સાધક હોય, પરમાત્મા હોય, પર્યાયમાં કર્તા અને ભોક્તાપણું પર્યાયનું સ્વભાવથી થયા કરે છે.

**૧૪૪.** થવા યોગ્ય થાય છે, જાણનાર જણાય છે. જાણનારને જેણે જાણ્યો એને એમ ભાસે છે કે થવા યોગ્ય થાય છે.

**૧૪૫.** આત્મા અકારક અને અવેદક છે, મૂળ વાત એ છે. પર્યાય કરે છે ત્યારે દ્રવ્ય અકર્તા રહે છે.

**૧૪૬.** આત્મા કર્તા-ભોક્તા છે એવી ભ્રાંતિ અનાદિકાળથી છે, તો પણ આત્મા કર્તા થતો નથી, અકર્તાપણું છોડતો નથી.

**૧૪૭.** મિથ્યાત્વના પરિણામને જીવ કરે છે એ ઉપચારનું કથન છે, વ્યવહારનું કથન. એ ઉપચાર જે વ્યવહાર છે એ તને સત્યાર્થ લાગ્યો છે એટલે તારું અજ્ઞાન રહી ગયું.

**૧૪૮.** ગુરુદેવે એ બે ભાગ જુદા પાડયા - દ્રવ્ય સ્વભાવ અને પર્યાય સ્વભાવ -એની વાત (પ્રવચન રત્નાકરના) ૧૧ ભાગ તમે વાંચો તો એમાં મળશે.

**૧૪૯.** આત્માને અકર્તા રાખીને પર્યાય પર્યાયને કરે છે એમ જાણો. એમ જાણો કે હું તો અકર્તા છું અને પરિણામ પરિણામથી થાય છે.

**૧૫૦.** કરવું-ભોગવવું એ તો પર્યાયનો સ્વભાવ છે, જીવનો સ્વભાવ નથી. જીવ તો અકારક-અવેદક નિષ્ક્રિય પરમાત્મા છે.

**૧૫૧.** મિથ્યાત્વની પર્યાય થાય ત્યારે મિથ્યાત્વની પર્યાયનો ભગવાન આત્મા અકર્તા છે. એ મિથ્યાત્વની પર્યાય ટળી જાય ત્યારે અકર્તા થયો, એમ નથી. એ તો પ્રથમથી જ અકર્તા છે.

**૧૫૨.** પર્યાય મિથ્યાત્વને કરે છે, સમ્યગ્દર્શનને કરે છે, કેવળજ્ઞાનને કરે છે. એવો પર્યાય સ્વભાવ છે એને જાણવાનો નિષેધ નથી, પણ 'હું કરું છું' એનો નિષેધ છે.

**૧૫૩.** પર્યાયના કર્તા-ભોક્તા ધર્મો જેમ છે એમ જણાઈ જાય છે. જણાઈ જાય છે, એને જાણતો નથી, લક્ષ નથી ને ત્યાં.

**૧૫૪.** પરિણામ થવા યોગ્ય થાય છે અને જાણનાર જણાય છે. થવા યોગ્ય થાય છે એ જણાતું નથી, જાણનાર જણાય છે.

**૧૫૫.** પર્યાયને હું કરું છું એ કર્તાબુદ્ધિ છોડી દે કે નિશ્ચયે પણ કર્તા નથી અને વ્યવહારે પણ કર્તા નથી. તો વ્યવહાર કરવો હોય તો શું કહેવો? કે વ્યવહારે એને જાણે છે, એટલું કહીએ.

**૧૫૬.** ભાષા બોલે છે વ્યવહારનયે કર્તા અને માને છે નિશ્ચયે કર્તા, એમ માઈલ્લ ધવલમાં પાઠ આવ્યો.

**૧૫૭.** દ્રવ્ય નિશ્ચયે કે વ્યવહારે કર્તા જ નથી કેમ કે થવા યોગ્ય પરિણામ થાય છે, માટે કર્તાપણું દ્રવ્યને લાગુ પડતું નથી.

**૧૫૮.** સમ્યગ્દર્શનનો નિશ્ચયે તો કર્તા નથી, વ્યવહારે પણ કર્તા નથી. વ્યવહારે કર્તા નથી એટલે એની હાજરી છે તો અહીંયાં થાય છે, એમ નથી.

**૧૫૯.** ઉપાદાનકર્તા પર્યાય અને નિમિત્તકર્તા જૂના કર્મનો અભાવ. પણ ઉપાદાનકર્તા આત્મા પણ નહિ અને નિમિત્તકર્તા પણ આત્મા નહિ.

**૧૬૦.** પર્યાયનો કર્તા પર્યાય નિશ્ચયનયે છે એમ લઇશ તો આત્મા વ્યવહારનયે પર્યાયનો કર્તા છે એમ આવી જશે!

**૧૬૧.** ગુરુદેવે જ પર્યાય સ્વભાવની વાત કરી છે, ષટ્કારક એનાથી થાય છે, એની જન્મક્ષણ છે, એનો સ્વકાળ છે. આત્માથી પર્યાય થતી નથી.

**૧૬૨.** જ્ઞાનમાં સ્વચ્છતા છે - પર્યાય જણાઈ જાય છે. જાણવાનો પ્રયત્ન કરે અને જણાય, એમ નથી. સહેજમાં જણાઈ જાય છે.

**૧૬૩.** પહેલા પર્યાયને જાણવાનો નિષેધ કર્યો કારણ કે પર્યાયદૃષ્ટિ હતી. પર્યાયદૃષ્ટિ હતી એને છોડાવી, અનુભવ થયો તો દ્રવ્ય-પર્યાય એક સમયમાં બધું જણાય છે બસ! ધર્મીને જાણતાં ધર્મો પણ જણાઈ જાય છે.

**૧૬૪.** થવા યોગ્ય થાય છે, એ પર્યાયનો સ્વભાવ છે એમ તું જાણ. કર્તાબુદ્ધિ છૂટે અને જ્ઞાતાબુદ્ધિ છૂટે, સાક્ષાત્ જ્ઞાતા થાય.

**૧૬૫.** સ્વભાવને જાણવામાં નયની જરૂર નથી, પણ નયાતીત જ્ઞાનની તો જરૂર છે.

**૧૬૬.** પર્યાયને વ્યવહારે કરું એમ નથી. ભેદમાં છો તો પર્યાયને વ્યવહારે જાણું, એટલું રાખ. અભેદમાં તો એ પણ નથી, પર્યાયને જાણતો નથી. અભેદનયે તો પર્યાય પોતે આત્મા થઈ જાય છે.

**૧૬૭.** પર્યાયને પર્યાયના સ્વભાવથી જુઓ તો આત્મા એનો કર્તા છે એ ભૂલ નીકળી જશે.

**૧૬૮.** બન્ને સ્વભાવ ખ્યાલમાં આવી ગયા એનું નામ જ્ઞાતા બની ગયો.

**૧૬૯.** બે સ્વભાવ જ છે, (૧)દ્રવ્ય સ્વભાવ અને (૨)પર્યાય સ્વભાવ. સમજવા જેવું આ આટલું જ છે. આ રીતે જ સમજવા જેવું છે.

**૧૭૦.** પર્યાયના સ્વભાવને જાણે તો દ્રવ્યનો સ્વભાવ દૃઢ થાય અને દ્રવ્યનો સ્વભાવ જાણે તો પર્યાયનો સ્વભાવ દૃઢ થઈ જાય.

**૧૭૧.** દ્રવ્ય અકર્તા છે એવો સ્વભાવ જાણે તો પર્યાયનું કર્તાપણું ન રહે. અને પર્યાય સ્વયં કરે છે તો કર્તાનો ઉપચાર નીકળી જાય. કર્તાની બુદ્ધિ પણ નીકળે અને કર્તાનો ઉપચાર પણ નીકળે. બે ગુણ થાય, પહેલા સમ્યગ્દર્શન, અને પછી વિશેષ અનુભવ - શ્રેણી.

**૧૭૨.** દ્રવ્ય અકર્તા સ્વતંત્ર છે, પર્યાય કર્તા સ્વતંત્ર છે - બન્ને શાશ્વત સ્વતંત્ર છે.

**૧૭૩.** દ્રવ્ય સ્વભાવમાં બેઠો બેઠો એટલે દ્રવ્યને લક્ષમાં લેતો-લેતો પર્યાયનો જ્ઞાતા થઈ જાય છે, પર્યાયનું લક્ષ નથી.

**૧૭૪.** નયથી વિચાર કરે છે ત્યાં સ્વભાવનો અનુભવ ન થયો, વિકલ્પનો અનુભવ થયો, જ્ઞાનનો અનુભવ ન થયો, રાગનો અનુભવ થયો.

**૧૭૫.** દ્રવ્ય સ્વભાવને જાણતાં સમ્યગ્દર્શન થાય અને પર્યાય સ્વભાવને યથાર્થ જાણે તો ક્ષાયિક થઈ જાય.

**૧૭૬.** અકર્તામાં બેઠા બેઠા કર્તાધર્મને જાણે છે. અકર્તા સ્વભાવને છોડે તો? કર્તાબુદ્ધિ થાય. કોઈને ન જાણી શકે, અજ્ઞાન થઈ જાય.

**૧૭૭.** નિશ્ચયનયનો વિકલ્પ પણ અનુભવમાં બાધક છે. નિર્ણય માટે સાધક છે પણ અનુભવમાં બાધક છે.

**૧૭૮.** જાણનારો જણાય છે એમાં ચાલ્યા જાઓ. જણાય જશે.

**૧૭૯.** હું સ્વભાવથી જ્ઞાયક છું. નિશ્ચયનયથી જ્ઞાયક છું, એમ નથી.

**૧૮૦.** પર્યાયના મૂળ સ્વભાવને મૂળમાંથી જુઓ.

**૧૮૧.** પર્યાયનો કર્તા પર્યાય નિશ્ચયથી છે, તો વ્યવહારે કોણ કરે છે? કે આત્મા (વ્યવહારે) કરે છે, એ આવી જશે.

**૧૮૨.** પર્યાયનો કર્તા પર્યાય સ્વભાવથી જ છે.

**૧૮૩.** એકલા જ્ઞાનમાં આનંદ આવે છે. નયવાળા જ્ઞાનમાં આનંદ આવતો નથી.

**૧૮૪.** ધ્યેય, જ્ઞેય થાય છે અને પછી ફળમાં, જ્ઞેય - સામાન્ય-વિશેષાત્મક આખો આત્મા, જ્ઞેય થઈ જાય છે.

**૧૮૫.** ઉપાદેયપણે પણ એક જ્ઞેય, જ્ઞાયક - સામાન્ય. અને જાણવાની અપેક્ષાએ પણ અભેદ જ્ઞાનપર્યાય-પરિણત આખો આત્મા સામાન્ય-વિશેષ બન્ને, એ જ્ઞેય.

**૧૮૬.** વિકલ્પ દ્વારા બે નયોનો જ્ઞાતા ન થઈ શકે (અને) વિકલ્પ રહિત અતીન્દ્રિયજ્ઞાન, અનુભવ થાય ત્યારે બે નયોનો સાક્ષાત્ જ્ઞાતા છે.

**૧૮૭.** અનુભવનો વિષય અને અનુભવ, સમજી ગયા? ભેદ કરો તો બન્નેને જાણે છે, અભેદથી એકને જાણે છે અને પ્રમાણથી ભેદાભેદને જાણે છે. એ કાંઈ નથી, એક જ્ઞાનની પર્યાય જણાય છે, બસ!

**૧૮૮.** દ્રવ્યને દ્રવ્ય સ્વભાવથી જાણે છે, પર્યાયને પર્યાય સ્વભાવથી જાણે છે. દ્રવ્યને દ્રવ્યાર્થિકનયથી નથી જાણતો, પર્યાયને પર્યાયાર્થિકનયથી નથી જાણતો. એટલે કોઈ પણ પ્રકારનો વિકલ્પ ઉત્પન્ન થયા વિના બન્નેનો જ્ઞાતા થઈ ગયો.

**૧૮૯.** ભગવાન આત્મા જ્ઞેય થઈ ગયો. જ્ઞાન પણ એક, જ્ઞેય પણ એક અને જ્ઞાતા પણ એક. જ્ઞેય બે, જ્ઞાન બે અને જ્ઞાતા બન્નેનો, એમ નથી.

# પ્રકાશનો

## પૂજ્ય ભાઇશ્રીની નિશ્રામાં થયેલા પ્રકાશનો

ઇન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી
દ્રવ્ય સ્વભાવ-પર્યાય સ્વભાવ (ગુજરાતી)
ભેદજ્ઞાન ભજનાવલી

## શ્રી કુંદકુંદ કહાનામૃત સ્વાધ્યાય હોલના પ્રકાશનો

| | |
|---|---|
| ૧. જ્ઞાનથી જ્ઞાનનું ભેદજ્ઞાન | ૨. દ્રવ્યસ્વભાવ-પર્યાયસ્વભાવની ચર્ચા |
| 3. જાણનારો જણાય છે | ૪. આત્મજ્યોતિ |
| ૫. ચૈતન્ય વિલાસ | ૬. શુધ્ધ અંત:તત્ત્વ |
| ૭. મંગલ જ્ઞાનદર્પણ ભાગ-૧ | ૮. જ્ઞાયક સ્વરૂપ પ્રકાશન |
| ૯. અનેકાંત અમૃત | ૧૦. જ્ઞાનનું જ્ઞાનત્વ |
| ૧૧. પૂજ્ય 'ભાઈશ્રી'ના સિધ્ધાંતોની સરવાણી | ૧૨. બુંદ બુંદમાં અમૃત |
| ૧3. લંડનના પ્રવચનો ભાગ-૧ | ૧૪. નયચક્ર તત્ત્વચર્ચા |
| ૧૫. આધ્યાત્મિક જ્ઞાનગોષ્ઠી ભાગ-૧ | ૧૬. ચિત્સ્વરૂપ જીવ |
| ૧૭. સત્ અહેતુક જ્ઞાન | ૧૮. 'બે ભૂલ' - 'दो भूल' |
| ૧૯. **દ્રવ્ય સ્વભાવ-પર્યાય સ્વભાવ (ગુજરાતી અને હિન્દી)** | ૨૦. **દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ - અપૂર્વ સ્પષ્ટીકરણ (ગુજરાતી)** |
| ૨૧. **દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ - અપૂર્વ સ્પષ્ટીકરણ (હિન્દી)** | |

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તે સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરિણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**


તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવકલાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલ જ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.



# શ્રી કુંદકુંદ આચાર્યદેવ

# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

**(હરિગીત)**

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

**(અનુષ્ટુપ)**

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

**(શિખરિણી)**

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઇ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

**(શાર્દૂલવિક્રીડિત)**

હૈયું 'સત્ સત્, જ્ઞાન જ્ઞાન" ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્વ ઝળકે પરદ્રવ્ય નાતો તૂટે;
-રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

**(વસંતતિલકા)**

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

**(સ્ત્રગ્ધરા)**

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહેતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, -મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

**ક્રમબદ્ધ પર્યાયમાં મહા રહસ્ય છે. કેમ કે તેમાં જૈનદર્શનનું રહસ્ય છે. કેમ કે જૈનદર્શન અકર્તાવાદી છે અને એમાં અકર્તાની પરાકાષ્ઠાનું સ્વરૂપ છે.**



# પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

**આત્મા અકર્તા છે તે જૈનદર્શનની પરાકાષ્ઠા છે તેમ દર્શાવનાર, તેમ જ પરિણામોનો કર્તા પરિણામ છે તેવી કર્તાકર્મની પરાકાષ્ઠા પ્રકાશનાર. (અધ્યાત્મ યુગ પ્રવર્તક પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી)**

# જિનજીની વાણી

**(રાગ-આશાભર્યાંઅમે આવિયા)**

સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
    જિનજીની વાણી ભલી રે.
વાણી ભલી, મન લાગે રળી,
જેમાં સાર-સમય શિરતાજ રે,
    જિનજીની વાણી ભલી રે...સીમંધર.
ગૂંથ્યાં પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
    જિનજીની વાણી ભલી રે.
ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર,
ગૂંથ્યો સમયનો સાર રે,
    જિનજીની વાણી ભલી રે... સીમંધર.
સ્યાદ્વાદ કેરી સુવાસે ભરેલો
જિનજીનો ૐકારનાદ રે,
    જિનજીની વાણી ભલી રે.
વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ૐકારનાદ રે,
    જિનજીની વાણી ભલી રે...સીમંધર.
હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
    જિનજીની વાણી ભલી રે.
જિનેશ્વરદેવની વાણીના વાયરા
વાજો મને દિનરાત રે,
    જિનજીની વાણી ભલી રે...સીમંધર.

**સ્વને જાણવાનું છોડીને, પરને જાણવું તે ભાવબંધની પરાકાષ્ઠા છે**

ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ

**मैं जाननहार हूँ,**
**मैं करनार नहीं हूँ।**




**जाननहार ही जानने में आता है**
**वास्तव में पर जानने में नहीं आता।**

## પૂજ્ય ભાઈશ્રી લાલચંદભાઈ

**આત્મા અકર્તા છે તે જૈનદર્શનની પરાકાષ્ઠા છે અને**
**તે જ જાણવામાં આવી રહ્યો છે તે જ્ઞાનની પરાકાષ્ઠા છે.**
**વિધિ સંબંધી સરળતાની પરાકાષ્ઠા સમયસાર ગાથા ૧૭-૧૮ માં બતાવી છે.**
**(શ્રી કહાનગુરુનાં લઘુનંદન સ્વાનુભવવિભૂષિત પૂજ્ય 'ભાઈશ્રી' લાલચંદભાઈ).**

# દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાય પર પ્રવચનો

## દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાય
## વિમોચન તથા તત્ત્વચર્ચા, માંગલિક-સ્તુતિ
## ઉષાકીરણ એપાર્ટમેંટ, રાજકોટ
## તારીખ: ૧૬-૧૦-૧૯૯૦, આસો વદ ૧૩ - ધનતેરસ

## પ્રવચન: LA ૪૦૪

(આત્મા) જ્ઞાન સ્વભાવી છે. તે આત્મા વ્યવહારનયે પોતાના પરિણામનો કર્તા છે, નિશ્ચયનયે આત્મા અકર્તા છે. વ્યવહારનયે પોતાના પરિણામનું જે ફળ એનો ભોક્તા પણ છે, નિશ્ચયનયે આત્મા એ પરિણામનો અભોક્તા છે. એમ અનેક પ્રકારે નયનું વર્ણન બે નય દ્વારા આવે છે શાસ્ત્રમાં. અને એ બે નયોના જે વિકલ્પ છે, એ તીર્થંકર ભગવાનની વાણીમાં આવ્યું કે અમે બે નયથી સ્વરૂપનું વર્ણન કર્યું છે. એને ભાવિ તીર્થંકર પદ્મપ્રભમલધારીદેવ કહે છે હે સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા, તારા આ નયકથન છે એ તો ઈન્દ્રજાળ છે. આહાહા! નયોનું સ્વરૂપ તેં કહ્યું ભલે, પણ નયોના વિકલ્પમાં જીવો અટકી જાય છે.

સમયસારમાં ૭૩ ગાથામાં એક વાત આવે છે કે જેવી રીતે સમુદ્રમાં કોઈ વાવાઝોડું આવે અને વમળ આવે તો વહાણ એમાં સલવાઇ જાય છે, છૂટી શકતું નથી. પણ એ વાવાઝોડું શાંત થાય છે તો એ વહાણ છૂટીને ચાલવા માંડે છે. એમ આ નયોની ઈન્દ્રજાળમાં અભ્યાસી જીવો અટકી ગયા હતા. (એ) દેખાય છે સંતોને, જ્ઞાનીઓને. કે એ (નયજ્ઞાન) તો માત્ર અનુમાન દ્વારા પદાર્થનો નિર્ણય કરવાનું સાધન હતું. નયજ્ઞાનથી આત્માનો અનુભવ થઈ શકતો નથી. માટે તું એ નયોના વિકલ્પને છોડીને, વિકલ્પાતીત થઈને, નયાતિક્રાંત થઈને, નય પક્ષાતિક્રાંત થઈને આત્માનો અનુભવ કરી લે. ત્યારે એના માટે ૨૦ કળશ લખ્યા. એમાં પહેલો કળશ આચાર્ય ભગવાને કહ્યો, એ બોલો તમે.

મુમુક્ષુ: **य एव मुक्त्वा नयपक्षपातं**

**स्वरुपगुप्ता निवसन्ति नित्यम्।**
**विकल्पजालच्युतशान्तचित्ता-**
**स्त एव साक्षादमृतं पिबन्ति ॥ ६९ ॥**

પૂ. લાલચંદભાઈ: એ નયોના વિકલ્પ દ્વારા જાણીને પછી નયના વિકલ્પને છોડે છે અને સાક્ષાત્ આત્માનો અનુભવ કરે છે. આહાહા! એ આનંદનો અનુભવ કરી શકે છે. એ જ ૨૦ કળશનું તાત્પર્ય પંચાધ્યાયીકર્તાએ એક શ્લોકમાં (૫૮૪, પૂર્વાર્ધ) કહ્યું, કે જીવ સ્વનો કે પરનો કર્તા-ભોક્તા હો કે ન હો. સ્વ એટલે વીતરાગ પરિણામ અને પર એટલે રાગ, સ્વનો કે પરનો. પર પદાર્થથી કાંઈ સંબંધ નથી. સ્વનો કે પરનો કર્તા-ભોક્તા હો કે ન હો. હો તો હો, ન હો તો ન હો, પણ તાત્પર્ય તો આ છે કે જ્ઞાનસ્વરૂપ જીવ તો જ્ઞાનસ્વરૂપ છે. ચિત્સ્વરૂપ જીવ તો ચિત્સ્વરૂપ છે.

એમ જ્યારે આત્મા આત્માને જાણે છે ત્યારે આ બધા ધર્મો છે આત્મામાં, કર્તા-અકર્તા, ભોક્તા-અભોક્તા બધા ધર્મો રહેલા છે પણ એ ધર્મોને ક્રમે-ક્રમે જાણતાં વિકલ્પ ઉત્પન્ન થતો હતો. હવે, ક્રમે જાણે તો વિકલ્પ ઉત્પન્ન થાય જ, કેમ કે એક ધર્મને જાણે તો બીજો ધર્મ જાણવો રહી ગયો, તો ઈચ્છા ઉત્પન્ન થાય છે. ત્યારે આચાર્ય ભગવાન કહે છે, કે જ્યારે આત્મા એ નયોથી પાર જાણનારને જાણે છે, જ્યારે જ્ઞાયકને અંતર સન્મુખ થઈને, ત્યારે એક અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થાય છે. એ અતીન્દ્રિયજ્ઞાન બધા ધર્મોને એક સમયમાં જાણી લે છે, અક્રમે. ધર્મોને રદબાતલ ન કર્યા, ધર્મો ધર્મીમાંથી કાઢી શકાતા નથી. પણ એક-એક ધર્મના લક્ષે થતો વિકલ્પ, એ નીકળી જાય છે, છૂટી જાય છે. અને આખો ધર્મી, અનંત ધર્મોનો ધારક, એક સમયમાં અતીન્દ્રિયજ્ઞાનમાં અક્રમે, જેમ કેવળી જાણે, એમ શ્રુતજ્ઞાની જાણે છે. એટલે કોઈ પણ પ્રકારનો વિકલ્પ ઊઠતો નથી. માટે જીવ સ્વનો કે પરનો કર્તા-ભોક્તા હો કે ન હો, તાત્પર્ય તો આ છે કે જ્ઞાનસ્વરૂપ જીવ તો જ્ઞાનસ્વરૂપ છે.

'થવા યોગ્ય બધું થાય છે અને જાણનાર જણાય છે' એમાં બાર અંગનો સાર સમાઈ જાય છે. એ આ પુસ્તકમાં છે. આ પુસ્તકમાં એવું છે કે નયો દ્વારા અભ્યાસ કર્યા પછી જેને અનુભવ ન થતો હોય અને નયના વિકલ્પ એને બાધક હોય અનુભૂતિમાં, ઘાતક હોય, બાધક અને ઘાતક. જેવું સ્વરૂપ છે એવો વિકલ્પ

ઉઠાવે 'હું તો જાણનાર છું', તેથી શું? 'હું તો જ્ઞાતા છું' એવો વિકલ્પ ઉઠાવે, તેથી શું? આહાહા! એ વિકલ્પ છૂટી સાક્ષાત્ જ્ઞાતા થઈ જાય છે. જ્યારે કોઈ પણ પ્રકારનો વિકલ્પ નયનો રહેતો નથી, ત્યારે બહેન જે બોલ્યા કે આનંદને પીવે છે.

**विकल्पजालच्युतशान्तचिता**, વિકલ્પ શાંત થઈ જાય છે બધા, વિકલ્પ વિલય પામે છે, બધા વિકલ્પો. કોઈ વિકલ્પ રહે છે? કે બધા વિકલ્પો જાય છે. આહાહા! ધર્મોનો અભાવ થતો નથી. એક-એક ધર્મના લક્ષે ક્રમે-ક્રમે વિકલ્પ ઊઠતો હતો, એ વિકલ્પ નીકળી જાય છે અને ધર્મોનું જ્ઞાન થઈ જાય છે. અને ધર્મના લક્ષ વગર, ધર્મીના લક્ષે, ધર્મના લક્ષ વગર, બધા ધર્મોનું યુગપદ, યુગપદ એક સમયમાં જ્ઞાન થઈ જાય છે. આ એનું નામ અનુભવ છે આત્માનો. એ આત્માનો અનુભવ કેમ થાય? અને નયોના વિકલ્પમાં અટકયા હોય, એને અનુભવ થવાને માટેની આ છેલ્લી વાત છે. અભ્યાસી જીવને માટે છે. જેણે નયોથી અભ્યાસ કર્યો છે, આ એના માટે છે. આહાહા!

નિયમસારમાં (કળશ ૧૧૯) કહ્યું, હે ભગવાન! આ તારી નયોની વિકલ્પની ઈન્દ્રજાળ છે! એમાં છેલ્લે ફસાઈ જાય છે. કર્તા-કર્મ અધિકારમાં એક શ્લોક (૯૫), છેલ્લો કહ્યો. આહાહા! વિકલ્પ કરનાર કેવળ કર્તા અને વિકલ્પ કેવળ કર્મ. આવે છે ને બહેન?

મુમુક્ષુ: હા આમાં છે.

પૂ. લાલચંદભાઈ: લ્યો એ. વાંચો. પાનું કયું છે?

મુમુક્ષુ: પાનું ૨૩. **શ્લોકાર્થ:- [विकल्पक: परं कर्ता] વિકલ્પ કરનાર જ કેવળ કર્તા છે અને [विकल्प: केवलम् कर्म] વિકલ્પ જ કેવળ કર્મ છે; (બીજા કોઈ કર્તા-કર્મ નથી;) [सविकल्पस्य] જે જીવ વિકલ્પ સહિત છે તેનું [कर्तुकर्मत्वं] કર્તાકર્મપણું [जातु] કદી [नश्यति न] નાશ પામતું નથી.**

પૂ. લાલચંદભાઈ: આહાહા! નયોના જે વિકલ્પ ઊઠે છે, જેવું સ્વરૂપ છે, વ્યવહારનયે કર્તા, નિશ્ચયનયે અકર્તા, સ્વરૂપ છે એ, સાચી વાત છે. એ જે નયોનું વર્ણન છે અને એનું જે વાચ્ય છે, એ તો સાચું છે. પણ વિકલ્પ છે ને, વિશેષ અપેક્ષાએ કર્તા, સામાન્ય અપેક્ષાએ અકર્તા. હેં? આહાહા! કર્તા ધર્મ છે, કર્તા નય છે, અકર્તા નય છે, ભોક્તા અને અભોક્તા, બધા ધર્મો છે. તો એક-એક ધર્મને ક્રમે-ક્રમે જાણતાં વિકલ્પની જાળ ઊભી થાય છે. આહાહા! તે એ વિકલ્પ જ કર્મ થઈ

ગયું. 'હું અકારક, હું અવેદક' એવો જે વિકલ્પ, 'હું જાણનાર, કરનાર નહિ, હું તો જાણનાર' એવો વિકલ્પ, એ સંસાર છે. એવો વિકલ્પ સંસાર છે. જાણનાર છે અને જાણનારપણે વિકલ્પ ઉઠાવે છે! આહાહા! એમાં અનુભવ ન થાય. પછી એ વિકલ્પ છૂટી જાય છે.

આ વિકલ્પ છૂટીને અનુભવ કેમ થાય? તું દ્રવ્યને પણ નયથી ન જુઓ, એના સ્વભાવથી જુઓ. અને પર્યાયને પણ નયથી ન જુઓ, પણ સ્વભાવથી જુઓ. નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણે છે, જ્ઞાનની પર્યાય નિશ્ચયનયે આત્માને જાણે છે, એ કથન સાચું છે પણ એમાં અનુભવ નથી.

ત્યારે શું કરવું? કે જ્ઞાનનો સ્વભાવ, સ્વભાવથી જ આત્માને જાણવાનો છે. જાણ્યા જ કરે છે અનાદિ-અનંત. તારા વિકલ્પની એને અપેક્ષા નથી. આહાહા! એ જ્ઞાનની પર્યાયને એના સ્વભાવથી જુઓ કે જ્ઞાનની પર્યાય... સૂર્યનો પ્રકાશ તો સૂર્યને પ્રસિદ્ધ કર્યા જ કરે છે. આહાહા! 'સૂર્યનો પ્રકાશ નિશ્ચયનયે સૂર્યને પ્રસિદ્ધ કરે અને વ્યવહારનયે ઘટ-પટને પ્રસિદ્ધ કરે' (એ) નયોના વિકલ્પને છોડી દે. આહાહા!

જ્ઞાનમાં જ્ઞાયક આબાળગોપાળ સૌને જણાયા જ કરે છે. આહાહા! એનો સ્વીકાર કરી લે અંતરમાં જઈને. વિકલ્પ છૂટી જશે, અનુભવ થઈ જશે. આવી છેલ્લી વાત આમાં અભ્યાસી જીવને માટે છે આ. અભ્યાસ કરીને વિકલ્પો દ્વારા નિર્ણય કર્યો હોય. વિકલ્પ દ્વારા નિર્ણય કર્યો હોય, કદાચ સાચો પણ હોય, એમ આપણે લઈ લઈએ, ખોટો નહિ. કેમ કે જેવા ધર્મો છે એવા ધર્મને એણે સ્વીકાર્યું ને? વિકલ્પાત્મક જ્ઞાનમાં, માનસિક જ્ઞાનમાં, તેથી શું? આહાહા! અનુભવ ન થાય એમાં.

સમયસાર તો સમયસાર છે! અને કર્તા-કર્મ અધિકારમાં એ ૨૦ કળશ લખ્યા છે. સ્થાપ્યું- એક નય કહે છે કર્તા છે, બીજી નય કહે છે અકર્તા છે, આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. પણ તત્ત્વવેદી તો એમ જાણે છે કે ચિત્સ્વરૂપ જીવ તો ચિત્સ્વરૂપ છે. એટલે બે ધર્મો રાખ્યા, કર્તા-અકર્તા, ભોક્તા-અભોક્તા. ધર્મને ઊડાડી શકાય નહિ, પણ ધર્મના લક્ષે જે વિકલ્પ છે, એ ધર્મીનું લક્ષ કરતા વિકલ્પ છૂટી જાય છે અને ધર્મોનું જ્ઞાન થઈ જાય છે. ધર્મીને આશ્રયે ધર્મનું જ્ઞાન થાય અને વિકલ્પ રહિત જ્ઞાન થાય.

મુમુક્ષુ: બરાબર! જ્ઞાન વિકલ્પ રહિત જ હોય.

પૂ. લાલચંદભાઈ: (હા). એવું અપૂર્વ આમાં માલ ભર્યો છે. કુદરતી પળ આવી ગઈ ૩૧ મી ડિસેમ્બર (૧૯૮૯). અને સવારના પહોરમાં શાંતિભાઈ ઝવેરીને ઘરે, દેવલાલીથી આવ્યા હતા, ત્યાં ઉતર્યા હતા. બહેન પણ હતા. રોજ સવારના ઉઠીએ ૬ વાગે એટલે પંકજ અને (બીજા) ઘરમાંથી આવી જાય, બહેનો આવી જાય, બહેનો. તરત જ બધા ભેગા થઈ જાય. અને આ વિષય, કે આત્માને નયથી જાણી શકાતો નથી. આહાહા! નિશ્ચયનયથી આત્મા શુદ્ધ નથી, સ્વભાવથી શુદ્ધ છે. એમાં એ બધું ઘણું છે, હા. અને ભરતભાઈએ પ્રસ્તાવના પણ સારી લખી છે. જોયું, મેં વાંચ્યું (ગઈ)કાલે.

મુમુક્ષુ: બહેને લખી છે, મારું તો નામ છે.

પૂ. લાલચંદભાઈ: તો પણ નામ હોય એ બહાર આવે ને, હેં?

મુમુક્ષુ: નહિ, તમે તો લખી હતી ને? એટલે તે તમારું જ છે બરાબર. બહુ સરસ રચના થઈ ગઈ.

પૂ. લાલચંદભાઈ: આ નયોના અભ્યાસમાં અટકેલા હોય, ઈન્દ્રજાળમાં. 'અમે જેમ છે એમ જાણીએ છીએ, આ નયે આવો છે અને આ નયે આવો છે'. કોઈ ભૂલ ન કાઢી શકે. વ્યવહારનયે જ્ઞાનનો કર્તા (અને) વ્યવહારનયે આનંદનો ભોક્તા, નિશ્ચયનયે અકર્તા અને અભોક્તા છું. રાગની વાત તો જાવા દયો. આહાહા! એના પક્ષમાં તો અજ્ઞાન ઊભું થાય. આના પક્ષમાં આવે, અજ્ઞાન ગળે પણ અજ્ઞાન ટળે નહિ. એ વિકલ્પ છેલ્લો તૂટી જાય, છૂટી જ જાય છે, વિકલ્પ સહેજ છૂટે જ છે.

મુમુક્ષુ: આવી વાણી સાંભળવા મળે પછી વિકલ્પ રહે જ નહિ. છૂટી જ જાય છે. નયોના ચક્રમાંથી બહાર કાઢવા માટે જ આવી છે આ વાણી.

પૂ. લાલચંદભાઈ: નયચક્રમાંથી બહાર નીકળવાનું જ આ સાધન છે, ચોવીસ પાના છે, ચોવીસ તીર્થંકરની વાણી છે આમાં. તીર્થંકર ભગવંતોએ કહ્યું છે, પક્ષાતિક્રાંત થવાનો ઉપદેશ આપ્યો છે ને? આમાં પહેલે પાને જ લખ્યું છે ને? પહેલું પાનું ખોલો અંદર. જુઓ એમાં આ ગોળાકારમાં શું લખ્યું છે?

મુમુક્ષુ: '**નયપક્ષથી અતિક્રાંત ભાખ્યો તે સમયનો સાર છે.**' ભૂત, વર્તમાન અને ભાવિ - ત્રણેકાળના તીર્થંકરોની આ એક જ વાત.

પૂ. લાલચંદભાઈ: હા! ત્રણેકાળના તીર્થંકરોની, ભૂત, ભવિષ્ય અને વર્તમાન,

એક જ વાત (છે). નયોથી પ્રતિપાદન આવે, બીજો તો ઉપાય નથી. પ્રતિપાદનમાં નયનો સહારો હોય છે સાંભળનારને અને કહેનારને હોય છે. પછી સ્વભાવની સન્મુખ થાય. આહાહા! ઈન્દ્રજાળમાં ફસાણું હતું વહાણ, વમળમાંથી નીકળી ગયું છે, વિકલ્પની જાળ(માંથી). એ નિયમસારમાં કહ્યું છે. શું કહ્યું છે એ તો જુઓ. નિયમસાર લાવો, શ્લોક (૧૧૯) બોલો. મોઢે હોય તો બોલો.

મુમુક્ષુ: ઈન્દ્રજાળનો?

પૂ. લાલચંદભાઈ: હા. ઈન્દ્રજાળનો.

મુમુક્ષુ: **ध्यानावलीमपि च शुद्धनयो न वक्ति**
**व्यक्तं सदाशिवमये परमात्मतत्त्वे ।**
**सास्तीत्युवाच सततं व्यवहारमार्ग-**
**स्तत्त्वं जिनेन्द्र तदहो महदिन्द्रजालम् ॥११९॥**

પૂ. લાલચંદભાઈ: સર્વજ્ઞ ભગવાનની સાથે વાત કરે છે સંતો, કે આ તારી ઈન્દ્રજાળ છે. હું ફસાઈશ નહિ, ઘણાં ફસાઈ ગયા. ઘણાં ફસાઈ ગયા, ભવિષ્યમાં ફસાશે પણ લાયક જીવ ઈન્દ્રજાળમાંથી નીકળીને અનુભવ કરી લેશે. બોલો! બોલો! એમની સામે, સર્વજ્ઞ ભગવાનની (સામે બાયોં ચડાવે છે).

મુમુક્ષુ: સ્વયંભૂ તીર્થંકર, વર્તમાનમાં શું આવશે વાણીમાં, અને તમે સાવધાન રહેજો.....થઈ જશે.

પૂ. લાલચંદભાઈ: આવે, અભ્યાસક્રમમાં નયોના વિકલ્પ વચ્ચે આવી જાય છે. મુંબઈ જતાં બીજા સ્ટેશનો ઘણાં આવે. દિલ્હી જતાં સ્ટેશનો આવે, પણ પ્રેમચંદજી ઉતરતા નથી, સીધા દિલ્હી આવે ત્યારે ઉતરે.

મુમુક્ષુ: 'તેથી શું?' એનો ખુલાસો આમાં છે. 'તેથી શું?'

પૂ. લાલચંદભાઈ: 'તેથી શું?'

મુમુક્ષુ: દ્રવ્યને સ્વભાવથી જુઓ અને પર્યાયને સ્વભાવથી જુઓ. તમારો પ્રતાપ છે સાહેબ.

પૂ. લાલચંદભાઈ: નિશ્ચયનયથી આવો છે, તેથી શું? એના સ્વભાવથી જુઓ ને? નયનું આલંબન છોડી દે. આહાહા! નયનું આલંબન કહો કે ઈન્દ્રિયજ્ઞાન કહો, એક જ છે. 'ઇંદ્રિયજ્ઞાન તે જ્ઞાન નથી' એ આવ્યું એમાં, કેમ કે નયો ઈન્દ્રિયજ્ઞાનમાં હોય. માનસિક જ્ઞાનમાં નય હોય, અતીન્દ્રિયજ્ઞાનમાં નય ન હોય.

મુમુક્ષુ: બહુ સ્પષ્ટ વાત.

પૂ. લાલચંદભાઈ: આ પ્રસંગ છે ને? એટલે એના લગતું બધું આવે. કેમ આનો (**દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ**નો) જન્મ થયો એમ.

મુમુક્ષુ: બરાબર ટાઈમે બહાર આવી સાહેબ, બિલકુલ.

પૂ. લાલચંદભાઈ: (હા). આ કેવળ અભ્યાસી માટે છે. આ પુસ્તક બીજો કોઈ વાંચે તો એની ચાંચ પણ ડૂબે નહિ, કે 'શું આમાં છે?'.

મુમુક્ષુ: કઠિન લાગે, ખ્યાલ ન આવે.

પૂ. લાલચંદભાઈ: હા! ખ્યાલ ન આવે કે 'આ લખાણ કરવાનું પ્રયોજન શું હતું?'. પણ અભ્યાસીને ખ્યાલ આવે કે નયોના વિકલ્પમાં હું અટકયો હતો. આહાહા! વ્યવહારનયે પરને જાણું છું, નિશ્ચયનયે સ્વને જાણું છું, એવા વિકલ્પ, તેથી શું? અથવા વિધિ-નિષેધ, નિશ્ચયનયે સ્વને જાણું છું અને પરને જાણતો નથી, તેથી શું?

મુમુક્ષુ: તેથી શું? તન્મય તો થયો નહિ.

પૂ. લાલચંદભાઈ: તન્મય તો થયો નહિ.

મુમુક્ષુ: ઇલાબેન કહે છે કે હું શુદ્ધ છું, જ્ઞાયક છું, અભેદ છું એમાં આવ્યો તો નિશ્ચયના પક્ષમાં આવ્યો, પણ તેથી શું?

પૂ. લાલચંદભાઈ: પક્ષમાં આવ્યો (પણ) તેથી શું?

મુમુક્ષુ: તન્મય તો થયો નહિ. ગુરુદેવની વાણીનું કહે છે. ગુરુદેવની વાણી પોતે પોતાના ભાવથી વાંચે છે.

પૂ. લાલચંદભાઈ: સાચી વાત છે. ખરેખર કેન્સરના રોગથી, દુ:ખથી ઘણો ઘેરાયેલો છે જીવ અત્યારે પણ પુરુષાર્થ ઉપડી ચૂક્યો છે અને નીકળી જશે. થોડા ટાઈમમાં નીકળી જશે. આહાહા! આ સત્ જેને બેઠું એને ભવ ન હોય.

મુમુક્ષુ: ન હોય. (ભવ) હોય જ નહિ. બરાબર.

પૂ. લાલચંદભાઈ: ભલે સમ્યગ્દર્શન ન થયું હોય પણ તત્ત્વ બેઠું છે ને? આહાહા! સત્તનો પક્ષ છે ને? સત્તનો પક્ષ છે ને એ પક્ષાતિક્રાંત થાય. અસત્તના પક્ષમાં પક્ષાતિક્રાંત ન આવે, વારો ન આવે. ઓલો થઈ જાય. હું નિરાલંબી છું. આહાહા! કઈ નયે નિરાલંબી? સ્વભાવથી જ નિરાલંબી છું. દ્રવ્ય તો પરનું આલંબન ન લે, પણ જ્ઞાન પરનું આલંબન ન લે, જ્ઞાનનો સ્વભાવ જ નથી, એ પણ

નિરાલંબી છે. સામાન્ય એવું વિશેષ હોય, આત્મા નિરાલંબી તો આત્માનું જ્ઞાન પણ નિરાલંબી છે. એને શાસ્ત્રનું અવલંબન ન હોય. અવલંબન લે તો એ જ્ઞાન નથી.

મુમુક્ષુ: એટલે પ્રત્યક્ષ જ્ઞાતા છે.

પૂ. લાલચંદભાઈ: પ્રત્યક્ષ જ્ઞાતા છે. સ્વભાવ વડે જ આત્મા જાણી શકાય છે માટે આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે. આહાહા! નિરાલંબી તત્ત્વ છે. એ જેમ બહેન બોલે છે, અરિહંતનો દેહ સ્વયં, (બહેન) બોલો છો ને નિરાંલબી અરિહંતનો દેહ.

મુમુક્ષુ: **ઊંચે ચતુરાંગુલ જિન રાજે,**
**ઇંદ્રો, નરેન્દ્રો, મુનિનાથ પૂજે;**
**જેવું નિરાલંબન આત્મ દ્રવ્ય,**
**તેવો નિરાલંબન જિનદેહ.** (શ્રી સમવસરણ સ્તુતિ)

પૂ. લાલચંદભાઈ: ત્યાંથી ન ઉપાડયું, અહીંથી (પોતાથી) ઉપાડયું. જેવો આ (આત્મા) નિરાલંબી છે એવો એનો દેહ પણ નિરાલંબી છે. એ કમળના ફૂલને અડે નહિ. આહાહા! ઉપર અધ્ધર જ રહે છે.

મુમુક્ષુ: દેહને નિરાલંબી સમજાવવા માટે અહીંયાં આત્માનું દૃષ્ટાંત આપ્યું.

પૂ. લાલચંદભાઈ: આહાહા! જેમ શુદ્ધાત્મા નિરાલંબી છે એમ ઉપયોગ પણ જે પ્રગટ થાય છે, (તે) નિરાલંબી છે. એ આલંબન લેવા જાય તો જ્ઞાનનું અજ્ઞાન થઈ જાય છે. આહાહા! કેમ કે જેવું સામાન્ય અંશ છે એવો વિશેષ હોય. ધર્મી એવો ધર્મ હોય. ત્રિકાળી દ્રવ્ય નિરાલંબી તો જ્ઞાન પણ (નિરાલંબી જ છે), એને કોઈનું આલંબન નથી. આહાહા!

હમણાં ભાઈ આવ્યા ઘેરે, ત્યારે નિરાલંબીનું વિચારણા ચાલતું હતું. એને મોઢે કહ્યું. મને કહે કે આ તો મને તો મળી ગયું. નિરાલંબી તત્ત્વ, કોઈનું આલંબન છે નહિ આત્માને. આહાહા! સ્વભાવથી જ નિરાલંબી છે. જ્ઞાનને પહેલા આલંબન હોય? કે નહિ, પહેલા કે પછી, આલંબન જ ન હોય. જ્ઞાન(ને આલંબન) જ ન હોય. ત્યાંથી શરૂઆત કર તું. જ્ઞાન કહેવું અને એને પરનું આલંબન? એ હોય જ નહિ, નિરપેક્ષ તત્ત્વ છે. ભૂતાર્થનયથી જાણ જ્ઞાનને તો નિરાલંબી દેખાશે. ત્રિકાળી દ્રવ્ય તો નિરાલંબી છે પણ જે ઉપયોગમાં આત્મા જણાય છે એ પણ નિરાલંબી છે. આહાહા! ત્યાં સુધી છે કે, ઉપયોગ એવો નિરાલંબી છે કે શુદ્ધાત્માનો આશ્રય લે તો

શુધ્ધ થાય, એવું પણ આલંબન એને નથી. સત્ અહેતુક છે, પર્યાયમાં પણ. અંદરમાં એટલું બધું છે.

આ છેલ્લી કોટિની વાત છે. અભ્યાસી જીવો વિકલ્પમાં અટક્યા છે, નયોના વિકલ્પમાં. અને જેમ સર્વજ્ઞ ભગવાને કહ્યું એ રીતે, એનાથી વિપરીત વિચારે તો તો ખોટો છે. એની વાત જ નથી, એની તો વાત જ નથી. આગમ પ્રમાણે નયોથી જ્ઞાન કરે છે પણ નયોની વિકલ્પ જાળમાં (ફસાય ગયો છે). હે ભગવાન! તારી ઈન્દ્રજાળ છે આ. ધ્યાનાવલી છે ને? આહાહા! ધર્મધ્યાન અને શુકલધ્યાન, આ ધ્યાનાવલી તો આત્મામાં છે જ નહિ. કોણે કહ્યું આ? કોણે કહ્યું કે શુકલધ્યાન અને ધર્મધ્યાન આત્મામાં છે? એમ કહેનાર કોણ છે? અમે તો શુધ્ધાત્માની સન્મુખ થઈને ત્રિકાળી દ્રવ્યને જોયું, તો એમાં કોઈ ધ્યાનની પર્યાય તો દેખાતી નથી. આહાહા! કેમ કે નાસ્તિ છે ને ધ્યાનની? ધ્યેયમાં ધ્યાનની નાસ્તિ છે એવી ધ્યેયની અસ્તિ છે, એનો અનુભવ એ મસ્તી! નિરાલંબી છે. આહાહા!

મુનિરાજ કહે છે કે આ કુટુંબ-કબીલા તારી ધૂતારાની ટોળી છે, ફસાઈશ નહિ (શ્રી સોમદેવ, યશસ્તિલક ચંપૂ. અધિકાર બીજો, શ્લોક-૧૧૯). આહાહા! તિરસ્કાર નહિ કોઈની પ્રત્યે, પણ સજાગ થઈ જા જે, તારું કામ કાઢી લે જે, બસ. થઈ ગયો ટાઈમ. એકાદી, એક ભક્તિ નાની આજે ઘણા દિવસે (લ્યો). હેં? બરાબર છે? જે લેવું હોય એ લ્યો. બહુ સારું.

મુમુક્ષુ: प्रभु मैं हो गया भव से पार, गुरुजी तेरो अनंत उपकार,
बंध-मोक्ष से रहित ज्ञानमय, एक ज्ञायक देखा सार,
प्रभु मैं हो गया भव से पार, गुरुजी तेरो अनंत उपकार।
अनंत शक्तिमय ध्रुव चिन्मय, अभेद ज्ञायक ज्ञायक तन्मय,
सदा ज्ञानमय स्वयं ज्ञानमय, हूँ बस जाननहार,
प्रभु मैं हो गया भव से पार, गुरुजी तेरो अनंत उपकार।
सिद्ध प्रभु ज्यों ज्ञाता-द्रष्टा, मैं भी जानन-देखनहार ही,
पूर्ण-अपूर्ण का प्रश्न नहीं कुछ, केवल जाननहार,
प्रभु मैं हो गया भव से पार, प्रभु मैंने देखा समय का सार।

ज्ञायक तो बस ज्ञायक ही है, ज्ञायक तो बस ज्ञायक ही है, ज्ञान-ज्ञेय सब ज्ञायक ही है,

ज्ञान-ज्ञेय में भेद नहीं कुछ, एक अभेद जाननहार,

प्रभु मैं हो गया भव से पार, प्रभु मैंने जानो है जाननहार।

ज्ञायक पर को नहीं जानता, ज्ञायक पर को नहीं जानता, ज्ञायक ज्ञायक को ही जानता,

ये दोनों तो नय पक्ष हैं।

પૂ. લાલચંદભાઈ: બેય... ज्ञायक नयों से पार, प्रभु मैं हो गया भव से पार। એ આમાં (**દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ**માં) લખ્યું છે.

મુમુક્ષુ: प्रभु मैं हो गया भव से पार, प्रभु मैं हो गया भव से पार।

પૂ. લાલચંદભાઈ: બેય નયપક્ષ છે, એક અસદ્ભૂત વ્યવહાર, એક સદ્ભૂત વ્યવહાર.

મુમુક્ષુ: ज्ञायक पर को नहीं जानता।

પૂ. લાલચંદભાઈ: ઓલું કવ્વાલીમાં આવે છે ને, શું? શું આવે છે?

મુમુક્ષુ: फिर से कहो। ए जी क्या कहा? (ભેદજ્ઞાન-ભજનાવલી, આધ્યાત્મિક ભજન-૧૨)

પૂ. લાલચંદભાઈ: अ जी क्या कहा? બસ એ. ભરતભાઈએ કહ્યું ફરીથી.

મુમુક્ષુ: ज्ञायक पर को नहीं जानता, ज्ञायक ज्ञायक को ही जानता,

ये दोनों तो नय पक्ष हैं।

પૂ. લાલચંદભાઈ: ये दोनों तो नय पक्ष हैं, ज्ञायक नयों से पार,

प्रभु मैं हो गया भव से पार, प्रभु मैं हो गया भव से पार।

गुरुजी तेरो अनंत उपकार, प्रभुजी तेरो अनंत उपकार।

મુમુક્ષુ: ज्ञानमयी बस ज्ञानमयी हूँ, सब कुछ मेरा ज्ञानमयी है,

गुरु ही मेरा ज्ञानमयी है, भक्ति आप की ज्ञानमयी है,

ज्ञेय नहीं बदले अब मेरा, निज में ही स्थिरता धार,

પૂ. લાલચંદભાઈ: प्रभु मैं हो गया भव से पार, गुरुजी तेरो अनंत उपकार, प्रभुजी तेरो अनंत उपकार

આમાં એ જ છે. પરને જાણું છું એ પણ નયપક્ષ. આહાહા! જ્ઞાયક જ્ઞાયકને જાણે છે, પોતે પોતાને જાણે છે, એ પણ નયપક્ષ છે. નયોથી સમજાવવામાં આવે છે, બીજો ઉપાય નથી. નયથી અનુભવ ન થાય.

આ અભ્યાસી હશે ને, એ જ સમજશે. બાકી 'આમાં શું કહેવા માગે છે?', એની ચોંચ (ચાંચ) નહિ ડૂબે કે 'શું કહે છે આ?'. હેં? પણ હવે તો ગુરુદેવે ઘણો અભ્યાસ કરાવ્યો છે, નયોથી (પાર થવાનું). આહાહા! આ જે બે પુસ્તક છે ને એ વિદ્વાનો માટે છે ખાસ છે, **ઇન્દ્રિયજ્ઞાન....જ્ઞાન નથી** એને જ્ઞાન માને છે અને આ (**દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ**) નયની ઈન્દ્રજાળમાં ફસાણો છે (એના માટે છે).

મુમુક્ષુ: ગુરુદેવની વાણીને આપ આગળ વધારો છો, એની સુરક્ષા કરો છો. એમના તીર્થ ઉપર આપના સ્થાપનાના કળશ ચઢાવો છો.

મુમુક્ષુ: સાચી વાત છે. મુમુક્ષુ: આ વાણી આપની પંચમકાળના છેડા સુધી રહેશે.

પૂ. લાલચંદભાઈ: લોકોને ઉપયોગમાં આવશે, વાત સાચી છે. માલ તો ગુરુદેવનો જ છે. એનું જ સ્પષ્ટીકરણ ચાલે છે, કોઈ નવી વાત નથી કરી અમે. આહાહા!

મુમુક્ષુ: પણ અનુભવની આવી સરળ વિધિ આમાં ભરેલી છે એટલે અનુભવ થઈ જશે લોકોને વાંચતા.

પૂ. લાલચંદભાઈ: હા, અનુભવ થશે. નયોના વિકલ્પ છૂટી જશે. નયોના વિકલ્પની એને અધિકતા નહિ રહે, 'આ તો વિકલ્પ છે, એમાં કાંઈ છે નહિ'.

મુમુક્ષુ: બહુ સરસ! આમાં ખૂબ સરસ. ઓલુ શ્રીમદ્જીનું છે ને છેલ્લે, બહુ સરસ છે. શ્રીમદ્જીનું આમાં, પ્રસ્તાવનામાં શ્રીમદ્જીનું આએટલું બધું સરસ.

પૂ. લાલચંદભાઈ: એક-એક ધર્મને, એ ને? એ સારું છે. બહુ સારું છે.

મુમુક્ષુ: એ જ વાત આપે ફરમાવી આમાં અંદરમાં કે એક-એક ધર્મને જાણશે તો બીજાને જાણવાની ઈચ્છા રહેશે, આકુળતા રહેશે, તૃપ્તિ નહિ થાય. અનુભવ નહિ થાય.

પૂ. લાલચંદભાઈ: ધર્મીને જાણતાં અનંત ધર્મો એક સમયમાં જણાઈ જાય. કાંઈ જાણવું બાકી રહેતું નથી. એ રીતે જ ધર્મ જણાય, ધર્મના લક્ષે ધર્મ ન જણાય. ધર્મના લક્ષે ધર્મ ન જણાય. આહાહા! ધર્મીના લક્ષે (ધર્મ જણાય), (ધર્મના) લક્ષ વિના, એની (ધર્મની) સન્મુખ થયા વિના. અભેદની સન્મુખ થતા ભેદો બધા જણાઈ જાય છે. એક અભેદની સન્મુખ થતા બધા ભેદો જણાઈ જાય છે. એક અરીસાની સામે જોતા, એક લાખ વસ્તુ સામે પડી હોય. એક લાખ વસ્તુને આમ-


આમ જુઓ તો કેટલો ટાઇમ જાય? અરીસાની સામે જુઓ તો?

મુમુક્ષુ: બધું એક સાથે. જોયા વગર જોવાઈ જાય.

પૂ. લાલચંદભાઈ: જોયા વગર જોવાઈ જાય, લક્ષ વગર જણાઈ જાય, જાણવાના લોભ વગર જણાઈ જાય. લોકાલોક જણાઈ જાય પણ જાણવાનો લોભ નથી અને જણાયા વગર રહેતું નથી અને એને જાણતો પણ નથી. એવી વસ્તુ છે. થઇ ગયો ટાઈમ, ૧૧ વાગ્યા.

મુમુક્ષુ: પરમકૃપાળુ શ્રી સદ્ગુરુદેવનો જય હો! કહાન કિરણ લાલનો જય હો! લાલની દિવ્ય દેશના જયવંત વર્તો, જયવંત વર્તો, જયવંત વર્તો!

પૂ. લાલચંદભાઈ: આજે બહેન બોલ્યા ને, એ (ગુરુદેવનો બોલ) આમાં (ફોટોમાં) છે. સિધ્ધ ભગવાન જેમ જાણનાર-દેખનાર છે એમ તું (પણ) જાણનાર-દેખનાર (જ) છો. અધૂરા-પૂરાનો પ્રશ્ન જ નથી (દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર બોલ ૨૦). આ તો ગુરુદેવના જ પ્રતાપ છે.




મુમુક્ષુ: પંચમકાળે ચમત્કાર થઇ ગયો છે, ગુરુદેવની અહીં પધરામણી થઇ, પંચમકાળે ચમત્કાર થઇ ગયો છે.

પૂ. લાલચંદભાઈ: ચમત્કાર છે આ.

મુમુક્ષુ: વિદેહની વાણી અહીં આવી ગઇ છે. ગુરુદેવની અહીં પધરામણી થઇ છે.

# ટાઇટલ પેજથી પ્રથમ પ્રવેશ દ્વાર પાનું ૧ થી ૫
# ઉષાકીરણ એપાર્ટમેંટ, રાજકોટ
# તારીખ: ૧૭-૧૦-૧૯૯૦

# પ્રવચન LA ૪૦૫

બોલો. વાંચો.

મુમુક્ષુ: ક્યાંથી?

પૂ. લાલચંદભાઈ: પહેલેથી જ.

મુમુક્ષુ: **શ્રી સદ્‌ગુરુદેવાય નમ: દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ. નયપક્ષથી અતિક્રાન્ત ભાખ્યો તે સમયનો સાર છે.**

મુમુક્ષુ: પહેલું પાનું.

પૂ. લાલચંદભાઈ: આમાં એ આવવાનું છે.

મુમુક્ષુ: એકદમ પહેલું પાનું.

પૂ. લાલચંદભાઈ: ફર્સ્ટ પેઇજ એકદમ. હા, એ.

મુમુક્ષુ: **અધ્યાત્મરસિક, શુદ્ધાત્મવેદી, સ્વભાવગ્રાહી પૂજ્ય શ્રી લાલચંદભાઈશ્રીની દ્રવ્ય સ્વભાવ અને પર્યાય સ્વભાવને દર્શાવતી અતિઅપૂર્વ પરમહિતકારી તત્ત્વચર્ચા.**

પૂ. લાલચંદભાઈ: **પ્રકાશક**.

મુમુક્ષુ: **પ્રકાશક: શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, મહાવીરનગર, હિમતનગર.**

પૂ. લાલચંદભાઈ: હિમતનગરના ભાગ્યમાં આવ્યું આ.

મુમુક્ષુ: આપનો પ્રતાપ. આપની કૃપાથી.

મુમુક્ષુ: **પ્રકાશકીય નિવેદન.** પ્રકાશીય નહિ પ્રકાશકીય હોવું જોઈએ.....પ્ૃકાશીય નિવેદન પ્રકાશકીય હોવું જોઈએ. પ્રકાશકીય નિવેદન એમ.

પૂ. લાલચંદભાઈ: હા. પ્રકાશીય, ભૂલ થઇ ગયું છે. **પ્રકાશકીય નિવેદન**

(હોવું જોઈએ). બરાબર.

મુમુક્ષુ: **પ્રકાશકીય નિવેદન. પરમ દેવાધિદેવ જિનેશ્વરદેવશ્રી વર્ધમાનસ્વામી, ગણધરદેવશ્રી ગૌતમસ્વામી તથા આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદદેવાદિને અત્યંત ભક્તિ સહિત નમસ્કાર. આ કાળે કે જ્યારે મોક્ષમાર્ગ પ્રાયે લુપ્ત થયો હતો તેવા કાળમાં આપણા મહાભાગ્યે જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી ક્રાંતિકારી યુગપુરુષ આત્મજ્ઞસંત પરમપૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ઉદયથી આપણે સૌ જૈનધર્મના માર્ગાનુસારી બન્યા.**

પૂ. લાલચંદભાઈ: બરાબર.

મુમુક્ષુ: **આપણને નવું જીવન આપનાર પૂજ્ય ગુરુદેવશ્રીને પણ અત્યંત ભક્તિભાવે નમસ્કાર. જૈનદર્શન બહુ વિશાળ છે. નય દ્વારા પ્રતિપાદન કરી આત્મસ્વરૂપ સમજાવવાની શૈલી પરમાગમમાં આવે છે જેનાથી આત્મસ્વરૂપનું અનુમાન થઈ શકે છે પણ અનુભવ થઈ શકતો નથી. નયથી સ્વરૂપનો વિચાર કરી ઘણાં તો તેમાં જ સંતુષ્ટ થઈ જાય છે. વળી ઘણાં ખરાને**. ઘણાં ખરાને એટલે?

પૂ. લાલચંદભાઈ: ઘણાં ખરાને, ઘણાં લોકોને, બહુ વિધ.

મુમુક્ષુ: અચ્છા! **ઘણાં ખરાને તે નયના વિકલ્પથી છૂટી અનુભવ કેમ થાય તે માર્ગ સુજતો નથી. તેનું માર્ગદર્શન આપતું એટલે કે સ્વભાવને સ્વભાવથી જ સમજવાનો પરમાર્થ દૃષ્ટિકોણ અધ્યાત્મરસિક, શુદ્ધાત્મવેદી પૂજ્ય શ્રી લાલચંદભાઈએ આપ્યો છે.**

**જેમ પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રીની રાજકોટ શહેર ઉપર અમીદૃષ્ટિ હતી તેમ પૂજ્ય ભાઈશ્રીની અમારા મુમુક્ષુ મંડળ ઉપર અમીદૃષ્ટિ છે. તેઓશ્રી અમારા દરેક આમંત્રણને માન આપીને અહીં પધારે છે. આ વખતે પર્યુષણપર્વમાં તેઓશ્રી પધાર્યા હતા અને એક માસ સુધી અધ્યાત્મની ધોધ વર્ષા કરી હતી. જેમાં દ્રવ્ય સ્વભાવને તથા પર્યાય સ્વભાવને કોઈ નયથી નહિ પણ સ્વભાવથી જોવાની વાત કરી, જે અમારા મંડળના સૌ મુમુક્ષુઓને જૂના કાને નવી લાગી.**

**આ વિષયની વિસ્તૃત ચર્ચા પૂ. ભાઈશ્રીએ મુંબઈ શ્રી શાંતિભાઈ**

**ઝવેરીને ત્યાં કરી હતી તેવું જાણવા મળતાં આ ચર્ચા પુસ્તકાકારે સૌના હાથમાં આવે તો સૌ કોઈ તેનો લાભ લઈ શકે. અને આજે આ પુસ્તકાકારે સમાજમાં મૂકતાં મંડળ ધન્યતા અનુભવે છે.**

**આ પુસ્તકનો બધો ખર્ચ શ્રી શાંતિભાઈ ઝવેરી, મુંબઈ તરફથી મળેલ છે. તે અંગે તેમનો પણ મંડળ આભાર માને છે. પુસ્તકનું સુંદર પ્રિન્ટીંગ કરી આપવા બદલ શ્રી યોગેશભાઈ, ગુજરાત ઓફસેટનો પણ આભાર માનીએ છીએ.**

**આપ સૌ આ ચર્ચાનો સ્વાધ્યાય કરો અને... હું તો સ્વભાવથી જ જ્ઞાયક છું, સ્વભાવથી જ જાણનાર છું... હું તો જાણનાર છું એવો અભેદ અનુભવ સૌને થાય એ જ ભાવના.**

**શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, મહાવીરનગર, હિંમતનગર. પ્રમુખ-તારાચંદ પોપટલાલ કોટડિયા. સેક્રેટરી-મહેન્દ્રકુમાર પુંજાલાલ મહેતા.**

પૂ. લાલચંદભાઈ: હવે શાંતિભાઈ ઝવેરી બોલશે.

મુમુક્ષુ: હા જી. **શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ અધ્યાત્મયુગસૃષ્ટા પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ સ્વાનુભવમયી મોક્ષમાર્ગને પોતાની સાતિશય દિવ્યવાણી દ્વારા પ્રકાશિત કરીને અમ મુમુક્ષુઓ ઉપર અનંતો ઉપકાર કર્યો છે. અને આવા પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વાનુભવમયી વીતરાગ માર્ગને પોતાની અંદર આત્મસાત્ કરીને પૂજ્ય ગુરુદેવશ્રીના શાસનને સુરક્ષિત રાખી દિપાવનાર, પૂજ્ય ગુરુદેવશ્રીના વારસદાર સુપુત્ર પૂજ્ય શ્રી લાલચંદભાઈ છે. ઘણાં મુમુક્ષઓ પાસેથી સંભળાય છે કે 'આજે પૂજ્ય ગુરુદેવશ્રી પૂજ્ય લાલચંદભાઈના રૂપમાં સુરક્ષિત છે... જયવંત છે'.**

**અમારા મહાન મહાન ભાગ્યથી એવા પૂજ્ય લાલચંદભાઈની અમારા કુટુંબ ઉપર અપાર કરૂણા છે. તેથી તેઓશ્રી કૃપા કરીને દેવલાલી પંચકલ્યાણક પછી મુંબઈ અમારા આંગણે પધાર્યા હતા. ત્યારે ૩૧ ડિસેમ્બરની પ્રાતઃ જાગરણની મંગલવેળામાં પૂજ્યશ્રીના ચંદ્રમુખમાંથી અમૃત... અમૃત... અમૃત ઝરી ઊઠયું કે જે અમૃતમયી તત્ત્વચર્ચાથી અમારા અંતરના કબાટ ખૂલી ગયા.**

**આહા... નયપક્ષથી અતિક્રાંત થવાની કોઈ અદ્‌ભુતથી અદ્‌ભુત**

**અજોડ વિધી દર્શાવી. જેમાં દ્રવ્યને સ્વભાવથી જુઓ, કોઈ નયથી નહિ અને પર્યાયને પણ સ્વભાવથી જુઓ, કોઈ નયથી નહિ... એવી કોઈ અતિ ગૂઢ અને અપૂર્વ, કોઈ દિવસ નહિ સાંભળેલી, નહિ વિચારેલી વાત આવી. અમને આ ચર્ચાથી એમ થયું કે હવે અમને બધું નિધાન અને નિધાનની ચાવી બધું મળી ગયું છે. અપાર હર્ષથી હર્ષાયેલાં આ હૃદયમાં સહજ આવો ભાવ પણ આવ્યો કે આ ચર્ચા અમારે છપાવવી છે, જેથી બીજા બધા મુમુક્ષુઓ પણ લાભાન્વિત થઈ શકે.**

**પૂજ્ય ભાઈશ્રીની આજ્ઞા લઈને આ છપાવી અમે અપાર આનંદને અનુભવીએ છીએ. આપ સ્વયં વાંચો... વાંચીને વિચારો... આપને પણ વાંચીને બહુજ ગમશે અને નિશ્ચિત આત્મલાભ થશે. એવી ભાવના સાથે...**

**પૂજ્ય ભાઈશ્રીને વારંવાર નત્ મસ્તક થઈ પ્રણામ કરતા... આપના ચિરઋણી, શાંતિભાઈ ચીમનલાલ ઝવેરી, શાંતાબેન** આપનું નામ છે, **સંગીતાબેન, તરલાબેન, મયુરીબેન, ભરતભાઈ, પંકજભાઈ, પ્રદિપભાઈ**. હવે **પ્રથમ પ્રવેશ દ્વાર, ૐ, નમઃ સમયસારાય**.

પૂ. લાલચંદભાઈ: આ ભરતભાઈનું છે.

મુમુક્ષુ: **અધ્યાત્મ યુગ પ્રવર્તક સ્વાનુભવપ્રેરણામૂર્તિ પરમ ઉપકારી પરમ પૂજ્ય સદગુરુદેવશ્રી કાનજીસ્વામીએ આ કાળમાં તીર્થ (મોક્ષમાર્ગ) સ્થાપ્યું. એ સ્થપાયેલા તીર્થની સુરક્ષા કરનાર, પૂજ્ય ગુરુદેવશ્રીના અનન્ય ભક્ત, શુધ્દ્ધાત્મવેદી, સિધ્દ્ધાંત બોધરસિક, સૂક્ષ્મ અધ્યાત્મ રહસ્યોના ઉદ્ઘાટક, સૂક્ષ્માતિસૂક્ષ્મ હઠીલાં શલ્યોના સુપ્રસિધ્દ્ધ ચિકિત્સક, અધ્યાત્મ-જગતના સુપ્રસિધ્દ્ધ શિરમૌર પ્રવક્તા પૂજ્યશ્રી લાલચંદભાઈના મુખારવિંદમાંથી ઝરેલાં બે ગૂઢ રહસ્યો...**

**(૧) દ્રવ્ય સ્વભાવ, (૨) પર્યાય સ્વભાવની - અતિ અપૂર્વ અદભૂત પરમામૃતમય ભેટ આત્માર્થીઓને અર્પતા અતિ હર્ષ થાય છે.**

**વિશ્વના દરેક પદાર્થની જેમ આત્મવસ્તુ દ્રવ્ય-પર્યાયાત્મક હોવાથી અનેકાંતિક છે. તેને સમજાવવા માટે ભગવાનની તથા તદ્અનુસારિણી સંતોની વાણી દ્વિનયાશ્રિત હોય છે.** દ્વિનયાશ્રિત હોય છે.

પૂ. લાલચંદભાઈ: બરાબર છે. દ્વિનયાશ્રિત છે વાણી. કેમ કે વસ્તુ બે પ્રકારે

છે ને? સામાન્ય-વિશેષ દ્રવ્ય-પર્યાય સ્વરૂપ છે, તો એને સમજાવવા માટે બે નય હોય ને? એમ. પદાર્થ એકરૂપે જ હોય તો તો એક જ નય હોય પણ આ બેરૂપે છે. બહુરૂપી છે ને? દ્રવ્ય-પર્યાય સ્વરૂપ એટલે બે નય છે.

મુમુક્ષુ: બરાબર! **તેને સમજાવવા માટે ભગવાનની તથા તદ્અનુસારિણી સંતોની વાણી દ્વિનયાશ્રિત હોય છે. આમ સમજાવવા તથા સમજવા માટે નયોનો પ્રયોગ હોય છે. પરંતુ આત્માનુભવ નયાતિક્રાંત હોવાથી**, પરંતુ આત્માનુભવ નયાતિક્રાંત હોવાથી.

પૂ. લાલચંદભાઈ: હોવાથી (એટલે) અનાદિ-અનંત.

મુમુક્ષુ: **(આત્માનુભવ) નયાતિક્રાંત હોવાથી નયો દ્વારા જ વસ્તુને જાણવા અટકતા સ્વભાવની પ્રાપ્તિ થતી નથી.**

પૂ. લાલચંદભાઈ: **થતી નથી.** નયો સુધી અનંતવાર આવ્યો. દ્રવ્યલિંગી મુનિ થયો, આ બે નય સુધી અનંતવાર આવ્યો. અનંતવાર, આ એક વાર નહિ, નવમી ગ્રૈવેયક સુધી ગયો. આહાહા! પણ પક્ષાતિક્રાંત ન થયો. નયને જ સાધન માન્યું અને જ્ઞાન સાધન છે (તે) રહી ગયું.

નયજ્ઞાન જ્ઞાન જ નથી, એ ખ્યાલ ન આવ્યું. નયજ્ઞાન ઈન્દ્રિયજ્ઞાન છે, નયજ્ઞાન જ્ઞાન જ નથી. અતીન્દ્રિયજ્ઞાન જ્ઞાન છે, એ ખ્યાલમાં મારા અને તમારા આત્માને ન આવ્યું. આપણે તો આપણી જ વાત કરો ને, હેં? આપણે અનંતવાર ગયા નવમી ગ્રૈવેયક. આહાહા! રાજપાટ છોડયું, નગ્ન દિગંબર મુનિ થયા, ૨૮ મૂળગુણ નિરતિચારપણે પાળ્યા, હોં! આહાહા! પણ એમ શલ્ય રહી ગયું કે આ નયથી જ આત્માનો અનુભવ થાય છે. આહાહા! નયથી કોઈ જુદું અંતર્મુખી અતીન્દ્રિયજ્ઞાન નવું પ્રગટ થાય, એમાં આત્માનો અનુભવ થાય, એ ખ્યાલમાંથી રહી ગયું, નીકળી ગયું. એમ ન આવ્યું ખ્યાલમાં. આહાહા!

મુમુક્ષુ: નયને જ્ઞાન માન્યું ને? નયજ્ઞાનને જ્ઞાન માન્યું.

પૂ. લાલચંદભાઈ: નયજ્ઞાનને જ્ઞાન માન્યું. (નયજ્ઞાન) એ તો ઈન્દ્રિયજ્ઞાન છે, માનસિકજ્ઞાન છે. આહાહા!

મુમુક્ષુ: અપૂર્વ વાત છે.

પૂ. લાલચંદભાઈ: અનંતકાળથી ભૂલ હતી, એ ભૂલ ગુરુદેવના પ્રતાપે ગઈ. આહાહા! નયજ્ઞાન, જ્ઞાન નથી, ખરેખર ઈન્દ્રિયજ્ઞાન છે એટલે અજ્ઞાન છે. કેમ કે

સ્વભાવનો તિરોભૂત કરે છે. (નયજ્ઞાન) વિકલ્પ છે. આહાહા!

નય સુધી આવી ગયા પછી, નયો દ્વારા વસ્તુનું સ્વરૂપ જાણ્યા પછી નયોમાં જ અટકી જવાથી અનુભવ નથી થતો. એ નયને છોડે ત્યારે અનુભવ થાય. એટલે નય સુધી જે આવી ગયેલા જીવો છે, એને હવે આ જરા ધક્કો મારીને અંદર લઈ જાય છે બસ.

બિલકુલ જે નયજ્ઞાનથી અજાણ છે, એને તો આમાં કાંઈ ખબર જ નહિ પડે કે આ શું કહેવા માંગે છે. ગુરુદેવના અનુયાયીઓ જે છે, નયના અભ્યાસીઓ, એના માટે તો (આ) અમૃત છે.

મુમુક્ષુ: **રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં નયચક્રના આધારથી પં. શ્રી ટોડરમલજીએ ફરમાવ્યું છે કે તત્ત્વના અવલોકન સમયે શુદ્ધાત્માને યુક્તિથી અર્થાત્ નય, પ્રમાણ વડે પહેલા જાણ**.

પૂ. લાલચંદભાઈ: **જાણ**.

મુમુક્ષુ: અવલોકન સમયે.

પૂ. લાલચંદભાઈ: અનુભવ પહેલાં આવું વસ્તુનું સ્વરૂપ છે એમ માનસિક જ્ઞાન દ્વારા જાણ.

મુમુક્ષુ: **આરાધના સમયે નહિ, કારણ કે અનુભવ પ્રત્યક્ષ છે.**

પૂ. લાલચંદભાઈ: આ પરોક્ષ છે. ઈન્દ્રિયજ્ઞાન પરોક્ષ છે. શું કહ્યું? **રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં નયચક્રના આધારથી પં. શ્રી ટોડરમલજીએ ફરમાવ્યું છે કે તત્ત્વના અવલોકન સમયે,** અવગાહન સમયે, જાણવાના સમયે, અનુભવ પહેલા, **શુદ્ધાત્માને યુક્તિથી,** યુક્તિનો અર્થ-**નય** અને **પ્રમાણ** એ યુક્તિ છે. સમજી ગયા? **વડે પહેલા જાણ; આરાધના સમયે નહિ.**

જ્યારે અનુભવનો કાળ આવે ત્યારે આ વાત છોડી દેજે **કારણ કે અનુભવ પ્રત્યક્ષ છે**. નય પરોક્ષ છે, નયજ્ઞાન પરોક્ષ છે કેમ કે મનમાં નય ઉઠે છે. મનમાં નયના વિકલ્પ ઊઠે. જ્ઞાનમાં નયોના વિકલ્પ ન હોય, જ્ઞાન એકલું હોય. જ્ઞાન એકલું હોય અને નય ખંડજ્ઞાન છે, રાગમિશ્રિત હોય. આહાહા! નયજ્ઞાન પરાધીન હોય. માટે અનુભવ તો પ્રત્યક્ષ છે. નયજ્ઞાન તો પરોક્ષ છે. પરોક્ષ સુધી આવ્યો અનંતવાર પણ નયના વિકલ્પ ન છૂટયા, એટલે અનુભવ રહી ગયો. એ અનુભવ કેમ થાય એની આ કળા છે. દૃષ્ટાંત આપે છે હવે.

મુમુક્ષુ: **જેવી રીતે અભિમન્યુને ચક્રવ્યૂહમાં પ્રવેશ કરતા આવડતું હતું પરંતુ તેમાંથી બહાર નીકળતાં ન આવડયું.**

પૂ. લાલચંદભાઈ: નયના ચક્રાઓ. આહાહા!

મુમુક્ષુ: **તેમ અજ્ઞાની શાસ્ત્રના અવલંબને નયચક્રમાં પ્રવેશે છે પરંતુ તેમાંથી પાર થઈ પક્ષાતિક્રાંત થવાની વિધિથી અજાણ છે.**

પૂ. લાલચંદભાઈ: અભિમન્યુ મરી ગયો, (કારણ કે) બહાર નીકળતાં ન આવડયું. નયના ચક્રાવામાં (અટક્યો છે જીવ). આહાહા! જેમ ઓલો વહાણનો દાખલો આપ્યો હતો ને? સમુદ્રમાં પૂર (વમળ) આવે અને વહાણ સલવાઈ જાય, નીકળે નહિ. એ જ્યારે શાંત વાવાઝોડું થાય ત્યારે નીકળી જાય. એમ આ નય ચક્રાવામાં અટક્યો છે જીવ. આહાહા! વમળમાં છે, ઘૂમરી ખાય છે ચારગતિમાં. નયનો સહારો લઈને ઘૂમરી ખાય છે, નયનો સહારો લઈને! મનુષ્ય થાય ઊંચો, દેવ થાય, પાછો મનુષ્ય થાય. આહાહા! કેમ કે નયના ચક્રાવાવાળો જીવ, એ સ્વભાવ ઘૂંટે છે એટલે કષાયની તીવ્રતા ન હોય. એટલે નરક અને નિગોદમાં, તિર્યંચમાં ન જાય પણચક્રાવામાં ચડી જાય. આહાહા! મિથ્યાત્વ છે ને? છૂટયો છે ક્યાં? સૂક્ષ્મ મિથ્યાત્વનો કણિયો પણ બૂરો છે. નયજ્ઞાનની સાથે મિથ્યાત્વ છે. આત્મજ્ઞાન થયું, મિથ્યાત્વ (ચાલ્યું) જાય છે. નય પણ ગઈ, મિથ્યાત્વ ગયું, અનુભવ થયો.

મુમુક્ષુ: નય ગઈ, મિથ્યાત્વ ગયું, અનુભવ થયો. એમાં કારણ પણ આપ્યું કે રહસ્યપૂર્ણ ચિટ્ઠીમાં, કારણ કે અનુભવ પ્રત્યક્ષ છે.

પૂ. લાલચંદભાઈ: પ્રત્યક્ષ છે. ઓલું (નયજ્ઞાન) પરોક્ષ છે, પરોક્ષ જ્ઞાન છે ને? ઈન્દ્રિયજ્ઞાન પરોક્ષ છે. પરોક્ષ જ્ઞાનમાં અનુભવ ન હોય. પ્રત્યક્ષ જ્ઞાનમાં અનુભવ હોય.

નાનું એવું શાસ્ત્ર છે આ, પક્ષાતિક્રાંત થવાની વિધિ. પક્ષમાં આવી ગયા પછી અટકેલો હોય એના (માટે). આગળ.

મુમુક્ષુ: **પ્રસ્તુત ચર્ચામાં પક્ષાતિક્રાંત થવાની ગૂઢ વિધિ સમજાવતા પૂજ્ય ભાઈશ્રીએ ફરમાવ્યું કે દ્રવ્ય સ્વભાવને સ્વભાવથી જુઓ અને પર્યાય સ્વભાવને પણ સ્વાભાવથી જુઓ. કોઈ નયથી ન જુઓ.**

પૂ. લાલચંદભાઈ: હવે નયથી જોવાનું છોડી દે. અત્યાર સુધી (દ્રવ્ય અને પર્યાયને) નયથી જોતો હતો, હવે નયથી ન જુઓ, એને સ્વભાવથી જુઓ.

મુમુક્ષુ: **નયથી જોતાં સ્વભાવની પ્રાપ્તિ થતી નથી. અજ્ઞાની જીવો શાસ્ત્રનો ઘણો અભ્યાસ કરવા છતાં સ્વભાવની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનથી વંચિત છે. તેઓ કેવળ નયોના વિકલ્પોમાં રોકાયેલા છે અને નયાતિક્રાંત થવાની કળાથી અજાણ છે. નય વિકલ્પમાં અટકેલા જીવો નયાતિક્રાંત થઈ આત્માને સાક્ષાત્ અનુભવી શકે એટલા માટે પરમકૃપાળુ ભાઈશ્રીએ આ વિકલ્પાંતકારી નિર્વિકલ્પ થવાની એટલે નયાતીત થઈ પક્ષાતિક્રાંત થવાની રહસ્યાત્મક કળા (વિધિ) દર્શાવેલ છે. પૂજ્ય ભાઈશ્રીના હૃદયમાં આવેલો આ ઉત્કૃષ્ટ ભાવ, સંતોના આગમમાંથી મળી જાય છે. કેમ કે વસ્તુના સ્વરૂપ માટે અને સ્વરૂપના અનુભવ માટે અનંત જ્ઞાનીઓનો એક જ મત હોય છે.**

પૂ. લાલચંદભાઈ: પક્ષાતિક્રાંત થાય છે. શાસ્ત્રનો આધાર છે.

મુમુક્ષુ: **આ ચર્ચા નયથી પક્ષાતિક્રાંત થઈને પ્રત્યક્ષ અનુભવ કરાવાના હેતુએ થઈ છે. પક્ષાતિક્રાંત થયેલો આત્મા શુદ્ધાત્માની દૃષ્ટિપૂર્વક બે નયોના વિષયને જાણે છે.**

પૂ. લાલચંદભાઈ: બે નયના બે વિષય છે, એ ધર્મોને જાણે છે. પછી આગળ.

મુમુક્ષુ: **કોઈ નય દુભાય નહિ અને પક્ષ રહે નહિ.**

પૂ. લાલચંદભાઈ: **રહે નહિ.** બોલો! આ ખૂબી છે.

મુમુક્ષુ: **કોઈ નય દુભાય નહિ.**

પૂ. લાલચંદભાઈ: **કોઈ નય દુભાય નહિ** એટલે બે નય છે અને બે નયના વિષયને જાણે છે. કોઈ નયને ઊડાડતો નથી પણ નયના વિકલ્પને ઊડાડે છે. નયના વિષયો છે, એનો જ્ઞાતા છે. પણ આ નયથી આવો અને આ નયથી આવો એવો જે વિકલ્પ ઊઠતા હતા (તે) વિકલ્પ છૂટી જાય છે. નયોનો જ્ઞાતા થાય છે, બે નયોનો જ્ઞાતા છે. **કોઈ નય દુભાય નહિ અને પક્ષ રહે નહિ.** વિકલ્પ ન રહ્યો, નિર્વિકલ્પ અનુભવ થઈ ગયો. પક્ષ એટલે વિકલ્પ. **અને બે નયોનો જ્ઞાતા થઈ જાય.** આ દોઢ લીટીમાં રહસ્ય છે. **કોઈ નય દુભાય નહિ અને પક્ષ રહે નહિ અને બે નયોનો જ્ઞાતા થઈ જાય.** અણી શુદ્ધ સત્ય છે.

મુમુક્ષુ: વાહ સાહબ! પરમ સત્ય.

પૂ. લાલચંદભાઈ: એકાંતનો દોષ ન લાગે. બે નયોનો જ્ઞાતા છે ને!

મુમુક્ષુ: નયાતિક્રાંત થઈને નયોનો જ્ઞાતા થાય છે.

પૂ. લાલચંદભાઈ: (જ્ઞાતા) થાય છે. નયાતિક્રાંત થયા પહેલા નયોનો જ્ઞાતા થતો નથી, નયનો કર્તા થાય છે. વિકલ્પનો કર્તા થાય છે, જ્ઞાતા નથી થતો. જ્ઞાતા હોય તે કર્તા નહિ અને કર્તા હોય તે જ્ઞાતા નહિ. આગળ. આહાહા!

મુમુક્ષુ: **નયથી જોતાં ઘણું કરીને ત્રણ દોષ આવે છે. (૧) નયજ્ઞાન સાપેક્ષ છે. સાપેક્ષમાં, પ્રતિપક્ષ વ્યવહારના પક્ષનો વિકલ્પ ઉત્પન્ન થતા, મિથ્યાત્વનું શલ્ય રહી જાય છે. જ્યારે નિરપેક્ષમાં આવતા દૃષ્ટિ તથા જ્ઞાન સમ્યક્ થાય છે, વિકલ્પ છૂટી જાય છે અને બે નયોનો જ્ઞાતા થઈ વીતરાગતા પ્રગટ થાય છે.** આ તો કોઈ ભાઈ...

પૂ. લાલચંદભાઈ: નિર્દોષ છે વાત બધી.

મુમુક્ષુ: એકદમ નિર્દોષ છે.

પૂ. લાલચંદભાઈ: થોડું જરાક અઘરું તો છે પણ વિચાર કરે તો... કેમ કે એવા શબ્દો આવે ને? સાપેક્ષ અને નિરપેક્ષ એ ઘણું આવે. ટૂંકાણમાં એ જ આવે ને? બીજું શું આવે? બીજું (બોલ વાંચો).

મુમુક્ષુ: **(૨) નય વિકલ્પરૂપ છે.**

પૂ. લાલચંદભાઈ: પહેલામાં નયજ્ઞાનને સાપેક્ષ કહ્યું. બીજામાં નય વિકલ્પરૂપ છે.

મુમુક્ષુ: **વિકલ્પથી સ્વભાવની પ્રાપ્તિ થતી નથી.**

પૂ. લાલચંદભાઈ: બરાબર.

મુમુક્ષુ: **નયપક્ષ આકુળતારૂપ છે. નયજ્ઞાન ઈન્દ્રિયજ્ઞાન હોવાથી શુદ્ધજ્ઞાન તો નથી, પરંતુ સ્વજ્ઞેય પણ નથી - પરજ્ઞેય છે.**

પૂ. લાલચંદભાઈ: નયજ્ઞાન પરજ્ઞેય છે. પછી પ્રેમચંદજી ઘણું કાઢશે પાછળથી.

મુમુક્ષુ: આપનો પ્રતાપ. પરમ પ્રતાપ છે.

પૂ. લાલચંદભાઈ: ખૂબ મંથન કરશે એનું. ત્રીજું.

મુમુક્ષુ: **(૩) નય અંશગ્રાહી છે.**

પૂ. લાલચંદભાઈ: ત્રણે વાત આવી. **(૧) નયજ્ઞાન સાપેક્ષ છે**. **(૨) નય વિકલ્પરૂપ છે** અને **(૩) નય અંશગ્રાહી છે.** ત્રણ વાત કરી.

મુમુક્ષુ: **નય વડે જાણતાં નય અંશગ્રાહી હોવાથી એક ધર્મને જાણે છે, બાકીના ધર્મોને જાણવાનું બાકી રહી જાય છે. એટલે જ્ઞાનને વિષયનો પ્રતિબંધ થાય છે. પ્રતિબંધ થતા તેને જાણવાની ઈચ્છા ઉત્પન્ન થતા આકુળતા થાય છે. નિર્વિકલ્પ અતીન્દ્રિયજ્ઞાન દ્વારા આત્માનો અનુભવ કરતા તે જ્ઞાન સવિકલ્પ હોવાથી અને તેનું સામર્થ્ય સર્વગ્રાહી હોવાથી યુગપદ અક્રમે બધા ધર્મો એકસમયમાં જાણવામાં આવે છે. કાંઈ પણ જાણવાનું બાકી રહેતું નથી એટલે ઈચ્છા ઉત્પન્ન થતી નથી. એટલે નિરાકુળ આનંદનો અનુભવ થાય છે. આ રીતે સ્વભાવની પ્રાપ્તિની રીત, નયોથી જુદી છે.** બહુ સરસ.

પૂ. લાલચંદભાઈ: અભ્યાસી જીવને આ અમૃત છે, અભ્યાસી માટે જ આ છે. બિનઅભ્યાસીને કાંઈ ખબર ન પડે કે આ શું કહે છે. અને ગુરુદેવના શિષ્યો તો ઘણાં વર્ષોથી અભ્યાસ કરે છે, એના માટે છે. આગળ.

મુમુક્ષુ: **આ ચર્ચામાં ખાસ વાત આ છે કે નયથી સ્વભાવની પ્રાપ્તિ થતી નથી**.

પૂ. લાલચંદભાઈ: મૂળ છે આ.

મુમુક્ષુ: **કેમ કે નય સાપેક્ષ હોય છે. એના આધારરૂપે પંચાધ્યાયી પૂર્વાર્ધ ગાથા-૫૧૫ માં સ્પષ્ટ કહ્યું છે કે, જેમ છેદનક્રિયાનું કારણ એવી ફરસી છેદનક્રિયા કરવામાં સ્વતંત્ર રીતે ચલાવવામાં આવે છે તેવી રીતે નય સ્વતંત્ર રીતે વસ્તુને કોઈ ધર્મથી વિશિષ્ટ સમજતો પણ નથી અને કહેતો પણ નથી.** નય સ્વતંત્ર નથી હોતો. જેમ ફરસી છે એ સ્વતંત્ર હોય છે એમ નય સ્વતંત્ર નથી હોતો, સાપેક્ષ હોય છે.

પૂ. લાલચંદભાઈ: હા. પરાશ્રિત છે ને? સ્વતંત્ર નથી. જ્ઞાન સ્વતંત્ર કહેવાય. નય સ્વતંત્ર નથી, નય પરાધીન છે, મનના સંગે આવે છે.

મુમુક્ષુ: બહુ ચોખ્ખુ કર્યું છે.

પૂ. લાલચંદભાઈ: જ્ઞાન સ્વતંત્ર છે. નય સ્વતંત્ર નથી, વિકલ્પ છે ને નય.

મુમુક્ષુ: **ભાવાર્થ: ફરસી ચલાવવામાં એ જરૂરી નથી કે તે કોઈ બીજા હથિયારની અપેક્ષા રાખીને જે છેદનક્રિયા કરે. ફરસી ચલાવવામાં એ જરૂરી નથી કે તે કોઈ બીજા હથિયારની અપેક્ષા રાખીને જે છેદનક્રિયા કરે**.

પૂ. લાલચંદભાઈ: એક હથિયારથી કરી શકે. બીજા હથિયારની જરૂર નથી,

એમ.

મુમુક્ષુ: **પરંતુ નયનો પ્રયોગ સ્વતંત્ર થઇ શકતો નથી.**

પૂ. લાલચંદભાઈ: સ્વતંત્ર જો એક નયનો પ્રયોગ કરવા જાય તો મિથ્યાનય થઈ જાય. સાપેક્ષ નય સમ્યક્ છે. નિરપેક્ષ નય મિથ્યા છે એમ આવશે. નય એકલી ન હોય, સાપેક્ષ જ હોય.

મુમુક્ષુ: સ્વભાવ એકલો હોય એટલે સ્વભાવમાં આવી જાય. એકલો થઈ જાય છે.

પૂ. લાલચંદભાઈ: Liftoff (ઉડવું)! ઉતાવળ કરે છે હવે. ઉડવાની ઉતાવળ કરે છે. સારું! સારું! આમાં તો ઉતાવળ કરવા જેવી છે.

મુમુક્ષુ: **પરંતુ નયનો પ્રયોગ સ્વતંત્ર થઈ શકતો નથી. કોઈ વિશેષ અપેક્ષા વિના નય પ્રયોગ થઈ શકતો નથી.**

પૂ. લાલચંદભાઈ: વ્યવહારનયે જોતાં સાપેક્ષ નિશ્ચયનય બીજા આવે. નિશ્ચયનયે જોતાં વ્યવહાર (નય) આવે. સમજી ગયા? આહાહા!

મુમુક્ષુ: **કોઈ વિશેષ અપેક્ષા વિના નય પ્રયોગ થઈ શકતો નથી. નય પ્રયોગમાં વિશેષ અપેક્ષા અને પ્રતિપક્ષ નયની સાપેક્ષતા આવશ્યક છે.**

પૂ. લાલચંદભાઈ: એટલે વિદ્વતાનું વાક્ય પણ આવે ને આમાં? કારણ કે એ સિવાઈ સમજાવી નહિ શકાય. એ શબ્દ પ્રયોગ વિના સમજાવી ન શકાય. અઘરી વાત છે. **તેથી**...

મુમુક્ષુ: **નયપ્રયોગમાં વિશેષ અપેક્ષા અને પ્રતિપક્ષ નયની સાપેક્ષતા આવશ્યક છે.**

પૂ. લાલચંદભાઈ: આવશ્યક છે.

મુમુક્ષુ: **તેથી છેદનક્રિયામાં ફરસીની જેમ નય સ્વતંત્ર નથી, પરંતુ વિવિક્ષા અને પ્રતિપક્ષ નયથી તે પરતંત્ર છે.**

પૂ. લાલચંદભાઈ: આહાહા! **વિવિક્ષા**...

મુમુક્ષુ: **અને પ્રતિપક્ષ નયથી તે પરતંત્ર છે.**

પૂ. લાલચંદભાઈ: આ ઓમાંથી લીધું ને?

મુમુક્ષુ: પંચાધ્યાયીમાંથી.

પૂ. લાલચંદભાઈ: પંચાધ્યાયીમાંથી. પંચધ્યાયી શાસ્ત્રનો આધાર છે. નયની

પરાધીનતાનો એમાં દાખલો આપ્યો છે. ૫૧૫ (ગાથા), પહેલો ભાગ. ઠીક. આહાહા!

મુમુક્ષુ: **જે નય અપેક્ષા વિના અને પ્રતિપક્ષ નયની સાપેક્ષતા વિના પ્રયુક્ત થાય છે તેને નય જ કહેવો ન જોઈએ અથવા મિથ્યાનય કહેવો જોઈએ.**

પૂ. લાલચંદભાઈ: હા, નય સાપેક્ષ જ હોય.

મુમુક્ષુ: આમાં ગંભીરતા ઘણી!

પૂ. લાલચંદભાઈ: ઘણી ગંભીરતા, ઘણી ગંભીરતા!

મુમુક્ષુ: કેમ કે નયનું સ્વરૂપ સમજાવ્યું ને? નય સાપેક્ષ જ હોય. એમાં ઓલો (નય પક્ષવાળો) રાજી થઈ જાય (કે) 'હા, નય સાપેક્ષ જ હોય, નિરપેક્ષ નય ન હોય!'.

પૂ. લાલચંદભાઈ: હા, निरपेक्षा नया मिथ्या (આપ્ત-મીમાંસા ગાથા ૮) અને સાપેક્ષ નય કરવા જાઓ તો સ્વભાવ હાથમાં નહિ આવે.

મુમુક્ષુ: એ રહી ગયું.

પૂ. લાલચંદભાઈ: એ રહી ગયું.

મુમુક્ષુ: ભાઈ! આ વાત ક્યાંથી કાઢી આપે? કેવી રીતે કાઢી? કેવી વાત છે ને?

પૂ. લાલચંદભાઈ: નયથી ન જુઓ, સ્વભાવથી જુઓ. દ્રવ્યને પણ સ્વભાવથી જુઓ, જ્ઞાનની પર્યાયને પણ એના સ્વભાવથી જુઓ, નયથી ન જુઓ. ત્યારે વિકલ્પ છૂટી જશે. ચાલો, ગૂઢ તો છે પણ હવે બહાર આવ્યું છે એટલે ઘણાંનું કામ તો થશે.

મુમુક્ષુ: **તેને નય જ કહેવો ન જોઈએ અથવા મિથ્યાનય કહેવો જોઈએ.**

પૂ. લાલચંદભાઈ: બરાબર છે.

મુમુક્ષુ: **નય સાપેક્ષ જ હોય.**

પૂ. લાલચંદભાઈ: **નય સાપેક્ષ જ હોય.**

મુમુક્ષુ: **નય નિરપેક્ષ ન હોય.**

પૂ. લાલચંદભાઈ: **ન હોય**. **અને સ્વભાવ નિરપેક્ષ જ હોય**.

મુમુક્ષુ: **અને સ્વભાવ નિરપેક્ષ જ હોય, સાપેક્ષ હોય નહિ.**

પૂ. લાલચંદભાઈ: સાપેક્ષ છે તે નય છે. અને જ્ઞાન છે જે સ્વભાવ, એ તો નિરપેક્ષ જ હોય, એને કોઈની અપેક્ષા નથી.

મુમુક્ષુ: ટોટલ (total) આ કહેવું છે.

પૂ. લાલચંદભાઈ: (હા).

મુમુક્ષુ: નય સાપેક્ષ જ હોય અને સ્વભાવ નિરપેક્ષ જ હોય. એટલે નયથી સ્વભાવની પ્રાપ્તિ ન થાય.

પૂ. લાલચંદભાઈ: કારણ કે બેને વિષય કરે તો બેય ઉપાદેય થઈ જશે, સાચું માનીશ તો. આહાહા!

મુમુક્ષુ: અને નય સમ્યક્ કરવા જાય તો સ્વભાવ હાથમાં નહિ આવે.

પૂ. લાલચંદભાઈ: આહાહા! બહુ સારું, આધાર લઈને બહાર પડ્યું છે, શાસ્ત્રનો આધાર છે, શાસ્ત્રના આધારથી લોકોને શ્રધ્ધા બેસે.

મુમુક્ષુ: **નય સાપેક્ષ જ હોય. નય નિરપેક્ષ ન હોય. અને સ્વભાવ નિરપેક્ષ જ હોય, સાપેક્ષ હોય નહિ.**

પૂ. લાલચંદભાઈ: જુઓ.

મુમુક્ષુ: **એટલે સાપેક્ષ નયથી નિરપેક્ષ સ્વભાવની પ્રાપ્તિ થતી નથી.**

પૂ. લાલચંદભાઈ: એક-એક શબ્દની કિંમત છે. **સાપેક્ષ નયથી નિરપેક્ષ સ્વભાવની પ્રાપ્તિ થતી નથી.** મોદી સાહેબ, જરા ઝીણું છે.

મુમુક્ષુ: ઝીણું બહુ છે.

પૂ. લાલચંદભાઈ: બહુ ઝીણું છે, બહુ ઝીણું છે, સાચી વાત છે. છે, ઝીણું છે, પણ સમજાય, જો સમજવાની કોશિશ કરે. આત્મા છે ને? (પોતાનો) સર્વજ્ઞ સ્વભાવી ભગવાન બિરાજમાન છે ને? સમજવા જેવું છે. ચાલો!

મુમુક્ષુ: **આ રીતે નય સાપેક્ષ જ હોય કેમ કે 'નિરપેક્ષ નયા મિથ્યા' એવું શાસ્ત્રનું વચન છે.**

પૂ. લાલચંદભાઈ: જોયું?

મુમુક્ષુ: **માટે નિશ્ચયનયથી હું અકર્તા છું -એમ એક નયનો જ પક્ષ કરે તો એ તો મિથ્યા એકાંત થઈ ગયું. માટે, 'સાપેક્ષ નયા સમ્યક્' હોવાથી, નિશ્ચયથી અકર્તા છું તો વ્યવહારે કર્તા છું - એમ લેવામાં નય જ્ઞાન તો સમ્યક્ થઈ ગયું પરંતુ સાપેક્ષતામાં આવવાને કારણે અર્થાત્...**

પૂ. લાલચંદભાઈ: એટલે અનુમાન સાચું થઈ ગયું, એમ. સમ્યક્ એટલે સાચો અનુમાન, એમ. **સાપેક્ષતામાં આવવાના કારણે**...

મુમુક્ષુ: **કારણે અર્થાત્ નયજ્ઞાનમાં આવવાના કારણે, નિરપેક્ષ સ્વભાવથી દૂર થઈ ગયો.**

પૂ. લાલચંદભાઈ: દૂર થઈ ગયો, સ્વભાવથી દૂર થઈ ગયો. એને એમ લાગે કે આ સાચું કરું છું, સમ્યક્ શબ્દ વાપર્યો ને, જેવું છે એવું લઉં છું. સ્વભાવથી દૂર થઈ ગયો, વિકલ્પ ઊઠયો છે એને.

મુમુક્ષુ: બકરું કાઢતાં ઊંટ ગરી ગયું! ગજબ વાત છે હો!

પૂ. લાલચંદભાઈ: એને તો એમ જ લાગે કે 'જેવો સ્વભાવ છે એવો જ મારા ખ્યાલમાં આવી ગયો છે', એમ - (પણ) નય દ્વારા.

મુમુક્ષુ: સ્વભાવ ખ્યાલમાં ન આવ્યો, સ્વભાવથી દૂર થઈ ગયો.

પૂ. લાલચંદભાઈ: એમ કહે છે, સ્વભાવથી દૂર થઈ ગયો.

મુમુક્ષુ: નયજ્ઞાન સાચું થયું. જ્ઞાન સાચું ન થયું.

પૂ. લાલચંદભાઈ: ન થયું. નયજ્ઞાન સાચું થયું પણ જ્ઞાન ખોટું થયું.

મુમુક્ષુ: જ્ઞાન પ્રગટ જ ન થયું.

પૂ. લાલચંદભાઈ: પ્રગટ જ ન થયું.

મુમુક્ષુ: જ્ઞાન ખોટું થયું એની ખબર પણ ન પડે. એ જ્ઞાન સાચું થયું (એમ લાગે). અંધારામાં રહી જાય છે.

પૂ. લાલચંદભાઈ: ખરી વાત છે.

મુમુક્ષુ: આ બહુ ઝીણી વાત છે. પણ અજ્ઞાનને જ્ઞાન માન્યું તો સાચું જ્ઞાન પ્રગટવાનો પુરુષાર્થ જ ક્યાં રહ્યો?

પૂ. લાલચંદભાઈ: નહિ, પુરુષાર્થ ન રહ્યો, ખલાસ! જેવો સ્વભાવ છે એવો હું માનું છું. હું અકર્તા માનું છું આત્માને, હું કર્તા તો માનતો નથી હવે, અકર્તા માનું છું. અકર્તા પરાકાષ્ઠા છે જૈનદર્શનની, હું પણ અકર્તા માનું છું. આહાહા! 'વ્યવહારે કર્તા છે', હું કર્તાનો નિષેધ કરું છું. કર્તાનો નિષેધ કરીને હવે હું અકર્તામાં આવી ગયો છું. હું અકર્તા છું, કર્તા નથી. અકર્તા છું અને કર્તા નથી - (એ) નયનો વિકલ્પ છે! અકર્તાના સ્વભાવ સુધી પહોંચે, (તો) એ 'હું અકર્તા છું' એવી વાણી બંધ થઈ જાય, પહોંચે તો. 'હું અકર્તા છું' એ સ્વભાવમાં પહોંચે તો 'હું અકર્તા છું' - એવો વિકલ્પ,

વાણી બંધ થઈ જાય, ત્યારે અકર્તામાં પહોંચ્યો કહેવાય. 'હું અકર્તા છું' એમાં અકર્તામાં પહોંચતો નથી. 'હું જ્ઞાયક છું' એમાં જ્ઞાયકમાં પહોંચતો નથી. 'હું જ્ઞાતા છું' એમાં જ્ઞાતામાં પહોંચતો નથી. ઝીણી વાત તો છે, મોદી સાહેબ! શું થાય પણ? આ છેલ્લા વિકલ્પો તૂટીને અનુભવ કેમ થાય? આ એના માટેનું જ છે આ.

મુમુક્ષુ: અનુભવ કરાવીને નયજ્ઞાન ચાલી જાય છે ને? એ વાત છે. અનુભવ થઈ જાય છે એ વાત (છે)!

પૂ. લાલચંદભાઈ: હા. ચાલી જાય છે બસ! નિશ્ચયનય અનુભવ કરાવી, આનંદની પ્રાપ્તિ કરાવી અને ચાલી જાય છે.

મુમુક્ષુ: આ પુસ્તક છે ને? એ અનુભવ પ્રાપ્ત કરાવીને પછી બંધ થઈ જાય, એમ છે.

પૂ. લાલચંદભાઈ: હા! બંધ થઈ જાય એવું છે, ખરી વાત છે.

મુમુક્ષુ: એક વખત તમને ફોનમાં પૂછયું હતું કે કાંઈક ફરમાવો. તો (તમે કહ્યું કે) નથી. બોલવાનું નથી તો બંધ કરી દો અને વિકલ્પ હોય એને અટકાવી અને અંદરમાં ચાલ્યા જાઓ. એમ તમને ફોનમાં પંદર-વીસ વર્ષ પહેલા કહ્યું હતું. બોલવાનું બંધ કરી દો.

પૂ. લાલચંદભાઈ: બોલવાનું બંધ કરી દો.

મુમુક્ષુ: અને વિકલ્પ અટકાવી અંદરમાં ચાલ્યા જાઓ, બસ.

પૂ. લાલચંદભાઈ: અંદરમાં ચાલ્યા જાઓ, બસ! બધું એને યાદ છે, પંદર વર્ષ પહેલાંનું. પરિચય વર્ષોથી બહુ ગાઢો (છે). અમને તો લાગતું હતું ઘણાં વર્ષ પહેલાં. ચાલો.

મુમુક્ષુ: **નય જ્ઞાનમાં આવવાના કારણે, નિરપેક્ષ સ્વભાવથી દૂર થઈ ગયો. નયજ્ઞાનથી સ્વભાવની પ્રાપ્તિ નથી થતી - કેમ કે સ્વભાવ, સ્વભાવથી જ નિરપેક્ષ છે. નયને સમ્યક્ કરવા ગયો, તો સ્વભાવથી દૂર થઈ ગયો અને સ્વભાવમાં આવ્યો, તો નયપક્ષ સ્વયં સહજ અસ્ત પામી જાય છે.**

પૂ. લાલચંદભાઈ: સ્વભાવમાં આવ્યો, કાંઈ વિકલ્પ રહ્યો નહિ, અસ્ત થઈ જાય છે વિકલ્પ. આહાહા! આત્માનું સ્વરૂપ જ અલૌકિક છે, બસ, વાણીથી અગોચર છે, મનથી અગોચર છે. આગળ.

મુમુક્ષુ: **નયનું પ્રતિપાદન સરખું કરવા સાપેક્ષથી વાત કરવી જ જોઈએ.**

પૂ. લાલચંદભાઈ: **નયનું પ્રતિપાદન સરખું કરવા સાપેક્ષથી વાત કરવી જ જોઈએ. નહિ તો એકાંત થઈ જાય.**

મુમુક્ષુ: **અને સાપેક્ષ કરવા જતાં આત્માનો અનુભવ ન થાય કારણ કે નિશ્ચયનયથી આત્મા અકર્તા છે એમ કહેતા, કહ્યા 'વગર પણ વ્યવહારનયથી કર્તા છે' -એમ આવી જાય છે.**

પૂ. લાલચંદભાઈ: બરાબર.

મુમુક્ષુ: **એટલે આમ સાપેક્ષ સિધ્ધ કરવામાં પણ જીવ નયાતિક્રાંત થતો નથી.**

પૂ. લાલચંદભાઈ: આહાહા!

મુમુક્ષુ: આ મૂળમાં ભૂલ છે સાહેબ! આ ચક્રાવામાંથી બહાર કાઢવાની અપૂર્વ આપની દેણ છે.

પૂ. લાલચંદભાઈ: અભિમન્યુનો ચક્રાવાનો દાખલો સારો છે. આહાહા! બહાર નીકળતાં ન આવડ્યું, નયોની ઇન્દ્રજાળમાં સલવાઈ ગયો, પકડાઈ ગયો એમાં.

મુમુક્ષુ: પ્રવેશ કરતા પહેલા બહાર કેવી રીતે નીકળવું, એ સમજવું પહેલું જરૂરી છે.

પૂ. લાલચંદભાઈ: કે આ તો કામચલાઉ સ્વરૂપ સમજવા માટે છે, એને લાંબો ટાઈમ વળગીશ નહિ. એ તો નિકટભવી હોય ને (એટલે) છૂટી જાય, છૂટી જાય, છૂટી જાય. ન છૂટે એવું કાંઈ નથી, છૂટી જાય, એ તો સહજ છે. ચાલો.

મુમુક્ષુ: **નિશ્ચયનયથી આત્મા અકર્તા છે એમ કહેતા, કહ્યા વગર પણ 'વ્યવહારનયથી કર્તા છે' -એમ આવી જાય છે. એટલે આમ સાપેક્ષ સિધ્ધ કરવામાં પણ જીવ નયાતિક્રાંત થતો નથી. કારણ કે ત્રિકાળી વસ્તુ કે જે શ્રધ્ધાનો વિષય છે તે સાપેક્ષ નથી. તે તો નિરપેક્ષ જ છે.**

પૂ. લાલચંદભાઈ: **નિરપેક્ષ જ છે.** આહાહા!

મુમુક્ષુ: **બે નયોનો વિષય તો જ્ઞાનનું જ્ઞેય છે, શ્રધ્ધાનું શ્રધ્ધેય નથી. એટલે બે નયોના આશ્રયે શ્રધ્ધા પ્રગટ થતી નથી.** કારણ કેવું સરસ! **બે નયોનો વિષય તો જ્ઞાનનું જ્ઞેય છે, શ્રધ્ધાનું શ્રધ્ધેય નથી. એટલે બે નયોના આશ્રયે શ્રધ્ધા પ્રગટ થતી નથી. એટલે બે નયોના પક્ષ છોડી, ત્રિકાળ નિરપેક્ષ સ્વભાવનું**

**અવલંબન લેતાં શ્રદ્ધા સમ્યક્ થાય છે કારણ કે શ્રદ્ધા એકાંતિક જ હોય છે. અને શ્રદ્ધા સમ્યક્ થતા જ્ઞાન સમ્યક્ થાય છે અને સમ્યગ્જ્ઞાન સ્વભાવથી અનેકાંતિક હોવાથી**...

પૂ. લાલચંદભાઈ: શ્રદ્ધા સ્વભાવથી એકાંત. જ્ઞાન સ્વભાવથી અનેકાંત. **હોવાથી**...

મુમુક્ષુ: **બે નયોના વિષયને, જેમ છે તેમ, પક્ષપાત રહિત, જાણે છે.**

પૂ. લાલચંદભાઈ: **જાણે છે.** બધું આવી ગયું. બધું આવી ગયું. શ્રદ્ધાનો વિષય એકાંતિક છે. જ્ઞાન થતા અનેકાંતિક થાય. શ્રદ્ધા સાચી થાય તો જ્ઞાન અનેકાંતિક, બે નયનો જ્ઞાતા. શ્રદ્ધા ખોટી હોય તો જ્ઞાન ખોટું. જ્ઞાન ખોટું હોય તો બે નયનો જ્ઞાતા ક્યાંથી થાય? આગળ.

મુમુક્ષુ: **બે નયોનો વિષય તો જ્ઞાનનું જ્ઞેય છે, શ્રદ્ધાનું શ્રદ્ધેય નથી.**

પૂ. લાલચંદભાઈ: ફરીથી વાંચે છે. બરાબર.

મુમુક્ષુ: **એટલે બે નયોના આશ્રયે શ્રદ્ધા પ્રગટ થતી નથી.**

પૂ. લાલચંદભાઈ: બે નયોના વિષયને સમાનપણે સત્યાર્થ માને અને એનું શ્રદ્ધાન કરે, તો શ્રદ્ધાન ન પ્રગટ થાય.

મુમુક્ષુ: **એટલે બે નયોના પક્ષ છોડી,** કેમ કે નય સાપેક્ષ છે ને?

પૂ. લાલચંદભાઈ: હા.

મુમુક્ષુ: તો એકનો પક્ષ કરે તો બીજો આવી જ જાય છે એમાં.

પૂ. લાલચંદભાઈ: આવી જ જાય છે.

મુમુક્ષુ: **એટલે બે નયોના પક્ષ છોડી, ત્રિકાળ નિરપેક્ષ સ્વભાવનું અવલંબન લેતાં શ્રદ્ધા સમ્યક્ થાય છે**.

પૂ. લાલચંદભાઈ: **થાય છે**.

મુમુક્ષુ: **કારણ કે શ્રદ્ધા એકાંતિક જ હોય છે. અને શ્રદ્ધા સમ્યક્ થતા જ્ઞાન સમ્યક્ થાય છે અને સમ્યગ્જ્ઞાન સ્વભાવથી અનેકાંતિક હોવાથી બે નયોના વિષયને, જેમ છે તેમ, પક્ષપાત રહિત, જાણે છે.**

પૂ. લાલચંદભાઈ: **જાણે છે**, વિકલ્પ રહિત જણાય છે. અનુભવના કાળમાં સામાન્ય-વિશેષને અક્રમે જાણે છે.

મુમુક્ષુ: **આ રીતે જ્ઞાની બે નયોના જ્ઞાતા છે. આ રીતે જ્ઞાની બે નયોના**

**જ્ઞાતા છે. પણ અજ્ઞાની બે નયોના વિકલ્પનો કર્તા છે.**

પૂ. લાલચંદભાઈ: જ્ઞાતા નથી. આ નયે આવો અને આ નયે આવો, નિશ્ચયનયે અકર્તા (અને) વ્યવહારનયે કર્તા - એવા વિકલ્પ કરીને એનો કર્તા થઈ ગયો.

મુમુક્ષુ: **માટે અજ્ઞાનીએ પ્રાથમીક પ્રમાણ-નયથી અભ્યાસ કર્યા પછી દ્રવ્ય સ્વભાવને સ્વભાવથી અને પર્યાય સ્વભાવને સ્વભાવથી જ જોવાનો અભ્યાસ કરવો જોઈએ. નયોનો સહારો છોડી દેવો જોઈએ. નયોનો સહારો છોડી દેવો જોઈએ. એટલે સ્વભાવગ્રાહી જ્ઞાનથી જ સ્વભાવનો અનુભવ થાય.**

પૂ. લાલચંદભાઈ: મોટા અક્ષરે.

મુમુક્ષુ: **સ્વભાવગ્રાહી જ્ઞાનથી જ સ્વભાવનો અનુભવ થાય. નયસાપેક્ષથી અનુભવ ન થાય. પરંતુ અનુભવ થયા પછી પરસ્પર બે નયો સાપેક્ષ છે એવું જ્ઞાન જરૂર થાય. આ રીતે નયાતિક્રાંત થતા, નયોનો જ્ઞાતા થાય છે.**

પૂ. લાલચંદભાઈ: ક્યાંય દોષ ન લાગે જિનવાણીનો.

મુમુક્ષુ: **આ રીતે નયાતિક્રાંત થતા, નયોનો જ્ઞાતા થાય છે.** કેટલી ઉત્તમ વાત! **આ રીતે નયાતિક્રાંત થતા, નયોનો જ્ઞાતા થાય છે.**

પૂ. લાલચંદભાઈ: પછી જ જ્ઞાતા થાય ને? પક્ષાતિક્રાંત થયા પછી, નહિતર તો નયનો-વિકલ્પનો કર્તા બને.

મુમુક્ષુ: પક્ષાતિક્રાંત પછી જ્ઞાતા થાય.

પૂ. લાલચંદભાઈ: (હા). આ વિષય લીધો પાછો.

મુમુક્ષુ: **નયાતિક્રાંત થવા પહેલા નયોનો જ્ઞાતા થઈ શકતો નથી પણ નય વિકલ્પોની કર્તાબુદ્ધિ રહી જાય છે.**

પૂ. લાલચંદભાઈ: થઈ ગયો ટાઈમ લ્યો.

ૐ

# પ્રથમ પ્રવેશ દ્વાર પાનું ૬-૯
# ઉષાકીરણ એપાર્ટમેંટ, રાજકોટ
# તારીખ: ૧૮-૧૦-૯૦

# પ્રવચન LA ૪૦૬

નયજ્ઞાન છે તે ખંડજ્ઞાન છે, એનાથી શુધ્ધાત્માની પ્રાપ્તિ થતી નથી. પછી (જેના) હાથમાં આ પુસ્તક (**દ્રવ્યસ્વ ભાવ પર્યાય સ્વભાવ**) આવશે એનું કામ થઈ જશે.

મુમુક્ષુ: જેમ ગુરુદેવે **દ્રવ્ય દૃષ્ટિ પ્રકાશ** બીજા ભાગનું...એવું પુસ્તક છે આ.

પૂ. લાલચંદભાઈ: આ પુસ્તક છપાવીને લાભ લીધો. આમાં (**દ્રવ્યસ્વ ભાવ પર્યાય સ્વભાવ**માં) બહુ ઊંચા પ્રકારની વાત છે. આમાં તો નિશ્ચયનયનો નિષેધ કરે છે - નિશ્ચયનયનો જે વિકલ્પ છે...

મુમુક્ષુ: તેની તો વાત જ નથી.

પૂ. લાલચંદભાઈ: તેની તો વાત જ નથી. એટલે બીજું કાંઈ નહિ. આપણે છપાવ્યું છે તે બધાને આપવાનું જ છે... પણ થોડુંક એને હજમ થવું જોઈએ, હોજરી તૈયાર થાય. જેમ ગુરુદેવે પર દ્રવ્ય કીધું, પછી રાગનો કર્તા નથી, પછી જ્ઞાનનો કર્તા નથી, પછી પરનો જ્ઞાતા નથી, ધીમે-ધીમે-ધીમે કહ્યું ને? એમ છ મહિના બસ, આ એક પુસ્તક distribute (વહેંચણી) થવા ધો. પછી હાથમાં આપશું ખુશીથી. આપવા માટે જ છે આ પુસ્તક. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોઈને કામ કરવા જેવું છે.

મુમુક્ષુ: આ પુસ્તક કેવી રીતે પચે એ પ્રકાર આપે સ્પષ્ટ ફરમાવ્યું કે તે પચે ...

પૂ. લાલચંદભાઈ: તે પચે તો (આ) પચે! ઇન્દ્રિયજ્ઞાનનો નિષેધ આવે અને અતીન્દ્રિયજ્ઞાનનો પક્ષ આવી જાય. ઓમાં અતીન્દ્રિયજ્ઞાનનો પક્ષ આવે પછી (આ પુસ્તક સમજવાથી) પક્ષાતિક્રાંત થાય. એટલે ઉતાવળ નથી, બસ.

મુમુક્ષુ: આવો જ ક્રમ છે.

પૂ. લાલચંદભાઈ: બાકી (ખરેકર) ત્રણેકાળ થોડા જ જીવો હોય, ઢગલા હોય

જ નહિ. આ કાળે, પંચમકાળમાં તો થોડામાં પણ થોડા. આ કાળમાં છે ખરા, અલ્પકાળમાં મોક્ષ જનારા જીવો. ત્રણેકાળે હોય અને ચારે ગતિમાં હોય સમ્યક્ પામવાવાળા. સમ્યક્ને પામવાવાળા ચારે ગતિમાં હોય. તો આ ગુરુદેવની ધોધમાર વાણી નીકળી એમાં તો ઘણા જીવો પામશે, એમાં કાંઈ થોડા નહિ પામે. ચાલો. કયું પાનું છે બહેન?

મુમુક્ષુ: છઠ્ઠું પાનું.

પૂ. લાલચંદભાઈ: છઠ્ઠું પાનું. લ્યો વાંચો બહેન.

મુમુક્ષુ: **એટલે નય વિકલ્પોની કર્તાબુદ્ધિ કેમ છૂટે અને પછી નયોનો જ્ઞાતા કેમ થાય?**

પૂ. લાલચંદભાઈ: આહાહા! કેવું સુંદર વાક્ય છે, હેં? જાણે અનુભવીને આ લીટી, હેં? **નય વિકલ્પોની કર્તાબુદ્ધિ**, નયોના વિકલ્પ રહેશે પછી.

મુમુક્ષુ: કર્તાબુદ્ધિ છૂટી ગઈ ને?

પૂ. લાલચંદભાઈ: નયના વિકલ્પની કર્તાબુદ્ધિ છૂટયા પછી અનુભવ થશે અને પછી નયોના વિકલ્પ રહેશે પણ કર્તાબુદ્ધિ નહિ રહે. 'હું કરું છું, હું એનો સ્વામી છું' એમ નહિ રહે. નયોના વિકલ્પો તો રહે ને? આચાર્ય ભગવાને બે નયથી કથન કર્યું છે તો વિકલ્પ તો એમના આવ્યા, પણ વિકલ્પની કર્તાબુદ્ધિ છૂટી ગઈ છે. એક-એક વાક્ય શાંતિથી જો વિચારે ને, તો કામ થાય. રાગની કર્તાબુદ્ધિ છૂટે, રાગ રહી જાય. ઈન્દ્રિયજ્ઞાનની કર્તાબુદ્ધિ છૂટે અને ઈન્દ્રિયજ્ઞાન રહી જાય. નયોના વિકલ્પની કર્તાબુદ્ધિ છૂટે, નયો રહી જાય. કે બીજાને સમજાવે ત્યારે નયોના પ્રયોગથી સમજાવે છે ને? તો નય તો રહી ગયુને? નયનું સ્વામી(પણું) છૂટી ગયું.

મુમુક્ષુ: નયનો સ્વામી(પણું) છૂટી ગયો. વાહ! વાહ!

પૂ. લાલચંદભાઈ: (નયનું) સ્વામીપણું છૂટે છે. બસ.

મુમુક્ષુ: એટલે લક્ષ છૂટે છે?

પૂ. લાલચંદભાઈ: લક્ષ છૂટે છે. નયજ્ઞાન મારું નથી. આહાહા! મારો તો જ્ઞાયક એક ભાવ છે. સ્વસ્વામીસંબંધ જોડયો જ્ઞાયકમાં, અને નયોના વિકલ્પનો સ્વસ્વામીસંબંધ તોડયો, (અને) અનુભવ થયો. પછી નયોના વિકલ્પો તો આવશે, એ જ્ઞાનના જ્ઞેયપણે રહેશે. આહાહા! જ્ઞાનના જ્ઞેયપણે રહેશે, જ્ઞાનના જ્ઞેયપણે જાણશે એમ નથી કહ્યું. જ્ઞેયપણે રહે તો રહે! ચાલો, છઠ્ઠું પાનું, મોદી સાહેબ પહેલી

લીટી. **એટલે**...

મુમુક્ષુ: **એટલે નય વિકલ્પોની કર્તાબુદ્ધિ કેમ છૂટે અને પછી નયોનો જ્ઞાતા કેમ થાય?**

પૂ. લાલચંદભાઈ: **થાય?** જુઓ જ્ઞાતા થયો ને? નયોનો જ્ઞાતા થઈ જાય.

મુમુક્ષુ: **કે દ્રવ્ય સ્વભાવને સ્વાભાવથી જુઓ,** તો કર્તાબુદ્ધિ છૂટી જશે.

પૂ. લાલચંદભાઈ: છૂટી જશે. નયથી ન જુઓ.

મુમુક્ષુ: નહિ. નયથી જોશે તો નિશ્ચયનયના વિકલ્પની સાથે કર્તાબુદ્ધિ થઈ જશે.

પૂ. લાલચંદભાઈ: કર્તાબુદ્ધિ થશે, એકત્વ થશે. નયથી જોવાનું બંધ કરી દે.

મુમુક્ષુ: **દ્રવ્ય સ્વભાવને સ્વભાવથી જુઓ, નિશ્ચયનયથી નહિ.**

પૂ. લાલચંદભાઈ: દ્રવ્યસ્વભાવ વ્યવહારનયથી તો જાણી શકાતો જ નથી, એ તો પ્રશ્ન જ નથી. પણ દ્રવ્યસ્વભાવને નિશ્ચયનયથી પણ જાણી શકાતો નથી, કેમ કે નિશ્ચયનય પણ એક પુનિ (પણ) વિકલ્પ છે. પુનિ વિકલ્પ, પુનિ આવે છે. પણ, એટલે વિકલ્પ છે, પણ. પુનિ એટલે પણ એક વિકલ્પ છે, એમ. એ આમાં આવે છે, કળશ-ટીકામાં. એ ઓલામાં હતું ને, એની મૂળ ભાષામાં. ઢૂંઢારી ભાષામાં હતું. બહુરિ-બહુરિ પુનિ એવું જેમ આવતું હતું, મૂળમાં.

મુમુક્ષુ: પુનિ, ... નહિ પુનિ.

પૂ. લાલચંદભાઈ: પુનિ, અચ્છા પુનિ - પણ.

મુમુક્ષુ: પણ.

મુમુક્ષુ: **દ્રવ્ય સ્વભાવને સ્વભાવથી જુઓ, નિશ્ચયનયથી નહિ, અને પર્યાયને સ્વભાવથી જુઓ, નિશ્ચય(નય)થી પણ નહિ.**

પૂ. લાલચંદભાઈ: **નિશ્ચયનયથી પણ નહિ.**

મુમુક્ષુ: હા! **નિશ્ચયનયથી પણ નહિ.**

પૂ. લાલચંદભાઈ: 'પર્યાયનો કર્તા પર્યાય છે' એ નિશ્ચયનયથી વાત છે. પણ હવે 'પર્યાયનો કર્તા પર્યાય છે' એ નિશ્ચયનયથી ન જુઓ, એના સ્વભાવથી કરે છે પર્યાય પર્યાયને. ક્રિયાના કારક એ પર્યાયના સ્વભાવથી પર્યાય પર્યાયને કરે છે. નિશ્ચયનયથી ન જુઓ. પર્યાયને પણ, (તેના) સ્વભાવ સુધી પહોંચી જા, તો નયનો વિકલ્પ નીકળી જશે. આહાહા! અને પર્યાયના સ્વભાવથી જોઈશ તો થવા યોગ્ય

થાય છે, એમાં કર્તાબુધ્ધિ છૂટીને જાણનાર જણાઈ જશે. સૂક્ષ્મ વાતો છે આમાં.

મુમુક્ષુ: ઘણી સૂક્ષ્મ વાત. પર્યાય કેવી? બે સ્વભાવ બતાવ્યા તમે.

પૂ. લાલચંદભાઈ: બે સ્વભાવ બતાવ્યા.

મુમુક્ષુ: એક તો પર્યાય થવા યોગ્ય થાય છે, એ એનો સ્વભાવ છે. અને બીજું - આ જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયક જ જણાય છે, સ્વભાવથી જ જણાય છે.

પૂ. લાલચંદભાઈ: સ્વભાવથી જ જણાય છે. કોઈ નયથી નહિ. બે વાત કરી છે.

મુમુક્ષુ: બે સ્વભાવ છે. પર્યાય સ્વતંત્રપણે કર્તા થઈને દ્રવ્યનું લક્ષ કરે છે.

પૂ. લાલચંદભાઈ: કરે છે. બસ! બસ! આહાહા! દ્રવ્યથી પર્યાયની રચના થતી નથી. આહાહા! ચાલો આગળ.

મુમુક્ષુ: **પર્યાયને સ્વભાવથી જુઓ, નિશ્ચયનયથી પણ નહિ.**

પૂ. લાલચંદભાઈ: જેમ, દ્રવ્યને (એના) સ્વભાવથી જુઓ, નિશ્ચયનયથી નહિ, એમ પર્યાયને (પણ) એના પર્યાય સ્વભાવથી જુઓ, નિશ્ચયનયથી નહિ.

મુમુક્ષુ: **સ્વભાવથી જોતાં નયવિકલ્પ છૂટી જાય છે.**

પૂ. લાલચંદભાઈ: તને અનુભવ થશે. અપૂર્વ છે હોં! આહાહા! કોઈ કાળ આવ્યો છે, સારો કાળ આવ્યો છે.

મુમુક્ષુ: **સ્વભાવથી જોતાં નયવિકલ્પ છૂટી જાય છે.**

પૂ. લાલચંદભાઈ: **છૂટી જાય છે.**

મુમુક્ષુ: **નિશ્ચયનયના પક્ષથી નિર્ણય થાય છે પણ અનુભવ થતો નથી.**

પૂ. લાલચંદભાઈ: કેમ કે પક્ષમાં તો રાગ છે.

મુમુક્ષુ: **તેથી નિશ્ચયનો પક્ષ પણ છોડી સ્વાભાવથી જોતાં અનુભવ થાય છે.**

પૂ. લાલચંદભાઈ: આહાહા! ઉપર આવ્યું ને? અનુભવ કેમ થાય?

મુમુક્ષુ: **નય વિકલ્પોની કર્તાબુધ્ધિ કેમ છૂટે**?

પૂ. લાલચંદભાઈ: હા.

મુમુક્ષુ: **અને પછી નયોનો જ્ઞાતા કેમ થાય?**

પૂ. લાલચંદભાઈ: **કેમ થાય?** અક્ષરો પણ એવા મોતીના દાણા જેવા છે (કે) આમાં તો આંધળો (પણ) વાંચી શકે. કાગળ સફેદ, શાહી કાળી, અક્ષર મોટા અને

છૂટા.

મુમુક્ષુ: દેખતો થઈ જાય, દેખતો થઈ જાય.

પૂ. લાલચંદભાઈ: દેખતો થઈ જાય. ખરી વાત છે.

મુમુક્ષુ: **નિશ્ચયનો પક્ષ પણ છોડી સ્વભાવથી જોતાં અનુભવ થાય છે.**

પૂ. લાલચંદભાઈ: બરાબર.

મુમુક્ષુ: **શ્રી સમયસાર નાટક (જીવદ્વાર, ગાથા ૧૦)માં કહ્યું છે કે, 'जे जे वस्तु साधक है तेऊ तहां बाधक है'. આ જ વાત શ્રી પંચાધ્યાયી ગાથા ૬૪૫ થી ૬૪૮માં કહી છે.**

પૂ. લાલચંદભાઈ: **કહી છે.**

મુમુક્ષુ: **શંકાકાર: જે વ્યવહારનયનું અવલંબન કરે છે, તે જેમ સામાન્ય રીતે મિથ્યાદૃષ્ટિ છે**.

પૂ. લાલચંદભાઈ: જુઓ! વ્યવહારનું અવલંબન કરે છે એ તો સામાન્ય અપેક્ષાએ મિથ્યાદૃષ્ટિ છે, એના સંબંધે તો કાંઈ મારે વિચારવાનું નથી. એમ શંકાકારે આટલો તો સ્વકારી કરી લીધો.

મુમુક્ષુ: આટલું તો એ સમજે છે.

પૂ. લાલચંદભાઈ: સમજે છે કે પરાશ્રિત વ્યવહારથી તો સાધ્યની સિદ્ધિ થતી નથી. પણ મારો એક પ્રશ્ન છે હવે. આહાહા!

મુમુક્ષુ: **શંકાકાર: જે વ્યવહારનયનું અવલંબન કરે છે, તે જેમ સામાન્ય રીતે મિથ્યાદૃષ્ટિ છે**.

પૂ. લાલચંદભાઈ: એમાં તો કાંઈ પ્રશ્ન જ છે નહિ. જે વ્યવહારનું અવલંબન કરે છે, જે વ્યવહારના પક્ષમાં પડયો છે, એ તો બધા મિથ્યાદૃષ્ટિ છે. એ સમ્યગ્દૃષ્ટિ હશે કે નહિ, થશે કે નહિ?

મુમુક્ષુ: એ તો કોઈ વાત જ નથી.

પૂ. લાલચંદભાઈ: હશે કે નહિ કે થશે કે નહિ, એમ પણ પ્રશ્ન જ નથી. **તેવી જ રીતે**...

મુમુક્ષુ: **તેવી જ રીતે જે નિશ્ચયનયનું અવલંબન કરે છે તે મિથ્યાદૃષ્ટિ કેમ હોય?**

પૂ. લાલચંદભાઈ: આ પંચાધ્યાયી શાસ્ત્ર છે એમાં એક પ્રશ્ન ઉઠયો કે

વ્યવહારનયનું અવલંબન કરવાવાળા જીવો તો મિથ્યાદૃષ્ટિ છે. એ તો સમજી શકાય છે, પણ આપે એમ કહ્યું કે નશ્ચિયનયનું અવલંબન લેવાવાળા પણ મિથ્યાદૃષ્ટિ છે, એ શું? આ શું વાત છે?

મુમુક્ષુ: આ મૂળ વાત સમજવા જેવી છે. એવી ગુપ્ત વાત છે.

પૂ. લાલચંદભાઈ: (હા). ગુપ્ત. એ બહેન, અનુભવી સિવાય આ શાસ્ત્ર કોઈ લખી શકે નહિ. નિશ્ચયનયના વિકલ્પનો નિષેધ કોણ કરે? અનુભવી કરી શકે. આહાહા! સુંદર પ્રશ્ન કર્યો. તમારી એટલી વાત તો હું માન્ય રાખું છું, પણ તમે એમ કહો છો કે નિશ્ચયનયનું અવલંબન કરે એ પણ મિથ્યાદૃષ્ટિ છે, એ શું? એ મારી સમજમાં આવ્યું નહિ, કૃપા કરીને સમજાવો.

મુમુક્ષુ: **અર્થાત્ વ્યવહારનયનું અવલંબન કરનારને મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવેલ છે, તે બરાબર છે**.

પૂ. લાલચંદભાઈ: એ તો બરાબર છે, એટલું તો હું માની લઉં છું. બરાબર છે. એટલો સ્વીકાર કર્યો, સમજી ગયા? આ વ્યવહારનો નિષેધ કરીને નિશ્ચયમાં આવ્યો છે. અને હું જેમ આવ્યો છું એમ ઘણાં જીવો વ્યવહારનો નિષેધ કરીને નિશ્ચયમાં આવશે, અને એને પણ તમે મિથ્યાદૃષ્ટિ કહો છો, એનું કારણ સમજાવો. હું પણ અહીંયાં સુધી આવ્યો છું અને મારા જેવા બીજા જીવો ભવિષ્યમાં વ્યવહારનો પક્ષ છોડીને નિશ્ચયના પક્ષમાં આવશે, અને એને મિથ્યાત્વ રહી જશે! એ શું?

મુમુક્ષુ: ત્યાં કોઈ શિષ્ય તો બેઠા ન હતા પણ શિષ્યના રૂપમાં પ્રશ્ન કરીને.....એ અપૂર્વતા છે.

પૂ. લાલચંદભાઈ: હા!

મુમુક્ષુ: **વ્યવહારનયનું અવલંબન કરનારને મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવેલ છે, તે બરાબર છે**.

પૂ. લાલચંદભાઈ: **તે બરાબર છે**. એમાં તો મારો પ્રશ્ન જ નથી, એટલો તો સ્વીકાર હું કરી લઉં છું. **પરંતુ**...

મુમુક્ષુ: **પરંતુ નિશ્ચયનયનું અવલંબન કરનારને પણ મિથ્યાદૃષ્ટિ જ કહેવામાં આવેલ છે તે કેવી રીતે?**

પૂ. લાલચંદભાઈ: આ પંચાધ્યાયી જેમાં આ ગુરુદેવની હાજરીમાં આખું

વંચાણું હતું, એમાં આ પ્રશ્ન થયો છે. આહાહા! એનો ઉત્તર માગે છે શિષ્ય. ઉત્તર આપશે. આહાહા! **ઉત્તર**...

મુમુક્ષુ: **ઉત્તર: બરાબર છે,** એટલે તે પણ મિથ્યાદૃષ્ટિ જ છે. **બરાબર છે**.

પૂ. લાલચંદભાઈ: સત્યં.

મુમુક્ષુ: **બરાબર છે, પરંતુ નિશ્ચયનયથી પણ વિશેષ કાંઈક છે.**

પૂ. લાલચંદભાઈ: હા, **કાંઈક છે.**

મુમુક્ષુ: **પરંતુ નિશ્ચયનયથી પણ વિશેષ કાંઈક છે. તે સૂક્ષ્મ છે, તેથી તે ગુરુના જ ઉપદેશને યોગ્ય છે.**

પૂ. લાલચંદભાઈ: એક અનુભવી પુરુષ તને મળશે, ત્યારે એ તને કહેશે, અને તને ખ્યાલ આવી જશે. શ્રીગુરુ એટલે આત્મજ્ઞાની, તેને ગુરુ કહેવામાં આવે છે. શાસ્ત્રપાઠી ગુરુ નથી, આત્મજ્ઞાની ગુરુ (છે).

મુમુક્ષુ: **તેથી તે ગુરુના જ ઉપદેશને યોગ્ય છે. મહાન ગુરુ સિવાય તેનું સ્વરૂપ કોઈ બતાવી શકતું નથી.**

પૂ. લાલચંદભાઈ: એ તો નિશ્ચયનયના પક્ષમાં આવી, પક્ષાતિક્રાંત થઈ અને અનુભવ થયો હોય, એવા આત્મજ્ઞાની પુરુષ તને બતાવશે.

મુમુક્ષુ: **મહાનગુરુ સિવાય તેનું સ્વરૂપ કોઈ બતાવી શકતું નથી. તે વિશેષ સ્વાનુભૂતિનો મહિમા છે**. જેને સ્વાનુભૂતિ થઈ છે, ગુરુને, એ જ કહી શકે.

પૂ. લાલચંદભાઈ: હા! એ જ કહી શકે. **તે વિશેષ સ્વાનુભૂતિનો મહિમા છે કે જે નિશ્ચયનયથી પણ બહુ સૂક્ષ્મ**. સૂક્ષ્મ નહિ (પણ) **બહુ સૂક્ષ્મ અને ભિન્ન છે.**

મુમુક્ષુ: ચાલતી વાતથી કોઈ જુદી જ વાત છે આ.

પૂ. લાલચંદભાઈ: અપૂર્વ પ્રશ્ન કર્યો છે, પ્રશ્ન બહુ સારો કાઢયો છે. મીઠાભાઈ, આત્માના અનુભવ વિના આ મોક્ષમાર્ગ પ્રગટ થઈ શકતો નથી, ગમે તેટલી ક્રિયાકાંડ કરે, શાસ્ત્ર વાંચે, તપ તપે, સૂકાઇ જાય, (તો પણ એ) કાંઈ છે નહિ. અને આ તો શાસ્ત્રનો આધાર આપ્યો.

મુમુક્ષુ: ગજબ વાત છે! જેવું આપની વાણીમાં આવી ગયું એવું જ આગમમાં નીકળે છે, આમાં મળ્યું. એટલે આ એમ કહે છે કે એવા ગુરુ અમને મળી ગયા છે, કે જેણે આ વાત કરી છે.

પૂ. લાલચંદભાઈ: બહુ વિરલા હોય છે, પાત્ર જીવો, બસ! આગળ.

મુમુક્ષુ: **उभयं णयं विभिणिमं जाणइ णवरं तु समय पडिबद्धो।**

**णदु णयपक्खं गिण्हदि किंचिवि णयपक्खपरिहीणो॥**[1]

પૂ. લાલચંદભાઈ: આ શેમાંથી લીધું છે?

મુમુક્ષુ: આ ગાથા છે, સમયસારમાં ૧૪૩ ગાથા, ૧૪૩.

પૂ. લાલચંદભાઈ: ૧૪૩ ગાથા છે? ૧૪૩ ગાથા.

મુમુક્ષુ: બે નયના કથન છે (સમયથી પ્રતિબદ્ધ) જાણે છે, કોઈ નયપક્ષને ગ્રહણ કરતો નથી.

પૂ. લાલચંદભાઈ: હા. **उभयं णयं विभिणिमं जाणइ**.

મુમુક્ષુ: પક્ષાતિક્રાંતનું સ્વરૂપ આ છે.

પૂ. લાલચંદભાઈ: હા.

મુમુક્ષુ: એ આધાર મોટો છે. હજી પણ લેવુ હતું. પંચાધ્યાયીમાં જ હતું આ. પંચાધ્યાયી (કર્તા)એ પોતે જ આધાર લીધો છે.

પૂ. લાલચંદભાઈ: પંચાધ્યાયીએ પોતે આધાર લીધો છે? એ જ મારે કહેવું હતું. એ જ મારે પૂછવું હતું. પંચાધ્યાયીએ આ સમયસારનો આધાર પોતે લીધો છે, મૂળ કુંદકુંદ ભગવાનનો.

મુમુક્ષુ: એટલે અમૃતચંદ્રાચાર્યએ કુંદકુંદ આચાર્યનો આધાર લીધો.

પૂ. લાલચંદભાઈ: આધાર લીધો છે. કોઈ નયપક્ષને ગ્રહણ કરતો નથી. એ પોતે એને જવાબ જે આપ્યો, મહાન ગુરુ કહે છે એ ગુરુનો આધાર એણે આપ્યો. નહિતર પોતે કહી શકતા હતા, પોતે તો કહી શકતા હતા, (કેમ કે) પોતે ગુરુ છે,

---

1 **दोण्ह वि णयाण भणिदं जाणदि णवरं तु समयपडिबद्धो ।**

**णदु णयपक्खं गिण्हदि किंचि वि णयपक्खपरिहीणो ।। १४३** – સમયસારમાં:- (૧) અમૃતચંદ્ર આચાર્યની આત્મખ્યાતિ ટીકા, અને (૨) જયસેનાચર્યાની તાત્પર્યવૃત્તિ ટીકા તથા પંડિત દેવકીનંદનજીની પંચાધ્યાયીની ટીકા.

**उभयं णयं विभिणिमं जाणइ णवरं तु समय पडिबद्धो।**

**णदु णयपक्खं गिण्हदि किंचिवि णयपक्खपरिहीणो ।।** - પંડિત મખ્ખનલાલજીની પંચાધ્યાયીની ટીકા.

પંડિત મખ્ખનલાલજીની પંચાધ્યાયીની ટીકામાં સમયસાર ગાથા ૧૪૩ના શબ્દમાં અને પંડિત દેવકીનંદનજીની ટીકામાં થોડો ફરક છે.

જ્ઞાની હતા, લખનાર. એમણે આ આધાર આપ્યો બે હજાર વર્ષ પહેલા(નો). મહાન ગુરુ આ કહી શકે, જુઓ. આહાહા! કર્તા-કર્મ અધિકારની ૧૪૨-૧૪૩-૧૪૪ ગાથા છેલ્લી છે, ખલાસ! આહાહા! 'નિશ્ચયનયથી આત્મા અભેદ છે, અખંડ છે, શુદ્ધ છે' તેથી શું? આહાહા! વાંચો.

મુમુક્ષુ: 'તેથી શું?'માં કેટલી ગંભીર વાત હતી આ! 'તેથી શું?' કહ્યું, એમાં શું કહેવા માગતા હતા મુનિરાજ?

પૂ. લાલચંદભાઈ: એ આ! એટલે કે વ્યવહારનયનો પક્ષ તો પહેલેથી અમે છોડાવતા આવીએ છીએ, એની વાત તો હવે અમે કરતા જ નથી. અમારો શિષ્ય અહીંયાં સુધી તો આવી ગયો છે. નિશ્ચયનયના વિષયને નય દ્વારા, વિકલ્પ દ્વારા, માનસિક જ્ઞાન દ્વારા તો ગ્રહણ કર્યો છે પણ હજી વિકલ્પ છૂટતો નથી, નિશ્ચયનયનો વિકલ્પ છૂટતો નથી. નિશ્ચયનયનો જે વિકલ્પ છે એ વિકલ્પ મિથ્યાત્વ સહિતનો છે, મિથ્યાત્વ છે, તે અનંતાનુબંધી કષાય છે. આહાહા! નિકટભવી જીવને (આ **દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ** ભણવાથી) કામ થાશે.

મુમુક્ષુ: ૧૪૩ ગાથાનો આધાર આપ ગામોગામ આપતા હતા. **સમયથી પ્રતિબદ્ધ થયો થકો** એમ આપ ફરમાવતા હતા. ઘણી વખત ફરમાવ્યું આપે.

પૂ. લાલચંદભાઈ: એટલે આ ગાથા તો એવી છે પણ એનો પંચાધ્યાયી કર્તાએ આધાર આપ્યો છે, એમ. ખૂબી તો એ. કેમ કે એમણે એમ કહ્યું કે શ્રીગુરુ, મહાન ગુરુ તને કહેશે એટલે એમણે ગુરુનો આધાર આપ્યો. જેમ ગુરુદેવ સર્વજ્ઞનો આધાર આપે, સમયસારનો આધાર આપે, એમ આમણે કુંદકુંદ (આચાર્ય)નો આધાર આપ્યો. આહાહા! 'લે હું તને કહી દઉં' શિષ્યને એમ ન કહ્યું. જે પૂર્વાચાર્યો થઈ ગયા છે ને, એમણે આમ કહ્યું છે, જુઓ! આહાહા! સ્વભાવમાં નય નથી. સ્વભાવનું જે જ્ઞાન પ્રગટ થાય છે એમાં પણ નય ન હોય. શુદ્ધોપયોગમાં નય ન હોય. નય તો વિકલ્પ છે. આગળ.

મુમુક્ષુ: કેટલો ઊંચો ખુલાસો કર્યો, મહાન ગુરુની વ્યાખ્યા.

પૂ. લાલચંદભાઈ: આધાર આપ્યો. જુઓ આમ કહી ગયા છે. આહાહા! નિરાભિમાનપણું પોતાનું.

મુમુક્ષુ: **નિશ્ચયનયનું અવલંબન કરનારને પણ મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવ્યો છે તે વિષયમાં ઉક્ત ગાથા પણ પ્રમાણ છે.**

પૂ. લાલચંદભાઈ: ઉક્ત ગાથાનું મેં પ્રમાણ આપ્યું, એમ.

મુમુક્ષુ: **તેનો અર્થ એ છે કે જે બે પ્રકારના નય કહેવામાં આવ્યા છે**. **તેનો અર્થ એ છે કે જે બે પ્રકારના નય કહેવામાં આવ્યા છે તેને સમ્યગ્દૃષ્ટિ જાણે તો છે**.

પૂ. લાલચંદભાઈ: **જાણે તો છે**, એનો જ્ઞાતા છે.

મુમુક્ષુ: **પરંતુ કોઈ પણ નયના પક્ષને ગ્રહતો નથી**.

પૂ. લાલચંદભાઈ: એનો સ્વામી થતો નથી. નયોના વિકલ્પ છે પણ એનો સ્વામી થતો નથી, એટલે એની સાથે કર્તા-કર્મ સંબંધ તૂટી ગયો છે. ભેદજ્ઞાન થઈ ગયું છે, એટલે એનો જ્ઞાતા રહે છે, એમ. એટલો વ્યવહાર (રાખ્યો), એમ.

મુમુક્ષુ: **તેને સમ્યગ્દૃષ્ટિ જાણે તો છે પરંતુ કોઈ પણ નયના પક્ષને ગ્રહતો નથી, તે નયપક્ષથી રહિત છે.**

પૂ. લાલચંદભાઈ: પણ સમ્યગ્દૃષ્ટિ થયા પછી બે નયોનો જ્ઞાતા થાય. સમ્યગ્દર્શન થવા પહેલા બે નયોનો કર્તા હોય, જ્ઞાતા ન હોય. સમ્યગ્દૃષ્ટિ શબ્દ વાપર્યો. પક્ષાતિક્રાંત થઈને અનુભવ થયો, સવિકલ્પદશામાં આવ્યો, બે નયથી શાસ્ત્ર લખે, બે નયથી કોઈને સમજાવે, કાળ હોય તો. પણ એનો જ્ઞાતા છે, એનો આગ્રહી નથી. હેયબુદ્ધિએ જાણે છે ને! એમાં ઉપાદેયબુદ્ધિ થતી નથી અને જ્ઞેયબુદ્ધિ પણ થતી નથી. એને - વિકલ્પને, નયના વિકલ્પને હું જાણતો નથી, ઈન્દ્રિયજ્ઞાન જાણે છે. હું તો મારા આત્માને જાણું છું. આ અંદરની રમતું છે બધી. આહાહા! 'હું એને જાણું છું' તો હુંપણું, તો એ જ્ઞેય થઈ ગયું. એનું જ્ઞેય નથી, એનું જ્ઞેય તો જ્ઞાયક થઈ ગયો છે અને બહુ થાય તો જ્ઞાન એનું જ્ઞેય છે, પણ નય જ્ઞેય નથી એનું.

મુમુક્ષુ: બે નયોનો જ્ઞતાા છે એનું આ રહસ્ય (છે).

પૂ. લાલચંદભાઈ: (હા). એનો પ્રતિભાસ થાય છે ભલે. આહાહા! પ્રતિભાસની અપેક્ષાએ કહેવાય, ભલે કહ્યું. અથવા ઈન્દ્રિયજ્ઞાનની અપેક્ષાએ ભલે કહેવાય (બે નયનો) જ્ઞાતા છે, પણ ખરેખર તો - એ તો જ્ઞાયકનો જ્ઞાતા છે. ખરેખર 'ભગવાન! તું પરને જાણતો જ નથી' (અધ્યાત્મ પ્રવચન રત્નત્રય. પાનું-૧૩૯). આ નયજ્ઞાન તો પર છે. આહાહા! અહીંયાં અતીન્દ્રિયજ્ઞાન અભેદ થયું છે, ત્યાંથી જો ભેદ પડીને છૂટે તો નયોના વિકલ્પને જાણે. નયોના વિકલ્પ છે, એ

શરીરનો એક ભાગ છે, જ્ઞેયનો એક ભાગ છે, જ્ઞેયનો ભેદ છે, જ્ઞાનનો ભેદ નથી. આહાહા! ચાલો. સૂક્ષ્મ તો છે.

મુમુક્ષુ: અરે! અપૂર્વ છે.

પૂ. લાલચંદભાઈ: લક્ષ નથી ને ત્યાં? લક્ષ નથી. આગળ.

મુમુક્ષુ: **આ ગાથારૂપ સૂત્રથી આ વાત સિદ્ધ થઈ કે સમ્યગ્દૃષ્ટિ નિશ્ચયનયનું પણ અવલંબન નથી કરતો.**

પૂ. લાલચંદભાઈ: આહાહા! એને તો આત્માનું અવલંબન છે.

મુમુક્ષુ: સ્વભાવનું અવલંબન કરે છે.

પૂ. લાલચંદભાઈ: છે, હા.

મુમુક્ષુ: **બીજી વાત એ છે કે નિશ્ચયનયને પણ આચાર્યે સવિકલ્પ કહી છે અને જેટલું સવિકલ્પ જ્ઞાન છે તેને અભૂતાર્થ કહ્યું છે. જેમ કે પહેલા કહ્યું છે ગાથા-૫૦૬ માં, 'यदि वा ज्ञानविकल्पो नयो विकल्पोस्ति सोप्यपरमार्थः' તેથી સવિકલ્પ જ્ઞાનાત્મક હોવાથી પણ નિશ્ચયનય મિથ્યા સિદ્ધ થાય છે**.

પૂ. લાલચંદભાઈ: આહાહા!

મુમુક્ષુ: **તથા અનુભવમાં પણ એ જ વાત આવે છે કે જેટલા કોઈ નય છે તે બધા પરસમય-મિથ્યા છે**. **પરસમય-મિથ્યા છે તથા તે નયોનું અવલંબન કરનાર પણ મિથ્યાદૃષ્ટિ છે.**

પૂ. લાલચંદભાઈ: કાલ વાત કરી હતી કે આ ધંધો આપણે પૂર્વે અનંતવાર કરી, દ્રવ્યલિંગી મુનિ થયો. નય સુધી તો આવી ગયો હતો, નયજ્ઞાન સુધી આવી ગયો, અને વ્યવહારનય હેય છે ત્યાં સુધી આવ્યો, પણ નિશ્ચયનય ઉપાદેય છે એમ (શલ્ય) રહી ગયું.

મુમુક્ષુ: એટલે ઈન્દ્રિયજ્ઞાન ઉપાદેય છે એમ (શલ્ય) રહી ગયું.

પૂ. લાલચંદભાઈ: એમ રહી ગયું. બસ! નવમી ગ્રૈવેયક સુધી અનંતવાર ગયો, એકવાર, બે વાર નહિ. આત્મા તો અનાદિનો ચાર ગતિમાં રખડે છે ને. આહાહા! એ જ્યારે નિકટભવી થાય છે ત્યારે આત્મજ્ઞાની ગુરુઓ મળે છે અને આવી વાત બહાર આવે છે.

મુમુક્ષુ: આ સાહેબ ગુપ્ત વાત રહી ગઈ હતી, આપના દ્વારા બહાર આવી ગઈ આ. ખરેખર!

પૂ. લાલચંદભાઈ: આ વાત ગુપ્ત હતી. શાસ્ત્રના બહાને પણ મરે. જયપુરમાં બહુ ચાલ્યું આખો દિવસ. આહાહા! શાસ્ત્રજ્ઞાનના નામે પણ મિથ્યાત્વ રહી જાય છે. સાંજે પછી... તમે હતા ને?

મુમુક્ષુ: હા જી.

પૂ. લાલચંદભાઈ: બહેન હતા. અને આજ તો આખો દિવસ આવો વિચાર આવ્યો. પછી બહેને કહ્યું એ વાત સાચી છે. આ ૧૭૩ કળશમાં છે. પછી કળશ-ટીકા કઢાવી, ગોતાવી સેઠી ભાઈ પાસે ૧૭૩ કળશ. એના ઉપરથી બેહેનને વિચાર આવ્યો, ઓહો! જેટલા વ્યવહાર તેટલા મિથ્યાત્વ 'तेई विवहार भाव केवली-उकत हैं' (નાટક સમયસાર બંધ દ્વાર, ગાથા ૩૨). આહાહા! બસ! મેં કીધું સમાધાન થઈ ગયું, સમાધાન થઈ ગયું. વ્યવહારનો પક્ષ સૂક્ષ્મ રહી જાય છે, આ નિશ્ચયનો પક્ષ એટલે વ્યવહારનો પક્ષ છે. નિશ્ચયનો એટલે શુધ્ધાત્મા સંબંધનો નિશ્ચયનો પક્ષ એટલે રાગ, એ તો વ્યવહાર જ છે ને? એ ક્યાં નિશ્ચય છે?

મુમુક્ષુ: પક્ષનો પક્ષ છે ને?

પૂ. લાલચંદભાઈ: પક્ષનો પક્ષ છે. ગુરુદેવે પહેલા તો શુધ્ધાત્માનો નિર્ણય અપૂર્વ આવ્યા પછી અનુભવ થાય (એમ કહ્યું હતું). હજી પક્ષમાં પણ આવતા નથી, શુધ્ધાત્માનો નિર્ણય કરતા નથી જીવ. પછી થોડો ટાઈમ પછી એમણે ખ્યાલ આવ્યો કે આ તો નિર્ણય તો કર્યો નથી પણ નિર્ણયના પક્ષમાં આવ્યા જીવો. નિર્ણયનું કાંઈ કામ નથી - એમણે કહ્યું. નિર્ણય-ફિર્ણયની વાત નથી આહીંયાં, સીધો આત્માને જાણ. એમણે ખ્યાલ આવી ગયો. સમજી ગયા? પક્ષ તો આવ્યો નથી પણ પક્ષનો વિકલ્પ.

મુમુક્ષુ: હા, પક્ષ આવી ગયો છે એવો ભ્રમ થઈ ગયો.

પૂ. લાલચંદભાઈ: ભ્રમ થઈ ગયો એને.

મુમુક્ષુ: પક્ષનો પક્ષ થઈ ગયો.

પૂ. લાલચંદભાઈ: પક્ષનો પક્ષ થઈ ગયો. બિલકુલ પક્ષ-ફક્ષની વાત નથી અહીંયાં. પછી (ગુરુદેવે) કહ્યું શુધ્ધનયનો પક્ષ કદી આવ્યો નથી એટલે? એટલે આત્માનો અનુભવ થયો નથી, એવો અર્થ છે એનો, એમ. પહેલા શુધ્ધનયનો પક્ષ આવ્યો નથી, આ વાત કરતા હતા. અને પછી ખબર પડી એમણે, 'નહિ, શુધ્ધયનય(નો) પક્ષ (કદી આવ્યો નથી) એટલે અનંતકાળથી અનુભૂતિ થઈ નથી'.

અનુભૂતિ કરી લે. આહાહા! ધર્મપિતા હતા ને? ક્યાં અટકી જાય જીવ (એમને ખબર પડી જય). અટકવાના ઠેકાણા તો ઘણાં. આહાહા! આગળ.

મુમુક્ષુ: **સ્વાનુભૂતિનું સ્વરૂપ**.

પૂ. લાલચંદભાઈ: જુઓ હવે **સ્વાનુભૂતિનું સ્વરૂપ**. પહેલો પ્રશ્ન હતો ને? એનું હવે ચાલ્યા કરે, એ પણ ચાલે છે.

મુમુક્ષુ: **તે સ્વાનુભૂતિની મહિમા એ રીતે છે કે સવિકલ્પ જ્ઞાન હોતાં, નિશ્ચયનય એ વિકલ્પોનો નિષેધ કરે છે. પરંતુ 'જ્યાં આગળ ન તો વિકલ્પ જ છે અને ન તો નિષેધ જ છે, ત્યાં આગળ ચિદાત્મા અનુભૂતિ માત્ર છે'**.

પૂ. લાલચંદભાઈ: નિષેધનો પણ વિકલ્પ નહિ, વિધિનો પણ વિકલ્પ નહિ, વિકલ્પ માત્ર ટળી જાય છે અને સ્વભાવમાં ઢળી જાય છે, ત્યારે સ્વાનુભવ થાય છે. વિકલ્પ છૂટી જાય છે. સ્વભાવનું જોર આવે છે ને! સ્વભાવનું જોર આવે છે ને, એટલે વિકલ્પ (છૂટી જાય છે). વિકલ્પાતીત, વચનાતીત છે, ઈશારાથી સમજાવે છે સ્વાનુભવનું સ્વરૂપ. **ન તો વિકલ્પ જ છે અને ન તો નિષેધ જ છે, ત્યાં આગળ ચિદાત્મા અનુભૂતિ માત્ર છે.** આગળ.

મુમુક્ષુ: **ખરેખર જ્યાં સુધી શ્રધ્ધા વિપરીત છે ત્યાં સુધી બે નયોનું પરસ્પર સાપેક્ષ એવું સમ્યગ્જ્ઞાન પણ પ્રગટ થતું નથી.**

પૂ. લાલચંદભાઈ: શ્રધ્ધાનો દોષ બહુ મોટો છે. શ્રધ્ધાના બળે ઉપયોગ અંદરમાં આવે છે. ઉપયોગ બળવાન નથી, સવિકલ્પ છે એટલે બળવાન નથી. જેટલી શ્રધ્ધા બળવાન છે એટલી જ્ઞાનની પર્યાય બળવાન નથી. શ્રધ્ધા નિર્વિકલ્પ હોવાથી બળવાન છે. જ્ઞાનની પર્યાય સવિકલ્પ હોવાથી કમજોર છે. કેમ કે જ્ઞાનની પર્યાયમાં બે નયો ઊભી થાય, શ્રધ્ધાની પર્યાયમાં નય જ નથી. એટલે જેમાં બે નયો ઊભી થાય એ જ્ઞાન કમજોર કહેવાય અને જેમાં નયો જ ઊભી ન થાય એ બળવાન શ્રધ્ધા છે. શ્રધ્ધાના બળે જ ઉપયોગ અંદરમાં આવે છે. કેમ કે 'હું પરને જાણતો નથી', 'હું પરને જાણતો નથી' એમાં જ્ઞાનનું બળ નથી પણ શ્રધ્ધાનું બળ છે. કેમ કે 'જ્ઞાન તો કથંચિત્ સ્વ અને કથંચિત્ પરને જાણે છે, સ્વપરપ્રકાશક છે' - એવું શલ્ય જ્ઞાનમાં પડયું છે. જ્ઞાને એ ગ્રહણ કરી રાખ્યું છે, સ્વપરપ્રકાશકપણું. શ્રધ્ધા તો કહે છે કે શ્રુતજ્ઞાનની પર્યાયનો જ મારામાં અભાવ છે, એટલે સ્વપરપ્રકાશકની વાત જ મારામાં નથી.

એ બેંગ્લોરમાં કહ્યું હતું બહેનને. ટ્રેન (train) ઉપડી જાય તો ભલે ઉપડી જાય, કે મારે કાલ જાશું કહે. ટિકિટ હતી. મેં કીધું બહેન મૂકો, હવે ટાઈમ થઈ ગયો છે, ઊઠો. ઊઠે જ નહિ. આહાહા! 'આત્મા પરને જાણતો નથી' એ શ્રધ્ધાનું બળ છે. અને 'હું પરને જાણું છું' એ મિથ્યાત્વ છે, જ્ઞાનનો દોષ નથી. શ્રધ્ધાના દોષથી જ્ઞાનનો દોષ આવ્યો છે. શ્રધ્ધા બળવાન બહુ છે. બળવાન એટલા માટે કે નિર્વિકલ્પ છે, ભેદાભેદને વિષય નથી કરતી. સવિકલ્પ નથી, નિર્વિકલ્પ છે.

જુઓ ને, પણ શ્રધ્ધામાં એમ આવ્યું કે પરપદાર્થ મારો, એ કોઈના સમજાવ્યાથી સમજતો નથી. ગુરુ સમજાવે (તો પણ), 'નહિ, આ પરપદાર્થ મારા જ છે' - એ (શ્રધ્ધા) નિર્વિકલ્પ છે ને? મિથ્યાત્વ પણ નિર્વિકલ્પ! શ્રધ્ધા છે ને એ નિર્વિકલ્પ જ હોય, જેને પકડે એને પકડે. અને જુઓ ફરી, તો દેવ આવે તો પણ ફરે નહિ. સમ્યગ્દર્શન થયા પછી શ્રધ્ધા ફરી ગઈ? દેવ આવે તો (પણ) ફરે નહિ. શ્રધ્ધાને કહે છે જ્ઞાન, શ્રધ્ધાને જ્ઞાન કહે છે કે જુઓ, હું વ્યવહારનયે પરને જાણું છું, સમજી ગયા? નિશ્ચયનયે તો તારા પક્ષમાં છું - સ્વને જાણું છું, પણ વ્યવહારે હું પરને જાણું છું. તું કબૂલ કરી લે ને, એટલું? સમ્યગ્જ્ઞાન છે મારી પાસે, એમ જ્ઞાન કહે પાછું હોં! આ સમ્યગ્જ્ઞાન થયા પછી સંવાદ છે. શ્રધ્ધા કહે બિલકુલ નહિ. જો હું તારા પક્ષમાં આવું તો મારું પણ મોત અને તારું પણ મોત, બન્ને મરશું! માટે એના કરતા તું મારા પક્ષમાં રહે. એટલે જ્ઞાન હથિયાર હેઠા મૂકી દે છે, વાત તારી સાચી છે. આવી અંદરની રમતું છે.

કે કથંચિત્ નિર્મળ પર્યાયનો કર્તા છે, (એમ) વ્યવહારનય કહે છે, શ્રધ્ધાને હોં! શ્રધ્ધા કહે છે કે આત્મા ત્રિકાળ અકર્તા છે, કથંચિત્ એમાં છે જ નહિ, સ્યાદ્‌વાદ નથી, આત્માના સ્વભાવમાં સ્યાદ્‌વાદનો અભાવ છે. ત્યાં જ્ઞાને હથિયાર હેઠા મૂકી દીધા કે વાત તારી સાચી છે. આ બધી અંદરની રમતું છે. આ શ્રધ્ધાનો બોલ સારો છે. આહાહા! શ્રધ્ધાનો બોલ સારો છે. **ખરેખર જ્યાં સુધી શ્રધ્ધા વિપરીત છે ત્યાં સુધી બે નયોનું પરસ્પર સાપેક્ષ એવું સમ્યગ્જ્ઞાન પણ પ્રગટ થતું નથી.** આહાહા! આગળ વાંચો.

મુમુક્ષુ: **નિરપેક્ષ તત્ત્વની દૃષ્ટિ વિના**.

પૂ. લાલચંદભાઈ: **દૃષ્ટિ વિના** એટલે શ્રધ્ધા વિના. **દૃષ્ટિ વિના** એટલે? શ્રધ્ધા વિના.

મુમુક્ષુ: **અપેક્ષાઓનું જ્ઞાન સમ્યક્ થતું નથી.**

પૂ. લાલચંદભાઈ: અપેક્ષા લગાડવા માંડયો પહેલેથી જ. આહાહા!

મુમુક્ષુ: સોગાનીજીએ એમ ફરમાવ્યું હતું 'મૂળ વાતમાં અપેક્ષા લગાડે છે, અમને બહુ ખટકે છે'.

પૂ. લાલચંદભાઈ: ખટકે છે, બસ! અપેક્ષા લગાવી દે, (તો) ગયો દુનિયામાંથી. એક જ્ઞાન સાચું કરવા જાય છે પણ શ્રધ્ધા એની વિપરીત રહે છે, એ એને ખબર નથી પડતી. એને એમ થાય છે કે હવે મારું જ્ઞાન સાપેક્ષતાથી સાચું થાય છે. निरपेक्षा नया मिथ्या નય सापेक्षा નય સમ્યક્ નય (આપ્ત-મીમાંસા ગાથા ૧૦૮), એણે વાંચેલું છે. સમજી ગયા? એ શ્રધ્ધાના પક્ષમાં આવી શકતો નથી. આહાહા!


શ્રધ્ધા કહે છે 'સ્વપ્રકાશક જ છે, પરપ્રકાશક નથી અને સ્વપરપ્રકાશક પણ નથી'. જ્ઞાન કહે કે 'નહિ!, સ્વપરપ્રકાશક છે'. સમજી ગયા? આહાહા! એમ ને એમ રહી ગયો. શ્રધ્ધાના પક્ષમાં આવી જા. પછી જ્ઞાન તો જુઓ શું થાય છે! જ્ઞાન વળી જાય અંદરમાં (અને) સ્વપ્રકાશકમાં અનુભવ થાય, શ્રધ્ધાના બળે - 'જાણનાર જણાય છે, ખરેખર પર જણાતું નથી. અકર્તા છું, કર્તા નથી'. કથંચિત્? કે બિલકુલ નહિ, સર્વથા અકર્તા! સ્વભાવ સર્વથા હોય.

મુમુક્ષુ: બરાબર. સ્વભાવ સર્વથા જ હોય.

પૂ. લાલચંદભાઈ: આહાહા! ગુરુદેવે જે દૃષ્ટિનો વિષય આપ્યો ૪૫ વર્ષ, એ આ - (આત્મા) અકર્તા છે એ જૈનદર્શનની પરાકાષ્ઠા છે. એમ કહ્યું ને?

મુમુક્ષુ: હા જી.

પૂ. લાલચંદભાઈ: એટલે અકર્તા છે અને કર્તા નથી એમ આવી ગયું. વાહ, વાહ! ગુરુદેવ વાહ! બિરાજમાન છે અહીંયાં (ફોટામાં). જુઓ, આ પારો બહુ સારો છે, વાંચો.




મુમુક્ષુ: **નિરપેક્ષ તત્ત્વની દૃષ્ટિ વિના, અપેક્ષાઓનું જ્ઞાન, સમ્યક્ થતું નથી. માટે આત્માર્થીએ પ્રથમ શ્રદ્ધાની સંશુદ્ધિ હેતુએ સ્વભાવથી સ્વભાવને જોવો જોઈએ, કોઈ નયથી નહિ.**

પૂ. લાલચંદભાઈ: આહાહા! (અજ્ઞાની કહે છે) કે શ્રદ્ધાની શુદ્ધિ થાય સ્યાદ્વાદથી. (જ્ઞાની કહે છે) કે ખોટી વાત છે. આત્મામાં સ્યાદ્વાદનો અભાવ હોવા છતાં નિશ્ચયાભાસપણું આવતું નથી (શ્રી દેવસેનાચાર્ય કૃત નયચક્ર, પૃષ્ટ ૩૧). આહાહા! ટંકોત્કીર્ણ શબ્દ છે, ટંકોત્કીર્ણ. સ્યાદ્વાદનો અભાવ હોવા છતાં, કથંચિત્ નો અભાવ હોવા છતાં, સર્વથામાં આવીશ તો પણ નિશ્ચયાભાસ નહિ થાય, અનુભવ થઈ જશે, જા! આહાહા! ગુરુદેવની હાજરીમાં આ ગાથા આવી હતી હાથમાં, છપાવીને વિદ્વાનોને આપ્યું. કોઈના તરફથી support (ટેકો) ન મળ્યો, કેમ કે સ્યાદ્વાદનો - વ્યવહારનો પક્ષ છે ને. એટલે એમાં લખ્યું છે કે આત્મામાં સ્યાદ્વાદનો અભાવ (છે) તો પણ નિશ્ચયાભાસપણું આવતું નથી. કોપી કરાવીને આપી (અને) પાછળ પડી ગયો એનો સંસ્કૃતનું હિન્દી કરવા (માટે). અને કોઈ સાચું ન કરી શક્યું, એક ફક્ત હુકમચંદજીએ કર્યું, એ બહુ સરસ કર્યું. એ પુસ્તકનું (સંસ્કૃતથી) હિન્દી કરવાનું, અનુવાદ કરવાનું જયપુરને લખ્યું. સમજી ગયા? (ના થયું), નહિતર આખું પુસ્તક થઈ જાત. આહાહા! આત્મામાં સ્યાદ્વાદનો અભાવ! આહાહા! કોણ સાંભળે એ? મોક્ષ જવાવાળો હોય એ સાંભળે અને અપનાવી લે, જે નિકટભવી હોય. આહાહા! કેટલી શ્રદ્ધાના બળથી એણે લખ્યું

આત્મામાં સ્યાદ્વાદનો અભાવ! આત્મામાં સ્યાદ્વાદ ન હોય, એ જ્ઞાનની પર્યાયમાં સ્યાદ્વાદ હોય, એ તો જ્ઞાન થઇ ગયું.

મુમુક્ષુ: એ પણ સમ્યગ્જ્ઞાનમાં હોય.

પૂ. લાલચંદભાઈ: ત્યારે.

મુમુક્ષુ: આત્મામાં તો જ્ઞાનનો અભાવ છે એટલે આત્મામાં સ્યાદ્વાદ ન હોય.

પૂ. લાલચંદભાઈ: જ્ઞાન જ નથી એમાં. એ જ્યાં જામનગરમાં કહ્યું, ધડાકો કર્યો. ઘણાં વર્ષ પછી કહ્યું 'એક વાર વાત તો ફેલાવા દયો', પછી થાય એ ખરું. એમાં ઓલા ભાઈએ પકડયું, એનો પુત્ર. આપણે ત્રંબકભાઈના પુત્રએ પકડી વાત, બહુ પકડી. ખુલ્લે ઊભીને કહ્યું 'આ વાત અપૂર્વ આવી છે'. અમને આવું જ મળ્યા કરે છે.

મુમુક્ષુ: હા! એ જ કહું છું, કે ક્યાંથી આવું બધું મળી જાય છે આપને!

મુમુક્ષુ: એ આપની કરૂણા બધાનું ધ્યાન ખેંચાવા માટે સામું...

પૂ. લાલચંદભાઈ: આપ્યું, આપ્યું, વિદ્વાનોને આપ્યું. નામ નથી આપતો, વિદ્વાનોને આપ્યું. (પણ કાંઈ થયું નહિ), સમજી ગયો હું. આહાહા! સ્વભાવનો પક્ષ નથી ને? નહિતર તો ચર્ચા કરત મારી સાથે કે તમે આ મોકલાવ્યું અને આમાં પણ લખ્યું (છે), એ શું? નહિતર સ્યાદ્વાદ તો, સ્યાદ્વાદ તો જૈનદર્શનનો trademark (ખાસ નિશા) છે. અને આત્મામાં સ્યાદ્વાદનો અભાવ? આહાહા! અપરિણામીમાં સ્યાદ્વાદ ન હોય.

મુમુક્ષુ: સાચી વાત છે. બરાબર. પરિણામીમાં સ્યાદ્વાદનો સદ્ભાવ.

પૂ. લાલચંદભાઈ: હા! અપરિણામીમાં (સ્યાદ્વાદનો) અભાવ છે. પરિણામી પણ સમ્યક્ પ્રકારે આત્મારામ થાય ત્યારે એ અનુભવજ્ઞાનમાં સ્યાદ્વાદનો સદ્ભાવ છે. ત્યાં કિશોરભાઈને ઘરે, બંગલે, સવારે ચર્ચા થઇ આ. બહેન આવ્યા. આ વાત કરી કે 'આત્મામાં સ્યાદ્વાદનો અભાવ છે' આજે જાહેર કરી દેવું છે. પછી મોટરમાં બેઠા, બહેન આવ્યા. (મેં કહ્યું) આત્મામાં સ્યાદ્વાદનો અભાવ, પણ અનુભવજ્ઞાનમાં સ્યાદ્વાદનો સદ્ભાવ. તમે ન હતા ને એ વખતે?

મુમુક્ષુ: હતો.

પૂ. લાલચંદભાઈ: હતા. એમ? ઠીક. સાથે ને સાથે રહે છે હોં! સાથે ને સાથે.

ખૂબ અર્પણતા, ખૂબ. કાંઈ પ્રશંસા ન કરાય, એવી અર્પણતા, એમ. આહાહા! તનથી, મનથી અને ધનથી ત્રણે પ્રકારે, એમ. આહાહા! ધનથી ગૌણ છે, ધનથી ગૌણ છે, પણ તનથી, તનથી સાથે જ હોય હોં! આહાહા! શ્રવણબેલગોળામાં, ત્યાં હિમતનગરમાં, બે વાગે હું બાથરૂમ (માટે) ઊઠું, ધીમેથી, એની ઊંઘ ન ઊડી જાય, તો પણ ઊઠી જાય. આહાહા! પગ દબાવવા, શરીર ચોળવું, બામ લગાડવું. આહાહા!

મુમુક્ષુ: અરે, આ પરમાણુ પણ સાહેબ પવિત્ર થઈ ગયા આપના સ્પર્શથી.

પૂ. લાલચંદભાઈ: ખૂબ સેવા કરે, ખૂબ, અર્પણતા. એવા જીવો ઓછા. આહાહા! નહિતર લાખોપતિ, કરોડપતિ છે (આ) માણસ, કાંઈ સાધારણ નથી.

મુમુક્ષુ: આની આગળ એની શું કિમત છે? કોઈ કિંમત નથી.

પૂ. લાલચંદભાઈ: કાંઈ કિમત નથી. એક વખત શરૂઆતમાં ગુરુદેવને અપનાવ્યા પછી ગુરુદેવના પગ ધોતો હતો સવારમાં. ત્યાંથી આવે ને, બધાય, ત્યારે હું પગ ધોતો હતો. ગુરુદેવ કેટલા વિચિક્ષણ! મને કહે છે 'લાલભાઈ!'. 'જી પ્રભુ!'. કે એક અન્યમતિમાં શિવાજી પગ ધોતા હતા રામતિર્થના. રામતિર્થ કે નામ એનું છે ને? તો કહે છે એના ગુરુ, શિવાજીને હો! શિવાજી તો રાજા મોટા. અરે! અમારા કોઈ ચક્રવર્તી પગ ધોવેને તો પણ અમને તત્ત્વનો જે વિચાર આવે, એની આગળ આની કઈ કિમત નહિ! એમ મને કહ્યું. બધું કહી દીધું. આહાહા! ગુરુદેવ તો ગુરુદેવ (હતા). યાદ આવે પ્રસંગ. આહાહા! આ માર્ગ અપૂર્વ માર્ગ છે, અપનાવી લે આ માર્ગને (તો) ન્યાલ થઈ જાય. આહાહા! એના વિકલ્પમાં (પણ) અપનાવશે ને, તો વિકલ્પ નહિ રહે.

મુમુક્ષુ: આવી વાત આવે તો (વિકલ્પ) ઊભો કેવી રીતે (રહે)?

પૂ. લાલચંદભાઈ: ક્યાંથી રહે?

મુમુક્ષુ: આવું સ્વરૂપ!

પૂ. લાલચંદભાઈ: આગળ.

મુમુક્ષુ: **આ જ ભાવ શ્રીમાન અમૃતચંદ્રાચાર્યદેવે સમયસાર કળશ ૬૯-૭૦ માં દર્શાવ્યો છે.**

પૂ. લાલચંદભાઈ: બોલો કળશ.

મુમુક્ષુ: **य ऐव मुक्त्वा नयपक्षपातं**

**स्वरूपगुप्ता निवसन्ति नित्यम् ।**
**विकल्पजालच्युतशान्तचित्ता-**
**स्त एव साक्षादमृतं पिबन्ति ॥६९॥**

પૂ. લાલચંદભાઈ: સાક્ષાત્ અમૃતને પીએ છે, સાક્ષાત્ આહાહા! પ્રત્યક્ષ. આહાહા!

મુમુક્ષુ: **શ્લોકાર્થ (૬૯):- જેઓ નયપક્ષપાતને છોડી**...

(**ભાવાર્થ:-**) ...**જ્યારે નયોનો સર્વ પક્ષપાત મટી જાય ત્યારે વીતરાગ દશા થઈને સ્વરૂપની શ્રધ્ધા નિર્વિકલ્પ થાય છે, સ્વરૂપમાં પ્રવૃત્તિ થાય છે અને અતીન્દ્રિય સુખ અનુભવાય છે. હવેના ૨૦ કળશમાં નયપક્ષને વિશેષ વર્ણવે છે અને કહે કે આવા સમસ્ત નયપક્ષોને જે છોડે છે, તે તત્ત્વવેદી (તત્ત્વોનો જાણનાર) સ્વરૂપને પામે છે**.

પૂ. લાલચંદભાઈ: આહાહા! એનું (નયનું) જ્ઞાન કરાવતા આવે છે અને વિકલ્પ છૂટી જાય છે. બે નયથી જ્ઞાન કરાવે (અને) એને છોડીને અંદરમાં ગુપ્ત થાય છે.

મુમુક્ષુ: **શ્લોકાર્થ (૭૦):- જીવ કર્મથી બંધાયેલો છે એવો એક નયનો પક્ષ છે અને જીવ કર્મથી બંધાયેલો નથી એવો બીજા નયનો પક્ષ છે**.

પૂ. લાલચંદભાઈ: એ બે વિકલ્પ ઉત્પન્ન કરે છે, એમ. ત્યાં ધર્મનો નિષેધ નથી, વિકલ્પનો નિષેધ કરવો છે. સંસારી જીવ કર્મથી બંધાયેલો છે એવો એક વ્યવહારનયનો વિકલ્પ, અને બંધાયેલો નથી એવો બીજો (નિશ્ચયનયનો) વિકલ્પ. આહાહા! (બન્ને) વિકલ્પ છૂટી જાય છે. આહાહા! સંયોગ છૂટતો નથી, આઠ કર્મનો, નિમિત્ત અપેક્ષાએ જે બંધ અવસ્થા છે એ છૂટતી નથી. આગળ. આ તો અંદરથી વિચારે તો ... પાતે એવું છે.

મુમુક્ષુ: **આમ ચિત્સવરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી (વસ્તુ સ્વરૂપનો જાણનાર) પક્ષપાત રહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે).**

પૂ. લાલચંદભાઈ: આહાહા! થવા યોગ્ય થયા કરે છે અને જાણનાર જણાય છે. બસ! બીજું કાંઈ નથી. જ્ઞાનસ્વરૂપ જીવ તો જ્ઞાનસ્વરૂપ છે. આહાહા!

બંધાણો છું એવો વિકલ્પ નથી અને અબદ્ધ છું એવો (પણ) વિકલ્પ નથી. બે નયના વિકલ્પને છોડી દે છે.

મુમુક્ષુ: **ભાવાર્થ:-**

પૂ. લાલચંદભાઈ: **આ ગ્રંથમાં**...

મુમુક્ષુ: **આ ગ્રંથમાં પ્રથમથી જ વ્યવહારનયને ગૌણ કરીને અને શુદ્ધનયને મુખ્ય કરીને કથન કરવામાં આવ્યું છે. ચૈતન્યના પરિણામ પરનિમિત્તથી અનેક થાય છે તે સર્વેને પહેલેથી જ આચાર્ય ગૌણ કહેતા આવ્યા છે અને જીવને શુદ્ધ ચૈતન્ય માત્ર કહ્યો છે. એ રીતે જીવ-પદાર્થને શુદ્ધ, નિત્ય, અભેદ ચૈતન્યમાત્ર સ્થાપીને હવે કહે છે કે-આ શુદ્ધનયનો પણ પક્ષપાત (વિકલ્પ) કરશે તે પણ તે શુદ્ધસ્વરૂપના સ્વાદને નહિ પામે.** સ્વાદને નહિ પામે.

પૂ. લાલચંદભાઈ: આહાહા! **આ શુદ્ધનયનો પણ પક્ષપાત કરશે, તે પણ**, તે પણ! વ્યવહારના પક્ષવાળાની વાત તો દૂર રહો, **તે પણ શુદ્ધ સ્વરૂપના સ્વાદને**, આનંદને **નહિ પામે**, સમ્યક્ નહિ થાય.

મુમુક્ષુ: **અશુદ્ધનયની તો વાત જ શી?**

પૂ. લાલચંદભાઈ: લ્યો!

મુમુક્ષુ: **પણ જો કોઈ શુદ્ધનયનો પણ પક્ષપાત કરશે તો પક્ષનો રાગ નહિ મટે તેથી વીતરાગતા નહિ થાય. પક્ષપાતને છોડી ચિન્માત્ર સ્વરૂપ વિષે લીન થયે જ સમયસારને પમાય છે. માટે શુદ્ધનયને જાણીને, તેનો પણ પક્ષપાત છોડી શુદ્ધસ્વરૂપનો અનુભવ કરી, સ્વરૂપ વિષે પ્રવૃત્તિરૂપ ચારિત્ર પ્રાપ્ત કરી, વીતરાગ દશા પ્રાપ્ત કરવી યોગ્ય છે.**

પૂ. લાલચંદભાઈ: **યોગ્ય છે.** થઈ ગયો ટાઈમ. **આ જ ભાવ સમયસાર કળશટીકા, કળશ-૯૩ માં પણ પાંડે રાજમલજીએ દર્શાવ્યો છે**. છેલ્લું કાલે હવે પૂરું થાશે.

ॐ

# પ્રથમ પ્રવેશ દ્વાર પાનું ૧૦-૧૧
# ઉષાકીરણ એપાર્ટમેંટ, રાજકોટ
# તારીખ: ૧૯-૧૦-૧૯૯૦

# પ્રવચન LA ૪૦૭

પાનું ૧૦. **દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ** પાનું ૧૦ બોલો.

મુમુક્ષુ: **જેટલા નય છે તેટલા શ્રુતજ્ઞાનરૂપ છે; શ્રુતજ્ઞાન પરોક્ષ છે, અનુભવ પ્રત્યક્ષ છે; તેથી**.

પૂ. લાલચંદભાઈ: એટલે નયથી આત્માનો અનુભવ ન થાય કેમ કે નયજ્ઞાન પોતે પરોક્ષ છે. અને અનુભવ થાય ત્યારે નયજ્ઞાન ન હોય, પ્રત્યક્ષજ્ઞાન, અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થાય, માટે તે પ્રત્યક્ષ છે. **તેથી**...

મુમુક્ષુ: **તેથી શ્રુતજ્ઞાન વિના જે જ્ઞાન છે**.

પૂ. લાલચંદભાઈ: આહાહા! ઈન્દ્રિયજ્ઞાન વિના જે જ્ઞાન છે, અતીન્દ્રિયજ્ઞાન છે, **તે પ્રત્યક્ષ અનુભવે છે**. ફરીથી **તેથી શ્રુતજ્ઞાન વિના**, એટલે માનસિક જ્ઞાન વિના, ઈન્દ્રિયજ્ઞાન વિના, **જે** અતીન્દ્રિય**જ્ઞાન છે તે પ્રત્યક્ષ અનુભવે છે** આત્માને. **ઈન્દ્રિય**જ્ઞાન આત્માને અનુભવી શકતું નથી કેમ કે પરોક્ષ છે. આગળ. **તેથી**, **તેથી**...

મુમુક્ષુ: **તેથી પ્રત્યક્ષપણે અનુભવતો થકો જે કોઈ શુદ્ધ સ્વરૂપ આત્મા તે જ જ્ઞાનપુંજ વસ્તુ છે, એમ કહેવાય છે.**

પૂ. લાલચંદભાઈ: **એમ કહેવાય છે.** બસ! ઈન્દ્રિયજ્ઞાનને છોડીને અંતરમુખ થઈ અતીન્દ્રિયજ્ઞાનથી જે આત્માને અનુભવે, તેને **શુદ્ધ સ્વરૂપ આત્મા તે જ જ્ઞાનપુંજ વસ્તુ છે**. જ્ઞાન એટલે અતીન્દ્રિયજ્ઞાનમયી એમ કહેવાય છે. બરાબર. આગળ.

મુમુક્ષુ: **પૂ. ભાઈશ્રીએ પરમ કરૂણા કરી ફરમાવ્યું કે, 'હે ભવ્યો! અમારો આશય તો, બધા નયાતીત થાઓ, પરમાનંદને પામો એટલો છે'. તેથી સ્વભાવ પ્રાપ્તિની રીત નયોથી જુદી છે.**

પૂ. લાલચંદભાઈ: આખી રીત જ જુદી છે. નયમાં અટકી ગયા હોય તો નયથી અનુભવ થતો નથી, જ્ઞાનથી અનુભવ થાય છે. આગળ.

મુમુક્ષુ: **શ્રીમદ રાજચંદ્રજીએ પણ આ રહસ્ય પત્ર નં. ૨૦૮ વર્ષ ૨૪ મું, મુંબઈ મહા વદ-૩૦ ૧૯૪૭ - માં દર્શાવ્યું છે.**

પૂ. લાલચંદભાઈ: ઓગણીસસેં ને સુડતાળીસે, સમકિત શુધ્ધ પ્રકાશ્યું રે (ધન્ય રે દિવસ, રાજપદ, શ્રીમદ રાજચંદ્રજી). ૧૯૪૭ની સાલમાં જ્યારે એને સમ્યગ્દર્શન થયું. સમ્યગ્દર્શન થયા પછીનું આ લખાણ છે. પોતે લખે છે ઓગણીસસેં ને સુડતાળીસે, સમકિત શુધ્ધ પ્રકાશ્યું રે!. એટલે વ્યવહાર સમકિત તો થઈ ગયું હતું પહેલા - નિર્ણય, પણ પ્રત્યક્ષ અનુભવ હવે થયો ૪૭ માં. અને એ સમ્યગ્દર્શન પછીનું આ લખાણ છે. આ લખાણ બહુ ઊંચું છે, ઘણું ઊંચું છે. આ લખાણને જો ખ્યાલમાં રાખે તો આમાં ક્યાંય એને વિરોધ નહિ લાગે. આ લખાણને મુખ્ય રાખવું જોઈએ, બહુ સ્પષ્ટ કર્યું છે આમાં. દસમું પાનું છે મોદી સાહેબ, નીચેનો છેલ્લો પારો.

મુમુક્ષુ: **અનંતા નય છે, એકેક પદાર્થ અનંત ગુણથી અને અનંત ધર્મથી યુક્ત છે.**

પૂ. લાલચંદભાઈ: સહિત છે. અનંત ગુણથી સહિત છે અને અનંત ધર્મોથી પણ સહિત છે. ગુણ નિરપેક્ષ હોય છે અને ધર્મ સાપેક્ષ હોય છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણ હોય, એની પર્યાય હોય. અને ધર્મ સાપેક્ષ છે, એ ધર્મ છે પણ એની પર્યાય ન હોય, ધર્મને પર્યાય ન હોય. ધર્મના બે પ્રકાર, એક દ્રવ્ય અપેક્ષિત ધર્મ જેમકે દ્રવ્ય નિત્ય છે. આ એક મુદ્દાની વાત છે. શું કહે છે?

કેટલાક ભાઈઓને સંકડાશ થતી હોય તો બે-ત્રણ ભાઈઓ અહીં આવી શકે છે. આવી શકે છે અહીંયાં. અહીંયાં આવે, જગ્યા ખાલી છે. ભાઈઓ! જગ્યા ઘણી છે જેટલા આવે એટલા સમાઇ જાય. સિધ્ધ લોકમાં તો, એક ત્યાં અનંત.

મુમુક્ષુ: એક સિધ્ધમાં સિધ્ધ અનંત જાણ. સત્તા બધાની જુદી-જુદી ઓળખ.

પૂ. લાલચંદભાઈ: સત્તા જુદી-જુદી પણ એકમાં અનંત. અરૂપી છે ને? એટલે

કાંઈ જગ્યા નથી જોતી એને.

મુમુક્ષુ: સમવસરણમાં પણ સંકડાશ ન પડે.

પૂ. લાલચંદભાઈ: સમવસરણમાં સંકડાશ ન પડે. ગમે એટલા માણસો આવે (તેટલા) સમાઈ જાય. એવો અતિશય છે ને ત્યાંનો, તીર્થંકરનો. આહાહા! પુણ્ય પ્રકૃતિ છે. આ એકદમ મુદ્દાની વાત છે.

**અનંતા નય છે,** નય છે, તે જ્ઞાનનો એક અંશ છે. નય છે, તે પ્રમાણજ્ઞાનનો એક અંશનું નામ નય છે. **એકેક પદાર્થ**, હવે, એકેક (એટલે) છએ દ્રવ્ય લઈ લેવા, બધા. **એકેક પદાર્થ અનંત ગુણથી અને અનંત ધર્મથી** (**યુક્ત**) સહિત **છે.** જીવમાં અનંતા ગુણો છે અને અનંતા ધર્મો છે.

હવે ગુણ અને ધર્મની વ્યાખ્યામાં ફેર છે. તફાવત એ છે (કે) લક્ષણ ભેદે ભેદ છે. ગુણ હોય એની પર્યાય હોય અને ધર્મ હોય એની પર્યાય ન હોય. ગુણ નિરપેક્ષ છે અને ધર્મ સાપેક્ષ છે. ધર્મ પરસ્પર સાપેક્ષ છે. જ્ઞાન ગુણ તો નિરપેક્ષ છે. અને નિત્ય અને અનિત્ય (ધર્મો છે), દ્રવ્ય અપેક્ષિત નિત્ય ધર્મ, પર્યાય અપેક્ષાએ અનિત્ય ધર્મ. પર્યાયનો ધર્મ છે અનિત્ય, નિત્યપણું દ્રવ્યનો ધર્મ છે. હવે દ્રવ્યનો ધર્મ નિત્ય છે એ અનાદિ-અનંત છે. પર્યાયનો ધર્મ અનિત્ય (છે) એ અનાદિ-અનંત (છે). પણ નિત્ય અને અનિત્ય એ ધર્મ છે, કોઈ દ્રવ્ય અપેક્ષિત, કોઈ પર્યાય અપેક્ષિત. એક-અનેક નિત્ય-અનિત્ય આદિ, પણ એને પર્યાય ન હોય. ધર્મને પર્યાય ન હોય, ગુણને પર્યાય હોય, એમ. એવા ગુણો અનંતા અને ધર્મો પણ અનંતા, એ સહિત છે એકેક પદાર્થ. આગળ.

**એકેક ગુણ અને એકેક ધર્મ પ્રત્યે** એકેક ગુણને જાણનારી એકેક નય અને એકેક ધર્મને જાણનારી પણ એકેક નય, જુદી-જુદી. ગુણ અનંતા, તો એકેક ગુણને જાણનારી એકેક નય, તો અનંત નય થઈ ગઈ. ધર્મ અનંતા, તો એકેક ધર્મને જાણનારી એકેક નય, તો અનંતી નય થઈ ગઈ. સામે વિષય અનંત તો એને વિષય કરનાર નય પણ અનંત છે, એમ. આહાહા!

**એકેક ગુણ અને એકેક ધર્મ પ્રત્યે અનંત નય પરિણમે છે;** એટલે અનંત નય, અનંત ગુણ અને અનંત ધર્મને જાણે છે. એટલો જ્ઞેય-જ્ઞાયક(નો) એની સાથે વ્યવહાર છે. **માટે એ વાટે**, **માટે એ વાટે પદાર્થનો નિર્ણય કરવા માગીએ** એટલે કે અનુભવ કરવા માગીએ **તો થાય નહિ.** એકેક નય દ્વારા એકેક ગુણને જાણો,

એકેક નય દ્વારા એકેક ધર્મને જાણો, તો અનંતકાળ ચાલ્યો જાય પણ આત્માનો અનુભવ ન થાય. **એની વાટ** એટલે એનો માર્ગ **કોઈ બીજી હોવી જોઈએ.** એની રીત કાંઈક બીજી હોવી જોઈએ. અનંત ગુણ અને અનંત પર્યાયને જાણવાનું જે સાધન આગમમાં નય કહ્યું, એનાથી કાંઈક જુદું સાધન છે. નય દ્વારા એકેક ધર્મને જાણતાં એને વિકલ્પ ઉત્પન્ન થાય. એકને જાણે (તો) બીજું જાણવાનું રહી ગયું, બીજાને જાણે (તો) ત્રીજું જાણવાનું રહી ગયું, તો એમાં એને ઈચ્છા થાય, આકુળતા ઉત્પન્ન થાય માટે રસ્તો તો બીજો છે. **એની વાટ કોઈ બીજી હોવી જોઈએ.** હવે બીજી શું વાટ છે, રસ્તો, માર્ગ એ બતાવે છે, વાટ કે માર્ગ.

**ઘણું કરીને આ વાતને જ્ઞાની પુરુષો જ જાણે છે**, અજ્ઞાની જાણતા નથી, એમ. આને આનો રસ્તો શું છે? અનંત ગુણ અને અનંત ધર્મ એને એક સમયમાં કેવી રીતે જણાય? કે એક સમયમાં જણાય. નય દ્વારા અનંત સમય જાય તો પણ પૂરું નહિ થાય! કેમ કે અનંત ગુણ અને અનંત (ધર્મો છે માટે અનંત) નય (છે). કાળ અનંત ચાલ્યો જાય એકેક સમય કરીને તો નહિ જણાય. એની વાટ કોઈક જુદી છે. ઈન્દ્રિયજ્ઞાનથી નહિ જણાય, નયજ્ઞાનથી. નયજ્ઞાન કહો કે ઈન્દ્રિયજ્ઞાન કહો (કે) માનસિક જ્ઞાન કહો.

**ઘણું કરીને આ વાતને જ્ઞાની પુરુષો જ જાણે છે; અને તેઓ તે નયાદિક માર્ગ પ્રત્યે**, આ નયથી આવો છે અને આ નયથી આવો છે આત્મા, એમ **નયાદિક માર્ગ પ્રત્યે**. (એમા) નય-નિક્ષેપ-પ્રમાણ બધું લઈ લેવાનું, વિકલ્પાત્મક નય, વિકલ્પાત્મક નિક્ષેપ અને પ્રમાણ. **નયાદિક માર્ગ પ્રત્યે ઉદાસીન વર્તે છે;** ઉદાસીન વર્તે છે. એ ગુણો અનંત છે, અનંત ધર્મો છે, છે પણ એની એને ઉપેક્ષા વર્તે છે, ઉદાસીન છે એના પ્રત્યે. કેમ કે એ (ગુણો અને ધર્મો) નય દ્વારા જાણી શકાતા નથી એટલે નય પ્રત્યે ઉદાસ અને નયના વિષય પ્રત્યે પણ ઉદાસ છે, ઉપેક્ષા છે એના પ્રત્યે.

અને ભગવાન આત્મા પ્રત્યે અપેક્ષા છે અને અતીન્દ્રિયજ્ઞાનથી એક સમયમાં બધું જણાય. જે નય દ્વારા અનંતકાળ જતાં ન જણાય, એ અંતર્મુખ થઈને અતીન્દ્રિયજ્ઞાનથી જ્યાં આત્માને જાણે છે, આત્મા અનુભવે છે, ત્યાં અનંત ગુણ અને અનંતા ધર્મો એક સમયમાં જણાઈ જાય છે. એટલે સવિકલ્પદશામાં આવતાં નયો પ્રત્યે અને નયોના વિષય પ્રત્યે ઉદાસ છે એ. ઉપેક્ષા વર્તે છે, અપેક્ષા નથી

એની, એમ. **ઉદાસીન વર્તે છે; જેથી કોઈ નયનું એકાંત ખંડન થતું નથી**, નય પ્રત્યે ઉદાસીન છે ને, એ એકાંતે નયનું ખંડન પણ નહિ અને એકાંતે નયનું મંડન પણ નહિ. નયો છે, નયોના વિષય પણ છે, પણ એની ઉપેક્ષા વર્તે છે અને ભગવાન આત્માની અપેક્ષા વર્તે છે. **જેટલી જેની યોગ્યતા છે, તેટલી તે નયની સત્તા જ્ઞાની પુરુષોને સંમત હોય છે.**

લ્યો, એકેક વાકય સોનેરી છે. **ઓગણીસસેં ને સુડતાળીસે, સમકિત શુધ્ધ પ્રકાશ્યું રે.** આ સમ્યગ્દૃષ્ટિ થયા પછી એ નયો પ્રત્યે ઉદાસ છે. ઉદાસ એટલે નયોનો જ્ઞાતા છે પણ નયનો પક્ષપાત નથી. આ નયથી જ અનુભવ થાય અને આ નયથી જ એનું સ્વરૂપ સમજાય એવો પક્ષપાત નથી. જ્ઞાનથી જણાય એમ કહે છે, નયથી ન જણાય. નયજ્ઞાનમાં વિકલ્પ ઉત્પન્ન થાય, આકુળતા ઉત્પન્ન થાય, દુ:ખ થાય. અને આત્મજ્ઞાનમાં અનાકુળ આનંદ પણ આવે અને અનંત ધર્મો અને અનંત ગુણોને એક સમયમાં જાણી લે, યુગપદે અક્રમે.

જેમ કેવળી ભગવાન એક સમયમાં કેવળજ્ઞાન વડે અનંત પોતાના ગુણો અને અનંત ધર્મો એને એક સમયમાં જાણે છે, બે સમય ન લાગે. એવી રીતે શ્રુતજ્ઞાની પણ જ્યારે સ્વભાવની સન્મુખ થઈ નિર્વિકલ્પધ્યાનમાં જાય છે, અતીન્દ્રિયજ્ઞાન વડે આત્માને જાણે છે, ત્યારે આત્મામાં રહેલા અનંત ગુણો અને અનંત ધર્મો એક સમયમાં જણાઈ જાય છે.

એકેક ગુણને જાણવા જાય અને એકેક ધર્મને જાણવા જાય તો નયો ઊભી થાય છે. નયો ઊભો થતા આત્માનો અનુભવ નાશ પામે છે. માટે (જ્ઞાની) નયો પ્રત્યે ઉદાસ છે. આત્માને અનુભવવાનું નય સાધન નથી.

મુમુક્ષુ: એકેકને જાણવા જતાં ઈન્દ્રિયજ્ઞાન જ ઊભું થાય છે.

પૂ. લાલચંદભાઈ: ઊભું થાય છે. કેમ કે એક ધર્મને જાણે તો બીજા અનંત ધર્મોને જાણવાનું રહી જાય છે, ઈચ્છા ઉત્પન્ન થાય, ઈચ્છાનો નિરોધ ન થાય. અને અંતરમાં જતાં, આત્માને જાણતાં એક સમયમાં બધું જણાઈ જાય છે, એટલે જાણવાનો કોઈ વિષય બાકી ન રહ્યો, એટલે ઈચ્છા ઉત્પન્ન થતી નથી, એટલે અનિચ્છક અને અપરિગ્રહી કહ્યો. અનુભવમાં આ સ્થિતિ છે. આહાહા!

કોઈ (નય)નું ખંડન કરતો નથી, કોઈ નયનું મંડન કરતો નથી. નયોનો જ્ઞાતા છે છતાં ઉદાસ છે, એને સાધન માનતો નથી. **જેટલી જેની યોગ્યતા છે,**

**તેટલી તે નયની સત્તા જ્ઞાની પુરુષોને સંમત હોય છે.** નયોનો જ્ઞાતા છે અને નયોનો જે વિષય છે એનો પણ જ્ઞાતા થઈ ગયો. નયનો જ્ઞાતા છે, નયનો જ્ઞાતા છે એટલે? જે માનસિક જ્ઞાન છે ને, એ નય છે, એનો જ્ઞાતા છે. એના પ્રત્યે પણ ઉપેક્ષા છે, એને એ જ્ઞાન માનતો નથી. અને એના દ્વારા જે ધર્મો જણાય એના પ્રત્યે પણ ઉદાસ છે. છે બધું, નયો પણ છે અને એના વિષયો છે, અનંત ગુણ છે, અનંત ધર્મો છે પણ ઉદાસ છે એના પ્રત્યે. જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિ પ્રગટ થઈ ગઈ છે. જ્ઞાનશક્તિ એટલે આત્માને અનુભવે છે જ્ઞાની, તે જ્ઞાનશક્તિ. અને જેટલા ધર્મો (અને) ગુણો છે તેને જાણે છે તટસ્થ રીતે, તટસ્થતા, વીતરાગતા, એનું નામ ઉદાસીનતા, કોઈ પક્ષપાત નહિ. આહાહા!

**માર્ગ જેને નથી પ્રાપ્ત થયો એવા મનુષ્યો 'નય' નો આગ્રહ કરે છે**, એ આગ્રહી છે. આહાહા! ઓલો નયો પ્રત્યે ઉદાસ છે, અનુભવી. **અને તેથી વિષમફળની પ્રાપ્તિ હોય છે**, અજ્ઞાની જીવને**.** વિકલ્પ એટલે દુ:ખ થાય.

**કોઈ નય જ્યાં દુભાતો નથી**, ક્યાંથી દુભાય? એક સમયમાં અનંત ગુણો અને અનંત ધર્મો, એને વિષય કરનારી એકેક નય, એને એક સમયમાં જાણી લીધી. આહાહા! નયજ્ઞાનની ઉત્પત્તિ જ ન થઈ, અતીન્દ્રિયજ્ઞાનની ઉત્પત્તિ થઈ, એમાં નયોના સ્વરૂપને અને એના ધર્મોને જાણી લીધા એણે અંદર જઈને. આહાહા! એક ગુણ પ્રત્યે (પણ) ઉપયોગ જાતો નથી તેમ એક ધર્મ પ્રત્યે (પણ) ઉપયોગ જાતો નથી, ધર્મી પ્રત્યે ઉપયોગ લાગેલો છે, એમાં ધર્મો જણાય જાય છે. આહાહા! એકેક ધર્મ પ્રત્યે ઉપયોગ જાતો નથી, એકેક ગુણભેદ પ્રત્યે ઉપયોગ જાતો નથી. આહાહા! સામાન્ય ઉપર જ્યાં ઉપયોગ લાગ્યો, ત્યાં સામાન્ય-વિશેષ બધું આખું જ્ઞેય, અનંત ગુણાત્મક અને અનંત ધર્માત્મક આખું જ્ઞેય, ધ્યેય પૂર્વક જ્ઞેય થઈ જાય છે, જણાઈ જાય છે. આહાહા! ધ્યેયનું ધ્યાન અને જ્ઞેયનું જ્ઞાન, સમય એક. જ્ઞેય એટલે અંદરનો આ આત્મા જ્ઞેય, આ છ દ્રવ્ય જ્ઞેય નથી, છ દ્રવ્ય જ્ઞેય નથી. છ દ્રવ્ય ધ્યેય પણ નથી અને છ દ્રવ્ય જ્ઞેય પણ નથી. આહાહા!

આ તો નિર્વિકલ્પધ્યાનમાં જાય છે આત્મા, ત્યારે સામાન્ય આત્મા ધ્યેય થાય છે. સામાન્ય-વિશેષ આખો આત્મા અનંત ગુણનો પિંડ અને અનંત ધર્મોનો પિંડ (જણાઈ જાય છે). ધર્મો પણ જે રીતે, જે સમયે, જે પર્યાયના, જ્યાં જેમ છે તેમ જાણી લે છે. અધૂરી પર્યાયનો ધર્મ છે તો અધૂરી પર્યાયપણે જાણે છે એ, પણ એના

પ્રત્યે લક્ષ નથી. આ વાત કોઈ અપૂર્વ છે, અપૂર્વ છે. સમજી ગયા? આહાહા! નિર્વિકલ્પધ્યાનની વાત, સવિકલ્પમાં આવીને આ ધર્માત્મા કહે છે. એકાવતારી પુરુષ થઇ ગયા. ૧૯૪૭ની સાલનું છે આ. એ વર્ષમાં એને અનુભવ થયો. અનુભવ પછીની આ વાત છે, કે નયોનો જ્ઞાતા, બે નયોનો જ્ઞાતા છે. (આ) આવી ગયું (ચર્ચામાં) આપણે કાલે બે નયોમાં, પછી અનંત નયો આવી ગઈ. આહાહા!

**કોઈ નય જ્યાં દુભાતો નથી** એટલે ખંડન-મંડન નથી. નયોનો જ્ઞાતા થઈ ગયો. **એવા જ્ઞાનીના વચનને અમે નમસ્કાર કરીએ છીએ.** આહાહા! નયોનો જ્ઞાતા થયો છો, નયનો પક્ષપાત નથી. પક્ષપાત નથી, નયનો જ્ઞાતા છે. આહાહા! નયનો જ્ઞાતા છે પણ નય સન્મુખ થઈને નહિ, એ ખૂબી છે. એકેક નય તો ખંડજ્ઞાન છે, એની સન્મુખ નથી. **જેણે જ્ઞાનીના માર્ગની ઈચ્છા કરી હોય, એવા પ્રાણીએ** એટલે જેને જ્ઞાની થવું હોય **એવા પ્રાણીએ નયાદિકમાં ઉદાસીન રહેવાનો અભ્યાસ કરવો**. નયનો પક્ષપાત છોડી દેવો. નયો છે, એકેક નય એકેક ધર્મને વિષય કરે છે. ઠીક છે, બસ! આહાહા! પણ એકેક ગુણ અને એકેક ધર્મ પ્રત્યે વળીને એને હું જાણું, એ મારો સ્વભાવ નથી. આહાહા!

**એવા પ્રાણીએ નયાદિકમાં ઉદાસીન** (એટલે) નય, નિક્ષપ અને પ્રમાણ, એમાં ઉદાસ થવું જોઈએ, રહેવું જોઈએ, એમ. એને સાધન ન માનવું, એમ. **રહેવાનો અભ્યાસ કરવો; કોઈ નયમાં આગ્રહ કરવો નહિ અને કોઈ પ્રાણીને એ વાટે દુભાવવું નહિ.** તે નયથી જે સ્વરૂપ કહ્યું હોય તે સ્વરૂપ સમજી એના પ્રત્યે ઉદાસ થઇ અને એ ધર્મનું લક્ષ છોડી અને ધર્મીને જાણો, બસ! ધર્મનું લક્ષ છોડીને (ધર્મીને જાણો). આહાહા! એટલે ધર્મ રાખ્યો, ધર્મનું લક્ષ છોડાવ્યું અને ધર્મીનું લક્ષ કરાવ્યું, અને ધર્મીનું લક્ષ થતા ધર્મોનું જ્ઞાન થઇ ગયું. ધર્મોની સન્મુખ થયા વિના, ધર્મોની સન્મુખ થયા વિના ધર્મોનું જ્ઞાન ધર્મીને આશ્રયે થાય. આહાહા!

જેમ, આવે છે દૃષ્ટાંત, દૂધિયું હોય ને, દૂધિયું કહે ને? દૂધિયામાં તો ઘણી વસ્તુઓ હોય, એલચી, કેસર, બદામ આદિ. તો એ પીએ તો ૧૦૦ ચીજ નાખી હોય, તો ૧૦૦ (ચીજ)નું એમાં જ્ઞાન થઈ જાય. પણ એ સ્વાદ બધાનો આવે, પણ એ જો સ્વાદ વખતે વિચાર કરવા જાય, કે (આ) એલચીનો સ્વાદ અને (આ) કેસરનો સ્વાદ, તો એમાં અનુભવ ન આવે. પણ અનુભવમાં બધું આવી જાય. આહાહા!

૧૦૦ છે, એના પ્રત્યે, એકેક ધર્મ પ્રત્યે જ્ઞાન નથી વળતું.

મુમુક્ષુ: નહિ-નહિ, તેનો લક્ષ નથી.

પૂ. લાલચંદભાઈ: લક્ષ નથી તો સ્વાદ લેતો હોય? (નહિ, અભેદનો) સ્વાદ લે છે એ તો બસ! અતીન્દ્રિયજ્ઞાન અને આનંદના સ્વાદમાં પડયો છે, બધું જણાઈ જાય. બધું જણાઈ જાય, જાણતો નથી પણ જણાઈ જાય છે.

**એવા પ્રાણીએ નયાદિકમાં ઉદાસીન રહેવાનો અભ્યાસ કરવો; કોઈ નયમાં આગ્રહ કરવો નહિ અને કોઈ પ્રાણીને એ વાટે દુભાવવું નહિ, અને એ આગ્રહ જેને મટયો છે,** આહાહા! આગ્રહ મટયો (એટલે) નયનો પક્ષપાત (મટયો). આગ્રહ એટલે પક્ષપાત. **મટયો છે, તે કોઈ વાટે પણ પ્રાણીને દુભાવવાની ઈચ્છા કરતો નથી.** ચાલો આગળ.

મુમુક્ષુ: **આગમનો મર્મ જ્ઞાનીના હૃદયમાં હોય છે. શ્રી પંચાધ્યાયીકારે પણ કહ્યું છે કે, નિશ્ચયનયાવલંબી પણ મિથ્યાદૃષ્ટિ છે, એ વાતનું રહસ્ય મહનીય ગુરુ જ સમજાવી શકે છે, એ વાતનો ધન્ય પળે થયેલી પૂજ્ય ભાઈશ્રીના શ્રીમુખે થયેલી ચર્ચા દ્વારા પ્રત્યક્ષ અનુભવ થાય છે. જે અતિ નિકટ ભવ્ય જીવ આ પરમ વીતરાગતામયી ઉત્તમ વચનોને માથે ચઢાવશે અને હૃદયમાં ધારશે એ અવશ્યમેવ પક્ષાતિક્રાંત થઈ સાક્ષાત્ જ્ઞાતા થયો થકો પરમાનંદને અનુભવશે અને અલ્પકાળમાં પૂર્ણાનંદમયી મુક્તિનો મહાપાત્ર થશે. ભરતકુમાર ખીમચંદ શેઠ, રાજકોટ.**

પૂ. લાલચંદભાઈ: હવે આગળ.

મુમુક્ષુ: **'દ્રવ્યસ્વભાવ'.**

પૂ. લાલચંદભાઈ: આ અહીંયાં સુધી તો પ્રસ્તાવના થઈ ગઈ. શું આવવાનું છે આમાં, એની ભૂમિકા - ક્ષેત્ર-વિશુધ્ધિ. એટલે એ ખ્યાલમાં જો આવશે તો હવે(નું) ખ્યાલમાં આવશે. નહિતર એ ખ્યાલમાં (ન આવે), એ પ્રવેશદ્વાર કહ્યું ને? આમાં પ્રવેશવાનું એક દ્વાર કહ્યું, ક્ષેત્ર-વિશુધ્ધિ. આહાહા! એમાં શ્રીમદ્‌નું વાક્ય બહુ સરસ! આહાહા! જ્ઞાની નયો પ્રત્યે ઉદાસ છે, નયનો આગ્રહ નથી એટલે ઈન્દ્રિયજ્ઞાનનો આગ્રહ નથી, માનસિક જ્ઞાનનો આગ્રહ નથી, ખંડજ્ઞાનનો આગ્રહ નથી. નય છે એ ખંડજ્ઞાન છે. નયજ્ઞાન છે ને, એ ખંડજ્ઞાન છે. (એ) એકેક ધર્મને વિષય કરે છે. એક નય એક ધર્મને વિષય કરે, એક નય બધા ધર્મોને વિષય ન કરી

શકે, આવરી ન લે બધા ધર્મોને. આહાહા! અને અતીન્દ્રિયજ્ઞાન? એક સમયમાં આવરી લે, કાંઈ જાણવું બાકી ન રહે. ખંડજ્ઞાન અને અખંડજ્ઞાનમાં મોટો ફેર છે. નયજ્ઞાનમાં અને અતીન્દ્રિયજ્ઞાનમાં મોટો ફેર છે. નયનો વિષય એકેક છે, જ્ઞાનનો વિષય અનંત છે. એક સમયમાં કોળિયો કરી જાય જ્ઞાન.

ધ્યેયપૂર્વક જ્ઞેય થાયને, કાંઈ પણ જાણવાનું બાકી ન રહે. અને પોતાની જે પ્રકારે યોગ્યતા વર્તમાનમાં ધર્મોની ચાલે છે, એ ધર્મોને પણ જાણી લે. અબદ્ધને પણ જાણે અને બદ્ધને પણ જાણે, અકર્તાને જાણે અને કર્તાને (પણ) જાણે, બધાને જાણે. ધર્મો છે ને? કર્તા-ભોક્તા ધર્મો છે. આ એવું યોગ્યતા અનુસાર જેવી જેની યોગ્યતા હોય ધર્મોની...

મુમુક્ષુ: એ બધી સંમત હોય છે.

પૂ. લાલચંદભાઈ: હા, સમંત.

મુમુક્ષુ: જે પ્રકારે હોય એ પ્રકારે.

પૂ. લાલચંદભાઈ: એ પ્રકારે એ જ્ઞાનમાં સ્વીકાર છે એને. આહાહા! અપૂર્ણતા છે, એ અપૂર્ણતા ધર્મને જાણે છે અને દ્રવ્યનો પૂર્ણ ધર્મ છે, એને પણ જાણે છે, એક સમયમાં. દ્રવ્યદૃષ્ટિએ પૂર્ણ છું અને પર્યાય ધર્મથી જોતાં હું અપૂર્ણ છું. આહાહા! દ્રવ્યથી જોતાં આનંદનો કંદ છું અને પર્યાય ધર્મથી જોતાં થોડો આનંદ છે અને થોડું દુ:ખ પણ છે. એના તરફ લક્ષ નથી, જણાઈ જાય છે. કોઈ અચિંત્ય, નિર્વિકલ્પધ્યાનના કાળમાં આ રીતે જ્ઞેય થાય એ અચિંત્ય વાત છે. એટલે જ્ઞાન સાચું રહે છે, પર્યાયે સિદ્ધ થઈ ગયો એમ ન જાણે સાધક. આહાહા! પર્યાયે અપૂર્ણતા છે, તો એ અપૂર્ણ છે એ ધર્મ છે, એ પર્યાયનો ધર્મ છે, એ પર્યાયે ધર્મ ધારીને રાખ્યો છે, અપૂર્ણતા. થોડી વીતરાગતા અને થોડો રાગ, એ પર્યાયના ધર્મો છે. પર્યાયના જેવા ધર્મો છે એને જ્ઞાન જાણે છે.

ધર્મો જુદી ચીજ અને ગુણ જુદી ચીજ. ગુણમાં રાગ ન હોય. પર્યાયમાં વીતરાગભાવ અને પર્યાયમાં રાગ હોય. સમયવર્તી પર્યાય છે, ગુણ ત્રિકાળવર્તી છે. બધું આવી ગયું, અનંત ગુણો અને અનંત પર્યાયો, આવી ગયું બધું. બધું લઈ લીધું. આહાહા! નયો પ્રત્યે ઉદાસ છે. કોઈ નયનું એકાંતે ખંડન કે કોઈ (નયનું) એકાંતે મંડન, જ્ઞાની કરતો નથી. આહાહા! કેમ કે નયમાં કથંચિત્ છે. કથંચિત્નો જ્ઞાતા છે. આહાહા! નયોનો જ્ઞાતા છે. બે નયોનો જ્ઞાતા છે પણ કોઈ (નયનો) પક્ષપાત ગ્રહણ

કરતો નથી. આગ્રહ નથી એને, મધ્યસ્થ છે, ઉદાસીન છે એટલે મધ્યસ્થ છે. રાગ રહિતનું જ્ઞાન છે એ. અતીન્દ્રિયજ્ઞાન છે ને? એ રાગ રહિતનું જ્ઞાન છે.

આ તો પોતે જરા સ્થિર મને વિચાર કરેને તો બેસે એવું છે. બાકી છે સારું, શ્રીમદ્જીનું બહુ સારું. ૧૯૪૭નું છે, બોલો! જે વર્ષમાં સમ્યગ્દર્શન થયું એ વર્ષમાં એણે લખ્યું, નયાતિક્રાંત થઈને લખ્યું.

મુમુક્ષુ: એ જ લખી શકે ને?

પૂ. લાલચંદભાઈ: શોધી-શોધીને બધું આમાં (મૂક્યું). આહાહા!

ૐ

# દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ, પાનું ૧-૪
# રાજકોટ તથા જામનગર
# તારીખ: ઓકટોબર ૧૯-૧૦-૧૯૯૦ અને ૧૭/૧૮-૯-૧૯૯૧
# પ્રવચન LA ૪૦૮

મુમુક્ષુ: દ્રવ્ય સ્વભાવ.

પૂ. લાલચંદભાઈ: આ પુસ્તકનું નામ **દ્રવ્ય સ્વભાવ** અને **પર્યાય સ્વભાવ**. બે વિભાગ છે આમાં. એમાં પહેલા વિભાગનું વાંચન અત્યારે ચાલે છે. પહેલો વિભાગ, બીજો વિભાગ પછી આવશે.

મુમુક્ષુ: **એક દ્રવ્ય સ્વભાવ અને એક પર્યાય સ્વભાવ. બન્ને સ્વભાવથી જ જેવા છે તેવા છે. દ્રવ્ય સ્વભાવ એના પોતાના સ્વભાવથી જ અનાદિ-અનંત જેવો છે તેવો છે. અને જ્ઞાનની પર્યાયનો સ્વભાવ અનાદિ-અનંત જેવો છે તેવો છે**.

પૂ. લાલચંદભાઈ: એક દ્રવ્ય સ્વભાવ લીધો કેમ કે આત્મા જ્ઞાનમય છે. એટલે જ્ઞાનમય આત્મા એ દ્રવ્યનો પોતાનો સ્વભાવ છે અને એની પર્યાયમાં જ્ઞાન થાય છે. એ જ્ઞાનની પર્યાયનો પણ અનાદિ-અનંત જેવો છે તેવો એનો સ્વભાવ છે, એમ.

મુમુક્ષુ: **શાસ્ત્રમાં અનેક પ્રકારના કથનો આવશે. જેમ કે આત્મા અશુદ્ધ નિશ્ચયનયે રાગનો કર્તા છે અને નિશ્ચયનયે વીતરાગભાવનો કર્તા છે. ભાઈ! આ બધા વ્યવહારનયના કથનો છે, એને ઓળંગી જા-આત્મા રાગને કરતો નથી અને વીતરાગભાવને પણ કરતો નથી. આત્મા તો સ્વભાવથી જ અનાદિ-અનંત અકારક-અવેદક છે.**

પૂ. લાલચંદભાઈ: જેને પર્યાય ઉપર દૃષ્ટિ છે એને આ વાક્ય ખ્યાલમાં નહિ આવે. આ ત્રિકાળી દ્રવ્ય સ્વભાવની વાત ચાલે છે. Agenda (એજંડા, કાર્યસૂચિ) ઉપર શું અત્યારે વિષય છે એ એને લક્ષમાં લેવું જોઈએ.

મુમુક્ષુ: દ્રવ્ય સ્વભાવ.

પૂ. લાલચંદભાઈ: દ્રવ્ય સ્વભાવ અનાદિ-અનંત ટંકોત્કીર્ણ એક જ્ઞાયક જે ભાવ છે, એક જ્ઞાયક ભાવ અનાદિ-અનંત નિત્ય નિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષપ્રતિભાસમય (સમયસાર ગાથા ૩૨૦, જયસેનાચાર્યની ટીકા), ભગવાન જે આત્મા - દ્રવ્ય સ્વભાવ. બધા આત્માનો આવો સ્વભાવ છે, એમ! એ ખ્યાલમાં રાખે તો દ્રવ્ય સ્વભાવ ખ્યાલમાં આવે. આહાહા! દ્રવ્યનો સ્વભાવ, સ્વભાવથી જ અકારક-અવેદક છે. રાગને પણ કરતો નથી અને વીતરાગભાવને પણ કરતો નથી. દુ:ખને પણ ભોગવતો નથી અને આનંદને પણ ભોગવતો નથી. કર્તા અને ભોક્તાપણું પર્યાયનો ધર્મ છે. અકારક અને અવેદક એ દ્રવ્યનો ધર્મ છે, દ્રવ્યનો સ્વભાવ છે. બે ભાગલા જુદા છે. અત્યારે વાત ચાલે છે દ્રવ્ય સ્વભાવની.

પર્યાય દૃષ્ટિને ગૌણ કરવી. પર્યાય છે, એને સિદ્ધ કરવાવાળું જે જ્ઞાન છે, એને બંધ કરી દેવું અટાણે. અને પર્યાયથી ભિન્ન ભગવાન જે આત્મા અનાદિ-અનંત કેવો છે, આ એની વાત ચાલે છે, દ્રવ્યનો સ્વભાવ. આત્મા રાગને કરે અને વીતરાગભાવને કરે એ દ્રવ્યનો વિભાવ થઈ ગયો. શું કહ્યું? 'કરે છે' એમ આવ્યું ને? અકર્તાને કર્તા કહેવો, એ વિભાવ થઈ ગયો ને?

મુમુક્ષુ: બરાબર.

પૂ. લાલચંદભાઈ:નીલમ, થયો કે નહિ?

મુમુક્ષુ: બરાબર, વિભાવ થયોને. અકર્તાને કર્તા કહેવો, વિભાવ થયો.

મુમુક્ષુ: બરાબર છે હોં. અકારક-અવેદક.

પૂ. લાલચંદભાઈ: એને કર્તા-ભોક્તા કહેવો એ વિભાવ અને કર્તા-ભોક્તા માનવો તે મિથ્યાત્વ. છે અકર્તા અને અભોક્તા, અને માને છે કે હું આ પરિણામને કરું અને ભોગવું, એવી માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. આહાહા! આ તો ત્રિકાળી સ્વભાવ, જીવતત્ત્વનું શું સ્વરૂપ છે મૂળ? એ બતાવે છે. આના ઉપર નજર જાય તો કામ થાય! અકર્તાને કર્તા માને...

**ચર્ચા-૨**

નિગોદમાં દુ:ખને ભોગવતો નથી આત્મા, અત્યારે હોં! અત્યારની વાત છે. અને ભગવાન મહાવીર સુખને ભોગવતા નથી! સુખને ભોગવતા નથી તો શું દુ:ખને ભોગવે છે? હવે રહેવા દે, ભાઈ! તું આડોડાઈની વાત કર મા, બાપુ! આ તો કાંઈક ઊંચા પ્રકારની વાત છે. શાંતિથી. આહાહા! આ કઈ અપેક્ષાએ કથન ચાલે છે? આ સ્વભાવની અપેક્ષાએ કથન ચાલે છે. નયની વિવિક્ષા અત્યારે ગૌણ છે. ગૌણ છે અને અનુભવના કાળે એનો અભાવ છે. શું કીધું? સમજવાના કાળે, દ્રવ્ય સ્વભાવ જ્યારે સમજાવવામાં આવે ત્યારે નયના કથન ગૌણ થઈ જાય છે. પણ સાક્ષાત્ અનુભવ કરે ત્યારે કોઈ નય રહેતી નથી. આવશે એ. નયોની લક્ષ્મી ઉદય પામતી નથી. આવશે, બધું આમાં છે.

મુમુક્ષુ: પચ્ચીસ વર્ષ સુધી અકર્તા સમજાવ્યો છે આપે.

પૂ. લાલચંદભાઈ: હા, મેં સમજાવ્યો.

મુમુક્ષુ: આપે સમજાવ્યો.

પૂ. લાલચંદભાઈ: બરાબર છે.

મુમુક્ષુ:ત્યાર પછી ઘણાં ઊંડા મંથનમાંથી આ વાત આવી છે.

પૂ. લાલચંદભાઈ: આવે છે, બરાબર છે.

મુમુક્ષુ: એના પછીનો સ્ટેપ, હવે આવ્યું.

પૂ. લાલચંદભાઈ: આવ્યું હતું તો વહેલું, પણ ભાઈ એવું છે ને, કાળ પાકે ત્યારે બહાર આવે. અને આ પણ આગળ વધતું નહોતું. બહેનને મેં કહ્યું, મેં કહ્યું કે ભાઈ! આ વાત ઝીણી છે અને આ વાત એટલી પ્રચલિત બહાર આવી નથી અને આપણે આ વાત બહાર મૂકવી. આહાહા! બેહેને કહ્યુ, આ વાત તો મૂકવા જેવી છે. અને આ શાસ્ત્રમાં છે. આ વાત વીસ કળશમાં લીધી છે. શાસ્ત્રનો આધાર પણ હમણાં આવશે. આહાહા!

'નયાતિક્રાંત ભાખ્યો તે સમયનો સાર છે', નયથી આત્માનો અનુભવ થતો નથી. અનુભવના કાળે નય રહેતી નથી. આહાહા! નયોની લક્ષ્મી ઉદય પામતી નથી (સમયસાર કળશ ૯). નિશ્ચયનય અને વ્યવહારનય, બે પ્રકારના જે વિકલ્પ હતા નયના, એ ઉદય પામતા (નથી). પ્રમાણ અસ્ત થઈ જાય છે, પ્રમાણનો વિકલ્પ અને નિક્ષેપ ક્યાં ચાલ્યા જાય, અમે જાણતાં નથી. આહાહા! આ તો કાંઠે આવ્યો છે અને રહી ન જાય, અને અનુભવ થઈ જાય (એવી વાત છે). આહાહા!

દૂધ તો કઢેલું છે, હવે ખાલી મેળવણ નાખે તો દહી જામી જાય અને પછી એમાં માખણ થાય, છાશ નીકળી જાય. માખણમાંથી કચરો-મેલ નીકળી જાય અને ઘી થઈ જાય. આહાહા! છાશ નીકળી જાય, પછી માખણમાંથી મેલ નીકળી જાય, કીટાણું (મેલ) આવે છે. અને એકલું ઘી ચોખ્ખું (રહી જાય છે). આહાહા! સો ટચનું શુધ્ધ, કાંઈ વેજીટેબલ (ઘી) મિક્સ નહિ આમાં. એવી વાત છે.

**ન્યાય:- જો નિશ્ચયનયે આત્મા અકર્તા છે એમ તમે લક્ષમાં લેશો, તો આત્મા વ્યવહારનયે કર્તા છે, એ શલ્ય આવ્યા વિના રહેશે જ નહિ**. **તેથી નયથી વિચારો જ નહિ**, હવે, હવે **વસ્તુ નયાતીત છે**. વસ્તુ જે છે, દ્રવ્યનો સ્વભાવ તે નયાતીત છે. આહાહા! એમાં નય નથી અને એને પ્રસિધ્ધ કરનાર જ્ઞાન, એમાં પણ નય નથી. નય તો માનસિક જ્ઞાનનો ધર્મ છે. એ ઈન્દ્રિયજ્ઞાનનો ધર્મ છે, નય. વિકલ્પવાળી નય છે આ.

**દ્રવ્ય સ્વભાવ નયથી ખ્યાલમાં નથી આવતો. અનુભવમાં નથી આવતો**. **કેમ કે કોઈ નયથી અકર્તા છે-એમ નથી, સ્વભાવથી જ અકર્તા છે.** અનાદિ-અનંત. આહાહા! કોઈને નયનું જ્ઞાન ન હોય તો પણ અનુભવ થઈ જાય. નિશ્ચયનયે અકર્તા છે, એ સાંભળ્યું પણ ના હોય અને અનુભવ થઈ જાય છે. અને 'નિશ્ચયનયે અકર્તા છે' એ સાંભળ્યા પછી અનુભવ અટકે છે. નથી થતો એમ નથી કહ્યું, અટકે છે. એ નય છૂટી જાય તો અનુભવ તો થઈ જાય. એક-એક વાક્ય રહસ્યમય છે.

**આ તો જે બિલકુલ અજાણ શિષ્ય છે, જેને આત્મા ત્રિકાળ અકર્તા હોવા છતાં કર્તાબુધ્ધિ** થઈ **ગઈ છે, એને વ્યવહારનય અને** નિશ્ચયનય દ્વારા **નિશ્ચયનયથી સમજાવે છે**. **પણ હવે અત્યારે એવો કાળ આવ્યો છે કે આત્મા નિશ્ચયનયે અકર્તા છે - એમ છોડી દો**. નયના વિકલ્પ હવે છોડો. આહાહા! નિશ્ચયનયે અકર્તા-નિશ્ચયનયે અકર્તા છે, પણ તેથી શું? નિશ્ચયનયે અકર્તા છું એ તારો વિકલ્પ સાચો છે, વિકલ્પ ખોટો નથી, પણ તેથી શું? આહાહા! એમાં આત્માનો આનંદ આવતો નથી, માટે નયને છોડી દે, સ્વભાવની સમીપે જા.

**કેમ કે - જો નિશ્ચયનયથી આત્મા અકર્તા છે એમ તમે લેશો તો બીજી પ્રતિપક્ષ નય તમારા જ્ઞાનમાં ઊભી થશે**. કેમ કે નય સાપેક્ષ છે. **निरपेक्षा नया मिथ्या** (શ્રી દેવાગમ-સ્તોત્ર, ગાથા ૧૦૮) અને સાપેક્ષ નય સમ્યક્ કહેવાય, પરસ્પર

સાપેક્ષ, નિશ્ચયનયે આમ અને વ્યવહારનયે આમ. આહાહા! કહે છે **પ્રતિપક્ષ નય તમારા જ્ઞાનમાં ઊભી થશે અને મિથ્યાત્વ રહેશે. પણ સ્વભાવથી જુઓ તો કોઈ નયની અપેક્ષા જ નથી.** આહાહા! થોડું સૂક્ષ્મ તો છે. આશીષ કહે કે આ અમને આમાં કાંઈ મગજમાં ઉતરતું નથી. આ નયનું સ્વરૂપ જ ખ્યાલમાં આવતું નથી કે નિશ્ચયનય શું અને વ્યવહારનય શું? પછી કાલ લીધું હતું થોડુંક એના માટે. આહાહા!

**જેમ કે,** હવે દૃષ્ટાંત આપવામાં આવે છે. દૃષ્ટાંતથી વધારે ખ્યાલ આવે. **જેમ કે અગ્નિ ઉષ્ણ છે. કઈ નયથી?** આહાહા! કોઈ કહે અગ્નિ ઉષ્ણ છે. જ્ઞાનીએ કહ્યું અગ્નિ ઉષ્ણ છે, તો શિષ્ય કહે, સાહેબ કઈ નયથી ઉષ્ણ છે? આહાહા! શ્રી ગુરુએ કહ્યું અગ્નિ ઉષ્ણ છે. કે સાહેબ, કઈ નયથી ઉષ્ણ છે?

એવો એક બનાવ બની ગયો. એવો બનાવ બન્યો કે થોડા શિષ્યો ભણવા આવતા હતા. એક વખત ગુરુએ કહ્યું કે પહેલાં 'અગ્નિ લાકડાને બાળે તેને અગ્નિ કહેવામાં આવે'. બીજે દિવસે બીજો પાઠ આપ્યો, 'અગ્નિ ઉષ્ણ છે'. ઓલો, પહેલાં દિવસનો એ પાઠ નીકળી ગયો- 'અગ્નિ ઉષ્ણ છે'. પછી ત્રીજા દિવસે એમ કહે 'અગ્નિ તો અગ્નિ છે'. એમ ત્રણ પાઠ આપ્યા. ચોથા દિવસે એને પરીક્ષા કરવાનું મન થયું. એક શિષ્યને મોકલ્યો. બાજુના રૂમમાં, સગડી લાલધૂમ, કોલસાની, લાકડાની, એકદમ અંગારા લાલ દેખાય એકદમ, હોં! ધૂમાડો ન હતો એમાં, લાકડું પણ ન હતું. એને મોકલ્યો અંદર, જુઓ કે અંદરમાં અગ્નિ છે કે નહિ? લાકડાને બાળે તે અગ્નિ, લાકડાને બાળે તે અગ્નિ, લાકડાને બાળે તે અગ્નિ, લાકડાને બાળે તે અગ્નિ, સમજ્યા? એમ કરતા-કરતા ગયો.

સિધ્ધાંતમાં, જ્ઞેયને જાણે તે જ્ઞાન, જ્ઞેયને જાણે તે જ્ઞાન, જ્ઞેયને જાણે તે જ્ઞાન, સિધ્ધાંતમાં એમ આવશે. એવું લાકડું ગરી (ઘૂસી) ગયું હતું, લાકડું ગરી ગયું હતું, આવ્યો બહાર, ગુરુજી ત્યાં અગ્નિ નથી. કેમ અગ્નિ નથી? કારણ પૂછયું. કે લાકડાને બાળતી નથી, આપે જ સમજાવ્યું હતું. ઠીક સીટ ડાઉન, સીટ ડાઉન.

બીજા શિષ્યને ઊભો કર્યો, કે જાઓ, જુઓ જઇને બાજુના રૂમમાં અગ્નિ છે કે નહિ? ઉષ્ણ તે અગ્નિ, ઉષ્ણ તે અગ્નિ, ઉષ્ણ તે અગ્નિ, ઉષ્ણ તે અગ્નિ, ઉષ્ણ તે અગ્નિ. ઓલું પરાશ્રિત વ્યવહાર, આ ભેદરૂપ વ્યવહાર. ભણેલાને તો સમજી જાય બધા. ઉષ્ણ તે અગ્નિ. કે સાહેબ, ત્યાં અગ્નિ નથી. કે કેમ નથી? ઉષ્ણ તે અગ્નિ,

ઉષ્ણ તે અગ્નિ, ઉષ્ણ તે અગ્નિ. આહાહા! જુઓ, ધારણામાં ગોખેલું. ગોખણપટ્ટી હતી.

ત્રીજો ગયો, મોકલ્યો. તું જુઓ ઓમાં છે કાંઈ? એણે અગ્નિના અંગારા ઉપર સહેજ આમ આંગળી મૂકી. આખો હાથ મૂક્યો નહિ, હોં! આખો હાથ મૂકવાનું જરૂર પણ નથી. આમ આંગળીનું ટેરવું મૂક્યું અને આવ્યો. ગુરુજી! અગ્નિ છે. કે કેવી રીતે તમે જાણી શક્યા? કે અનુભવથી જાણ્યું. 'લાકડાને બાળે તે અગ્નિ', લાકડું (શલ્ય) - ભૂત ચાલ્યું ગયું. 'ઉષ્ણ તે અગ્નિ' (એ) ભેદ પણ ગયો. ધીરજ! પરાશ્રિત વ્યવહાર ગયો, ભેદાશ્રિત વ્યવહાર ગયો અને અભેદ વસ્તુ અનુભવમાં આવી. આહાહા! સાહેબ! કેવી રીતે? શું છે? અગ્નિ તો અગ્નિ જ છે, અગ્નિ તો અગ્નિ જ છે. 'જ' એમ! કથંચિત્ લાકડાને બાળે તે અગ્નિ અને કથંચિત્ ઉષ્ણ તે અગ્નિ એ બેય વ્યવહારના લાકડા (નીકળી ગયા), વ્યવહારના લાકડા નીકળી ગયા. આંગળી મૂકી દીધી.

એમ! અહીંયાં કહે છે. એવી રીતે શું લાકડું ઘૂસી ગયું છે હવે? કે પરને જાણે તેને જ્ઞાયક કહેવામાં (આવે છે), લોકાલોકને જાણે એને જ્ઞાન કહેવામાં આવે છે, દેવ-ગુરુ-શાસ્ત્રને જાણે તેને જ્ઞાન કહેવામાં આવે છે, છ દ્રવ્યને જાણે તેને જ્ઞાન કહેવામાં આવે, અસદ્‌ભૂત વ્યવહારના લાકડા એવા ઘૂસી ગયા, ઘડીકમાં નીકળે નહિ. પછી જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે આત્મા, એ ભેદનું લાકડું ગળી ગયું. આહાહા! પછી જ્ઞાયક તો જ્ઞાયક છે. બન્ને લાકડા નીકળી ગયા અને અનુભવ થઈ જાય, એવું છે આ. આ વ્યવહારના લાકડા અનાદિના છે, આજના નથી. આહાહા! લાકડા નડે છે એને બહુ, એટલે આ વસ્તુ ઘડીકમાં સમજાય પણ નહિ.

**જેમ કે, અગ્નિ ઉષ્ણ જ છે. કઈ નયથી? અરે! સ્વભાવથી જ ઉષ્ણ છે**. **પાણી શીતળ છે**. **કઈ નયથી? અરે! સ્વભાવથી જ શીતળ છે.** આહાહા! **જો નિશ્ચયનયે શીતળ છે** પાણી **એમ તમે લેશો તો વ્યવહારનયે ઉષ્ણ છે એમ આવી જશે**. પાણીને પાણીના સ્વભાવથી જુઓને! નયનું શું કામ છે? આહાહા! નિશ્ચયનય સાપેક્ષ છે ને? એટલે પ્રતિપક્ષ અપેક્ષા આવે છે. એને આમ પાણીને નિશ્ચયનયથી શીતળ જુઓ તો પ્રતિપક્ષ વ્યવહારનય તો ઊભી થાય જ. કેમ કે નય સાપેક્ષ હોય અને સ્વભાવ નિરપેક્ષ હોય. શું કહ્યું? શેઠીજી? નય છે એ સાપેક્ષ છે, પાણી નિશ્ચયનયે શીતળ છે તો વ્યવહારનયે ઉષ્ણ આવી જશે. વળી સાપેક્ષ

નયને છોડીને, પાણીના મૂળ સ્વભાવથી જુઓ, તો એ તો નિરપેક્ષ શીતળ, શીતળ અને શીતળ. એને નયની અપેક્ષા લાગુ પડતી નથી, એમ. **સ્વભાવથી શીતળ છે. જો નિશ્ચયનયે શીતળ છે એમ તમે લેશો તો વ્યવહારનયે ઉષ્ણ છે આવી જશે.**

**નિશ્ચયનય તો માત્ર સ્વભાવનો ઇશારો કરે છે.** નિશ્ચયનય તો માત્ર સ્વભાવનો ઇશારો કરે છે. વ્યવહારનયમાં તો સ્વભાવનો ઇશારો કરવાની શક્તિ પણ નથી. આહાહા! વ્યવહારનય તો અભૂતાર્થ અને અસત્યાર્થ છે, ઊંધું કથન કરે છે. **નિશ્ચયનય તો માત્ર સ્વભાવનો ઇશારો કરે છે. નિશ્ચયનયને વળગશો તો સ્વભાવ દૃષ્ટિમાં નહિ આવે. નિશ્ચયનયથી જુઓ તો આવો તારો સ્વભાવ છે, એમ નય માત્ર સ્વભાવનો ઇશારો કરે છે. પણ નિશ્ચયનયની પહોંચ સ્વભાવ સુધી નથી કેમ કે વસ્તુ નયાતીત છે.** નયથી અનુભવ થતો નથી. **અકારક, અવેદક વસ્તુનો સ્વભાવ છે. સ્વભાવ નયથી સિદ્ધ ન થાય, સ્વભાવ સ્વભાવથી જ સિદ્ધ થાય.**

હવે આ એક પારો છે, ટાઈમ થઈ ગયો છે પણ લઈ લઉં છું આ. **આત્મા પર્યાય માત્રથી ભિન્ન છે. માટે એને અનાદિ-અનંત કર્તાપણું લાગું પડતું જ નથી**, દ્રવ્યને. દ્રવ્ય પર્યાયને કરે નહિ કેમ કે પર્યાય ભિન્ન છે. ભિન્ન, ભિન્નને કેમ કરે? એકમાં બીજાની નાસ્તિ છે, તો પર્યાયને કેમ કરે? કે વ્યવહારનયે કરે, એમ. નિરજા! વ્યવહારનયે તો રાખવા દયો. આહાહા! **માટે એને અનાદિ-અનંત કર્તાપણું લાગુ પડતું નથી. આત્મા બંધનો પણ કર્તા નથી, અને મોક્ષનો પણ કર્તા નથી. કઈ નયથી?** બંધનો કર્તા નથી અને મોક્ષનો કર્તા નથી, તો કઈ નયથી કર્તા નથી? **અરે! સ્વભાવથી જ એ તો અકર્તા છે. કોઈ નય લાગુ પડતી નથી. આ દ્રવ્ય સ્વભાવની વાત થઈ.** હવે આ પર્યાય સ્વભાવની વાત કાલે આવશે. વખત થઈ ગયો. બે વાગી ગયા છે.

મુમુક્ષુ: આજે થોડું મોડું શરૂ થયું હતું.

પૂ. લાલચંદભાઈ: મોડું?

મુમુક્ષુ: આજે મોડું ચાલું થયું હતું, એમ કહે છે.

પૂ. લાલચંદભાઈ: તો પાંચ મિનિટ વધારે લઈએ. પાંચ મિનટ, લઈ લઈએ ચાલો.

મુમુક્ષુ: પહેલા પારામાં જરા.

મુમુક્ષુ: ફરીથી લઈએ.

પૂ. લાલચંદભાઈ: ફરીથી, છેલ્લો પારો. આત્મા, આ ત્રિકાળી જ્ઞાયકમૂર્તિ, ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા છે ને? એની દૃષ્ટિ કેમ થાય? અને અનુભવ કેમ થાય? અને આ સંસારનો અભાવ, પર્યાયમાંથી કેમ નીકળી જાય? અને પર્યાયમાં એનો અનુભવ, આનંદ કેમ આવે? એની વિવિક્ષાની વાત ચાલે છે.

**આત્મા પર્યાય માત્રથી ભિન્ન છે,** આહાહા! પર્યાય માત્રથી ભિન્ન છે તો સર્વથા ભિન્ન છે કે કથંચિત્ ભિન્ન-અભિન્ન છે, પર્યાય? કે સર્વથા ભિન્ન છે. **માટે એને અનાદિ-અનંત કર્તાપણું લાગુ પડતું નથી**. પર્યાય જો ભિન્ન છે... આ પુસ્તક ભિન્ન છે આત્માથી, તો આત્મા આનો 'કર્તા છે' એ લાગુ પડતું નથી. એમ પર્યાય દ્રવ્યને અડતી નથી, દ્રવ્ય પર્યાયને અડતું નથી. સત્તા એક છે અને સત્ બે છે. સત્તા એક છે અને સત્, એમાં બે છે. એમ, **उत्पाद व्यय ध्रौव्ययुक्तं सत्** (મોક્ષશાસ્ત્ર, અધ્યાય ૫, સૂત્ર ૩૦), સત્તા એક, પણ સત્ એમાં ત્રણ છે - ઉત્પાદ સત્, વ્યય સત્ અને ધ્રુવ સત્ છે. ઓલું સામાન્ય-વિશેષમાં બે સત્ છે, આ તો ત્રણ. આહાહા!

**આત્મા પર્યાય માત્રથી ભિન્ન છે.** પર્યાયમાં પર્યાય માત્ર એટલે કાંઈ બાકી ન રહ્યું, બંધ-મોક્ષની પર્યાય આવી ગઈ, નવતત્ત્વ એમાં આવી ગયા. નવતત્ત્વથી અત્યંત ભિન્ન છે, એમ શાસ્ત્રમાં વર્ણન છે. **અનાદિ-અનંત કર્તાપણું લાગુ પડતું જ નથી. આત્મા બંધનો કર્તા નથી.** આત્મા પહેલા બંધને કરે અને પછી બંધને છોડે અને પછી મોક્ષને કરે? એમ પછી કે પહેલા કાંઈ છે નહિ. એ તો પ્રથમથી જ અકારક છે. આહાહા! પહેલા બંધને કરે - મિથ્યાત્વને, અને પછી એ મિથ્યાત્વને છોડે, છોડ્યા પછી શું કરે? સમ્યગ્દર્શનને કરે, એવું કાંઈ છે નહિ. આહાહા!

આ તો દ્રવ્ય સ્વભાવની, અકારક-અવેદક, નિષ્ક્રિય પરમાત્માની, દૃષ્ટિના વિષયની વાત ચાલે છે. દૃષ્ટિના વિષયમાં કર્તાપણું છે નહિ. **આત્મા બંધનો કર્તા નથી**. બંધ એટલે મિથ્યાત્વ (એટલે) ભાવબંધનો કર્તા નથી. તો દ્રવ્યકર્મનો બંધ તો, બંધ ક્યાંથી કરે એને, દ્રવ્યકર્મને તો? ભાવબંધનો પણ કર્તા નથી. **અને મોક્ષનો**, કેવળજ્ઞાનનો **પણ કર્તા નથી.** આહાહા! કેવળજ્ઞાનની પર્યાય થાય છે એ વાત સાચી, પણ એના ષટ્કારકથી થાય છે, આત્મા કરે માટે થાય છે એમ છે નહિ. આહાહા!

**કઈ નયથી? અરે! સ્વભાવથી જ એ તો અકર્તા છે**. અરે! અકર્તા એવા જ્ઞાયકને દૃષ્ટિમાં લે, તારું કામ થઈ જશે. સ્વભાવ જ અકારક, અવેદક છે. કરે અને ભોગવે એવું ત્રિકાળી સ્વભાવમાં (નથી), કેમ કે નિષ્ક્રિય છે પરમાત્મા, ક્રિયાના કારક એમાં નથી. આહાહા!

**ચર્ચા-૩**

આ **દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ**ની પુસ્તિકા છે. અનાદિકાળથી આત્મા અનંત વાર જૈન થયો, શ્રાવકપણે નામે, નામે જૈન. અને દ્રવ્યલિંગી મુનિ પણ થયો અનંતવાર, નવમી ગ્રૈવેયકમાં પણ ગયો. ત્યારે એણે નય દ્વારા 'પર્યાયનો સ્વભાવ શું? દ્રવ્યનો સ્વભાવ શું?' એટલે નય દ્વારા વિચારમાં લીધુ. નય છે, એ મનનો ધર્મ છે. નય છે, એ જ્ઞાનનો ધર્મ નથી. અતીન્દ્રિયજ્ઞાન જે છે ને? એમાં નયોના વિકલ્પ ન હોય. પણ નયોના વિકલ્પ ઊઠે છે, એ મનના સંગે ઊઠે છે. એટલે નયજ્ઞાન છે એ પોતે ખંડજ્ઞાન છે, વિકલ્પરૂપ છે. અને નયો છે એ બંધનું કારણ છે.

વ્યવહારનયનો વિકલ્પ પણ બંધનું કારણ. નિશ્ચયનયનો વિકલ્પ છે એ પણ (બંધનું કારણ). વિકલ્પ માત્ર બંધનું કારણ છે. પછી વિકલ્પમાં કોઈ બે ભેદ ન પાડવા, કે આ અશુભનો વિકલ્પ અને શુભ વિકલ્પ. વિકલ્પ માત્ર બંધનું કારણ છે. એમ, જેમ શુભાશુભ ભાવ બંધનું કારણ છે, એમ નયોના વિકલ્પ પણ (બંધનું કારણ છે). વ્યવહારનયે આવો છે અને નિશ્ચયનયે જીવ આવો છે એવા જે વિકલ્પ ઊઠે છે એ પણ બંધનું કારણ છે. બંધનું કારણ હોવા છતાં પણ આત્માના દ્રવ્ય અને પર્યાયનો નિર્ણય કરવા માટે, પ્રાથમિક ભૂમિકામાં, એને વ્યવહારનયે સાધન પણ કહેવામાં આવે છે કે તેથી આડું અવળું ન કરે નિર્ણય. જેમ વસ્તુનો સ્વભાવ છે, દ્રવ્યનો અને પર્યાયનો, તે રીતે નિર્ણય કરવાનો એને કાળ હોય ત્યારે એને વિકલ્પ તથા પ્રકારના ઊઠે છે, નયોના વિકલ્પ.

એટલે નયોના વિકલ્પ દ્વારા એ ગૃહીત મિથ્યાત્વનો ત્યાગ કરે છે, કેમ કે અન્યમત્તમાં કોઈ નય વિવિક્ષા નથી, જૈનધર્મમાં નય વિવિક્ષા છે. એટલે ગૃહીત મિથ્યાત્વ ગયું અને અગૃહીત મિથ્યાત્વ રહ્યું. અને અગૃહીતમાં પણ, હવે અગૃહીત હતું પણ, અગૃહીતમાં પણ એ નય દ્વારા સ્વભાવનો વિચાર કરે છે. વ્યવહારનયને ગૌણ કરીને નિશ્ચયનયના વિકલ્પ દ્વારા એ જ્યારે સ્વભાવનો નિર્ણય કરે છે ત્યારે

અગૃહિત મિથ્યાત્વ પણ ગળવા માંડે છે. ટળતું નથી, પણ ગળે છે. જેમકે હું કર્મના સંબંધવાળો અને બંધવાળો છું, કર્મને કરું અને ભોગવું, એવો જે વ્યવહારનયનો પક્ષ એમાં તો મિથ્યાત્વ દૃઢ થતું હતુ. પણ હવે એ વ્યવહારનયને દૂર કરીને નિશ્ચયનયના વિકલ્પમાં આવે છે, કે મારો આત્મા તો ત્રિકાળ અબદ્ધ છે. કર્મનો સંબંધ મને થયો નથી અને કર્મના બંધમાં મારો આત્મા પૂર્વે નિમિત્ત કારણ પણ થયો નથી, કર્મના બંધમાં નિમિત્ત થવું, એ પણ મારો સ્વભાવ નથી. એમ નિશ્ચયનયના વિકલ્પ દ્વારા અબદ્ધ સ્વભાવને નિર્ણયમાં લે છે.

હું તો ત્રિકાળ મુક્ત છું, એમ ત્રિકાળ અકારક-અવેદક છું. એમ પોતાનો જે આત્મા જેવો છે એ આત્માને વિકલ્પ દ્વારા, મનના સંગ દ્વારા, રાગના સંબંધવાળા જ્ઞાન દ્વારા, જે જ્ઞાનનુ લક્ષ રાગ ઉપર છે હજી, એવા જ્ઞાન દ્વારા, એ વિચાર કરે છે વસ્તુનો, તો એને મિથ્યાત્વ તો ગળે છે પણ મિથ્યાત્વ ટળીને સમ્યગ્દર્શન થતું નથી. કે અહીંયાં સુધી આવ્યા પછી એને નયોના વિકલ્પ કેમ છૂટે અને સાક્ષાત અનુભવ કેમ થાય? એ હેતુએ આ પુસ્તિકામાં બધો વિસ્તાર આવ્યો છે. એમાં દ્રવ્ય સ્વભાવની વાત થઈ ગઈ. હવે પર્યાય સ્વભાવની વાત આવે છે.

પાનું ત્રીજું છે. **જ્ઞાનની પર્યાયનો સ્વભાવ**.

**આત્મા જ્ઞાતા છે. કઈ નયથી** જ્ઞાતા છે**?** એવો એક પ્રશ્ન ઊઠે કે 'જ્ઞાતા તો છે આત્મા, પણ કઈ નયથી જ્ઞાતા છે?', એમ! **અરે! સ્વભાવથી જ જ્ઞાતા છે**. જ્ઞાતા થાય છે કે જ્ઞાતા છે? જ્ઞાતા છે. કઈ નયથી જ્ઞાતા છે? કે સ્વભાવથી જ જ્ઞાતા છે. **વ્યવહારનયે જ્ઞાન પરને જાણે છે અને નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણે છે-**, કેમ કે ભગવાને બે નય કહી છે અને કોઈ એક નય છોડાય, છોડી જાતી પણ નથી. બે નયો છે, વ્યવહારનયે પરને જાણે, નિશ્ચયનયે સ્વને જાણે, **એમ નથી.** વ્યવહારનયે પરને જાણે છે એમ નથી અને નિશ્ચયનયે સ્વને જાણે છે એમ પણ નથી.

માંડ-માંડ નિશ્ચયનય સુધી આવ્યા, વ્યવહારનો નિષેધ કરતા-કરતા, કે નિશ્ચયનયે મારું જ્ઞાન મારા આત્માને જાણે. તો કહે છે એમાં અનુભવ થતો નથી. આહાહા! હવે, ત્યારે શું છે? **અનાદિ-અનંત,** જુઓ! આહાહા! સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય ત્યારે આત્માને જાણે, એની પહેલા આત્માને ન જાણે, એમ છે નહિ. 'અનાદિ-અનંત' શબ્દ વાપર્યો છે.

**અનાદિ-અનંત જ્ઞાનની પર્યાય આત્માને જાણવારૂપે જ પરિણમે છે.** અનાદિ-અનંત આત્મા જેમ દ્રવ્યરૂપે છે, એમ એની એક સ્વભાવરૂપ પર્યાય જેને ઉપયોગ લક્ષણ કહેવાય, જેને ચૈતન્ય અનુવિધાયી પરિણામ કહેવામાં આવે છે, એવી જ્ઞાનની પર્યાય, દશા, હાલત, પરિણામ અનાદિ-અનંત પ્રગટ થાય છે. અને એ પર્યાય પ્રગટ થાય છે તે **આત્માને જાણવારૂપે જ પરિણમે છે.** પરને જાણવારૂપે પરિણમતી નથી. **એ જ્ઞાન આત્માને જ પ્રસિધ્ધ કરે છે.** 'જ' લગાડયું છે. એ જે જ્ઞાન ઉત્પાદરૂપ થાય છે એ ઉત્પાદરૂપ પર્યાય ધ્રુવને જ પ્રસિધ્ધ કરે છે, પરને નહિ. અને એ પર્યાય, ઉત્પાદ-વ્યયને પણ પ્રસિધ્ધ ન કરે. એ પર્યાય ધ્રુવને જ પ્રસિધ્ધ કરે છે, જ્ઞાયકને જ પ્રસિધ્ધ કરે છે.

જાણનાર ત્રિકાળી ભગવાન આત્મા એને જ જાણતી ઉદય થાય છે અને એને જાણતી જાણતી અસ્ત થાય છે. જાણતી જ ઉદય થાય અને જાણતી જ અસ્ત થાય. જ્યાં એક પર્યાય અસ્ત થઈ ત્યાં બીજી પર્યાયનો ઉત્પાદ થાય. આહાહા! એને અને એને જ જાણે-એને અને એને જ જાણે. પહેલી પર્યાયે જેને જાણ્યું, પછી બીજી પર્યાય, પહેલી પર્યાય તો વ્યય થઈ ગઈ, પછી બીજી પર્યાયે બીજાને જાણે, ત્રીજી પર્યાય પોતાને જાણે, એમ વારાફરતી કાંઈ હશે નહિ પર્યાયમાં? પર્યાય, એનો વિષય બદલાવતો હશે કે નહિ? જ્ઞાનનો પર્યાય, એનો વિષય બદલાવતો નથી. આહાહા! આ જ્ઞાનની પર્યાયના સ્વભાવની વાત ચાલે છે. આ સમ્યગ્જ્ઞાન-મિથ્યાજ્ઞાનની વાત નથી. જ્ઞાનની પર્યાયનો અનાદિ-અનંત એવો સ્વભાવ છે, કે એ જ્ઞાન જે ઉત્પન્ન થાય છે તે પોતાના આત્માને જ જાણતું પ્રગટ થાય છે, કેમ કે ઉપયોગથી આત્મા અનન્ય છે. વળી એ ઉપયોગમાં ઉપયોગ જ છે અને કોઈ ઉપયોગમાં ક્રોધાદિ નથી (સમયસાર ગાથા ૧૮૧). આહાહા! એટલે ક્રોધને તો પ્રસિધ્ધ કરતી જ નથી કેમ કે ઉપયોગમાં ક્રોધાદિ નથી. તો છ દ્રવ્ય (ઉપયોગમાં) નથી, તો છ દ્રવ્યને ક્યાંથી પ્રસિધ્ધ કરે? પણ એ ઉપયોગમાં તાદાત્મ્યપણે, અનન્યપણે આત્મા બિરાજમાન છે, એને પ્રસિધ્ધ કરતી પ્રગટ થાય છે. બીજા સમયે બીજી પર્યાય, ત્રીજા સમયે ત્રીજી પર્યાય, પણ પ્રગટ તો એ સામાન્યને જ કરે છે. જેનું વિશેષ હોય, જે સામાન્યનું વિશેષ હોય, તે વિશેષ તેના જ સામાન્યને પ્રસિધ્ધ કરે, બીજાને (ન કરે). આહાહા! સિધ્ધાંત.

મુમુક્ષુ: બધા ગુણની પર્યાય?

પૂ. લાલચંદભાઈ: શું?

મુમુક્ષુ: બધા ગુણની પર્યાય?

પૂ. લાલચંદભાઈ:જ્ઞાનની પર્યાય આત્માને પ્રસિદ્ધ કરે છે, એમ ખ્યાલમાં આવે તો બધી પર્યાય અંતર્મુખ થઈ જાય છે. જ્ઞાનની પર્યાય પરને જાણે છે તો બધી પર્યાય અંતર્મુખ થતી નથી. જ્ઞાન પર્યાય સરદાર છે, સરદાર.

એક લશ્કરી કાયદો છે, લશ્કરનો. લશ્કરનો એવો કાયદો છે કે લશ્કર આમ જાતું હોય પૂર્વ દિશામાં, અને એનો જે commander (કમાંડર, સેનાપતિ) હોય ને, chief (ચીફ, સેનાપતિ), એ પૂર્વ દિશા તરફ જ એનું મોઢું હોય, પૂર્વ દિશા તરફ. પછી એને, ઉત્તર દિશા તરફ જવાનો વિચાર હોય એની યોજના પ્રમાણે, એટલે લશ્કરને કાંઈ કહે નહિ. પોતે મોઢું ફેરવે અને જ્યાં મોઢું પોતે ફેરવે, ત્યાં બધા મોઢું ફેરવી નાખે. મોઢું ફેરવે પણ ઓલો ચાલે નહિ, ત્યાં સુધી ચાલે નહિ. જ્યાં ઓલો (સેનાપતિ) ચાલવા માંડે, પૂછયા વિના (બધા) ચાલવા માંડે છે, સમજ્યા?

એમ જ્ઞાન છે ને? એ કમાંડર છે, ચીફ કમાંડર છે. કેમ કે જાગતો જીવતો દેવ, અથવા જે પ્રગટ લક્ષણ છે, એ જ્ઞાનની પર્યાયનું પ્રગટ લક્ષણ છે. શ્રદ્ધાની પર્યાય પ્રગટ નથી, સમ્યગ્દર્શન નથી. ચારિત્રની વીતરાગ પર્યાય પ્રગટ નથી. સુખ-દુ:ખની, અતીન્દ્રિય સુખની પર્યાય પ્રગટ નથી. આહાહા! પણ આ જ્ઞાનની પર્યાય તો સ્વભાવનો અંશ છે, મોક્ષમાર્ગપ્રકાશમાં (અધિકાર ૨, નવીન બંધ કેવી રીતે થાય છે) લીધું છે. કેમ કે જેવી રીતે સૂર્યનો પ્રકાશ છે, એ વાદળના વિઘટનથી જેટલો પ્રકાશ ઉદય થાય છે એ સ્વભાવનો અંશ છે અને એ સૂર્યને જ પ્રસિદ્ધ કરે છે. એમ આત્મા, એનું જ્ઞાન જે છે, સ્વભાવનો અંશ પ્રગટ થાય છે, તે આત્માને પ્રસિદ્ધ કરે છે. એ બંધનું કારણ નથી, રાગ-દ્વેષ-મોહ બંધનું કારણ છે. નવિન બંધનું કારણ શું? એમ (૨૯) પાના ઉપર (૨૯-૩૦) પાના પર લીધું છે. (૨૯)માં મથાળું છે અને (૩૦)માં એનો જવાબ છે.

એવી રીતે આ ભગવાન આત્મા છે, એ સમય નામનો પદાર્થ છે. એ સમય નામનો પદાર્થ પુરો ક્યારે કહેવાય? કે દ્રવ્ય-ગુણે તો સમાનતા છે પણ એની પર્યાયમાં જાણવાની દશા પ્રગટ થાય છે. સમયનું વર્ણન કરતા સમયસારની બીજી ગાથામાં કહ્યું, કે યુગપદ એક સાથે જાણે પણ છે અને જાણવારૂપે પરિણમે પણ છે. એવું પદાર્થનું સ્વરૂપ જ છે, સ્વયં સિદ્ધ. આહાહા! એ કોઈ નયથી આત્માને

જાણે છે અને નયથી જ્ઞાન પ્રગટ થાય છે, એમ છે નહિ. કોઈ કર્મ માર્ગ આપે તો પ્રગટ થાય એમ છે (નહિ).

સ્વભાવ નિરપેક્ષ હોય છે, ભાઈ! સ્વભાવને કોઈની અપેક્ષા ન હોય. આહાહા! એમ, જ્ઞાન સત્ અહેતૂક છે, એને કોઈ હેતુ નથી. (જ્ઞાન) સ્વયં, સ્વયં પ્રગટ થાય છે અને એ સ્વયં પ્રગટ થતી, કે જેનો એ વિશેષ છે એને જ એ પ્રગટ કરે છે. સામાન્ય આત્મા છે અને એનું વિશેષ ઉપયોગ છે, રાગ એનું વિશેષ નથી. આહાહા! તો એ ઉપયોગ જે છે, એ ઉપયોગથી આત્મા અનન્ય છે. ઉપયોગ અને આત્મા ભિન્ન નથી. તેથી તે ઉપયોગ આત્માને પ્રસિદ્ધ કરે છે, એ પર્યાયનો પોતાનો સ્વભાવ છે, એમ! જ્ઞાનની પર્યાયનો સ્વભાવ જ એવો છે કે એ આત્માને પ્રસિદ્ધ કરે. આહાહા! **અનાદિ-અનંત** કહ્યું ને? **અનાદિ-અનંત જ્ઞાનની પર્યાય આત્માને જાણવારૂપે જ પરિણમે છે.** અહીંયાં અતીન્દ્રિયજ્ઞાન કે ઈન્દ્રિયજ્ઞાન કે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન કાંઈ ન લેવું. સામાન્ય ઉપયોગ છે આ, સ્વભાવનો અંશ છે.

આ હરીશચંદ્રભાઈ આવતા થઈ ગયા એ સારું થયું. અને મને વિચાર આવ્યો હતો, તમે કહ્યું કે હું તો નહિ આવી શકું, બે દિવસ પછી આવીશ, પણ એક ટિકિટ કેન્સલ નથી કરાવતા. મૈં કહ્યું સારું કહેવાય, એટલું સારું કહેવાય. આહાહા! એ જ્યાં-ત્યાં જાઓ છો ને? એમાં કાંઈ છે નહિ વાતમાં માલ. કુંદકુંદભગવાન પાસે જાઓ. ત્યાં માલ બધો મળશે, બાકી ક્યાંય છે નહિ. કુંદકુંદભગવાનને જેણે જાણ્યા એવા ગુરુદેવ પાસે જાઓ. બાકી ફાંફા મારવાના છે, જિંદગી પૂરી થઈ જશે.

મુમુક્ષુ: ગુરુદેવ પાસેથી આપની પાસે આવ્યા છીએ.

પૂ. લાલચંદભાઈ: અમે તો ટપાલી છીએ. એમની જે ટપાલ છે એ વહેંચીએ છીએ બધાને, ગુરુદેવે આવું કહ્યું છે. ગુરુદેવે આવું કહ્યું છે, અમને બેઠું (સમજમાં આવ્યું) છે એટલે અમે કહીએ છીએ. આહાહા!

મુમુક્ષુ: ગુરુદેવના પ્રતિનિધિ તમે જ છો.

પૂ. લાલચંદભાઈ: ઠીક છે. જુઓ, આ આવે તત્ત્વાર્થસૂત્રમાં **उपयोगो लक्षणम्** (અધ્યાય ૨, સૂત્ર ૮) જે દિગંબરનું મૂળ શાસ્ત્ર, આહાહા! હવે એને પણ ખબર નહિ કે આ ઉપયોગ શું છે? કોને જાણે છે અને શું કરે છે ઉપયોગ? ઉપયોગની ક્રિયા શું? અને એનો વિષય શું? એ પણ ખબર નહિ. ઉપયોગમાં જાણવાની ક્રિયા થાય, અને એ આત્માને જાણે, પરને જાણે નહિ. લક્ષ્યને પ્રસિદ્ધ

કરે અને અલક્ષ્યને પ્રસિધ્ધ ન કરે, એને લક્ષણ કહેવામાં આવે છે. આ પરિભાષા છે લક્ષણની, લક્ષ્યને પ્રસિધ્ધ કરે અને અલક્ષ્યને પ્રસિધ્ધ ન કરે. એ તો બરાબર છે ને? આહાહા! એનું નામ લક્ષણ કહેવાય. એ રાગને પ્રસિધ્ધ ન કરે. આહાહા! એ ન કરે તો કાંઈ નહિ, પણ વ્યવહારે તો રાગને જાણે ને? આહાહા! ભીંત ભૂલ્યા, પ્રભુ!

**અનાદિ-અનંત જ્ઞાનની પર્યાય આત્માને જાણવારૂપે જ પરિણમે છે. એ જ્ઞાન આત્માને જ** સમ્યક્એકાંત, આત્માને **પ્રસિધ્ધ કરે** અને પરને પ્રસિધ્ધ ન કરે. તો સ્વપરપ્રકાશક એનો સ્વભાવ ક્યાં ગયો? કે એમાં રહી ગયો. જ્ઞાનની પર્યાયમાં રહી ગયો, ઊડયો નહિ. તમે તો કહ્યું, એકલા આત્માને જાણે અને પરને ન જાણે, તો-તો સ્વપરપ્રકાશકમાં, પરને તમે ઊડાડ્યું? કે અમે ઊડાડ્યું નથી, તને એમ લાગે છે કે જ્ઞાનની પર્યાય આમ-આમ (પર લક્ષથી) જાણેને ત્યારે એને પરપ્રકાશક કહેવાય. એમ છે નહિ. તારી માન્યતા ઊંધી છે. જ્ઞાનની પર્યાયને આમ-આમ (પરનું લક્ષ) ન કરવું પડે. જ્ઞાનની પર્યાય આત્માને જાણતાં-જાણતાં, એમાં લોકાલોકનો પ્રતિભાસ થાય છે. આ પ્રતિભાસને પરપ્રકાશક કહેવાય. પરનું લક્ષ કરે તો ઉપયોગ રહેતો નથી.

મુમુક્ષુ: બહુ સરસ! બહુ સરસ!

પૂ. લાલચંદભાઈ: બહુ સરસ! સત્ય છે ને? એ appeal (અપીલ, આકર્ષણ) કરે અંદર. સત્ય છે ને? આત્મા બેઠો છે ને અંદર? એ આકર્ષણ કરે, અંદરથી હકાર આવે, હકાર આવે. આહાહા! **જ્ઞાન આત્માને જ પ્રસિધ્ધ કરે છે**, પરને નહિ, એમ. એ અસ્તિ-નાસ્તિ અનેકાંત છે.

**કઈ નયથી જ્ઞાનમાં આત્મા જણાય!** લ્યો! બીજો પારો આવ્યો. **કઈ નયથી જ્ઞાનમાં આત્મા જણાય અને કઈ નયથી ન જણાય?** કઈ નયથી જણાય અને કઈ નયથી આત્મા એમાં ન જણાય, એમ. **વ્યવહારનયથી ન જણાય અને નિશ્ચયનયથી જણાય-એમ નથી.** આ તો જ્ઞાનની પર્યાયના સ્વભાવની વાત છે. કે નયથી તો આમ સાંભળ્યું છે? હવે નયથી આગળની વાત ચાલે છે. તારી ધારણાને અંદર હમણાં deposit (ડિપોઝીટ, જમા) રાખી મુક. આહાહા! અને અનુભવ થાય ત્યારે એમ લાગે કે આ નયનું જ્ઞાન પણ ખોટું, અનુભવથી પ્રમાણ કરજો. **વ્યવહારનયથી ન જણાય**, જ્ઞાનમાં આત્મા **વ્યવહારનયથી ન જણાય અને નિશ્ચયનયથી જણાય**, સર્વજ્ઞ ભગવાને બે નય કહી છે, ચોખ્ખી વાત છે! -

**એમ નથી**. નિશ્ચયનયથી જણાય અને વ્યવહારનયથી જ્ઞાન આત્માને ન જાણે, નિશ્ચયનયે જાણે, **એમ નથી.** તું નય લગાડીશ તો એ જ્ઞાન જ પ્રગટ નહિ થાય, જાણવાની વાત તો પછી. આહાહા! જાણવાની વાત તો પછી. એ તો વિકલ્પ ઉત્પન્ન થયો.

**-એમ નથી**. **જ્ઞાન આત્માને,** જુઓ, એનો જવાબ આવ્યો ઉપરની બે લીટીનો. **જ્ઞાન આત્માને સ્વભાવથી જ અનાદિ-અનંત પ્રસિધ્ધ કરે છે.** આહાહા! અનાદિ-અનંત, માને તો પણ ઠીક અને ન માને તો પણ ઠીક. સૂર્યનો પ્રકાશ મકાનને પ્રસિધ્ધ કરે છે, સૂર્યને પ્રસિધ્ધ નથી કરતો - એમ કોઈ કહે ગાંડો તો? તો એ સૂર્યને પ્રસિધ્ધ નહિ કરે એનો પ્રકાશ? અંધારું થઈ જશે પ્રકાશમાં? નહિ થાય. એ જ્ઞાન આત્માને પ્રસિધ્ધ કર્યા કરે છે, સમયે-સમયે. આ અનુભવનો સહેલો ઉપાય છે. અનુભવનો સહેલામાં સહેલો ઉપાય છે. બધાથી સરળ આ છે. કેટલી યાત્રા કરવી? કેટલા ઉપવાસ કરવા? કેટલા વ્રત કરવા? કેટલા મંદિર બંધાવવા? આહાહા! કેટલા શાસ્ત્ર ભણવા? કેટલા નય-નિક્ષેપ-પ્રમાણ? કેટલી ડીગ્રી મેળવવી? આહાહા!

જ્ઞાન આત્માને જાણતું જ પ્રગટ થાય છે, પ્રસિધ્ધ કરતું જ પ્રગટ થાય છે. આહાહા! **અનાદિ-અનંત પ્રસિધ્ધ કરે છે**. **એને નયની અપેક્ષા જ નથી.** આહાહા! નય વચમાં નાખીશ ને? તો જ્ઞાન આત્માને જાણે છે એ તને ખ્યાલમાં આવશે નહિ. નયને વચમાં રાખ મા ભાઈ! આહાહા! નય તો બાધક છે, અનુભવ માટે બાધક છે. એ આવ્યું હતું, જે-જે સાધન તે-તે બાધક. **એને નયની અપેક્ષા જ નથી**, સ્વભાવને. **સ્વભાવમાં નય ન હોય**. જ્ઞાનની પર્યાય આત્માને જાણે છે. કઈ નયથી? પ્રશ્ન જ નથી, જ્ઞાનની પર્યાયનો સ્વભાવ જ છે. એ સામાન્યનું વિશેષ છે તો એ વિશેષ સામાન્યને પ્રસિધ્ધ કરે, કરે અને કરે. આહાહા! સામાન્ય-વિશેષ તો ખ્યાલમાં આવ્યું ને?

**એને નયની અપેક્ષા જ નથી. સ્વભાવમાં નય ન હોય અને સ્વભાવની સિધ્ધિ માટે, 'નય' માત્ર અંગુલિ નિર્દેશ કરે છે**. અનુમાન કરીને કહે છે, જે વ્યવહારનયમાં ફસાણો હતો એને એમ કહે છે, કે નિશ્ચયનયથી તો જ્ઞાન આત્માને જ જાણે છે, પરને જાણતું નથી. એટલો વ્યવહારનો નિષેધ કરવા માટે નિશ્ચયનયથી એને ઇશારો કર્યો. **અનુમાન સુધી લઈ જાય છે, બસ-** બસ, એની

મર્યાદા એટલી. અનુમાન જ્ઞાનમાં એમ આવ્યું કે મારું જ્ઞાન તો મારા આત્માને જ જાણે છે, પરને જાણતું નથી. એમ એના ખ્યાલમાં પહેલા લે છે, નય દ્વારા.

**તું નિશ્ચયનયે અકર્તા છો કે સ્વભાવથી જ અકર્તા છો?** કે સાહેબ! નિશ્ચયનયથી અકર્તા છે. શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી જોવામાં આવે તો અકારક અને અવેદક છે એમ શાસ્ત્રમાં લખ્યું છે. એનાથી આગળ વાત છે આ. લખ્યું છે એ સાચું છે પણ એ વિકલ્પ છે, એમાં અનુભવ ન થાય.

**હું તો સ્વભાવથી જ અકર્તા છું, પ્રભુ.** આહાહા! હવે, તારા કહેલા ઇન્દ્રજાળ, નયને હું ઓળંગુ છું અને હું મારા સ્વભાવની સમીપે જઈને જોઉં છું તો મને નયની અપેક્ષા નથી. આહાહા! **બસ, તો નયોના વિકલ્પ છૂટી જશે અને તને અનુભવ થઈ જશે. અનુભવની આ વિધિ છે.** જેને અનુભવ કરવો હોય ને? એને આ વિધિ બતાવવામાં આવે છે.

**જ્ઞાનની પર્યાય નિશ્ચયનયે આત્માને જાણે છે કે સ્વભાવથી જાણે છે?** નિશ્ચયનયથી જ્ઞાન આત્માને જાણે છે કે સ્વભાવથી જાણે છે?

મુમુક્ષુ: સ્વભાવથી જાણે છે.

પૂ. લાલચંદભાઈ: સ્વભાવથી જાણે છે. તો નિશ્ચયનયથી તો જૂઠી થઈ જશે? જૂઠી જ છે. આહાહા! થઈ જશે શું? એ તો જૂઠાલાલ છે. વિકલ્પ છે ને એ? નિશ્ચયનયનો વિકલ્પ પણ વસ્તુનો સ્વભાવ નથી. એ તો પ્રાથમિક શિષ્યોને સમજાવવા માટે હોય છે. આ તો એકદમ અંદર જાવાની વાત છે. સમજ્યો? આહાહા! આઠ વર્ષનો બાળક પણ અનુભવ કરી શકે. તું તો દસ બાર વર્ષનો થઈ ગયો હોઈશ, કે નહિ? ધીરજ નામ છે, ધીરજ એનું, એક નીરજ અને એક ધીરજ. અકલંક અને નિકલંક બે હતાને? હા, એમ આ. Powerful (પાવરફૂલ, શક્તિશાળી) છે, હોં! હા! તે દિવસ બોલતો હતો, ઓહોહો! ગજબ છે!

મુમુક્ષુ: મોટા પંડિતોને શરમ આવે એવું છે.

પૂ. લાલચંદભાઈ: હા! એવું છે.

મુમુક્ષુ: આત્મામાંથી આવે એવું.

પૂ. લાલચંદભાઈ: Spirit (સ્પીરિટ, જુસ્સા)થી બોલે પાછું હોં, આત્મા છે ને? આહાહા! અનંત ગુણથી ભરેલો આત્મા, ભગવાન આત્મા છે. કોણ બાળક, કોણ યુવાન ને કોણ વૃદ્ધ? એમાં કાંઈ છે નહિ. **બસ! તો નયના વિકલ્પ છૂટી જશે**

**અને તને અનુભવ થઈ જશે**, એમ કહે છે. જો તું નયને છોડી દઇશ તો તને અનુભવ (થઈ જશે). નયને પકડીશ ત્યાં સુધી અનુભવ નહિ થાય. આહાહા!

સોગાનીજીએ એક દૃષ્ટાંત આપ્યું, સોગાનીજીએ. એક પોપટ હતો, ઊડતો-ઊડતો એક આમ ભૂંગળીને પકડી લીધી, ફરતી ભૂંગળી. આમ-આમ ફરે, ભૂંગળી ફરે તો ઊંધું માથું થઇ ગયું એનું. ભૂંગળીને પકડી અને પોતે ઊંધું માથું થઇ ગયું. તો બીજા પોપટો, એને એની ભાષામાં સમજાવે છે, છોડી દે. આ ભૂંગળીને તું છોડી દે તો તું ઊડી જાઇશ. તો પોપટ કહે હું તો મરી જાઇશ. કે તું મરીશ નહિ પણ તું ઊડી જાઇશ. એની જાતના કહેવા માંડ્યા ને? એટલે એને ખ્યાલ આવ્યો, જો કાગડાએ કહ્યું હોત તો ન છોડત. સમજાણું? કે કોઈ મિંદડીએ આવીને કહ્યું હોત તો?

મુમુક્ષુ: તો ન છોડત.

પૂ. લાલચંદભાઈ: પણ એની જાતના, એની જાતનાએ કહ્યું કે છોડી દે, તું ઊડી જાઇશ. એક પોપટ, બે પોપટ, ત્રણ પોપટે, વારા ફરતી (કહ્યું). કે આપણી જાતના છે, એટલે આપણને સાચી સલાહ આપે. સમજી ગયા? તો એને આમ છોડી દીધું, છોડી ભેગો ઊડી ગયો. એમ નયને પકડી રાખ્યું છે, છોડી દે! અનુભવ થઈ જશે તને, એમ કહે છે. એ ભૂંગળી છે, ભૂંગળી(ને પકડીને) એ ઊંધે માથે થઈ ગયો તું. એ સોગાનીજીએ દૃષ્ટાંત આપ્યું હતું.

**બસ, તો નયના વિકલ્પ છૂટી જશે અને તને અનુભવ થઈ જશે. આ અનુભવની વિધિ છે. જ્ઞાનની પર્યાય નિશ્ચયનયે આત્માને જાણે છે કે સ્વભાવથી જાણે છે? -સ્વભાવથી જ જાણે છે, પ્રભુ.** આહાહા! એને નયની જરૂર નથી.

**અનાદિ-અનંત જ્ઞાન સ્વભાવથી જ આત્માને જાણતું પ્રગટ થાય છે.** આહાહા! સૂર્યનો પ્રકાશ સૂર્યને પ્રસિદ્ધ કરતો જ ઉદય થાય છે. **સ્વભાવથી જ જાણતો હોય, એમાં નયની અપેક્ષા ન હોય. નય તો માત્ર સ્વભાવનો અંગુલિ નિર્દેષ કરે છે.** નથી જાણતો - સમજતો એને ઇશારાથી સમજાવે છે. **પહેલા વ્યવહારનયનો પક્ષ હતો એને નિશ્ચયનય દ્વારા સમજાવે છે**. વ્યવહારનયનો પક્ષ છોડાવવા એને નિશ્ચયનયનું અવલંબન આપ્યું, કે નિશ્ચયનયથી વિચાર તું, વ્યવહારનયથી વિચાર છોડી દે હવે. કે વ્યવહારનય અન્યથા કથન કરે છે અને

નિશ્ચયનય તો વસ્તુનો જેવો સ્વભાવ છે એવું પ્રતિપાદન કરે છે. એટલે નિશ્ચયનય સત્યાર્થ છે, એમ. વ્યવહારનય અસત્યાર્થ છે. એટલે વ્યવહારનો પક્ષ છોડાવવા એને નિશ્ચયનયનું અવલંબન દીધું.

**તો વ્યવહારનો પક્ષ છૂટી જાય છે અને નિશ્ચયના પક્ષમાં આવે છે**. નિશ્ચયના પક્ષમાં આવે છે હવે. વ્યવહારનો પક્ષ છૂટે અને નિશ્ચયના પક્ષમાં આવે. **હવે કોઈ તો સ્વભાવ સુધી પહોંચી** કોઈ, **પહોંચી પક્ષાતિક્રાંત થઈ અનુભવ કરી લે છે અને કોઈ નિશ્ચયનયના પક્ષમાં** એટલે વિકલ્પમાં **અટકી જાય છે, અનુભવ કરી શકતો નથી**.

**હવે જે નિશ્ચયનય દ્વારા સ્વભાવનું અનુમાન કરી**, જો કે નિશ્ચયનય સુધી જે આવ્યો છે એને **નિશ્ચયનય દ્વારા સ્વભાવનું અનુમાન કરી, અનુભવમાં ચાલ્યો જાય છે.** અનુમાનમાં આવી, અનુમાનમાં અટકતો નથી હવે. આહાહા! નિશ્ચયનય દ્વારા, મન દ્વારા વસ્તુનો નિર્ણય થાય છે, અનુમાન, અનુમાન થાય છે. આહાહા! હું તો જાણનાર છું, અભેદ ટંકોત્કીર્ણ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું. એમ વ્યવહારનો પક્ષ છોડી, અને નિશ્ચયનય જેવું સ્વરૂપ કહે છે એવા સ્વરૂપને પહેલા મન દ્વારા એ ખ્યાલમાં લે છે. એને ખ્યાલમાં આવે છે, આવી શકવા યોગ્ય છે, એમ. પણ મન દ્વારા અનુભવ થઈ શકતો નથી.

મુમુક્ષુ: અનુમાન દ્વારા ન થાય? અનુમાન દ્વારા પણ ન થાય?

પૂ. લાલચંદભાઈ: નહિ, અનુભવ ન થાય.

મુમુક્ષુ: અનુમાન દ્વારા તો તે તેના સુધી પહોંચે છે.

પૂ. લાલચંદભાઈ: ક્યાં સુધી પહોંચે છે?

મુમુક્ષુ: સ્વભાવ સુધી. દૃષ્ટિમાં લે છે, અનુમાન દ્વારા.

પૂ. લાલચંદભાઈ: નહિ-નહિ. અનુમાન દ્વારા, મનના વિકલ્પ દ્વારા, પરોક્ષ જ્ઞાન દ્વારા, આત્મા આવો છે, એમ ખ્યાલમાં લે છે, ત્યાં સુધી દુ:ખી છે. ત્યાં સુધી?

મુમુક્ષુ: દુ:ખી છે, બરાબર! બરાબર!

પૂ. લાલચંદભાઈ: પછી અનુમાન છૂટી જાય છે અને પ્રત્યક્ષ અનુભવ થઈ જાય છે. અનુમાનમાં કાંઈ હાથમાં આવ્યું નથી.

મુમુક્ષુ: અનુમાન દ્વારા નિશ્ચયનો નિર્ણય કરી લે છે.

પૂ. લાલચંદભાઈ: નિર્ણય કરી લે છે, પરંતુ જે નિર્ણય છે ને, એ દુ:ખદાયક

દશા છે.

મુમુક્ષુ: એ વિકલ્પાત્મક છે.

પૂ. લાલચંદભાઈ: હા, એ વિકલ્પાત્મક છે. એ અનંતાનુબંધીનો કષાય છે, હજી. નહિતર એને એમ થાય કે હું હવે નિર્ણયમાં આવી ગયો. એ નિર્ણયમાં આવી ગયો એમ જે માને, એ તો નિર્ણયમાં પણ નથી. નિર્ણયને આગળ કરે એને નિર્ણય ન હોય. નિર્ણયમાં જ્ઞાયક તત્ત્વ આગળ હોય, એને નિર્ણય હોય. નિર્ણય પાછળ રહી જાય અને જ્ઞાયક આગળ આવી જાય. નિર્ણયની વાત કોઈ અપૂર્વ છે, સાધારણ વાત નથી. શાંતિસાગર કહે છે 'અપૂર્વ વાત છે'. આહાહા! નિર્ણયવાળો નિર્ણયને આગળ કરતો (નથી). એને ખ્યાલ આવી જાય છે કે હવે સમ્યગ્દર્શન જરૂર થશે. એ વ્યવહારનયે નિશંક થઈ ગયો છે, નિશ્ચયનયે હજી નિશંક થયો નથી. શું કહે છે શોભનાબહેન?

મુમુક્ષુ: વ્યવહારનયે નિશંક એટલે?

પૂ. લાલચંદભાઈ: શું કહ્યું?

મુમુક્ષુ: વ્યવહારનયે નિશંક એટલે - આપે કહ્યુ ને?

પૂ. લાલચંદભાઈ: વ્યવહારનયે નિશંક થયો છે એટલે કે નિશંક થયો નથી, એમ. વ્યવહારનય લગાડી ને!

મુમુક્ષુ: નિશ્ચયનયે તો નિશંક થઈ ગયો.

પૂ. લાલચંદભાઈ: નિશંકનું ફળ ન આવ્યું ને? તો શું નિશંક થયો? નિશંકનું ફળ તો...

મુમુક્ષુ: નિશંક થઈ આગળ વધી ગયો.

પૂ. લાલચંદભાઈ: આગળ વધે ત્યારે ને? ત્યાં રોકાઈ જાય તો? નિર્ણય થઈ ગયો-નિર્ણય થઈ ગયો, એમ અટકી જાય એ તો. આહાહા! નિર્ણયવાળા, મેં કહ્યું કે નિર્ણયવાળા નિર્ણયને આગળ નથી કરતા. નિર્ણયનો વિષય એને આગળ થઈ ગયો છે, મુખ્ય થઈ ગયો છે, નિર્ણય ગૌણ થઈ ગયો છે. ઓહો! પરંતુ રાત-દિવસ એને એક જ્ઞાયક જ સ્મરણમાં આવતું રહે છે. આહાહા! આ વાત એવી છે, કોઈ વચનાતીત છે, વચનથી કહી શકાય એવી નથી. પંચાધ્યાયી કર્તાએ ત્રણ પ્રકાર એમાં પાડ્યા છે- (૧) વચનાતીત છે, (૨) નિર્વિકલ્પવત્ છે, (૩) કેવળ અનુભવગમ્ય છે. એ કહી શકાતી નથી. સમ્યગ્દર્શન કહી શકાય પણ નિર્ણય કહી શકાય નહિ.

આહાહા! કેમ કે સમ્યગ્દર્શનનું લક્ષણ તો આનંદ આવ્યો, એ તો પ્રગટ થઇ ગયો. કહી શકાય એના દ્વારા, કહેવા ધારે તો. કોઈને કહેવું હોય તો, ન કહેવું હોય તો પૂછે તો પણ જવાબ ન દયે. તમારો વિષય છે, અમારો વિષય નથી. આહાહા! એ તમે નક્કી કરો બસ!

પણ આ જે નિર્ણય આવે એ તો કહી શકાતું પણ નથી. પણ એક અપેક્ષાએ એને નૈગમનય લાગુ પડી ગઈ. 'चिरम अचिरम' થોડા કે વધારે કાળમાં, એને પ્રત્યક્ષ અનુભવ થશે, થશે અને થશે. એ પોતે નિશંક થઇ ગયો, પણ હજી વ્યવહારે નિશંક છે, નિશ્ચયે નિશંક થયો નથી, કેમ કે આનંદ આવ્યો નથી. શોભનાબહેન!

અનુભવથી નિશંક (થયો એ) જુદી વાત અને નિર્ણયમાં આવ્યો અને નિશંક એ વાત જુદા પ્રકારની છે. આહાહા! એ તો એક, એક જ્ઞાયકની કોઈ અંદરમાં ધારા ઉપડે છે. સમજી ગયા? એની મુખ્યતાની. જેમ સમ્યગ્દૃષ્ટિને પરિણતિ પ્રગટ થાય છે ને? પરિણતિ, અનુભવ પછી ચાલુ રહે પરિણતિ, એમ આ નિર્ણયવાળાને, પ્રકાશ(ભાઈ), એક પરિણતિ અંદરમાં પ્રગટ થાય છે. આહાહા! એ પરિણતિ ધારાવાહી રહે છે ઊંઘમાં પણ. એનો વ્યય ક્યારે થાય કે પ્રત્યક્ષ થાય ત્યારે, પછી એનો વ્યય થઇ જાય છે. આ તો કાંઈ ખાનગી રાખવાની વાત તો છે નહિ. ખુલ્લે ખુલ્લી કહેવામાં આવે છે.

મુમુક્ષુ: પોતાને જ અંદર ખબર પડે છે કે આમ થઈ શકે છે.

પૂ. લાલચંદભાઈ: બીજાને કોઈને નહિ. બીજાનો વિષય જ નથી. બીજો કોઈ જાણી શકે નહિ અને જેને થયું એ કહી શકે નહિ. બીજો જાણી શકે નહિ અને જેને થયું હોય એ વાણી દ્વારા કહી શકે નહિ. એ વચનાતીત, નિર્વિકલ્પવત્, કેવળ સ્વાનુભવગમ્ય. એ પોતે જાણે. બસ! બીજો કોઈ જાણી ન શકે. અને લગભગ એનો કાળ દેખાઈ છે, લગભગ. બાકી તો કેટલીક વાત તો કેવળી ગમ્ય છે. પણ છ મહિનાથી વધારે ન લંબાય, છ મહિનાની અંદર એને અનુભવ થઈ જાય. કાં કલાકો, કાં દિવસો, કાં થોડાક મહિનાઓ બસ, એમાં અનુભવ એને આવે છે.

એ પણ થવા યોગ્ય થાય છે, એને આત્મા કરતો નથી. આહાહા! એ તો જાણનારને જ જાણે છે બસ! એને તો ધૂન લાગે છે 'હું તો જ્ઞાયક છું, ચિદાનંદ આત્મા છું'. આહાહા! નિર્ણયનો મારામાં અભાવ છે. શું કહ્યું? નિર્ણયવાળો એમ

જાણે છે, ત્રંબકભાઈ! આ અપૂર્વ નિર્ણયનો મારામાં અભાવ છે કેમ કે એ પર્યાય છે. આહાહા!

મુમુક્ષુ: એને છ મહિના પણ ન લાગે.

પૂ. લાલચંદભાઈ: ન લાગે. એ તો અંતમુહૂર્તમાં થાય, કોઈ-કોઈને તો. આહાહા! સોગાનીજીને એક રાતમાં થઈ ગયું હતું. એક રાતમાં 'જ્ઞાન ભિન્ન અને રાગ ભિન્ન' ધૂન ચડી ગઈ. રાત્રે બેસી ગયા સમિતિના રૂમમાં. સવારે રત્નત્રય ખીસામાં લઈને ઊઠયા. ત્રણ રત્ન, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. આહાહા! એક રાતમાં.

**અનુભવ કરી શકતો નથી**. **હવે જે નિશ્ચયનય દ્વારા સ્વભાવનું અનુમાન કરી, અનુભવમાં ચાલ્યો જાય છે, પક્ષાતિક્રાંત થાય છે, એણે નિશ્ચયનયનો પક્ષ પણ છોડયો ત્યારે અનુભવ થયો.** પક્ષ છોડે ત્યારે અનુભવ થાય. **'નયથી આવો છું' એવો વિકલ્પ છૂટી જાય છે**. **અનુભવ માટે નય સાધન જ નથી**. નિર્ણય માટે હોય, અનુભવ માટે ન હોય. **નય માત્ર અનુમાન સુધી** લઈ **જાય છે, એ અનુભવ ન કરાવી શકે.** નયના વિકલ્પો છે એ અનુભવ કરાવી શકતું નથી, કેમ કે પરોક્ષ છે, નય છે તે પરોક્ષ છે અને જ્ઞાન છે તે પ્રત્યક્ષ છે. મોટો ફેર છે. લ્યો, આ ચોથા પાનાનો પહેલો પારો થયો.

**જ્ઞાનની પર્યાય નિશ્ચયનયે આત્માને જાણે છે એમ વિચારતા વ્યવહારનયથી એ પરને જાણે છે, એમ આવી ગયું**. એ પ્રમાણમાં આવી ગયો. નયમાં ક્યાં આવ્યો છે એ? નયમાં આવ્યો ક્યારે કહેવાય, કે વ્યવહારનયનો નિષેધ કરે તો નિશ્ચયનયમાં આવ્યો. નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણે અને વ્યવહારનયે પરને જાણે, એ તો પ્રમાણના પક્ષમાં ઊભો છે. એ નિશ્ચયનયના પક્ષમાં નથી આવ્યો. નિશ્ચયનયના પક્ષમાં તો વ્યવહારનો નિષેધ કરે, ત્યારે એ નિશ્ચયનયના પક્ષમાં આવ્યો કહેવાય હજી, કે 'જાણનાર જણાય છે, ખરેખર પણ જણાતું નથી'.

નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણે અને વ્યવહારનયે પરને જાણે, એ તો પ્રમાણનો વિકલ્પ છે, નયનો વિકલ્પ પણ નથી. એ તો બહુ દૂર દેખાય છે. આહાહા! પણ એક જીવ એમાંથી કાઢે છે કે નિશ્ચયનયે આત્મા જણાય છે અને ખરેખર પર જણાતું નથી, વ્યવહારનો નિષેધ કરે એનું જ નામ નિશ્ચયનય કહેવાય. નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણે અને વ્યવહારનયે પરને જાણે, એ નિશ્ચયનયના

પક્ષમાં નથી આવ્યો, એ પ્રમાણના પક્ષમાં ઊભો છે. આહાહા! એ વિધિ નિષેધમાં પણ આવ્યો નથી હજી. એ નિશ્ચયનયના પક્ષમાં પણ આવી શકતો નથી. એને નિશ્ચયના પક્ષમાં આવ્યો એમ ન કહેવાય.

આ એક ભૂલનો પ્રકાર છે 'અમે બે નયથી વિચારીએ છીએ, નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણે અને વ્યવહારનયે પરને જાણે'. આહાહા! એ પ્રમાણમાં અટકયો છે એ. પ્રમાણના બે અંશ છે, નિશ્ચયનય અને વ્યવહારનય. એમાંથી પ્રમાણમાંથી નિશ્ચયનયના પક્ષમાં આવે છે કે 'જાણનાર જણાય છે, ખરેખર પર જણાતું નથી' એ વિધિ-નિષેધમાં આવે છે. પછી (નિષેધ)ના વિકલ્પ પણ છૂટવા માંડે છે, નિષેધના વિકલ્પ છૂટવા માંડે છે, અને વિધિના વિકલ્પનું બળ આવે છે. આહાહા! નિષેધનો પક્ષ છૂટતો જાય છે ત્યારે એને દ્વેષ ઘટતો જાય છે, અને 'જાણનાર જણાય છે' એમ નિશ્ચયના પક્ષમાં આવે ત્યારે અહીંયાં શુભરાગ, રાગના પક્ષમાં આવ્યો, દ્વેષનો પક્ષ છૂટયો. પછી અનુભવ કરે તો રાગ-દ્વેષ બે છૂટીને અનુભવ થાય છે. આહાહા! 'બે નય ભગવાને કહ્યા છે' - એ પ્રમાણના પક્ષમાં ઊભો છે. આહાહા! બે નય કહ્યા છે પણ એકમાં, નિશ્ચયનય વડે વ્યવહારનો નિષેધ કરવાનું કહ્યું છે. સ્વાશ્રિત નિશ્ચયનય વડે તું વ્યવહારનો નિષેધ કરજે, દયા રાખીશ મા, 'अदयम' પાઠ છે.

**જ્ઞાનની પર્યાય નિશ્ચયનયે આત્માને જાણે છે એમ વિચારતા વ્યવહારનયે તે પરને જાણે છે, એમ આવી ગયું. અરે! નિશ્ચયનયથી જ્ઞાન આત્માને નથી જાણતું**. બોલો! આહાહા! પરને જાણતું નથી એમાં વ્યવહારનો નિષેધ થયો. નિશ્ચયનયે જ્ઞાન આત્માને નથી જાણતું એમાં નિશ્ચયનયનો નિષેધ આવ્યો. હાય-હાય! નિશ્ચયનયનો નિષેધ વળી ક્યાં? આ વાત તો સાંભળી નથી. વ્યવહારનયનો નિષેધ તો બરાબર છે, પણ નિશ્ચયનયનો નિષેધ? કે નિશ્ચયનયના વિકલ્પનો નિષેધ છે, એના વિષયનો નિષેધ નથી.

**જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ; ત્યાં-ત્યાં તે તે આચરે આત્માર્થી જન એહ** (શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર, ગાથા ૮). કઈ અપેક્ષાએ કહેવામાં આવે છે? શું અહીંયાં પ્રયોજન સિદ્ધ કરવું છે? એ સમજવું જોઈએ. અહીંયાં નયાતિક્રાંતનો વિષય ચાલે છે.

**વ્યવહારનયથી પરને જાણે છે, એમ આવી ગયું. અરે! નિશ્ચનયથી**

**જ્ઞાન આત્માને નથી જાણતું.** અરે! નિશ્ચયનયે જ્ઞાન આત્માને ન જાણે? તો શું વ્યવહારનયે જાણે એમ આપ કહેવા માંગો છો? અરે ભાઈ! આ તો ઊંચે-ઊંચે ચડવાની વાત છે. ક્યાં નીચે ઉતર્યો પાછો? ઓલી વ્યવહારના પક્ષની ગંધ છે ને! નરેનભાઈ, આ તો ભાગ્યશાળી હોય એને કાને વાત આવે. પક્ષાતિક્રાંતની વાત છે.

**જ્ઞાન આત્માને નથી જાણતું. સ્વભાવથી જ જાણે છે.** નયની શું જરૂર છે? **તો કોઈ નય જ ન રહી, સ્વભાવ હાથમાં આવી ગયો.** કોઈ વિકલ્પ રહ્યો નહિ અને સ્વભાવ(ની) દૃષ્ટિ, અનુભવ થઈ ગયો નિર્વિકલ્પ. **આ વાત કોઈ અપૂર્વ છે**. આ વાત 'નિશ્ચયનયે આત્માને જાણતો નથી? કે હા! નથી જાણતો.' એ વાત અપૂર્વ છે. 'નિશ્ચયનયે આત્માને જાણે છે જ્ઞાન' એ વાત સાંભળી છે, પણ 'નિશ્ચયનયે જ્ઞાન આત્માને નથી જાણતું' એ વાત તેં સાંભળી નથી. આહાહા! શાંતિસાગર એવી વાત છે.

**તો કોઈ નય જ ન રહી સ્વભાવ હાથમાં આવી ગયો. આ વાત કોઈ અપૂર્વ છે**. **નયાતીત થવા માટેની આ વાત છે.** વિકલ્પાતીત થઈને અનુભવ કેમ થાય, એની મુખ્યતાથી વાત ચાલે છે. **સ્વભાવથી જ સ્વભાવ જણાય**. નયથી ન જણાય. **-નયથી સ્વભાવની પ્રસિદ્ધિ જ ન થઈ.** અનંતવાર નય સુધી આવી ગયો, નવમી ગ્રૈવેયકમાં ગયો પણ અનુભવ ન થયો. **નય સાધન જ નથી.** લ્યો!

વ્યવહારનય તો સાધન નથી પણ નિશ્ચયનય પણ (સાધન નથી). સાધન નથી પણ એ બાધક છે. **જો નય સાધન હોય તો તો પક્ષાતિક્રાંત થવાના કાળે નય રહેવી જોઈએ,** સાધન હોય તો! **પરંતુ ત્યારે તો કોઈ નય રહેતી નથી. માટે નય સ્વભાવની સિદ્ધિ માટેનું સાધન જ નથી.** વિકલ્પાત્મક જ્ઞાન સ્વભાવને અનુભવવાનું સાધન (જ નથી).

ૐ

# દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ, પાનું ૪-૭
# પર્યુષણ પર્વ, જામનગર, ગુજરાત
# તારીખ: ૧૯-૦૯-૧૯૯૧

# પ્રવચન LA ૪૦૯

**દ્રવ્ય સ્વભાવ - પર્યાય સ્વભાવ**, પાના નંબર-૪. દૃષ્ટાંત આપે છે.

**જેમ કે સૂર્ય પ્રકાશનો પુંજ છે**. સૂર્ય છે એ પ્રકાશમય છે, પ્રકાશનો પુંજ છે. **કઈ નયથી** પ્રકાશનો પુંજ છે**? અરે! સ્વભાવથી જ સૂર્ય પ્રકાશનો પુંજ છે**. એમાં નયની જરૂર પડતી નથી, એમ કહ્યું. **વળી પ્રકાશ સૂર્યને પ્રસિદ્ધ કરે છે, કઈ નયથી પ્રસિદ્ધ કરે છે? અરે! સ્વભાવથી જ પ્રકાશ સૂર્યને પ્રસિદ્ધ કરે છે. હવે જે સ્વભાવથી જ છે, ત્યાં નય લાગુ પડતી નથી**. વ્યવહારનય કે નિશ્ચયનય, કાંઈ એને જરૂર પડતી નથી. સ્વભાવથી વિચારે તો જરૂર પડતી નથી. **નયો તો માત્ર શિષ્યને સમજાવવા માટે છે**. **બહુ નયોના પ્રયોગમાં જવા જેવું નથી-** રોકાવા જેવું નથી. નય છે એ વિકલ્પ છે. એટલે અનુભવ ન થયો હોય ત્યાં સુધી એને નય દ્વારા સમજાવે છે. (પણ) નયથી અનુભવ થતો નથી.

**જો જ્ઞાન નયોના પ્રયોગમાં અટકશે**, એમ. **જો જ્ઞાન નયોના પ્રયોગમાં અટકશે તો બીજી પ્રતિપક્ષી નય જ્ઞાનમાં ઊભી થશે. આત્મા 'નિશ્ચયનયે' અકર્તા છે**, એક નયનો પ્રયોગ કર્યો. **આત્મા 'નિશ્ચયનયે' અકર્તા છે, એમાં વિકલ્પ ઊભો થયો.** નિશ્ચયનયે અકર્તા છે, તો વિકલ્પ છે. **જ્ઞાનની પર્યાય 'નિશ્ચયનયે' આત્માને જાણે છે,** આ બીજો પ્રકાર. પહેલા દ્રવ્યમાં નિશ્ચયનય ઉતાર્યું, હવે જ્ઞાનની પર્યાયમાં નિશ્ચયનય ઉતારીને સમજાવે છે.

**જ્ઞાનની પર્યાય 'નિશ્ચયનયે' આત્માને જાણે છે એમાં પણ વિકલ્પ ઊભો થયો. નિશ્ચયનયે આત્મા અકર્તા નથી... નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણતું નથી... અરે! આ શું વાત કરો છો?** નિશ્ચયનયે આત્મા અકર્તા નથી? કે

ના. નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણતું નથી? કે ના. આ શું વાત કરો છો? અમે તો આજ સુધી એમ જાણ્યું. હસમુખભાઈ આવતા રહોને અંદર, જગ્યા છે ઘણી, આવો! આ સોફાસેટ પર ચાર-પાંચ જણા બેસી જાઓ, ચાર-પાંચ જણા, પાંચ-છ જણા સમાઇ જશે આમાં. હું મંજૂરી આપું છું, બેસો-બેસો ઉપર. ઉપર આવી જાવને જરા, જગ્યાની સંકડાશ છે ને!

મુમુક્ષુ: ...બુઝુર્ગ માણસો આવે એટલે ઉપર બેસી જાય...

પૂ. લાલચંદભાઈ: ભલે-ભલે, આવે એટલે બેસાડજો, આવો કહી અને આવો-આવો એમ કહીને (બેસાડો). અહીં જાકારો નહિ, આવકાર આપવો, આવો-આવો.

શું કહ્યું? આત્મા નિશ્ચયનયે અકર્તા છે, એમ નથી. જ્ઞાન આત્માને નિશ્ચયનયે જાણે છે, એમ પણ નથી. **નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણતું નથી... અરે! આ શું વાત કરો છો? હા, સાંભળ.** સાંભળ ભાઈ! **-નિશ્ચયનયે આત્મા અકારક-અવેદક નથી, સ્વભાવથી જ અકારક-અવેદક છે.** એટલે અકર્તા અને અભોક્તા છે. અકર્તા અને અભોક્તાપણું એ આત્માનો મૂળ સ્વભાવ છે. પણ એને સમજાવવા માટે નયનો પ્રયોગ કરવામાં આવે છે. અને નયના પ્રયોગથી પ્રમાણમાં આવી જાય છે. નય છે ને, સાપેક્ષ છે. નિશ્ચયનયથી અકર્તા એમ કહે, તો નિશ્ચયનયથી અકર્તા છે, તો વ્યવહારનયે કર્તા છે, એમ એને કહેવું જ પડે. કેમ કે અજ્ઞાન દશાએ રાગનો કર્તા, ભેદજ્ઞાન થતા જ્ઞાનનો કર્તા, એમ આખા પ્રમાણની સિદ્ધિ કરવા માટે બે નયના પ્રયોગથી સમજાવે છે.

બાકી તો ઘણાં પ્રકારો એવા પણ આવે કે મતાર્થીને સમજાવા માટે પણ, એનું ખંડન કરવા માટે પણ, નયના પ્રયોગથી ખંડન કરી નાખે. જેમ કે સાંખ્યમત કહે છે કે આત્મા પરિણામનો કર્તા નથી, સર્વથા અપરિણામી અકારક-અવેદક છે, સાંખ્યમત. તો એ તો મિથ્યાત્વની અવસ્થા થઈ કેમ કે તો-તો બંધ-મોક્ષની સિદ્ધિ જ ન થાય, નવતત્ત્વની સિદ્ધિ ન થાય, જ્ઞાન જ ખોટું પડી ગયું. માટે મતાર્થીને માટે એમ કહેવાય કે આત્મા નિશ્ચયનયે અકર્તા છે પણ વ્યવહારનયે કર્તા છે. વ્યવહારનયે, ભેદજ્ઞાનનો અભાવ હોય, અજ્ઞાન દશા હોય, ત્યાં સુધી તે રાગનો કર્તા છે, એમ સંમત કરવું (સમયસાર ગાથા ૩૩૨-૩૪૪, ટીકાનો છેલ્લો ફકરો). પણ રાગનો કર્તા છે, એ આત્મા છે એમ કહેવું નથી. પણ પર્યાયમાં રાગ થાય છે

માટે પર્યાય રાગને કરે છે, એમ સંમત કરવું. પણ ટૂંકાણમાં એમ કહે કે આત્મા વ્યવહારનયે કર્તા છે, કેમ કે એ તો સર્વથા અકર્તામાં ચાલ્યા ગયા, સર્વથા અપરિણામીમાં ચાલ્યા જાય છે. અને કાં એને કર્તા સિદ્ધ કરવો હોય તો કહે કર્મથી રાગ થાય છે, કર્મ કરાવે છે, આત્મા કરતો નથી. ઘણાં પ્રકારની ગડબડ થતી હોય તો મતાર્થીનું ખંડન કરવા માટે નયના પ્રયોગથી ખંડન કરી નાખે છે.

આ તો જિનમતમાં આવી ગયો. જૈનમતમાં આવ્યા પછી બે નયથી જેમ છે તેમ વિચારે છે. એટલે અજૈન ન થયો, અજૈનપણું ન આવ્યું, જૈનમાં આવી ગયો. જૈનમાં જ બે નય છે, અજૈનમાં કોઈમાં નય છે નહિ. હવે નયના, નયનો પ્રયોગથી સમજાવ્યું, તો નયને વળગી રહ્યો. એ પણ ખોટું છે હવે. નયને પ્રથમથી જ છોડી દે તો પણ ખોટું અને અભ્યાસ ક્રમમાં નયને પકડી રાખે તો પણ અનુભવ ન થાય! આહાહા!

પાંચ પ્રકારે શાસ્ત્રના અર્થ કરવાની પદ્ધતિ છે. આત્મા, એનો સ્વભાવ, નયાર્થ, મતાર્થ, આગમાર્થ, શબ્દાર્થ, ભાવાર્થ એમ પાંચ પ્રકારે એ શબ્દનો અર્થ કરવો, એમ! નયાર્થથી સમજવું નિશ્ચયનય અને વ્યવહારનય. અને મતાર્થ , મતાર્થી માટે છે એમ સમજવું જોઈએ. હવે કોકની દવા કોઈક પી જાય તો? મરી જાય. આહાહા! દવા તો સાંખ્યમત માટે આપી.

એ આ વખતે ગુરૂપ્રસાદમાં આવ્યું છે. આહાહા! કેટલાક એમ કહે છે કે, 'આત્મા રાગનો કર્તા નથી, જોઈ લ્યો આ કળશ', એમ કરીને આધાર આપ્યો છે. ભાઈ! એ કળશ તો સાંખ્યમતની સામે છે. સાંખ્યમત સર્વથા અકર્તામાં ચાલ્યો ગયો છે. અજ્ઞાની વિશેષ અપેક્ષાએ રાગને કરતો હોવા છતાં પણ (સાંખ્યમતી) એને ઊડાડે છે, કે કોઈ જીવ રાગનો કર્તા નથી. કોઈ જીવ અબ્રહ્મચારી નથી, બધા બ્રહ્મચારી છે. આહાહા! વેદ કષાયના ઉદયથી એ અબ્રહ્મ થાય છે, આત્મા એ દોષનો કર્તા નથી, એમ નથી! વિશેષ અપેક્ષાએ, સ્વભાવને ભૂલીને, અજ્ઞાની જીવ એ પર્યાયનો વ્યવહારનયે કર્તા છે, એમ સંમત કરવું જોઈએ! એમ-ને-એમ અદ્ધરથી ચાલે નહિ ભાઈ, એકલા દૃષ્ટિના પક્ષમાં. આહાહા! તો તો એકાંત થઈ જશે, સાંખ્યમત જેવું થશે.

એટલે નયોનો પ્રયોગ પણ એવી રીતે કરવો જોઈએ કે પોતાનું ગરદન કપાય નહિ. નહિતર ગરદન કપાઇ જાય, ચક્ર છે ને? આહાહા! આ તો પોતે સમજે

તો સમજાય એવું છે. સમજાવવાથી સમજે એવું પણ નથી. આહાહા! આ તો બે નયનો સ્વીકાર કરી લીધો છે, અને બે નયના સ્વીકારના વિકલ્પમાં અટકયો છે. એ વિકલ્પ છોડીને અનુભવ કેમ થાય, પ્રત્યક્ષ? એની આ એક વિશેષ વાત છે. નયોને સ્થાપી અને પછી નયોના વિકલ્પને ઉથાપવાની વાત છે. નયોને સ્થાપી પછી નયોના વિકલ્પને તોડવાની વાત ચાલે છે. આહાહા!

પહેલેથી નયોને ઉડાડી દે, તો-તો અજૈન છે એ. અને નયોમાં અટકે તો પણ ખરેખર તો અજૈન છે, નયના વિકલ્પ એનું કર્મ થઇ ગયું અને આત્મા એનો કર્તા થઈ ગયો. એટલે આ કાચો પારો છે, એને કેળવીને ખાય તો અમૃત છે. આહાહા! એમ આવે છે શાસ્ત્રમાં, વૈદ્યજન છે ને, એ વિષને ખાય તો પણ મરતો નથી. હવે એ તો એનું મારણ કરીને ખાય છે, પ્રયોગથી, અને બીજા વિષ ખાવા માંડે તો મરી જાય. કે આ વૈદ્યો મરતા નથી તો હું પણ વિષ ખાઈ જાઉ. મરી જઈશ! આહાહા! ધાર તરવારની દોહ્યલી જિનવર તણી, એવું છે આ. સંભાળી સંભાળીને કામ કરવા જેવું છે. ઓલી લાલ બત્તી આટાણે (અત્યારે) કરી, એટલા માટે. આહાહા!

**સાંભળ. -નિશ્ચયનયે આત્મા અકારક-અવેદક નથી**, **સ્વભાવથી જ અકારક-અવેદક છે.** એનો ત્રિકાળ સ્વભાવ જ છે, અકર્તાપણું અને અભોક્તાપણું. બંધનો પણ કર્તા નથી અને મોક્ષનો પણ કર્તા નથી. દુ:ખનો પણ ભોક્તા નથી અને આનંદનો પણ ભોક્તા નથી, અતીન્દ્રિય આનંદ હોં! એનો ભોક્તા નથી. ત્યારે, ત્યારે આત્મા? ના, ભોક્તા નથી! (શ્રોતાએ આશ્ચર્યથી) આમ જોયું. આનંદનો ભોક્તા નથી? કેમ કે આનંદ માટે તો અમે આ પ્રયત્ન કરીએ છીએ. હવે આનંદનો આત્મા ભોક્તા ન હોય તો પછી આ માથાકૂટ કરવી શું કામ? દુ:ખનો ભોક્તા નથી ત્યાં સુધી તો બરાબર છે કારણ કે દુ:ખ અમારે જોતું નથી, એનો તો સ્વીકાર કરે. પણ દુ:ખના અભાવ પૂર્વક આનંદ આવે, અતીન્દ્રિય આનંદ હોં! આહાહા! એનો આત્મા ભોક્તા નથી? કે ના!

'ત્યારે કોણ કરે છે અને કોણ ભોગવે છે?' એ પ્રશ્ન આવે. પર્યાય કરે છે અને પર્યાય ભોગવે છે. અજ્ઞાન દશામાં પર્યાય રાગને કરે છે, આત્મા નહિ. પર્યાય રાગને કરે છે અને દુ:ખને ભોગવે છે. કોણ ભોગવે છે? આત્મા. (ના.) જે કરે તે ભોગવે, પર્યાય કરે છે અને દુ:ખને પર્યાય ભોગવે છે. ભગવાન આત્મા રાગને કરતો પણ નથી અને દુ:ખને ભોગવતો પણ નથી. ત્યાં સુધી તો ઠીક! હરીશચંદ્રજી! ત્યાં સુધી

તો ઠીક, એ તો બરાબર છે. કેમ કે રાગને કરે તો દુઃખને ભોગવે. કરે તો ભોગવે, એ તો વ્યાજબી છે. પણ હવે અતીન્દ્રિય આનંદને ભોગવતો નથી આત્મા. એ શું? આહાહા! કે ભાઈ! અતીન્દ્રિય આનંદને કોણ ઉત્પન્ન કરે છે? પર્યાય એનો ઉત્પાદક છે, દ્રવ્યની રચના નથી. જે કરે તે ભોગવે, માટે પર્યાય વીતરાગભાવને કરે છે અને એનું ફળ આનંદ, એ પર્યાય ભોગવે છે. આહાહા! ત્રિકાળી દ્રવ્ય સામાન્ય નિષ્ક્રિય પરમાત્મા (જે) દ્રષ્ટિનો વિષય છે તે આનંદને ભોગવતો નથી. આહાહા! 'આનંદ લહેંગે મગર જ્ઞાતા રહેંગે' (ભેદજ્ઞાન-ભજનાવલી, જિનેન્દ્ર ભક્તિ ૨૩), ભોક્તા નહિ થાઉ, એમ.

(શ્રોતાને આશ્ચર્ય થયું). થાય, થાય, થાય, એવું છે. એનું કારણ છે કે દ્રવ્ય, પર્યાય એક વસ્તુ જ માની છે, અનંતકાળથી. નગીનભાઈ, એ ભૂલ થઈ ગઈ. એનું સ્પષ્ટીકરણ ગુરુદેવે કર્યું, બાકી એટલું સ્પષ્ટીકરણ (ન હતું). આહાહા! ભૂતકાળમાં પણ સાધકો ઘણાં થયા, ગૃહસ્થી સાધકોની વાત કરું છું હોં! મુનિરાજની વાત તો ક્યાં? આહાહા! પણ આટલું ચોખવટ (ગુરુદેવે જ કર્યું).

કેમ કે ક્રિયાના કારકો પર્યાયમાં છે. ભૂલે તો રાગને કરે, ભૂલ ભાંગે તો વીતરાગભાવને કરે. રાગને કરે તો દુઃખને ભોગવે અને વીતરાગભાવને કરે તો (આનંદને ભોગવે). આહાહા! એ કર્તાપણું અને ભોક્તાપણાનો ધર્મ પર્યાયમાં છે, દ્રવ્યમાં ક્રિયાના કારક નથી. એટલે કરે અને ભોગવે (એવો) એ ત્રિકાળી દ્રવ્ય પરમાત્માનો સ્વભાવ નથી. જો આનંદને ભોગવે, કદાચ માની લ્યો આપણે લોભમાં, કે આનંદને તો ભોગવે, સમજી ગયા? તો એની પાછળ logic (લોજીક, ન્યાય) છે. કે જ્યારે સમ્યગ્દર્શન પ્રગટ થાય ત્યારે તો આત્મા આનંદને ભોગવે. તો સમ્યગ્દર્શન પહેલા તો દુઃખ હતું, તો આત્મા (દુઃખને) ભોગવે છે એમ આવી જશે. ખ્યાલ આવ્યો હવે? કે વર્તમાન પર્યાયમાં આનંદને ભોગવે છે તો પૂર્વ પર્યાયમાં દુઃખને ભોગવે એ આવી ગયું કહ્યા વગર. કેમ કે વ્યયપૂર્વક ઉત્પાદ થાય છે, દુઃખનો થયો વ્યય અને અતીન્દ્રિય સુખનો થયો ઉત્પાદ.

આ સુખને નથી ભોગવતો એ રહેવા દયો, એટલુ રહેવા દયો. દુઃખને નથી ભોગવતો એ બરાબર છે, આનંદને ન ભોગવે? આનંદ માટે તો આ કરીએ છીએ. આહાહા! એ નથી ભોગવતો આનંદને ત્યારે જ આનંદ પ્રગટ થશે અને પર્યાય આનંદને ભોગવશે, ભોગવશે અને ભોગવશે! એમ જ્ઞાન જાણશે કે પર્યાય ભોગવે

છે, હું ભોગવતો નથી. આહાહા! આત્મજ્ઞાન એમ જાણે છે. દૃષ્ટિ દ્રવ્ય ઉપર, અકારક-અભોગતા ઉપર પડી છે. હું અકારક અને અવેદક છું, હું પરિણામનો કરનાર અને પરિણામનો વેદનાર નથી. ધીરજ, એવી વાત છે. એ તો સંસ્કૃતમાં નહિ આવે. એ કેવા રૂપ-રૂપ-રૂપ, આવે છે, રૂપ આવે છે, રૂપાણી-રૂપાણી, શું કહેવાય? આવે છે ને રૂપ, એ નહિ પણ આ જુદું છે. એ જાણીને પણ આ જાણવું પડશે તારે. ઉપાધ્યાય થઇશ, શાસ્ત્રી થઇશ અને આચાર્ય થાઇશને? શાસ્ત્રનો આચાર્ય હોં! આ આચાર્યની વાત નથી. આ તો ડીગ્રી છે એક આચાર્યની.

ઓહોહો! એટલે કહ્યું છે, કે દ્રવ્યાનુયોગ પોતાની યોગ્યતા અને ગુરુગમે સમજાય એવું છે. નહિતર એને ઊંધું જો જાણી લે તો એનો દોષ છે. શ્રી ગુરુ શું કરે? ગુરુ તો ચારે પડખેથી સમજાવે છે, વિવિક્ષાથી સમજાવે છે, લાલબત્તી પણ ધરે છે એટલે કોઇ સ્વચ્છંદી પણ ન થાય અને બધા સ્વતંત્ર થઈને પરમાત્મા થઈ જાય, એવી ગુરુદેવની શૈલી છે. પણ હું એમ સમજું છું કે બધા બે નયો સમજીને આવ્યા છે એટલે હું બે નયમાં, ઓલી વ્યવહારનયની વાત નથી કરતો. સમજી ગયા? એ બધા નયોનું જ્ઞાન તો બધાને થઈ ગયું છે. હવે તો નયાતિક્રાન્ત કેમ થવાય, એની વાત હું કરું, સમજી ગયા? પણ જ્યારે કહ્યું કે આનંદનો ભોક્તા નથી. ભાઈસાહેબ કહે, આનંદનો ભોક્તા નથી? કેના નથી.

મુમુક્ષુ: પોતે પૂર્ણ આનંદ સ્વરૂપ છે એને ભોક્તા થવાની શું જરૂર?

પૂ. લાલચંદભાઈ: શું જરૂર? આહાહા!

મુમુક્ષુ: હું સ્વયં પરમાત્મા છું.

પૂ. લાલચંદભાઈ: પરમાત્મા, પૂર્ણ પરમાત્મા, આનંદમય, આનંદમય છે. એક અન્યમતિમાં વાત આવે છે, અન્યમતિની હો. બહુ તો યાદ નથી, પણ થોડીક, થોડીક છૂટક-છૂટક કહું છું. એ કોઈ એવો શિષ્ય હતો તો કોઈ ગુરુ પાસે ગયો. કે ભાઈ, મને તો જ્ઞાનની પિપાસુ છે, મારે તો જ્ઞાન પીવું છે. તો જુઓ ભાઈ, તું મારી પાસે આવ્યો છો, પણ ફલાણા ઋષિ પાસે જા, એ તને જ્ઞાન પાઇ દેશે. એટલે એની પાસે ગયો. તો એણે એમ કહ્યું કે તું એમ કર, સમુદ્ર પાસે જા એટલે તને જ્ઞાન પાશે. તો સમુદ્ર પાસે ગયો. મીઠો મહેરામણ હોં! ખારો નહિ. આહાહા! એલા (અરે ભાઈ), તું જ્ઞાનમય છો, અહીંયાં મારી પાસે જ્ઞાન પીવા ક્યાં આવ્યો? હેં? આહાહા! એવી વસ્તુ છે, પોતે જ્ઞાનમય અને આનંદમય છે. એ બહારથી જ્ઞાન અને આનંદ

આવવાનું કાંઈ છે જ નહિ. આહાહા! અંદર ભર્યું છે બધું. અંદર જુઓ, લક્ષ અંદર કર અને એમાં (ઠર). પહેલા લક્ષ અને પછી લીન.

લક્ષ ગૃહસ્થ અવસ્થામાં થાય, અંશે લીનતા થાય પણ વિશેષ લીનતા તો મુનિ અવસ્થામાં થાય. આહાહા! બાહ્યમાં નગ્નતા, અઠયાવીસ મૂળગુણ, નિરતિચારપણે પાલન હોય, જંગલમાં રહેતા હોય, ગામમાં રહે નહિ. આહાહા! અને બે ચાર દિવસે એની ઈચ્છા થાય ત્યારે આહાર લેવા આવે, રોજ આહાર લેવો એવો નિયમ ન હોય. આનંદનું ભોજન કરતા-કરતાં કોઈ વખતે ઈચ્છા થાય તો ગામમાં પધારે. આહાહા! આહાર લઈને પાછા ચાલ્યા જાય. એ તો ધ્યાનમાં મગ્ન, મસ્ત છે, મસ્ત. મુનિ, मुनि हुआ तो सिद्ध हो गया, એમ આવે છે. આવે છે ને બહેન?

મુમુક્ષુ: साधु हुआ तो सिद्ध हुआ.

પૂ. લાલચંદભાઈ: હા, साधु हुआ तो सिद्ध हो गया. એ સાધુ એટલે શું? આહાહા! વળી કેટલાક કહે આ સોનગઢવાળા સાધુને માનતા નથી. અરે! ભાઈ અમે તો णमो लोए सव्व त्रिकालवर्ती साहूणं કહીએ છીએ. ભૂતકાળના સાધુ, વર્તમાનના સાધુ અને ભવિષ્યમાં સાધુ થશે, એને અત્યારે નમસ્કાર કરીએ છીએ. ગુરુદેવ કહે છે અરે, અમે તો સાધુના ચરણની રજ છીએ, ક્યાં ભાવલિંગી સંત, હેં? આહાહા! એમ-ને-એમ ચલાવે ગોટા, બીજું શું થાય?

માત્ર **નિશ્ચયનયે જ્ઞાન જ્ઞાયકને જાણતું નથી.** નિશ્ચયનયે જ્ઞાન જ્ઞાયકને, પોતાના આત્માને ન જાણે? આહાહા! 'આત્માનું જ્ઞાન આત્માને જાણે છે' એમાં પણ અનુભવ નથી થતો, કેમ કે એટલો ભેદ પડયો. **નિશ્ચયનયે જ્ઞાન જ્ઞાયકને જાણતું નથી. સ્વભાવથી જ જ્ઞાન જ્ઞાયકને જાણે** જ **છે**. એમાં નયની જરૂર નથી. આમ સ્વભાવની સમીપે જતાં નયોના વિકલ્પ શાંત થાય છે અને આત્માને આત્માનો અનુભવ થઈ જાય છે.

**આમ સ્વભાવની સન્મુખ થતા નયોના વિકલ્પ અસ્ત થઈ જાય છે,** નયોના કોઈ વિકલ્પ રહેતા નથી. **શાંત થઈ જાય છે** વિકલ્પ**. અને અભેદપણે આત્માનો અનુભવ થાય છે. આ તો સ્વભાવનું જેને ભાન નહોતું અને જે વ્યવહારનયના પક્ષમાં પડયો હતો એને નિશ્ચયનય દ્વારા સમજાવે છે.** એટલે વ્યવહારનો પક્ષ છૂટે અને નિશ્ચયના પક્ષમાં આવી જાય.

**તો એ 'નિશ્ચયનય'ને વળગી પડયો. માટે એને હવે કહે છે**, વ્યવહારથી

ખસીને નિશ્ચયનયના વિકલ્પમાં આવ્યો, પણ અનુભવ ન થયો. એવા જીવને **હવે કહે છે -જ્ઞાન નિશ્ચયનયે આત્માને જાણતું નથી.** તો શું વ્યવહારનયે જાણે છે? તો હવે ક્યાં ભાઈ? તું સાંભળ તો ખરો. આહાહા! આ વિષય એવો છે, શાસ્ત્રમાં આવે છે, કે સ્વમત કે પરમત સાથે તું વાદવિવાદ કરીશ નહિ, આ વાદવિવાદનો વિષય નથી. ગુરુદેવની સામે ઘણાંએ challenge(ચેલેંજ, પડકાર) કરી, કે ચર્ચા કરો અમારી સાથે, અમારે ચર્ચા કરવા આવવું છે, અમને ટાઈમ આપો. ગુરુદેવે કોઈ દિવસે કોઈને ટાઈમ આપ્યો નથી અને કહ્યું નથી કે અમારે ચર્ચા કરવી છે. અમે તો જે કહીએ છીએ એ જેને આવવું હોય સાંભળવા આવે તો આવો. અમે કોઈની સાથે ચર્ચા કરતા નથી. આ ચર્ચાનો વિષય નથી, ભાઈ! આહાહા! ચર્ચાથી પાર આવે એવું નથી.

**જ્ઞાન નિશ્ચયનયે આત્માને જાણતું નથી. અરે! આ શું કહો છો?** બોલો! કુંભારથી ઘડો ન થાય? કે ન થાય. કે જ્ઞાન આત્માને નિશ્ચયનયે જાણતું નથી? કે ના, નથી જાણતું. આ શું વાત કરો છો? **શું નિશ્ચયનયે નથી જાણતું, તો શું વ્યવહારનયે જાણે છે? અરે! તું સાંભળ**, **હું ત્રીજી વાત કરું છું**. વ્યવહારનયે પણ જ્ઞાન આત્માને જાણે નહિ અને નિશ્ચયનયે પણ જ્ઞાન આત્માને જાણતું (નથી). હું આ બે ઉપરાંત એક ત્રીજી વાત કરું છું. આહાહા!

પ્રતિક્રમણ અને અપ્રતિક્રમણથી (જુદી) એક ત્રીજી ભૂમિકા છે (સમયસાર ગાથા ૩૦૬-૩૦૭). આહાહા! એમાં અનુભવ થાય. અપ્રતિક્રમણ તો ઝેર છે પણ પ્રતિક્રમણનો વિકલ્પ પણ ઝેર છે. શુભરાગ છે ને? આહાહા! એ ત્યાં લીધું છે કે આ તો બે પ્રકારના પ્રતિક્રમણ કરતા ત્રીજા પ્રકારના પ્રતિક્રમણની વાત ચાલે છે. અરે! આ સમયસાર એટલે શું? આહાહા! અપ્રતિક્રમણ તો નિષેધ કરવા યોગ્ય છે, પાપના પરિણામ, એ તો કોઈ સવાલ નથી. પણ પ્રતિક્રમણનો જે શુભરાગ આવે છે એમાં પણ આકુળતા થાય છે. ભાઈ! એ ખરેખર પ્રતિક્રમણ નથી. વ્યવહાર પ્રતિક્રમણ પણ પ્રતિક્રમણ નથી. એનાથી ત્રીજી ભૂમિકા છે ત્યાં પ્રતિક્રમણનો વિકલ્પ પણ ઉત્પન્ન થાય નહિ. આહાહા! પૂર્વે લાગેલા દોષ, એને યાદ કરીને એને ટાળવા, એવો જે વિકલ્પ એ પણ છે નહિ. સ્વરૂપમાં લીન થઈ ગયો, એ લીન થઈ ગયો તો પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન-આલોચના બધું એક સમયમાં થઈ ગયું. એક વીતરાગભાવમાં દસ લક્ષણ આવ્યા છે ને, ધર્મો? એ વીતરાગી પર્યાયમાં દસ

સમાઇ જાય છે, એમ! **તું સાંભળ, હું ત્રીજી વાત કરું છું.** આહાહા! પ્રતિક્રમણમાં આવે છે એ, ત્રીજી ભૂમિકામાં આવે છે ને? શાસ્ત્રમાં છે.

**જ્ઞાન**, જુઓ-જુઓ જ્ઞાન, જ્ઞાન એટલે શું? આ સમયસારમાં આમ લખ્યું છે, એવું જે જ્ઞાન, એ જ્ઞાન છે?

મુમુક્ષુ: નહિ.

પૂ. લાલચંદભાઈ: તારું જ્ઞાન સમયસારમાં છે?

મુમુક્ષુ: નહિ.

પૂ. લાલચંદભાઈ: જ્ઞાન સમયસારમાં (શાસ્ત્રમાં) ન હોય પણ સમયસારમાં (આત્મામાં) હોય. એક નિમિત્તરૂપ સમયસાર (શાસ્ત્ર) અને એક ઉપાદાનરૂપ (સમયસાર - આત્મા).

**જ્ઞાન, સ્વભાવથી જ આત્માને જાણે છે.** એ ક્યારે? ચોથા કાળમાં? આહાહા! નિરંતર જ્ઞાન આત્માને (જાણે છે). આહાહા! **એને નય લાગુ પડતી નથી.** સ્વભાવથી જ છે પછી ક્યાં પ્રશ્ન છે? નયની જરૂર (નથી). **એક દ્રવ્ય સ્વભાવ અને એક પર્યાય સ્વભાવ. બન્નેના સ્વભાવને લક્ષમાં લે**, સ્વભાવને લક્ષમાં લે **તો એક અનુભવ થાય.** દ્રવ્ય સ્વભાવ અને પર્યાય સ્વભાવ, એને સ્વભાવથી જુઓ તો એક અનુભવ થઈ જાશે. દ્રવ્યને દ્રવ્યના સ્વભાવથી જુઓ અને પર્યાયને પર્યાયના સ્વભાવથી જુઓ તો તને અનુભવ થઈ જશે. **એક અનુભવ થાય. નયાતીત થવાની આ વિધિ છે.** નયોના વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ આત્માનો અનુભવ થવાની આ વિધિના પ્રકાર બતાવે છે.

**જાણનારો જણાય છે.** આહાહા! કોલાહલ બંધ કરો હવે. નયોના વિકલ્પના કોલાહલ બંધ કરો, જો આનંદનો સ્વાદ લેવો હોય તો. આહાહા! જાણનારો **જણાય છે અર્થાત્ જણાયા જ કરે છે.** બે વાત કરી, જાણનારો જણાય છે વર્તમાનમાં, અને જણાયા કરે છે, કોઈ કાળે જ્ઞાન જાણવાનું છોડતું જ નથી. તો પછી કેમ અનુભવ થતો નથી? કે તને ક્યાં એમ વિશ્વાસ છે કે જાણનારો જણાય છે? હું તો આને (પરને) જાણું છું. આહાહા! તારી દૃષ્ટિ વિપરીત છે, નિમિત્ત આધીન દૃષ્ટિ છે. નિમિત્તના લક્ષે જાણનારો ન જણાય. ત્રિકાળી ઉપાદાનના લક્ષે જાણનાર જણાય, જણાય અને જણાય. લક્ષ ફેરવી નાખ ને! આ (પર) જણાય છે, આ (પર) જણાય છે, રહેવા દે.

**જાણનારો જણાય છે. જણાય છે અર્થાત્ જણાયા જ કરે છે.** જાણે છે અને જણાય છે, જાણે છે અને જણાય છે, એ function (ફંકશન, કાર્ય) ચાલુ જ છે, અનાદિથી. **આબાળગોપાળ સૌને ભગવાન આત્મા જણાયા જ કરે છે.** બોલો! આ શાસ્ત્રનો આધાર. **જણાયા જ કરે છે.** 'જાણે છે ને' એ જ્ઞાન પ્રધાન કથન થયું અને 'આત્મા જણાયા કરે છે' એ જ્ઞેય પ્રધાન કથન થયું. 'જાણે છે' એ જ્ઞાન અને 'જણાય છે' તે જ્ઞેય. જાણે પણ આત્મા અને જણાય પણ આત્મા.

જાણે જ્ઞાન અને જણાય દુકાન? કેમ, એ પણ જ્ઞેય તો છે ને? નહિ? ક્યાં ગયો રજની? જાણે જ્ઞાન અને જણાય મીઠાલાલ પેલેસ દુકાન, કાપડની દુકાન. આહાહા! એમ છે નહિ. મોટી ભૂલ ખાધી, જ્ઞેયની ભૂલ ખાધી એણે. અહીંથી જ્ઞેય કાઢયું, ઉથાપ્યું અને બહારમાં જ્ઞેય સ્થાપ્યું. તો જ્યાં જ્ઞેય તમારી શ્રધ્ધા-જ્ઞાનમાં રહેશે, ત્યાં જ તમારો ઉપયોગ જાશે. આ જગતના પદાર્થ કોઈ જ્ઞાનનું જ્ઞેય નથી, જ્ઞાનનું જ્ઞેય હોય તો નિજ પરમાત્મા. આહાહા! પોતાનો આત્મા જ જ્ઞેય છે. જ્ઞાન પણ પોતે, જ્ઞેય પણ પોતે અને જ્ઞાતા પણ (પોતે) (સમયસાર કળશ ૨૭૧). એવા ત્રણ ભેદ કરો તો છે, અને ભેદ ન કરો તો અભેદ એક વસ્તુ છે. આહાહા!

**આબાળગોપાળ સૌને ભગવાન આત્મા જણાયા જ કરે છે,** પ્રયત્ન વિના હોં! કાંઈ પુરુષાર્થ ન કરવો પડે અને જણાયા જ કરે છે. જાણે છે અને જણાય છે. જાણે છે અને જણાય છે, એવો સ્વભાવનો સ્વીકાર કરવો એનું નામ પુરુષાર્થ છે. આહાહા! કાંઈ નવું કરવું નથી. એ જ્ઞાન પણ ઉત્પન્ન કરવું નથી, જ્ઞાન તો ઉત્પન્ન થઈ રહ્યું છે. અને આત્માને જાણવો પણ નથી જણાયા જ કરે છે. સ્વીકાર કર એટલી વાર છે. આહાહા! સ્વભાવનો સ્વીકાર એનું નામ અનંતો પુરુષાર્થ છે. પુરુષાર્થ તો છે પણ અનંતો પુરુષાર્થ છે એ.

**કઈ નયથી જણાયા કરે છે?** કોઈ નયથી જણાયને આત્મા? નય વિના કેવી રીતે જણાય આત્મા? **અરે! એ તો 'સ્વભાવ'થી જ જણાયા કરે છે**, સાંભળ તો ખરો! આ (સમયસાર) ૧૭ મી ૧૮ મી ગાથા છે ને? બહુ ઊંચા પ્રકારની છે, ઘણાં ઊંચા પ્રકારની. **એમ આવે છે કે-જ્યારે સ્વભાવની સન્મુખ થઈ અનુભવ કરે છે ત્યારે નયોની લક્ષ્મી ઉદય પામતી નથી, પ્રમાણ અસ્તને પામે છે. નયોની લક્ષ્મી અર્થાત્ સ્વભાવને જાણનારી સવિકલ્પાત્મક જ્ઞાનની પર્યાય ઉદય પામતી નથી.** રાગ મિશ્રિત જ્ઞાન ઉત્પન્ન નથી, રાગના સંબંધવાળું જ્ઞાન ઉત્પન્ન

થતું નથી. રાગના સંબંધને છોડીને એ જ્ઞાન પ્રગટ થાય છે. આહાહા! **નય અસ્ત થાય છે ત્યારે સ્વાભાવિક જ્ઞાન ઉદય થાય છે. જ્યારે આત્માને સ્વભાવથી જુએ છે ત્યારે નયોના વિકલ્પ છૂટી જાય છે.**

**(સમયસાર) કળશ - ૯માં આવે છે કે-**, બહેન, કળશ ૯ બોલો.

મુમુક્ષુ: **उदयति न नयश्रीरस्तमेति प्रमाणं**

**क्वचिदपि च न विद्मो याति निक्षेपचक्रम् ।**

**किमपरमभिदध्मो धाम्नि सर्वङ्कषेऽस्मि-**

**न्ननुभवमुपयाते भाति न द्वैतमेव ।।९।।**

જુઓ, આ પુસ્તિકા લખાણી, પણ એ તો કહે ઘરનું લખાણું છે. ભાઈ! ઘરનું કાંઈ નથી. સંતોએ કહેલું છે એનું સ્પષ્ટીકરણ કરીએ છીએ. આહાહા! અમારા ઘરની વાત (નથી). છે તો સ્વભાવવી વાત, ઘરની, આત્માની. સમજી ગયા? પણ આચાર્ય ભગવાન કહે છે, એ સાંભળ તો ખરો. આહાહા! આ બધા આત્માનો સ્વભાવ જ એવો છે, નયથી જણાય એવો નથી, શાસ્ત્ર જ્ઞાનથી જણાય એવો નથી, આત્મજ્ઞાનથી આત્મા જણાય છે. આહાહા!

**શ્લોકાર્થ:- આચાર્ય શુદ્ધનયનો અનુભવ કરી કહે છે કે**, શુદ્ધનયનો એટલે શુદ્ધાત્માનો અનુભવ કરીને કહે છે અથવા શ્રુતજ્ઞાનનો અનુભવ કરીને કહે છે, શ્રુતજ્ઞાન કહો કે આત્મા કહો એક જ છે. **આ સર્વ ભેદોને ગૌણ કરનાર જે શુદ્ધનયનો વિષયભૂત ચૈતન્ય-ચમત્કારમાત્ર તેજ:પુંજ આત્મા,** સામાન્ય, સામાન્ય, અનાદિ-અનંત જ્ઞાયક ટંકોત્કીર્ણ એક આત્મા અંદર બિરાજમાન છે. **તેનો અનુભવ થતા નયોની લક્ષ્મી ઉદય પામતી નથી,** એટલે નયોના વિકલ્પ ઉત્પન્ન થતા નથી, વિકલ્પ શાંત થઈ જાય છે બધા. **પ્રમાણ અસ્તને પ્રાપ્ત થાય છે**, એ પ્રમાણના વિકલ્પો, દ્રવ્ય-પર્યાયને એક સાથે જાણનારું જે જ્ઞાન, તેને પ્રમાણ કહેવામાં આવે અને તે વિકલ્પાત્મક પ્રમાણ કહેવાય. પ્રકાર બે છે, નય અને પ્રમાણના:

(૧) 'વિકલ્પાત્મક નય' પણ હોય છે અને (૨) 'નિર્વિકલ્પાત્મક નય' પણ કહેવામાં આવે છે.

(૧) 'વિકલ્પાત્મક પ્રમાણ' હોય છે અને (૨) 'નિર્વિકલ્પ પ્રમાણ' પણ હોય છે.

પણ અહીંયાં નય અને પ્રમાણ, બન્ને વિકલ્પાત્મક સાધકની ભૂમિકા બતાવી. સાધક એટલે જેને સમ્યગ્દર્શન સાધ્ય છે એને સાધક પણ કહેવાય, અને સાધક થયા પછી જેને સાધ્ય મોક્ષ છે એને પણ સાધક કહેવાય. અહીંયાં તો જેને સમ્યગ્દર્શન પ્રગટ નથી થયું એવો જીવ નય દ્વારા વિચારે છે, પણ અનુભવના કાળમાં નયોના વિકલ્પ કોઈ રહેતા નથી. **અને નિક્ષેપોનો સમૂહ ક્યાં જતો રહે છે**, નામ નિક્ષેપ, દ્રવ્ય નિક્ષેપ, ભાવ નિક્ષેપ (સ્થાપના નિક્ષેપ), ચાર નિક્ષેપ છે ને? એ.

**તે અમે જાણતા નથી.** અમૃતચંદ્રાચાર્ય ભગવાન કહે છે કે અમે અમારા સ્વરૂપમાં લીન થઈએ છીએ, ત્યારે આને વ્યવહારનય કહેવાય, અને આને નિશ્ચયનય કહેવાય, અને આને પ્રમાણ કહેવાય, અને આને નિક્ષેપ કહેવાય, ત્યાં કે છે જ નહિ! હોય તો જ્ઞાનનું જ્ઞેય કહેવાય પણ એ તો છે જ નહિ. હોય તો જ્ઞાનનું જ્ઞેય વ્યવહારે કહેવાય, પણ એ છે જ નહિ, અનુભવના કાળમાં કોઈ વિકલપ નથી.

**નિક્ષેપોનો સમૂહ ક્યાં જતો રહ્યો છે એ અમે જાણતા નથી. આથી અધિક શું કહીએ? દ્વૈત જ પ્રતિભાસિત થતું નથી.** આ અનુભૂતિ અને આ અનુભૂતિનો વિષય, આ આનંદની પર્યાય અને (આ) આનંદ મૂર્તિ, એવું બેપણું આત્મામાં ભાસતું (નથી). આહાહા! અભેદ જ્ઞેયમાં બેપણું નથી. અભેદ ધ્યેયમાં પણ બેપણું નથી. અભેદ ધ્યેયમાં પણ બેપણું નથી અને અભેદ જ્ઞેય થાય એમાં પણ બેપણું (નથી). એ શું? એ શું ભલા? કે અભેદ ધ્યેય છે એમાં જ્ઞાન, દર્શન, ચારિત્રના ગુણભેદ (એવું) ત્રણપણું એમાં નથી. દૃષ્ટિના વિષયમાં, ધ્યેયમાં ગુણભેદ નથી. પર્યાયનો તો એમાં અભાવ છે પણ ગુણોનો તો એમાં સદ્‌ભાવ છે, છતા ગુણભેદનો અભાવ છે. ધ્યેય છે, જેનું અવલંબન લેતાં નિર્વિકલ્પ શાંતિ આવે છે, ધ્યેય, એ અભેદ છે. આહાહા! એ અભેદમાં ગુણભેદ દેખાતા નથી અને અભેદ ઉપર દૃષ્ટિ પડતાં એ નિર્વિકલ્પ ધ્યાનમાં નિશ્ચય રત્નત્રયના પરિણામ પ્રગટ થાય છે, વીતરાગી પરિણામ. એ પણ અભેદ થઈને જ્ઞેય થાય છે, એ જ્ઞેયમાં દ્વૈત ભાસતું નથી, બેપણું ભાસતું નથી. ધ્યેયમાં ગુણભેદ દેખાતો નથી અને સ્વજ્ઞેય થયું એમાં પર્યાયનો ભેદ દેખાતો (નથી). છતાં ગુણો છે અને પર્યાયો પણ (છે).

શું કહ્યું? કે ગુણોને ઊડાડી દીધા? કે ના. પર્યાયને ઊડાડી? કે ના. આ શું વાત કરો છો? અમારા મગજમાં કાંઈ આવતું (નથી)! કેમ કે મગજમાં કચરો ભર્યો

છે, ક્યાંથી આવે તને? આહાહા! આ કુટુંબ મારું, લક્ષ્મી મારી, મોટર મારી. આહાહા! બેંક બેલેન્સ મારી, કારખાનું મારુ, મારું-મારું અને મરે છે. સમજ્યો વિમલ? આહાહા! હવે મરવા જેવું નથી. કારખાનાનો માલિક કોણ છે? પુદ્ગલ છે. આહાહા! વિમલ પણ નથી અને ધીરૂભાઈ પણ નથી. અનુપભાઈ આવ્યા છે કે નથી આવ્યા? નથી આવ્યા. અરે! આ દસ દિવસ વેપાર પણ છોડે નહિ કોઈ, બોલો. જુઓ તો ખરા!

ઘણાં વર્ષ પહેલાની વાત કરું છું, ઘણાં વર્ષ પહેલા હોં! ઘણાં વર્ષો થઈ ગયા, સિત્તેર વર્ષ પહેલાની વાત કરું છું. સ્થાનકવાસી અને શ્વેતાંબર, ત્યાં તો અમે જ્યાં રહેતા હતા ત્યાં તો કોઈ દિગંબર તો હતું જ નહિ. આઠ દિવસ દુકાન બંધ કરી દયે ભાઈ. અજમેરાભાઈ, દુકાનને તાળું. કે વાણિયાનો આ પર્વ ચાલે છે, હવે આઠ દિવસ એ મળશે નહિ, એવી તો છાપ. આહાહા! ભલે ઓઘે ઓઘે (સમજણ વગર), કંઈ સમજે તો નહિ, તો પણ, એમ, ધર્મનો પર્વ તો છે ને? એ અપેક્ષાએ વાત કરું છું, હોં! એ સાચું હતું એ નથી મારે કહેવાનું-લેવાનું, દૃષ્ટાંત તો એકદેશ હોય.

એમ અહીંયાં કહેવાનો આશય એ છે અરે! દસ દિવસ પણ જો નિવૃત્તિ ન મળે. આહાહા! અરે! ચોવીસ કલાક નિવૃત્તિ ન મળે તો બે ત્રણ કલાક તો નિવૃત્તિ કાઢવી જોઈએ કે નહિ? આહાહા! અહીંયાં પણ ઘણાં પ્રવૃત્તિવાળા છે, જામનગરના, છતાં આવે છે, હેં! એમાં શું? આત્માની વાત છે ને આ તો. બાર મહિને (એક વાર) દસ દિવસ આવે પાછા! મહિને-મહિને દસ દિવસ આવે તો તો? એ તો મહિને-મહિને આવે છે, આ મહિને નહિ જઈએ તો ઓલા મહિને જાશું ધર્મ કરવા. મહિને-મહિને નથી આવતા દસ દિવસ. હેં? મીઠાસથી કહી દેવાય બધું. હિતને માટે છે ને આ તો? આહાહા!

**જાણનારો જણાય છે.** પાછું આવ્યું હો! છે એ આવે છે, એ જ આવવાનું, બીજું કાંઈ આવવાનું (નથી). આહાહા! બીજું બધું ગયું હવે. **જાણનારો જણાય છે.** આહાહા! એમાં અનુભવ થાય છે, ભાઈ! આ સાધારણ વાક્ય નથી. બસ, **જાણનારો જણાય છે** એટલામાં સમ્યગ્દર્શન-જ્ઞાન થઈ જાય? એટલું બધું સહેલું છે? ભાઈ! સ્વભાવ સહેલો હોય, વિભાવ અઘરો હોય. પાણી ઉપર ચડાવવું હોય તો મશીન જોઈએ અને પાણી આમ નાખો તો નીચે ઢાળવાળા માર્ગમાં મશીન જોઈએ? એ ઢળી જાય એની મેળે-મેળે. આહાહા! સ્વભાવ સહેલો હોય, વિભાવ

અધરો છે.

જાણનારો જણાય છે. આહાહા! આગમ પોકાર કરે છે, સંતો કહે છે. ગુરુદેવ કહી ગયા છે કે તને સમયે-સમયે જાણનાર જણાય છે. (સમયસારની) ૧૭-૧૮ મી ગાથા એમ કહે છે કે સૌને આબાળગોપાળ સૌને જાણનારો જણાય છે, અનુભવમાં આવે છે એટલે જાણનારો જણાય છે. આ તો સમયસારનું કથન છે. આહાહા! જાણનારો 'જણાશે' એમ નથી. ત્રમ્બકભાઈ! જણાય રહ્યો છે? આહાહા! તો પછી બીપીનભાઈ નહિ જણાય, અશોકભાઈ નહિ જણાય. શું થાશે?

મુમુક્ષુ: ઈન્દ્રિયજ્ઞાન (એને જાણશે).

પૂ. લાલચંદભાઈ: વાહ! બહુ સરસ! વાહ રે વાહ! જુઓ આ ચમત્કાર. જુઓ આ દશ (સમયસાર ૩૭૩-૩૮૨) ગાથાનો ચમત્કાર આવ્યો હોં! આહાહા! બરાબર જવાબ આપ્યો. એ મારું કામ એને જાણવાનું નથી, ઈન્દ્રિયજ્ઞાન એને જાણશે. હું તો મને, જાણનારને જાણું છું. બસ! આહાહા! એ કુંદકુંદની વાણી વાંઝણી ન જાય. બે હજાર વર્ષ પહેલા લખ્યું છે ને? એ વાણી છૂટે કુંદકુંદની અને કોઈ ન સમજે, એમ બને નહિ. ઓછા-વધતું બધા સમજે, સમજે અને સમજે. આહાહા! આ બિપીનભાઈ અને આ રમણીકભાઇના ભાઈ અને આ અશોકભાઇના દીકરા, એના દીકરા ખીમચંદભાઇના, એના દીકરા કહેવાયને? આહાહા! એ તો ઈન્દ્રિયજ્ઞાન જાણશે. આહાહા! હું એને જાણતો નથી કેમ કે ઈન્દ્રિયજ્ઞાન મારું નથી. આ ખીમચંદભાઈ બેઠા છે એ મને ખ્યાલ નહિ. બેઠા છે ત્યાં ખીમચંદભાઈ? આહાહા! આ અશોક તમને જણાય કે નહિ?

મુમુક્ષુ: (ના, નહિ જણાય).

પૂ. લાલચંદભાઈ: તો કોણ એને જાણશે?

મુમુક્ષુ: ઈન્દ્રિયજ્ઞાન.

પૂ. લાલચંદભાઈ: ઈન્દ્રિયજ્ઞાન! તો પછી ઈન્દ્રિયજ્ઞાન એને જાણશે, તો હું એને જાણતો નથી, મને જાણનાર જણાય છે, તો આ પુત્ર મારો છે એવી મમતા છૂટી જશે! આહાહા! મમતાનો અભાવ થઈ જશે, અશોકભાઈ અશોકભાઇમાં રહેશે, મારો આત્મા મારા આત્મામાં રહેશે અને મારું કામ થઈ જશે. આહાહા! હલી જાય છે. હવે હલે છે જરા-જરા. હેં?

મુમુક્ષુ: મમતા ગઈ તો સમતા આવી જાય?

પૂ. લાલચંદભાઈ: હા, મમતા ગઈ તો સમતા જ આવેને? બીજું શું આવે? વીતરાગી સમતા હોં! આહાહા! **જાણનારો જણાય છે.** આવ્યું પાછું. એ જ આવવાનું છે. હવે પર જણાય છે, એ આવશે?

મુમુક્ષુ: નહિ આવે.

પૂ. લાલચંદભાઈ: નહિ આવે. તો પછી પર તો રહેશે. તો પરને જાણનારો કોણ રહેશે?

મુમુક્ષુ: ઈન્દ્રિયજ્ઞાન.

પૂ. લાલચંદભાઈ: ઈન્દ્રિયજ્ઞાન. એના ખાતામાં નાખી દયોને? એ એનું કામ છે.

મુમુક્ષુ: બહુ drilling (ડ્રીલીંગ, અભ્યાસ) કરાવે છે. ડ્રીલીંગ બહુ કરાવે છે આ.

પૂ. લાલચંદભાઈ: ડ્રીલીંગ.

મુમુક્ષુ: વારંવાર-વારંવાર, વારંવાર-વારંવાર, વૃધ્ધિકરણ.

પૂ. લાલચંદભાઈ: વારંવાર-વારંવાર. Hammering (હેમરીંગ). હેમરીંગ - માથામાં હથોડા માર્યા કરે, હથોડા મારે, બરાબર હથોડા મારેને, ત્યારે તો કાંઈક હજી નરમ પડે. હા! આ કાંઈ ઓછો (નથી). એની અડકોડાઈ, વાયડાઈ કાંઈ ઓછી (નથી). એ ભડનો દીકરો છે, હું પરને જાણું છું, (શું) હું નથી જાણતો? એની સામે જ્યારે બહુ હથોડા મારેને, ત્યારે જરાક, જરાક પોચો પડે. કોઈ સમજો કે કોઈ ન સમજો! કેમ કે એને એમ ખબર છે કે અહીંયાં પાકું લેસન નહિ કરે તો બહાર નીકળીને બીજે રવાડે ચડી જશે.

**જાણનારો જણાય છે. અને જ્યારે મને જાણનારો જણાય છે એમ આવે છે ત્યારે, 'નિશ્ચયનય'થી જાણનારો જણાય છે એવો વિચાર પણ આવતો નથી.** એવો વિકલ્પ હવે આવતો નથી. જાણનારો જણાય છે એ વિચારે, ત્યારે નિશ્ચયનયથી જાણનાર જણાય છે, એવો નિશ્ચયનયનો વિચાર છૂટી જશે, આવશે જ નહિ. આહાહા! આ પ્રયોગની વાત ચાલે છે. આહાહા! આ વાત 'જાણનારો જણાય છે' એ ધારણાની વાત નથી. હરકિશનભાઈ, આ કાપડ જણાતું નથી પણ જાણનારો જણાય છે, તો પછી કાપડને કોણ જાણશે હરકિશનભાઈ?

મુમુક્ષુ: ઈન્દ્રિયજ્ઞાન.

પૂ. લાલચંદભાઈ: ઈન્દ્રિયજ્ઞાન. અચ્છા! એ દર્શનાને કોણ જાણશે? ઈન્દ્રિયજ્ઞાન. તમારી દીકરી તો છે ને? છે કે નહિ?

મુમુક્ષુ: નથી.

પૂ. લાલચંદભાઈ: નહિ! ક્યાં ગઈ દર્શના? બેઠી છે ને? આ રહી. તમારી દીકરી નહિ? શું આ માંડયુ છે?

મુમુક્ષુ: આપે શું માંડયું છે?

(પૂજ્ય લાલચંદભાઈ અને બધા હસ્યા).

પૂ. લાલચંદભાઈ: આ તો પરમાત્મા થવાનો પાઠ ચાલે છે, ભાઈ! આહાહા! કોની દીકરી અને કોના પિતા? અરે! દેહનો ધણી પણ આત્મા નથી તો કુટુંબ કબીલાની ક્યાં વાત કરવી? મારાપણું તો ગયું પણ જાણવાનું પણ ગયું. કરવાનું ગયું અને જાણવાનું ગયું અને જાણનાર રહી ગયો. અને જાણનાર જણાય ગયો પછી, પછી હોં! ઓલું બન્ને જાય પછી જાણનાર છું એમાં આવે, તો જાણનાર જ જણાય. હું જાણનાર છું અને જાણનાર જણાય છે બીજું કાંઈ જણાતું નથી. આ શું માંડયું છે?

મુમુક્ષુ: બધો કચરો નીકળી ગયો. Brain wash (બ્રેઇન વોશ, મગજ સાફ) થઈ ગયો.

પૂ. લાલચંદભાઈ: બ્રેઇન વોશ થઈ ગયો, કચરો નીકળી ગયો, બસ!

**એવો વિચાર પણ આવતો નથી**, નયનો વિચાર. જાણનાર જણાય છે, એ તો સ્વભાવથી જાણનાર જણાયા જ કરે છે એવું જ મારું સ્વરૂપ છે. બસ!

**સ્વભાવથી જ જાણનારો જાણવામાં આવી રહ્યો છે. સ્વભાવથી જ જાણનારો** એટલે જ્ઞાયક, **જાણવામાં** એટલે જ્ઞાનમાં **આવી રહ્યો છે તો સ્વભાવ જ લક્ષમાં આવે છે**. આહાહા! વિભાવ કોઈ લક્ષમાં આવતો (નથી). **અને જ્યારે સ્વભાવ લક્ષમાં આવે છે ત્યારે નયના વિકલ્પ છૂટી જાય છે**, એટલે વિકલ્પ ઉત્પન્ન થતા નથી. **અને સ્વભાવ સ્વભાવપણે અભેદ અનુભવમાં આવે છે.** આહાહા! બે પ્રકારના અભેદ એક અભેદ થઈને જણાય છે. બે પ્રકારના અભેદ?

મુમુક્ષુ: એક અભેદ.

પૂ. લાલચંદભાઈ: એક અભેદ જાણનહાર. ગિરનાર ઉપર આકાશવાણી થઈ હતી ને? આણે ટેપ રાખેલી ખિસ્સામાં. એ ગિરનાર ઉપર જાતા હતા, એ લોકો

ચાલીને આવે અને હું ડોલીમાં, સાથે-સાથે બધા જાઇએ. એમાં એક બહેનની ભજનની ટેપ મૂકી ભાઈએ, કિશોરભાઇએ. આહાહા! પ્રભુ મૈં એક... શું?

મુમુક્ષુ: જાણનહારા.

પૂ. લાલચંદભાઈ: એ આવે છે ને, પ્રભુ. એમ છે ને આગળ?

મુમુક્ષુ: પ્રભુ! મૈં જ્ઞાયકરૂપ કેવલ જાણનાહારા રે.

પૂ. લાલચંદભાઈ: પ્રભુ! મૈં જ્ઞાયક હું?

મુમુક્ષુ: જ્ઞાયકરૂપ.

પૂ. લાલચંદભાઈ: જ્ઞાયકરૂપ, પ્રભુ મૈં જ્ઞાયકરૂપ, કેવળ એક જાણનહારા રે! મેં તો કહ્યું આ તો આકાશવાણી ખરી! એમ કહ્યું હો! પ્રમોદ આવી ગયો.

મુમુક્ષુ: સહસાવનમાંથી આપની ડોલી જતી હતી.

પૂ. લાલચંદભાઈ: હા સહસાવનમાંથી, બરાબર! આ ભાઈ પણ સાથે હતા.

મુમુક્ષુ: આપનો પરમ પ્રતાપ.

મુમુક્ષુ: ભાઈ, ટેપ પણ નાનું હતું એટલે ખિસ્સામાં કાંઈ દેખાય નહિ.

પૂ. લાલચંદભાઈ: દેખાય નહિ, હા. એટલે કહ્યું આ તો આકાશવાણી આવી આ તો. હેં! આહાહા!આકાશવાણી છે ભાઈ, આકાશવાણી એટલે દિવ્યધ્વનિનો સાર છે 'જાણનારો જણાય છે'. આ સાધારણ વાત નથી, એની કિંમત કરજો બધા. અહીંથી જઈને જાઓને ગામે, તો ભૂલશો નહિ, 'જાણનારો જણાય છે' દશ વખત તો યાદ કરજો.

ઓલો ક્યાં ગયો આશીષ? નથી આવ્યો? એ ફેકટરીમાં પડયો છે. આ આવ્યો-આવ્યો, આવ્યો છે, આવ્યો છે. એનો જન્મ દિવસ હતો, પરમ દિવસને કે કાલે? પરમ દિવસ? પરમ દિવસ, જન્મ દિવસ હતો. પછી આવ્યો સવારના. આવેને પગે લાગવા? દશ વખત આ બોલ, કહ્યું, દશ વખત બોલાવ્યું અને રોજ બોલવાનું પાછું, એમ. આજે જ બોલવાનું નહિ, રોજ. કે ભાઈ, રોજ બોલીશ હોં! આહાહા! અહીંયાં આવ, તું અહીંયાં આવ. શું તને lesson (લેશન, શિક્ષણ) આપ્યું મને તો કહે. હું તો પરીક્ષા કોઈ દિવસ લેતો નથી, તો પણ આજે લઈ લઉં. બોલો બધાની વચમાં બોલો.

મુમુક્ષુ: થવા યોગ્ય થાય છે અને જાણનારો જણાય છે.

પૂ. લાલચંદભાઈ: જણાય છે.

મુમુક્ષુ: જાણનારો જણાય છે, ખરેખર પર જણાતું નથી.

પૂ. લાલચંદભાઈ: આ એક મંત્ર આપ્યો. એક-એક વાક્ય દશ વખત બોલવાનું, રોજ હોં! રોજ બોલશ?

મુમુક્ષુ: હા ભાઈ!

પૂ. લાલચંદભાઈ: બધું થવા યોગ્ય થાય છે અને જાણનાર જણાય છે. કોઈ કોઈનો કર્તા નથી, બધું થવા યોગ્ય થાય છે. જડ-ચેતનના પરિણામ, અંદરના અને બહારના, બધું થવા યોગ્ય થાય છે. કોઈ કોઈનો કર્તા - હર્તા નથી, એના સમયે એના કાળે પરિણામ થવા યોગ્ય થયા જ કરે છે. આહાહા! આત્મા એનો કર્તા નથી. આત્મા એનો વ્યવહારે જ્ઞાતા છે કે નહિ? વ્યવહારે જ્ઞાતા એટલે શું? કે મન એને જાણે છે અને કહેવાય કે આત્મા એને જાણે છે, એનું નામ 'વ્યવહારે કહેવાય'. આહાહા! નિર્મળ પર્યાયનો આત્મા વ્યવહારે કર્તા છે, વ્યવહારે કર્તા એટલે શું? કર્તા નથી, કર્તા પર્યાયનો પર્યાય છે અને ઉપચાર આવ્યો આત્મા ઉપર, કે નિર્મળ પર્યાયને, સમ્યગ્દર્શનને આત્મા કરે છે. ઉપચારના કથન છે બધા.

જ્યારે ગોદિકાજીએ સોળ લાખ (રૂપિયા) ખર્ચ્યા, મંદિરની પ્રતિષ્ઠા વખતે. સોળ લાખ એ વખતના. કેટલા વર્ષ થયા હશે? ઘણાં વર્ષ થઈ ગયા. ત્રીસેક વર્ષ થયા હશે. ત્રીસેક થઈ ગયા હશે. તે વખતે ગુરુદેવ ત્યાં પધાર્યા હતા. ત્યાં બધા મુમુક્ષઓ પણ ઘણાં ત્યાં ગયા હતા. હું પણ ગયો હતો. એમાં ગુરુદેવે પ્રવચનમાં એકવાર વાત કરી, કે નિર્મળ પર્યાય, શુદ્ધ પર્યાય, સમ્યગ્દર્શનની પર્યાયનો આત્મા ઉપચારથી પણ કર્તા નથી, વ્યવહારે પણ કર્તા નથી. આહાહા! ધડાકો કર્યો. ઉપચારે કર્તા છે, એ સવિકલ્પદશા છે. પછી નિર્વિકલ્પ ધ્યાનમાં જવા માટે ઉપચારથી પણ નિર્મળ પર્યાયનો કર્તા નથી, એમાં શુદ્ધોપયોગની દશા આવી જાય છે. આહાહા!

જ્યારે ધૂન ચડેને, એ પાંચ પ્રતિક્રમણની ગાથામાં છે (નિયમસર ગાથા ૭૭-૮૧). નિર્મળ પર્યાયનો પણ આત્મા ઉપચારથી કર્તા નથી. આહાહા! કોઈ અપૂર્વ વાતો બહાર આવી ગઈ છે. ત્રીસ વર્ષ પહેલાની વાત છે. બહુ પ્રમોદ આવી ગયો. ઉતારે ગયો જ્યાં ગુરુદેવ ઊતર્યા હતા ત્યાં, પ્રમોદજાહર કરવા. આહાહા! શું આજે ગુરુદેવ આપે આ વાક્ય કહી દીધું, 'અમૃતતુલ્ય' વાક્ય. બધા બેઠા હતા અને બધી વાતો એવી વ્યવહારની ચાલતી હતી એટલે પછી ઊઠીને ચાલ્યો ગયો. આહાહા!

જયપુરની વાત છે, ત્રીસેક વર્ષ પહેલા.

નિર્મળ પર્યાયનો વ્યવહારનયે (પણ) કર્તા નથી. કર્તાપણું જ નથી પછી વ્યવહાર કે નિશ્ચયનો પ્રશ્ન (નથી). સ્વયં થાય છે એને વ્યવહાર-નિશ્ચયની શું જરૂર? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ નિર્વિકારી વીતરાગી, અકષાયી પરિણામ થવા યોગ્ય થાય છે. અરે! થવા યોગ્ય થાય છે એને જાણતો નથી. થવા યોગ્ય થાય છે, એમ જાણીને 'જાણનારને જાણું છું'. કર્તાબુદ્ધિ ગઈ અને થવા યોગ્ય થાય છે એની જ્ઞાતાબુદ્ધિ પણ ગઈ અને સાક્ષાત્ જ્ઞાયકનો જ્ઞાતા થઈ ગયો. એવી વાતો બધી બહાર ઘણી આવી છે. 'જાણનારો જણાય છે' એમાં કામ થાય છે.

મુમુક્ષુ: સમ્યગ્જ્ઞાનને પણ શાંત કરીને કેવળજ્ઞાન થઈ ગયું.

પૂ. લાલચંદભાઈ: શું કહ્યું એણે સમજાણું? ઉપચારથી કર્તા છે, (એમ) જ્ઞાની કહે ત્યારે એને સવિકલ્પદશા હોય. 'ઉપચારથી કર્તા નથી' ત્યાં નિર્વિકલ્પધ્યાનમાં ચાલ્યો જાય છે અને શ્રેણી હોય તો કેવળજ્ઞાન પ્રગટ (થઈ જાય છે). કેવળજ્ઞાનનો ક્કો છે એ. 'ઉપચારથી કર્તા નથી', એ કેવળજ્ઞાનનો ક્કો છે. આહાહા! ખીમચંદભાઈ, તમારા પુત્ર બોલે છે. કેવળજ્ઞાનનો કકો છે આ. આત્મા છે ને, એમાં શું? આહાહા! આ દેહ છે ક્યાં આત્માનો.

મુમુક્ષુ: રાજકોટમાં આપે નવા વર્ષના દિવસે પણ કહ્યું હતું કે આ સીમંધર પરમાત્માનો ...

પૂ. લાલચંદભાઈ: એ કાંઈ નહિ. આહાહા! થવા યોગ્ય થાય છે બસ! સંતોની વાણી છે અને જાણનારો જણાય છે બસ!

આગળ હવે, **'સમય'ની વ્યાખ્યા કરી કે-જાણવું અને (આત્માને) જાણવારૂપે પરિણમવું... સ્વભાવથી જ છે**, આ સમયસારની બીજી ગાથા છે. એમાં સમયની વ્યાખ્યા કરી છે આચાર્ય ભગવાને, કે યુગપદ એક સાથે જાણવું અને પરિણમવું એ આત્માનો મૂળ સ્વભાવ છે. એમાં કર્મની અપેક્ષા નથી. જાણવું અને જાણવારૂપે પરિણમવું એ સમયની વ્યાખ્યા કરી. પછી એમાં સ્વસમય અને પરસમય થઈ જાય કોઈ જીવ, એ જુદી વાત છે.

**અને (આત્માને) જાણવારૂપે પરિણમવું... સ્વભાવથી જ છે, અનાદિ-અનંત, કોઈ નય લાગુ** એમાં **ન પડે.** આહાહા! **જો નય લગાડીશ તો સ્વભાવથી દૂર થઈ જઈશ**, નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણે છે, સ્વભાવથી દૂર

થઈ ગયો. એને એમ લાગે કે હું આગળ વધ્યો પણ કાંઈ આગળ વધ્યો નથી, વિકલ્પની જાળમાં અટક્યો છે એ. **નય લાગુ ન પડે. જો નય લગાડીશ તો સ્વભાવથી દૂર થઈ જઈશ**. વિકલ્પ ઊઠશે તો નિર્વિકલ્પ શાંતિ આવશે (નહિ). **અને જો સ્વભાવથી જોઇશ તો નય દૂર થઈ જશે.** મોટા અક્ષરો છે, bold type (બોલ્ડ ટાઇપ, બોલ્ડ પ્રકાર), ફરીને.

**જો નય લગાડીશ તો સ્વભાવથી દૂર થઈ જઇશ અને જો સ્વભાવથી જોઇશ તો નય દૂર થઈ જશે. આ નયથી દૂર થવાની વાત ચાલી રહી છે.** નયાતિક્રાંત થવાની વાત ચાલી રહી છે. **નયથી સમજવાની તને ટેવ પડી ગઈ છે, તેથી વિકલ્પ ઉત્પન્ન થયા વગર રહેતા નથી.** આ નયથી આવો અને આ નયથી આવો અને આ નયથી આવો, સદ્‌ભૂત ઉપચરિત, અનુપરિચત, આહાહા! નયોના ચકરાવામાં ચડી અને આયુષ્ય પૂરું થઈ જાય અને અનુભવ થાય નહિ. તો શું? નયોનું ફળ તો આવ્યું નહિ? શાસ્ત્રોનું ભણવાનું ફળ તો વીતરાગતા થવી જોઈએ ને? આહાહા! નય તો રાગ છે, નયનો રાગ તો દુ:ખદાયક છે, આકુળતા ઉત્પન્ન કરે છે.

ઓહો! ત્રણથી ચાર, થઈ ગયો એક કલાક! કાંઈ ખબર ન પડી. કોઈ બોલ્યું પણ નહિ. સાતમું પાનું છે.

મુમુક્ષુ: શું કામ બોલીએ?

ૐ

# દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ,, પાનું ૮-૧૩
# ઉશાકિરણ એપાર્ટમેંટ, રાજકોટ
# તારીખ: ૦૧-૧૯૯૧

# પ્રવચન LA ૦૬૬

એનો અર્થ આહાહા! પરિણામનો કર્તા પર્યાય છે, હું કર્તા નથી. અને થવા યોગ્ય થાય છે એને જાણતો નથી, જાણનારને જાણું છું. આહાહા! એમાં નિયમથી સમ્યગ્દર્શન થાય એમ તેરમી ગાથામાં (આવ્યું), એ જ ભાવ આવ્યો અહીંયાં. આહાહા! કોપી-ટુ-કોપી (copy-to-copy, નકલ-થી-નકલ) છે, true copy (ટ્રૂ કોપી, સાચી નકલ). ભૂતાર્થનયે નવને જાણ તું! આહાહા! થવા યોગ્ય થાય છે એમ જાણે, એ એને જાણવા ન રોકાય, એમ.

મુમુક્ષુ: ન રોકાય. જાણનારને જાણવામાં આવી જાય.

પૂ. લાલચંદભાઈ: (હા), થવા યોગ્ય થાય છે એને જાણવા રોકાય તો આ જાણનાર ન જણાય. તેરમી ગાથા સમ્યગ્દર્શનની, બોલો! એકને માને તો પણ સમ્યગ્દર્શન, નવને ભૂતાર્થનયે જાણે તો પણ સમ્યગ્દર્શન, બોલો! કે નવને જાણતાં સમ્યગ્દર્શન થાય? પણ આગળ ભૂતાર્થ શબ્દ છે, એ ધ્યાન રાખજે. નવના લક્ષે ન થાય, નવ કર્મ થાય તો પણ ન થાય, નવ જ્ઞેય થાય તો પણ ન થાય. એક ભગવાન આત્માને જાણ તું. આહાહા! કર્તાબુદ્ધિ ગઈ અને જ્ઞાતાબુદ્ધિ ગઈ અને સ્વરૂપમાં આવી ગયો.

થવા યોગ્ય થાય છે અને જાણનાર જણાય છે. આહાહા! દિવ્યધ્વનિમાં આવ્યું હતું, બોલો!. ઘણાય પામ્યા હશે એ (સાંભળીને). આહાહા! જેનાથી સાધ્યની સિદ્ધિ થાય એ પરમાર્થ છે, એમાં સાક્ષાત્ અનુભવ થાય. દર્શન થાય ભગવાનના એટલી વાત સાચી છે, બાકી બધું સમજવાનું ઘણું આવે. આહાહા! કયું

પાનું છે?

મુમુક્ષુ: ૮મું પાનું, છેલ્લો પેરેગ્રાફ.

પૂ. લાલચંદભાઈ: ૮મું છે. થઈ ગયો ટાઈમ,. એટલે રાહ જોતો હતો ૧૦ ની, ૧૦ ના ટાઈમની રાહ જોતો હતો.

(મંગલાચરણ)

પૂ. લાલચંદભાઈ: બોલો બહેન.

મુમુક્ષુ: લાસ્ટ પેરેગ્રાફ હતો.

પૂ. લાલચંદભાઈ: છેલ્લો પેરેગ્રાફ. **જ્ઞાયક નથી ત્યમ પર તણો**.

મુમુક્ષુ: '**જ્ઞાયક નથી ત્યમ પર તણો, જ્ઞાયક તો જ્ઞાયક છે' બસ પરને જાણવાનો પક્ષ હતો તે છૂટી ગયો. જ્ઞાયક પરને જાણતો નથી એટલું કહ્યું- જ્ઞાયક જ્ઞાયકને જાણે છે એવો નિશ્ચયનય છે-એમ ન લીધું.**

પૂ. લાલચંદભાઈ: આહાહા! મૂળ ગાથામાં આટલું લીધું, એમ. કુંદકુંદ ભગવાને એટલું જ લીધું કે **'જ્ઞાયક નથી પર તણો'** એટલે પરને જાણતો નથી, જ્ઞાયક જ્ઞાયકને જાણે છે એ કાઢી નાખ્યું. ટીકાકાર એ લેશે, (પણ) મૂળમાં નથી. મૂળમાં અસદ્ભૂત વ્યવહાર કાઢીને સીધો સ્વભાવમાં લઈ ગયા. અને ટીકાકારે અસદ્ભૂત વ્યવહારનો નિષેધ કરી સદ્ભૂતમાં લાવ્યા, તેથી સાધ્યની કાંઈ સિદ્ધિ નથી એમ કરીને જ્ઞાયક જ્ઞાયકમાં લઈ ગયા. એક stage (સ્ટેજ, કદમ) (ઉમેર્યો), ટીકામાં હંમેશા થોડુંક વધારે હોય. મૂળમાં તો આટલું જ છે.

મુમુક્ષુ: '**જ્ઞાયક નથી ત્યમ પર તણો, જ્ઞાયક તો જ્ઞાયક જ છે' બસ પરને જાણવાનો પક્ષ હતો તે છૂટી ગયો. જ્ઞાયક પરને જાણતો નથી એટલું કહ્યું- જ્ઞાયક જ્ઞાયકને જાણે છે એવો નિશ્ચયનય છે-એમ ન લીધું. નિશ્ચયનયથી જ્ઞાયક જ્ઞાયકને જાણે છે, એમ નહિ પરંતુ જ્ઞાયક તો જ્ઞાયક જ છે, બસ. જ્ઞાનની પર્યાય સ્વભાવથી જ આત્માને જાણ્યા કરે છે. એમાં નયની કોઈ જરૂરત જ નથી.**

પૂ. લાલચંદભાઈ: જાણશે એમ નહિ, જાણ્યા કરે છે, continue (કંટીન્યુ, સતત ચાલુ) છે, એમ. જેમ આમાં અનાદિ-અનંત છે, એમ રાગને જાણ્યા કરશે અનાદિ-અનંત, એમ નથી. કેમ કે એ વિભાવ છે અને આ તો સ્વભાવ છે. અનાદિ-અનંત એમ કહે છે, આબાળગોપાળ સૌને, સદાકાળ કહ્યુંને? સદાકાળ એટલે

ત્રણેકાળ, અનુભવમાં આવે છે બધાને, નિગોદમાં પણ આવે છે. **બસ. જ્ઞાનની પર્યાય સ્વભાવથી જ આત્માને જાણ્યા કરે છે.**

**જ્ઞાનની પર્યાય સ્વભાવથી જ આત્માને જાણ્યા કરે છે.** નિશ્ચયનયે જો આત્માને જાણે છે, નિશ્ચયનયે આત્માને જાણે છે તો વ્યવહારનયે પરને જાણે છે. સ્વ-પર બન્ને આવી જાય ને? નિશ્ચયનયે સ્વને જાણે છે તો નય તો સાપેક્ષ જ હોય છે, નિરપેક્ષ નય તો મિથ્યાનય. નિશ્ચયનયે આત્માને જાણે છે તો વ્યવહારનયે પરને જાણે છે (એમ) આવશે. એટલે નિશ્ચયનય નહિ, પણ સ્વભાવથી જ જ્ઞાન આત્માને જાણ્યા કરે છે. પ્રકાશ સૂર્યને પ્રસિદ્ધ કર્યા જ કરે છે, અનાદિ-અનંત, એમ. **બસ. જ્ઞાનની પર્યાય સ્વભાવથી જ આત્માને જાણ્યા કરે છે.**

મુમુક્ષુ: **એમાં નયની કોઈ જરૂરત જ નથી. આબાળગોપાળ સૌને આત્મા સદાકાળ અનુભવમાં આવી રહ્યો છે. 'સદાકાળ' અર્થાત્ સ્વભાવથી જ જ્ઞાન આત્માને જાણી રહ્યું છે. પણ વ્યવહારથી તો પરને જાણે છે ને? અરે! પરનું જાણવું સ્વભાવમાં જ નથી. 'જ્ઞાયક નથી ત્યમ પર તણો' -ખલાસ થઈ ગઈ વાત.**

પૂ. લાલચંદભાઈ: ખડી ભીંતને સફેદ કરતી જ નથી. પણ વ્યવહારનયે કરે છે કે નહિ? પણ વ્યવહારનયે કરે છે એટલે શું?

મુમુક્ષુ: કે એમ નથી.

પૂ. લાલચંદભાઈ: એમ નથી.

મુમુક્ષુ: એટલે કે નથી જ કરતી.

પૂ. લાલચંદભાઈ: આહાહા! સંયોગ દેખીને વ્યવહારનય મિથ્યા ઉપદેશ આપે છે. વ્યવહારનય મિથ્યા ઉપદેશનો આપવાવાળો છે (તેથી) એના ઉપર દૃષ્ટિ રાખનાર મિથ્યાદૃષ્ટિ છે. તેથી મિથ્યાત્વ છે, એમ છે ને? શું છે શબ્દો?

મુમુક્ષુ: વ્યવહારનય નિયમથી મિથ્યા ઉપદેશને આપવાવાળો છે તેથી મિથ્યા છે.

પૂ. લાલચંદભાઈ: આપવાવાળો છે તેથી મિથ્યા છે અને એના ઉપર દૃષ્ટિ રાખવાવાળો મિથ્યાદૃષ્ટિ છે, એમ. આહાહા!

મુમુક્ષુ: **પરનું જાણવું સ્વભાવમાં જ નથી. 'જ્ઞાયક નથી ત્યમ પર તણો'- ખલાસ થઈ ગઈ વાત. નયાતીતમાં જેમ અનુભવ આવે છે, એમ નયાતીતમાં**

**જ શ્રેણી આવે છે.**

પૂ. લાલચંદભાઈ: નયનો સહારો નથી અનુભવમાં, એમ શ્રેણીમાં પણ નથી. નયના વિકલ્પો ક્યાં છે?

મુમુક્ષુ: **નયથી જ્યાં સમ્યગ્દર્શન ન થાય ત્યાં નયથી ચારિત્ર તો કેમ આવે? તેથી જ્ઞાનીઓ પણ ઠરી જાય છે. કોઈકને જ સમજાવવાનો કે લખવાનો વિકલ્પ ઉઠે છે. સમર્થ આચાર્યોને પણ સમજાવવા માટે નયનો પ્રયોગ કરવો પડે છે. જે એમને પણ ખટકે છે. કેમ કે નયથી સ્વભાવ પ્રસિદ્ધ જ થતો નથી. પરંતુ જ્ઞાનથી સ્વભાવ પ્રસિદ્ધ થાય છે. ખરેખર બીજાને સમજાવવા માટે નયનો પ્રયોગ કરવો પડે છે. તેથી શ્રી પૂજ્યપાદસ્વામીએ કહ્યું કે બીજાને સમજાવવું એ પાગલપણું છે. સમજાવવું અને સાંભળવું બન્ને પાગલપણું છે.**

પૂ. લાલચંદભાઈ: આહાહા! એક વખત મુંબઈમાં સોગાનીજી વાંચનમાંથી નીકળ્યા અને આવ્યા, ભાઈના આપણે કેવા? જુગરાજજી, જુગરાજજીના મકાને અમે બધા આવ્યા. એવી એક તીખી તલવાર જેવી વાત કરી 'શુદ્ધોપયોગમાં જ સમ્યગ્દર્શન, શુદ્ધોપયોગમાં જ ચારિત્ર'. પરિણતિથી ચારિત્ર પ્રગટ ન થાય, ગુણસ્થાનની વૃદ્ધિ ન થાય. આગળ.

મુમુક્ષુ: **નયના પ્રયોગમાં વિકલ્પ જ ઉત્પન્ન થાય છે. સ્વભાવની સમીપે જાય છે, તો વિકલ્પ ઉઠતા જ નથી.**

પૂ. લાલચંદભાઈ: મન પાવે વિશ્રામ.

મુમુક્ષુ: **નિશ્ચયનય માત્ર તારા સ્વભાવ તરફ ઇશારો કરે છે કે આવું તારું સ્વરૂપ છે. પછી એ નયને તું છોડી દે અને સ્વભાવમાં ચાલ્યો જા- દૃષ્ટાંત:- બીજનો ચાંદ ઉગે છે એ કોઈને દેખાય છે અને કોઈને દેખાતો નથી.** કોઈને દેખાય છે અને કોઈને દેખાતો નથી. **હવે જે ચાંદને દેખવાવાળો**.

પૂ. લાલચંદભાઈ: જે એને દેખે છે એ બીજાને હવે દેખાડે છે. કોઈને દેખાતો ન હોય તો દેખાડનારો બીજો ન હોય. કોઈને દેખાય છે અને કોઈને નથી દેખાતો એટલે દેખનારો બીજાને દેખાડે છે, એમ છે. આ સંધિ અનાદિ-અનંત છે, ગુરુ-શિષ્યની. કે કોઈ ચાંદને દેખતું જ નથી, એમ ન હોય કોઈ કાળે.

મુમુક્ષુ: **બીજનો ચાંદ ઉગે છે એ કોઈને દેખાય છે અને કોઈને દેખાતો**

**નથી. હવે જે ચાંદને દેખવાવાળો છે એ બીજાને ચાંદ દેખાડવા ઝાડના માધ્યમ દ્વારા પ્રયત્ન કરે છે. આ જે ઝાડ છે ને, એની આ જે પેલી છેલ્લી ડાળી દેખાય છે ને.. ઉપરની છેલ્લી એને તું જુઓ અને પછી એની લાઇનમાં જ સીધું ઉપર જુઓ તો તને ચાંદ દેખાશે. હવે પેલો તો ડાળીને જ વળગી પડયો (અને) કહે છે મને ચાંદ દેખાતો નથી.**

પૂ. લાલચંદભાઈ: આ ગુરુદેવના શિષ્યો, આ આપણાં ગુરુદેવના શિષ્યોનો આ જ પ્રશ્ન છે કે અમને અનુભવ થતો નથી. કેમ અનુભવ થતો નથી? એ આ, નયના વિકલ્પોમાં અટકી ગયો છે.

મુમુક્ષુ: **ચાંદ દેખાતો નથી. અરે! તને મેં ડાળી દ્વારા, ડાળીને છોડીને, ચાંદને જોવાનું કહ્યું હતું. તું તો ડાળીને જ વળગી પડયો તો ચાંદ કેમ દેખાશે? એને ચાંદ ન જ દેખાય. એમ નય દ્વારા સ્વભાવનું અનુમાન માત્ર કરાવે છે,** એમ નય દ્વારા સ્વભાવનું અનુમાન માત્ર કરાવે છે, **તો એ તો નયને જ વળગી પડયો કે-હું નિશ્ચયનયે અકર્તા છું-હું નિશ્ચયનયે જ્ઞાતા છું-નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણે છે. નય તો ડાળી છે. જે અહીં તહીં જોતો હતો એને દિશાસૂચન કરવા ડાળી દ્વારા ચાંદને જોવાનું કહ્યું-**

પૂ. લાલચંદભાઈ: આ વાત આઠમાં કળશમાં પણ લીધી છે. 'ભેદબુધ્ધિ કરતા જીવ વસ્તુ ચેતના લક્ષણથી જીવને જાણે છે' (કળશ ટીકા, કળશ ૮). ભેદબુધ્ધિ કરતા, 'उन्नियमानं' અને ('उद्योतमानम्') બે શબ્દ છે ને?

મુમુક્ષુ: 'उद्योतमानम्'.

પૂ. લાલચંદભાઈ: 'उद्योतमानम्' પહેલો શું શબ્દ?

મુમુક્ષુ: 'उन्नियमानं'.

પૂ. લાલચંદભાઈ: 'उन्नियमानं' એ પરોક્ષ? 'ભેદબુધ્ધિ કરતા જીવવસ્તુ ચેતના લક્ષણથી જીવને જાણે છે'. આહાહા! એ પરોક્ષ છે. પ્રત્યક્ષ તો સીધો આત્માને જાણે છે, પછી નય ત્યાં રહેતી નથી. નય અનુમાન સુધી, આંગણા સુધી લઈ જાય છે, એ બરાબર જ છે, પણ નિશ્ચયનય. વ્યવહારનય તો આંગણા સુધી લઈ જતી નથી કેમ કે અન્યથા કથન કરે છે. નિશ્ચયનય કથન સાચું કરે છે. બે નયમાં મોટો ફેર છે. આ એક સમજવા જેવું છે.

વ્યવહારનય બીજાના ભાવને બીજાનો કહે છે, તદ્દન ખોટું. ૧૦૦ ટકા જૂઠું

બોલે છે વ્યવહારનય. ત્યારે નિશ્ચયનય પ્રમાણિક છે, જેવું આત્માનું સ્વરૂપ છે એવું વર્ણન કરે છે. કે આત્મા જ્ઞાતા છે? કે હા જ્ઞાતા છે. અકર્તા? કે (હા) અકર્તા છે. અભોક્તા? કે (હા) અભોક્તા છે. નિત્ય-નિરાવરણ છે? કે (હા) નિરાવરણ છે. પરિપૂર્ણ છે, મુક્ત છે? (હા) મુક્ત છે.

નિશ્ચયનય કથન યથાર્થ કરે છે. વ્યવહારનય કથન જ વિપરીત કરે છે. આ કથનના તફાવતને પણ જીવ સમજી શકતો નથી. અનુભવ જુદો, પક્ષ જુદો, એ તો ક્યાંયનું ક્યાંય, પણ હજી કથનની પદ્ધતિના બે પ્રકાર છે, એક નિશ્ચયનય અને એક વ્યવહારનય. વ્યવહારનય તો અન્યથા જ કથન કરે છે. આહાહા! નિશ્ચયનય કથન સાચું કરે છે. તેથી પંચાધ્યાયીમાં કહ્યું કે નિશ્ચયનય ઉપર દૃષ્ટિ રાખવવાળો જ સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે (શ્રી પંચાધ્યાયી, પૂર્વાર્ધ ગાથા ૬૨૯-૬૩૦). જાઓ, કહી દીધું! સમજી ગયા? કેમ કે એનું કથન યથાર્થ છે, સમ્યક્ છે. આ જે બે ગાથા લીધીને વ્યવહાર અને નિશ્ચયની? એમાં નિશ્ચયની વાત કરી કે નિશ્ચયનું કથન યથાર્થ, સાચું છે. એમ આ બે કથનમાં એક કથન ખોટું અને એક કથન સાચું, ત્યારે તો હજી નયમાં આવ્યો કહેવાય. મીઠાભાઈ! આ કોઈ સાધારણ વાત નથી આ! આ જે હું વાત કરું છું એ સાધારણ નથી. વ્યવહારનય ૧૦૦ ટકા કથન મિથ્યા કરે છે. બીજાના ભાવને બીજાનો કહે છે. આહાહા!

ટોડરમલસાહેબે લખ્યું, કે વ્યવહારનયનું જેટલું નિરૂપણ હોય તેને અસત્યાર્થ માની તેનું શ્રદ્ધાન છોડજે. આહાહા! નિશ્ચયનય વડે જે નિરૂપણ કરવામાં આવ્યું હોય તે સત્યાર્થ છે એમ માનીને તેનું શ્રદ્ધાન અંગીકાર કરજે (મોક્ષમાર્ગ પ્રકાશક, અધિકાર ૭, પાનું ૨૬૨). આહાહા! સ્વપરનું શ્રદ્ધાન તે સમ્યક્ છે, મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે! સ્વપરનું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન છે. એનો ખુલાસો છે, નિયમસારમાં, પાંચમી ગાથામાં. કે સ્વપરનું શ્રદ્ધાન તે વ્યવહાર છે - અંત:તત્ત્વ અને (બહિર) નવતત્ત્વ, બન્નેનું શ્રદ્ધાન વ્યવહાર (છે). વ્યવહાર છે એટલે ખોટું, એ શ્રદ્ધાન નથી કરવા જેવું, એમ. આહાહા! વ્યવહાર જૂઠો ન લાગે ત્યાં સુધી તો નિશ્ચય સાચો ન લાગે! આગળ.

મુમુક્ષુ: **વ્યવહારનય દ્વારા તો અનુમાન થતું જ નથી-એની તો દિશા જ વિપરીત છે.**

પૂ. લાલચંદભાઈ: લો, જોયું? એ જ આવ્યું, એ જ આવ્યું. આહાહા!

વ્યવહાર દ્વારા પરમાર્થનું પ્રતિપાદન કરવામાં આવે છે એમ સમયસારમાં આવ્યું. દેવસેન આચાર્યે કહ્યું કે નિશ્ચયનયે જ પરમાર્થનું પ્રતિપાદન થાય. હેં? આહાહા! પણ (કુંદકુંદાચાર્યે) મૂકી દીધું છે કલમ, કે વ્યવહાર દ્વારા પ્રતિપાદન કરવામાં આવે છે પણ વ્યવહાર અનુસરવા યોગ્ય નથી, લાલબત્તી મૂકી દીધી. જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા, એટલા ભેદથી કથન કરવામાં આવે. (દેવસેન આચાર્ય) કહે છે કે નિશ્ચયનય વડે જ સ્વરૂપનું કથન થાય, વ્યવહારનય વડે ન થાય. કેમ કે વ્યવહારનય અન્યથા કથન કરે છે, ગુણને દ્રવ્ય કહે છે, કાં પર્યાયને દ્રવ્ય કહે. દેવસેન આચાર્ય કહે હું ગુણને અને પર્યાયને દ્રવ્ય નહિ કહું, હું તો દ્રવ્યને જ દ્રવ્ય કહીશ. બન્ને ભાવલિંગી સંત, હો! આહાહા! જ્યાં જ્યાં જે જે યોગ્ય છે ત્યાં-ત્યાં સમજવું તેહ. સ્થૂળ બુદ્ધિવાળા માટે (વ્યવહારથી) સમજાવ્યું, અપ્રતિબુદ્ધને.

ઓલો જરા આગળ વધેલો છે એને કહે એ વાત છે જુઓ. **વ્યવહારનય દ્વારા તો અનુમાન થતું જ નથી-એની તો દિશા જ વિપરીત છે.** આહાહા! વિપરીત શબ્દ છે. કાચી છે નહિ, ... છે નહિ. એ વ્યવહારનય તો અન્યથા કથન કરે છે ને? આ તો શાસ્ત્રનું વચન છે ને? વ્યવહારનય અન્યથા કથન કરે છે, છે એનાથી જુદું. આહાહા! **એની તો દિશા જ વિપરીત છે. તેથી**...

મુમુક્ષુ: **તેથી પ્રથમ નિશ્ચયનય દ્વારા સ્વભાવનું અનુમાન કરાવે છે.**

પૂ. લાલચંદભાઈ: આહાહા! આ દેવસેન આચાર્ય આવ્યા આમાં. આપણે તો શું કામ કહીએ છીએ કે આ લાલુભાઈનું નથી, દેવસેન આચાર્યનું છે એમ મારું કહેવાનું આશય એ છે અહીંયાં. હા એ હાથમાં આવ્યું ને ત્યારે કેટલાય વખત સુધી એનું ગુજરાતી કરાવવું (હતું). કોઈ સરખું ન કરી શકે, એવો માલ દેખાણો હતો એમાં. જે કોઈ સંસ્કૃત જાણતા હોય ને, (તેમને કહું) આ મને સંસ્કૃતનું (ગુજરાતી) કરી દયો ને? કરી દે બિચારા પણ કાંઈ (સંતોષ થાય તેવું ન હતું), માલ-માલ હતો અંદર.

મુમુક્ષુ: પણ આપના હાથમાં માલ-માલ જ આવે છે.

પૂ. લાલચંદભાઈ: એટલે આ બે style (સ્ટાઇલ, શૈલી) અહીંયાં લીધીને? એ આચાર્ય ભગવાનની મુખ્યતાથી લીધી છે. નહિતર આ સમયસારથી જુદું પડે ને આ લખાણ? એટલે ખુલાસો કરવો પડયો.

મુમુક્ષુ: આ દેવસેન આચાર્યની પદ્ધતિ છે.

પૂ. લાલચંદભાઈ: દેવસેન આચાર્યની (પદ્ધતિ).

મુમુક્ષુ: નિશ્ચયનય પરમાર્થનો પ્રતિપાદક છે. વાહ!

પૂ. લાલચંદભાઈ: નયચક્રમાં, નયચક્રમાં છે.

મુમુક્ષુ: દેવસેન આચાર્યની પદ્ધતિ એટલે કુંદકુંદાચાર્યની પદ્ધતિ. કેમ કે કુંદકુંદાચાર્યને કહે છે પ્રભુ! વિદેહથી આ ન લાવત તો કેવી રીતે પામત?

પૂ. લાલચંદભાઈ: બીજાને સમજાવવા માટે બે પ્રકાર પાડયા, એક વ્યવહાર અને એક નિશ્ચય. છે બન્ને વ્યવહાર! પણ એક ભેદ દ્વારા અભેદને સમજાવે છે અને એક સીધો અભેદને બતાવે છે, એમ. એક કહે છે કે જ્ઞાન છે તે આત્મા, એક કહે છે કે જ્ઞાયક તે આત્મા, એમ. બન્ને નય દ્વારા સમજાવે છે. સાંભળનાર પણ સવિકલ્પમાં અને કહેનાર પણ સવિકલ્પમાં છે.

મુમુક્ષુ: એક કહે કે જ્ઞાન આત્માને જાણે છે, બીજો કહે કે આત્મા આત્માને જાણે છે.

પૂ. લાલચંદભાઈ: જાણે છે, બસ, એમ. એ પદ્ધતિ.

મુમુક્ષુ: એક ભેદ દ્વારા અને એક અભેદથી.

પૂ. લાલચંદભાઈ: અભેદથી, બસ. એટલે ખુલાસો કરવો પડયો અહીં આ જરાક. આહાહા! **તેથી પ્રથમ નિશ્ચયનય દ્વારા સ્વભાવનું અનુમાન કરાવે છે**.

મુમુક્ષુ: **કે તું નિશ્ચયનયે અકર્તા જ છો. પછી નિશ્ચયનયને છોડી દે. 'હું તો સ્વભાવથી જ અકર્તા છું-'.**

પૂ. લાલચંદભાઈ: આહાહા! બસ આ! અહીંયાં અનુભવ છે, અહીંયાં અનુભવ છે. આહાહા!

મુમુક્ષુ: '**હું તો સ્વભાવથી જ અકર્તા છું-' તો અકર્તાનો વિકલ્પ છૂટી જાય છે અને અનુભવ થાય છે.** આહાહા! પરમ સત્ય વાત છે.

પૂ. લાલચંદભાઈ: અકર્તાનો વિકલ્પ છૂટે છે. 'હું અકર્તા છું' એ વાત સાચી, વિકલ્પ સાચો હતો. જે વિકલ્પમાં આવ્યું એવું સ્વરૂપ વિકલ્પ દ્વારા લીધું એણે - કે 'હું અકર્તા છું'. 'હું અકર્તા છું' એવા વિકલ્પમાં વિકલ્પનો કર્તા બની ગયો, જ્ઞાન કર્મ ન થયું. કાલ બપોરે આ જ ચર્ચા થઈ હતી. 'હું અકર્તા છું' એ કથન સાચું છે. 'હું કર્તા છું' એ તો કથન જ જૂઠું છે, વિપરીત. કેમ કે એવું આત્માનું સ્વરૂપ જ નથી. પણ 'અકર્તા છે' એ તો સ્વરૂપ છે એનું. પણ 'હું અકર્તા છું' એવો જે વિકલ્પ ઊઠે છે,

ત્યારે એ વિકલ્પ એનું કર્મ બની ગયું, જ્ઞાન કર્મ ન થયું. અનુભવ ન થયો એમાં. આહાહા! એ કાલે બપોરે અમારે વાત તો પાંચ જ મિનિટ થઈ બન્નેની. આમ બીજી ઘણી પણ આ સંબંધની, આ પોઇંટ ઉપર જ. આહાહા!

મુમુક્ષુ: વિકલ્પ સાચું, વિકલ્પની ઉપસ્થિતિ અનુભવને બાધક.

પૂ. લાલચંદભાઈ: બાધક બસ! કાંઈ હાથમાં ન આવ્યું. ખરેખર તો એ આગમની ભાષા છે કે એ આત્માની ભાષા છે? એ વિચારવા જેવું છે. એ અંદરથી એને આવ્યું છે કે આગમ કહે છે અકર્તા માટે અકર્તા છે? એ તો પોતાને જ ખબર પડે, બીજાને ખબર ન પડે.

મુમુક્ષુ: '**હું તો સ્વભાવથી જ અકર્તા છું-' તો અકર્તાનો વિકલ્પ છૂટી જાય છે અને અનુભવ થાય છે.**

પૂ. લાલચંદભાઈ: 'નિશ્ચયનયથી અકર્તા છું' ત્યાં સુધી વિકલ્પ છૂટતો નથી, એમ કહે છે. 'સ્વભાવથી જ અકર્તા છું' તો 'નિશ્ચયનયે અકર્તા છું' જે આવતું હતું ને, 'નિશ્ચયનયે અકર્તા છું' આવતું હતું, એ 'સ્વભાવથી અકર્તા છું' એટલે 'નિશ્ચયનયથી અકર્તા છું' એવો સ્થૂળ વિકલ્પ ગયો. 'સ્વભાવથી અકર્તા છું' એવો સૂક્ષ્મ વિકલ્પ રહ્યો, પણ છૂટીને અનુભવ થાય છે, એવો સંધિકાળ છે. આહાહા! વ્યવહારની વાતો તારી ક્યાં ના ક્યાં રહ્યા? એ તો હરિજનવાસમાં રખડે છે, કાલ કહ્યું હતું. એ તો ચક્રવર્તીના બગીચામાં પણ હજી આવ્યો નથી. ચક્રવર્તીના આમ બગીચામાં આવેને, એના area(એરિયા, ક્ષેત્ર)માં, તો એની સાહેબીની ખબર પડે, ઓહોહોહો! આ કાંઈ રાજમહેલ મોટો, મોટો રાજા લાગે છે. અને હરિજનવાસમાં? કાંઈ ઠેકાણું નહિ, આ તો દુર્ગંધ, (નાક ઉપર) આડો રૂમાલ રાખવો પડે. આહાહા! વ્યવહારનયનો પક્ષ હરિજનવાસ છે. નિશ્ચયનયનો પક્ષ ચક્રવર્તીના એરિયામાં આવી ગયો છે.

પછી નિશ્ચયનય આવીને કહે છે જુઓ આ રાજાનો બંગલો (છે), જા તું (અંદર). તો ઓલો કહે કે તું (મારી) સાથે આવ. હું પટ્ટાવાળો છું, મારી પહોંચ એમાં નથી. હું તમને બતાવી દઉં કે આ મહેલ છે રાજાનો, તમે દરવાજો ખોલો, તમે જઈ શકશો. આહાહા! એવી વાત છે. નિશ્ચયનય આંગણા સુધી લઈ આવે છે. પણ તેથી શું?

મુમુક્ષુ: પટ્ટાવાળાનું કામ છે, એટલે સુધી એનું કામ છે, બસ!

પૂ. લાલચંદભાઈ: બસ! વિકલ્પ છે ને એ તો, નયના વિકલ્પથી શું સાધ્યની સિદ્ધિ? આહાહા! **'હું તો સ્વભાવથી જ અકર્તા છું-' તો અકર્તાનો વિકલ્પ છૂટી જાય છે અને અનુભવ થાય છે.** આહાહા! મોટા અક્ષરે છે, બોલ્ડ ટાઇપ (bold type). આગળ વાંચો.

મુમુક્ષુ: **નિશ્ચયનયથી જ્ઞાન આત્માને જાણે છે.**

પૂ. લાલચંદભાઈ: બીજો બોલ આવ્યો. નિશ્ચયનયથી (૧)અકર્તા, હવે નિશ્ચયનયથી (૨)જ્ઞાન આત્માને જાણે છે.

મુમુક્ષુ: **એટલે જ્ઞાન પરને જાણતું નથી. આ રીતે નિશ્ચયનય વ્યવહારનો નિષેધ કરે છે. એ વિધિ-નિષેધ નયમાં છે. પરંતુ સ્વભાવથી જ જ્ઞાન આત્માને જાણી રહ્યું છે. એમાં વિધિ-નિષેધના વિકલ્પ બન્ને એક સાથે જાય છે.**

પૂ. લાલચંદભાઈ: પરને જાણતો નથી અને જાણનાર જણાય છે - એવા બે વિકલ્પ ઊઠતા હતા વિધિ-નિષેધના, જ્યાં સ્વભાવમાં આવ્યો, બન્ને વિકલ્પ છૂટી જાય છે. આહાહા!

મુમુક્ષુ: **અનંતાનુબંધીના રાગ-દ્વેષ - વિધિનો રાગ અને નિશેધનો દ્વેષ બન્ને ગળતા ગળતા ટળી જાય છે ને સ્વભાવમાં આવી જાય છે.** વાહ પ્રભુ!

પૂ. લાલચંદભાઈ: **આવી જાય છે.** મધ્યસ્થ થઈ જાય છે, મધ્યસ્થ જ્ઞાન. એ ટાઈમે, અનુભવ કાળ આવેને ત્યારે એ જ્ઞાન મધ્યસ્થ થાય છે. મધ્યસ્થ થાય છે ને, ત્યારે રાગ-દ્વેષ જે અનંતાનુબંધીના છે, વિધિ-નિષેધના, એ ગળતા જાય છે, ટળે છે.

મુમુક્ષુ: **સ્વભાવથી સ્વીકારે એની જાત જ જુદા પ્રકારની છે.**

પૂ. લાલચંદભાઈ: આ છે ને આ લાઇન? એ નિશ્ચયનયથી સ્વીકારે એ જુદું, અને સ્વભાવથી સ્વીકારે એ જુદું. નિશ્ચયનયથી સ્વીકારે છે એ અપૂર્વ નિર્ણય નથી. સ્વભાવથી સ્વીકાર આવે એ અપૂર્વ નિર્ણય છે, એને અનુભવ ચોક્કસ થાય. બેમાં ફેર છે. અનુભવ થયો નથી તો પણ સ્વભાવના પડખામાં આવી ગયો. એ કરણલબ્ધિના પરિણામ પૂર્વે આવું થાય છે. નયના વિકલ્પથી આગળ ચાલ્યો જાય છે, સ્વભાવ તરફ. એટલે નયોના વિકલ્પ જે છે વિધિ-નિષેધના, ગળવા માંડે છે. જ્ઞાન મધ્યસ્થ થતું જાય છે.

મુમુક્ષુ: સ્વભાવના લક્ષે મધ્યસ્થ થાય છે.

પૂ. લાલચંદભાઈ: સ્વભાવના લક્ષે મધ્યસ્થ થાય છે. થતું-થતું અંદરમાં ચાલ્યું જાય છે. આ વિધિની (વાત) ત્યાં ફિરોઝાબાદમાં બહેનને કહી હતી, આ જ વિધિ. આમ નિષેધનો દ્વેષ ઘટે છે, આમ વિધિનો રાગ ઘટતો જાય છે, સ્વભાવના બળે. હવે નયનું કામ નહિ, હવે સ્વભાવ ઊપર આવ્યો છે એ. ત્યાં દ્વેષ ઘટે છે નિષેધનો, (અહીંથી) રાગ ઘટતો જાય છે. જ્ઞાન મધ્યસ્થ થતું, એક સમયમાં રાગ અને દ્વેષનો વ્યય થઈ અને અનુભવ થાય. આબેહૂબ, બધું ત્યાં આવી ગયું હતું, આબેહૂબ.

મુમુક્ષુ: ઝીલનાર પાત્ર મળી ગયું ને? તો પછી...

પૂ. લાલચંદભાઈ: આહાહા! આ લીટી છે ને? **સ્વભાવથી સ્વીકારે એની જાત જ જુદા પ્રકારની છે**, અનુભવ પહેલા. પછી અનુભવ એમાં જ થાય, એ જ સ્વીકારમાં જ.

મુમુક્ષુ: **સ્વભાવથી સ્વીકારે એની જાત જ જુદા પ્રકારની છે.**

પૂ. લાલચંદભાઈ: નયથી સ્વીકારે એની જાત જુદી, સ્વભાવથી સ્વીકારે એની જાત જુદી. બન્નેની જાત જુદી કહી. બોલો!

મુમુક્ષુ: આપે હમણાં માર્મિક કીધું, આગમ-ભાષાથી છે કે આત્મ-ભાષાથી? એ અંદરની આ વાત. બરાબર.

પૂ. લાલચંદભાઈ: (હા) અંદરની, અંદરની.

મુમુક્ષુ: **સ્વભાવથી સ્વીકારે એની જાત જ જુદા પ્રકારની છે. સ્વભાવથી સ્વીકારે એનું નામ જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.**

પૂ. લાલચંદભાઈ: **સમ્યગ્જ્ઞાન છે.** નયથી સ્વીકારે એ તો સ્વીકાર્યું અનંતવાર, આ મારા અને તમારા આત્માએ નહિ? નય સુધી નથી આવ્યો? અનંતવાર આવ્યો. એમાં શું? તેથી શું? જુઓ હવે માર્મિક બીજી વાત કરવી છે.

મુમુક્ષુ: **સ્વભાવને સ્વીકારતા તારી વિચાર કોટિ બદલી જશે. નયથી વિચારતો હતો તે હવે સ્વભાવથી વિચારતો થઈ જઈશ-**. બધું કહી દીધું છે.

પૂ. લાલચંદભાઈ: આબેહૂબ પ્રક્રિયા, ખુલ્લમ-ખુલ્લા, કાંઈ ઢાંકીને નહિ, છુપાવીને નહિ. આહાહા! **સ્વભાવને સ્વીકારતા તારી વિચાર કોટિ બદલી જશે. નયથી વિચારતો હતો તે હવે સ્વભાવથી વિચારતો થઈ જઈશ-**. આહાહા! સ્વભાવમાં પહોંચી જશે. સ્વભાવથી વિચારે છે, સ્વભાવમાં પહોંચી જાય છે.

વિચાર કોટિ બદલે છે, વિચાર કોટિ. નય છે ને (તે) પ્રતિપક્ષ છે, સ્વભાવ પ્રતિપક્ષ નથી, સ્વભાવ નિરપેક્ષ છે. આ નયે આવો છું, તો બીજી નયે બીજો છું, એમ આવે છે. આ નયે આવો છું તો બીજી નયે પણ બીજારૂપ, મારું બીજુંરૂપ છે, આવી જાય. સ્વભાવથી વિચારે આહાહા! વિચાર કોટિ ફરશે તારી. અપૂર્વ નિર્ણય તને થશે ભાઈ, સ્વભાવથી (વિચારતા). આગળ.

મુમુક્ષુ: **આત્મા શુદ્ધ છે. કઈ નયથી?**

પૂ. લાલચંદભાઈ: નયથી પ્રમાણની જ સિદ્ધિ થાય કેમ કે નય સાપેક્ષ જ હોય. જો નયને સર્વથામાં લઈ જાઓ તો-તો મિથ્યાનય થઈ જાય છે. એટલે જૈનદર્શનમાં સાપેક્ષ નયને નય કહી છે. સાપેક્ષ એટલે એક પડખું જ્યાં મુખ્યપણે કહ્યું ત્યાં બીજું પડખું (ગૌણપણે) તમારે એમાં સમજી લેવું, (એમાં) આવી (જ) ગયું. પ્રમાણમાં ન આવવું હોય તો પણ આવી ગયા. એટલે નયવાળો પ્રમાણમાં જ ઊભો છે. સ્વભાવવાળો પ્રમાણને ઓળંગે છે. કેમ કે નય તો સાપેક્ષ જ છે ને? વ્યવહારનય કહો તો નિશ્ચયનય (ગૌણપણે આવી જાય), નિશ્ચયનય કહો તો વ્યવહારનય (ગૌણપણે આવી જાય). મુખ્ય ગૌણ હોય ને નયમાં? આહાહા!

મુમુક્ષુ: સાપેક્ષ દૃષ્ટિ તે મિથ્યાદૃષ્ટિ, એક વખત આપે કહ્યું હતું.

પૂ. લાલચંદભાઈ: (હા).

મુમુક્ષુ: અહીંયાં નિશ્ચયનયથી વિચારે તો ખરેખર દૃષ્ટિ વિપરીત રહી જાય છે, એ એનું કારણ. આપની વાત ખરી છે.

પૂ. લાલચંદભાઈ: જે પ્રથમથી જ શુદ્ધ છે એને હું કઈ નયથી જાણું કે આ સમ્યગ્દૃષ્ટિ છે કે મિથ્યાદૃષ્ટિ છે? (નિયમસાર કળશ ૭૧) કેમ કે ઉપાદેય તત્ત્વમાં બે પડખાં નથી, જેનું લક્ષ કરવું છે એમાં બે પડખા નથી. જેમાં તમારે અહમ્ કરવું છે, એના બે પડખા ન હોય. બે પડખા હોય તો બેમાં અહમ્ થઈ જશે! બીજા પડખાની એમાં નાસ્તિ છે, એટલે એકમાં અહમ્ થાય છે અને બીજામાં અહમ્ થતું નથી, કેમ કે સામાન્યમાં વિશેષની નાસ્તિ છે.

એકદમ મહત્ત્વની વાત છે! જરા સમજજો બધા. નય સાપેક્ષ જ હોય, સમજી ગયા? 'निरपेक्षा नया मिथ्या' (આપ્ત-મીમાંસા, ગાથા ૧૦૮). નય નિરપેક્ષ ન હોય, સ્વભાવ નિરપેક્ષ હોય. જુઓ તેથી કહ્યું શ્લોકમાં કે હું કઈ નયથી જોઉં કે આ સુદૃષ્ટિ કે આ કુદૃષ્ટિ? પ્રથમથી જ જે શુદ્ધતા છે. આહાહા! ગુરુદેવ કહે અહીંયાં

વ્યવહારની ઠેકડી ઊડાડી છે. વ્યવહારનય જ નથી. એટલે કે વ્યવહારનયનો વિષય આત્મા નથી. જો તમે આ સમ્યગ્દૃષ્ટિ અને આ મિથ્યાદૃષ્ટિ એવા ભેદ પાડશો તો તમને શુદ્ધ ઉપર દૃષ્ટિ નહિ રહે, પર્યાય ઉપર જ દૃષ્ટિ ગઈ. કે સાહેબ ઊભા રહો, પહેલાં અમે જ્ઞાન સાચું કરીએ છીએ, બે પ્રકારના પર્યાયો તો છે કે નહિ સંસારમાં? કે પહેલા પર્યાય નક્કી ન કર, પહેલા દ્રવ્ય નક્કી કર. પર્યાયાર્થિકચક્ષુ સર્વથા બંધ કરી દે, દ્રવ્યાર્થિકચક્ષુ ઉઘાડ. પછી પર્યાયાર્થિકનય ઉઘાડજે (પ્રવચનસાર ગાથા ૧૧૪). આહાહા!

એ તો શ્લોક છે, ગજબનો શ્લોક છે! પ્રથમથી જ શુદ્ધતા છે. કઈ નયથી હું એને કહું કે આ જીવ સમ્યગ્દૃષ્ટિ અને આ જીવ મિથ્યાદૃષ્ટિ? જીવ મિથ્યદૃષ્ટિ અને જીવ સમ્યગ્દૃષ્ટિ ન હોય. જીવ તો પ્રથમથી જ અનાદિ-અનંત શુદ્ધ છે, તે આત્મા ખરેખર ઉપાદેય છે. આહાહા! ચૌદે ગુણસ્થાન આમાં હવે આવી ગયા, સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ. ચૌદે ગુણસ્થાન જીવતત્ત્વ નથી, અજીવતત્ત્વ છે. અજીવને જીવ માનવાનું છોડી દે. એની નાસ્તિ છે, એવી અસ્તિ છે આત્મામાં, સામાન્ય. 'સામાન્ય શુદ્ધં વિશેષ અશુદ્ધમ્.' (પંચાધ્યાયી, ઉત્તરાર્ધ, ગાથા ૨૨૧).

સાપેક્ષથી પ્રમાણમાં આવ્યો, સાપેક્ષથી પ્રમાણમાં આવ્યો તે, પણ તેથી શું? પ્રમાણ કાંઈ પૂજ્ય નથી. આહાહા! માટે હવે તું સ્વભાવમાં જો, સ્વભાવથી જુઓ, વિચાર કોટિ બદલાવી નાખ. પર્યાયને ગૌણ કર અને દ્રવ્યના વિકલ્પનો અભાવ કર. પર્યાયને ગૌણ કર અને દ્રવ્યનો વિકલ્પ ઊઠે છે એમાં સાધ્યની સિદ્ધિ નહિ થાય. વિચાર કોટિ બદલી જાય છે આખી, એમ કહે છે. સ્વભાવથી વિચાર તો સ્વભાવની પ્રાપ્તિ થશે. આહાહા!

નય છે ને, એ પ્રમાણમાં જ લાવશે, પ્રમાણની બહાર નહિ નીકળી શકે. કેમ કે સાપેક્ષ છે ને? સાપેક્ષ છે એટલે પ્રમાણમાં જ સાપેક્ષ હોય ને? સ્વભાવ તો નિરપેક્ષ છે. ભૂતાર્થનયે તું આત્માને જાણ એટલે શું? પર્યાયથી રહિત આત્મા છે, નાસ્તિ છે એમ આત્માને જાણ તું! હેં! ભૂતાર્થનયે પર્યાયને પણ જાણ, કે પર્યાયનો કોઈ કર્તા નથી, પર્યાય સત્ અહેતુક છે જા. તો જ દ્રવ્યદૃષ્ટિ થશે અને કર્તાબુદ્ધિ છૂટશે.

૧૧ મી ગાથામાં પર્યાયથી નિરપેક્ષ દ્રવ્ય બતાવ્યું. ૧૩ મી ગાથામાં દ્રવ્યથી નિરપેક્ષ પર્યાય છે તે બતાવ્યું. દ્રવ્યથી નિરપેક્ષ પર્યાય હોય? કે હા. પર્યાયથી

નિરપેક્ષ દ્રવ્ય હોય? કે હા. તો એકાંત થશે? કે સમ્યક્ એકાંત થઈ જશે. બહેન, ૧૧ મી ગાથામાં પર્યાયથી નિરપેક્ષ દ્રવ્ય બતાવ્યું, દ્રવ્ય સ્વભાવ બતાવ્યો. બરાબર? ૧૩ મી ગાથામાં દ્રવ્યથી નિરપેક્ષ પર્યાય સ્વભાવ બતાવ્યો, સ્વભાવ છે પર્યાયનો, સત્ અહેતુક છે પર્યાય. આહાહા! બન્ને માં પરસ્પર નિરપેક્ષ. એકમાં પર્યાયથી નિરપેક્ષ (દ્રવ્ય સ્વભાવ). બીજામાં દ્રવ્ય સ્વભાવથી નિરપેક્ષ પર્યાય સ્વભાવ. ઓહો! ૧૧ ગાથા અને ૧૩ ગાથા, નવે તત્ત્વ આવી ગયું પાછું, નવ તત્ત્વ આવી ગયું, નવ તત્ત્વનો જ્ઞાતા થઈ ગયો. આહાહા!

મુમુક્ષુ: એમાં બે ગાથા આવી ગઈ, દ્રવ્ય સ્વભાવ અને પર્યાય સ્વભાવ. બે ગાથા, કુંદકુંદાચાર્યની છે એમાં.

પૂ. લાલચંદભાઈ: (હા). કુંદકુંદ ભગવાન! આહાહા! ઘણાં વર્ષ પહેલા જ્યારે અમે અભ્યાસ કરતા હતા ને ઓલા સરણાનામ પંડિત હતા, ભાઈ! સરણાનામ પંડિતમા, હું અને ચંદુભાઈ બધા group (ગ્રુપ, સમૂહ)માં ખોટે રસ્તે ચડી ગયા હતા, શીખવાના લોભમાં જરા. પછી નિમિત્ત આધીન દૃષ્ટિ તો થઈ જાય ને? એની પણ નિમિત્ત આધીન દૃષ્ટિ હતી. તો એક વખત અગાસીમાં ચાંદની રાત હતી, ત્યાં મંદિરની ઉપર બેઠા હતા અમે, ચંદુભાઈ, હું, પંડિતજી, બે ત્રણ ચાર જણાં. પંડિતજીને પૂછયું, 'આત્મા સાપેક્ષ છે કે નિરપેક્ષ?' એવો પ્રશ્ન પૂછયો.

મુમુક્ષુ: આપે?

પૂ. લાલચંદભાઈ: મેં. નવની સાલમાં, આઠની સાલમાં પૂછ્યું. આત્મા નિરપેક્ષ છે કે સાપેક્ષ? એમણે કાંઈ જવાબ ન દીધો. આત્મા હોં, સાપેક્ષ છે કે નિરપેક્ષ? આહાહા! 'કે ભૈયા દોનોં હૈ.' એવું નથી. શું કહ્યું?

મુમુક્ષુ: બન્ને છે, એમણે એમ કહ્યું. તમે કહ્યું, એમ નથી.

પૂ. લાલચંદભાઈ: નહિ, એમણે નહોતું કહ્યું, અત્યારે હું કહું છું.

મુમુક્ષુ: સાચી વાત.

પૂ. લાલચંદભાઈ: અત્યારે એક બીજી વાત છે ને, એની અનુસંધાનમાં. ભૈયા! કથંચિત્ સાપેક્ષ અને કથંચિત્ નિરપેક્ષ, સ્યાદવાદ છે ને?

મુમુક્ષુ: એમણે નયથી જવાબ આપ્યો. આપ સ્વભાવથી કહો છો.

પૂ. લાલચંદભાઈ: જ્યાં કથંચિત્ કહ્યું...

મુમુક્ષુ: તો સાપેક્ષ થઈ ગયું.

પૂ. લાલચંદભાઈ: (હા). જ્ઞાન સાચું કરવા ગયો, શ્રધ્ધા ખોટી થઈ ગઈ. પહેલા જ્ઞાન સાચું થાય જ નહિ! શ્રધ્ધા સાચી થાય તો જ્ઞાન સાચું થાય. એ તો સાચું લાગે બધાને કે 'હા, કથંચિત્ સાપેક્ષ અને કથંચિત્ નિરપેક્ષ', એ જો જવાબ આપ્યો હોત તો પણ ખોટો હતો એ. આત્મા નિરાલંબી છે, કોઈના આધારે નથી. આહાહા! આત્મા શુધ્ધ છે, એની ઉપાસના કરવામાં આવે તો શુધ્ધ છે કે ઉપાસના ન કરે તો પણ શુધ્ધ છે?

મુમુક્ષુ: સ્વયં, સ્વભાવથી જ શુધ્ધ છે.

પૂ. લાલચંદભાઈ: ગુરુદેવે જવાબ આપ્યો. આહાહા! બહુ ખુશી થયો. મને બેઠું (સમજમાં આવ્યું) હતું એ જ જાતનું પણ ગુરુદેવ કહે પછી કે સુખ-દુ:ખની કલ્પનામાં ન ચડી જાય એટલે અમે એમ કહીએ છીએ, બાકી છે તો ઓલું.

મુમુક્ષુ: આપે સાહેબ, એ વાતને ... ઘણી મને આંતરે જવાબ મળ્યો અને મને બહુ ખુશી (થઈ). બધાને કહું પણ કોઈ ...! આપે એક આપ્યું, વાહ! આ તો અપૂર્વ વાત આપી દીધી આપે.

પૂ. લાલચંદભાઈ: આહાહા! અપૂર્વ, અપૂર્વ છે, અપૂર્વ. એ જ મર્મ છે, એ જ મર્મ. અનાદિ-અનંત શુધ્ધ છે, કોઈ અનુભવે કે કોઈ ન અનુભવે, એ નિરપેક્ષ તત્ત્વ છે ને? એને કોઈ અનુભવે તો એ આત્મા શુધ્ધ છે અને ન અનુભવે તો અશુધ્ધ થઈ ગયો? કોઈ ફૂલને સૂંઘે કે કોઈ ન સૂંઘે, એ તો સુગંધમય છે (દ્રવ્ય-દ્રષ્ટિ પ્રકાશ, વ્યક્તિત્વ અને કર્તૃત્વ, પાનું ૩૬). એવી ચીજ છે. પહેલા નિરપેક્ષ અને પછી સાપેક્ષનું જ્ઞાન હોય. નિરપેક્ષનું શ્રધ્ધાન અને સાપેક્ષનું જ્ઞાન. નિરપેક્ષનું શ્રધ્ધાન, સાપેક્ષનું જ્ઞાન. નિરપેક્ષના શ્રધ્ધાનમાં, નિરપેક્ષનું જ્ઞાન અને સાપેક્ષનું જ્ઞાન, ત્રણ આવી જાય. એકલી શ્રધ્ધા નિરપેક્ષ નહિ, જ્ઞાન પણ નિરપેક્ષનું થાય છે. પછી બીજું પડખું, સાપેક્ષમાં જ્ઞાન કરી લે છે. એટલે પ્રમાણ થઈ જાય છે, નયપૂર્વક પ્રમાણ. ચાલો આગળ.

મુમુક્ષુ: **આત્મા શુધ્ધ છે કઈ નયથી? આત્મા સ્વભાવથી જ શુધ્ધ છે. આત્મા મુક્ત છે. કઈ નયથી? આત્મા સ્વભાવથી જ મુક્ત છે. આત્મા પરિપૂર્ણ છે. કઈ નયથી? આત્મા સ્વભાવથી જ પરિપૂર્ણ છે. સ્વભાવની સિધ્ધિ માટે નય નથી. સ્વભાવથી જ સ્વભાવની સિધ્ધિ થાય છે. નયથી સ્વભાવની સિધ્ધિ ન થાય. નયથી તો સ્વભાવનું માત્ર અનુમાન થાય, પણ અનુભવ ન**

**થાય.**

**દ્રવ્યલિંગી મુનિ અહીં ભૂલ્યો, અહીં રોકાણો. એને એમ સાચું લાગ્યું કે હું તો નિશ્ચયનયે શુદ્ધ છું-અકર્તા છું. જેવો સ્વભાવ છે, એવા જ સ્વભાવને હું નિશ્ચયનય વડે જાણું છું, માનું છું. આ દ્રવ્યલિંગીની સૂક્ષ્મ ભૂલ છે. અને અનુભવી ભૂલને ભાંગી નાખે છે. જ્યારે દ્રવ્યલિંગી ભૂલને ભાંગી શકતો નથી. કેમ કે એ નયના સહારે સ્વભાવનો વિચાર કરે છે. નયની મદદ લે છે. સાપેક્ષ સ્વરૂપ લક્ષમાં લે છે પરંતુ સ્વરૂપ નિરપેક્ષ છે. સ્વરૂપને કોઈના સહારાની જરૂરત નથી. આત્મા બંધ અને મોક્ષના ભાવથી રહિત છે, -તે આ.**

**નયથી બંધ-મોક્ષની સિદ્ધિ થાય છે. જ્યારે સ્વભાવથી બંધ-મોક્ષની સિદ્ધિ જ થતી નથી. હું તો સ્વભાવથી જ અનાદિ-અનંત મુક્ત છું.**

પૂ. લાલચંદભાઈ: પર્યાયનું લક્ષ બિલકુલ છૂટી જાય અને દ્રવ્યનું લક્ષ આવી જાય, એ હેતુ છે, સ્વભાવનું લક્ષ થઈ જાય.

મુમુક્ષુ: **આત્મા કર્તા છે એ એક પક્ષ છે. આત્મા અકર્તા છે એ બીજો પક્ષ છે.**

પૂ. લાલચંદભાઈ: બન્ને પક્ષ છે. બન્ને પક્ષ છે, બન્નેના વિકલ્પ, એમ.

મુમુક્ષુ: **ચિત્સ્વરૂપ જીવ વિષે નયોના આ બે પક્ષપાત છે. ખરેખર તો તત્ત્વવેદી એમ જાણે છે કે ચિત્સ્વરૂપ જીવ તો ચિત્સ્વરૂપ જ છે. વ્યવહારનયનો નિષેધ તો પહેલેથી કરતા આવ્યા છીએ. આ તો નિશ્ચયનયના નિષેધનો કાળ આવ્યો છે.**

પૂ. લાલચંદભાઈ: બન્ને વિકલ્પ છૂટી જાય છે અને બન્નેનો જ્ઞાતા થાય છે. **ચિત્સ્વરૂપ જીવ તો ચિત્સ્વરૂપ જ છે.** એ પંચાધ્યાયી કર્તાએ લીધું છે કે 'જીવ સ્વનો કે પરનો કર્તા-ભોક્તા હો કે ન હો, તાત્પર્ય તો આ છે કે જ્ઞાનસ્વરૂપ જીવ તો જ્ઞાનસ્વરૂપ છે.' (પંચાધ્યાયી, પૂર્વાર્ધ ગાથા ૫૮૪, દેવકીનંદનજીકૃત ટીકા) બસ. સ્વભાવનું અવલંબન લેતાં દ્રવ્ય-પર્યાય બન્નેનું યુગપદ એક સમયમાં જ્ઞાન થાય. નયના વિકલ્પથી અનુભવ ન થાય, બેનો જ્ઞાતા ન થાય, નય વિકલ્પનો કર્તા બની જાય. નયના વિકલ્પનો કર્તા બને છે. છેલ્લા નયના વિકલ્પો જ રહે છે કર્તા-કર્મમાં. એ લીધું છે, (સમયસાર) ૯૫ શ્લોકમાં. દ્રવ્યલિંગી મુનિની (ભૂલ) એ છે. પુણ્યનો હું કર્તા છું, એવું ન હોય, એવું સ્થૂળ (ભૂલ) ન હોય. આગળ.

મુમુક્ષુ: **આત્મા નિશ્ચયનયે શુધ્ધ છે, અકર્તા છે, અબધ્ધ છે-એમ નથી. આત્મા તો સ્વભાવથી જ શુધ્ધ છે, અકર્તા છે, અબધ્ધ છે. જો નિશ્ચયનયે અબધ્ધ લેશો, તો વ્યવહારનયે બંધાયેલો સિધ્ધ થઈ જશે. અરે! હું આત્મા સ્વભાવથી જ મુક્ત છું. બંધાણો જ નથી ને.**

પૂ. લાલચંદભાઈ: બંધાય એ મુકાય, બંધાય એ જ મુકાય. બંધ તો પર્યાયમાં થાય છે અને મુકાય પણ પર્યાયમાં, આત્મા તો ત્રિકાળ મુક્ત છે. એ પરમાત્મપ્રકાશમાં (ગાથા ૬૮ માં) બહુ સારી વાત, દૃષ્ટાંત આપીને સિધ્ધ કરી છે. બધું બહાર તો ઘણું આવી ગયું છે, ગુરુદેવના પ્રતાપે. પરમાત્મપ્રકાશમાં લીધું છે, આપણે લેવડાવી હતી અહીંયાં, એ ગાથા.

મુમુક્ષુ: **વ્યવહારનયના તો પડખે જ ચડવા જેવું નથી કેમ કે એ તો અન્યથા કથન કરે છે. જ્યારે નિશ્ચયનય સ્વરૂપનું અનુમાન તો કરાવે છે, પણ એની મર્યાદા સમજી લે. એ નિશ્ચયનયના પક્ષનો પણ નિષેધ કર. સ્વભાવની સન્મુખ જઈને નિશ્ચયનયના વિકલ્પને તોડી નાખ, નિષેધ કર. ખરેખર તો સ્વભાવની સમીપે જતાં નિશ્ચયનયના વિકલ્પ ઉદિત જ થતા નથી, એ જ એનો નિષેધ છે.**

પૂ. લાલચંદભાઈ: વિકલ્પ ઉત્પન્ન જ ન થાય. નિર્વિકલ્પધ્યાનમાં જાય, કોઈ વિકલ્પ હોય નહિ.

મુમુક્ષુ: **જેમ નિશ્ચયનયમાં આવતાં વ્યવહારનયના વિકલ્પ છૂટી જાય છે, એમ સ્વભાવમાં આવતાં નિશ્ચયનયના વિકલ્પ છૂટે છે.**

પૂ. લાલચંદભાઈ: આ important (ઇમ્પોર્ટન્ટ, મહત્વપૂર્ણ) છે. મોટા અક્ષર છે. નિશ્ચયનયના પક્ષમાં આવે, એ વ્યવહારનયનો નિષેધ કરે છે એટલે એ વિકલ્પ છૂટયો. આવો હું છું એવી માન્યતા છૂટી ગઈ, વિકલ્પ છૂટી ગયો, નિશ્ચયના પક્ષમાં આવે એટલે. નિશ્ચયનયનો પક્ષ વ્યવહારનયના પક્ષને છોડાવે છે, અને સ્વભાવ નિશ્ચયનયના પક્ષના વિકલ્પને છોડાવે છે, ત્યારે અનુભવ થાય છે. બન્ને વિકલ્પ જાય છે, કોઈ વિકલ્પ રહેતો નથી. ક્રમ ખરો! ઓલો પહેલો (વ્યવહારનયનો) વિકલ્પ જાય, નિષેધ દ્વારા ઓલો (વ્યવહારનયનો) વિકલ્પ જાય. છેલ્લો આ (નિશ્ચયનયનો) વિકલ્પ રહે. સ્વભાવમાં જાય એટલે આ (નિશ્ચયનયનો) વિકલ્પ 'શુધ્ધ છું, અભેદ છું, જ્ઞાયક છું' એ છૂટી જાય છે. બોલો.

મુમુક્ષુ: **જેને આ સ્વભાવનો પક્ષ આવે છે એ હવે નિશ્ચયનયના પક્ષનો-કથનનો નિષેધ કરે છે. નિશ્ચયનયથી વ્યવહારનયનો નિષેધ અને સ્વભાવથી નિશ્ચયનયનો નિષેધ!**

પૂ. લાલચંદભાઈ: એવું આવી ગયું છે કુદરતી. અત્યારે હું વાંચું છું તો મને એમ લાગે છે કે આ મેં કહ્યું હશે? ખરેખર એવું હો, મને લાગે છે! હું ખોટું નથી કહેતો, હો!

મુમુક્ષુ: ના ના! અપૂર્વ વાત આવી ગઈ છે, એમ.

પૂ. લાલચંદભાઈ: હા, એવું આવી ગયું હશે ધારાવાહી!

મુમુક્ષુ: **સ્વભાવથી નિશ્ચયનયનો નિષધ! નય તો 'સ્વભાવ'માં આવતા નથી, બહાર રહી જાય છે. સ્વભાવમાં તો નય નથી પણ સ્વભાવિક જ્ઞાન અને દૃષ્ટિમાં પણ નય નથી.**

પૂ. લાલચંદભાઈ: નય ક્યાંથી હોય એમાં?

મુમુક્ષુ: **જ્ઞાયકમાં તો નય ન જ હોય પણ જ્ઞાનમાં પણ નય ન હોય. કેમ કે અતીન્દ્રિયજ્ઞાન અભેદથી, પોતે જ્ઞાયક જ છે ને! તેથી એમાં નય નથી. આહાહા...**

પૂ. લાલચંદભાઈ: અતીન્દ્રિય જ્ઞાનમાં નય ન હોય.

મુમુક્ષુ: બહુ સરસ! બહુ ઉત્તમ!

પૂ. લાલચંદભાઈ: ઉત્તમ!

મુમુક્ષુ: **આહાહા... બીજી રીતે કહીએ તો અજ્ઞાનમાં નય છે. (એટલે કે જ્યાં સુધી નયના વિકલ્પ છે, ત્યાં સુધી અજ્ઞાન છે**, એમ.

પૂ. લાલચંદભાઈ: એમ

મુમુક્ષુ: **કારણ કે ત્યાં સુધી વિકલ્પની સાથે કર્તાકર્મની પ્રવૃત્તિ રહે છે.)**

પૂ. લાલચંદભાઈ: **પ્રવૃત્તિ રહે છે.** એટલે એ અપેક્ષાએ અજ્ઞાન કહેવાય. અથવા નયજ્ઞાન આત્માને જાણતું નથી માટે અજ્ઞાન કહેવાય.

મુમુક્ષુ: **જ્ઞાયક સ્વભાવ નયોથી પાર છે. અરે! આ આપ શું કહો છો? નય તો જ્ઞાનમાં હોય અને જ્ઞાનથી જ્ઞાયકનો અનુભવ થાય છે. (આ અભ્યાસી જીજ્ઞાસુની દલીલ છે.) (તેની સામે જ્ઞાની જણાવે છે) પ્રભુ! જ્ઞાનમાં નય જ ન હોય. જ્ઞાયકમાં તો નય નથી જ પરંતુ જ્ઞાનમાં પણ નય ન હોય.**

**સ્વભાવથી વાત આવે એમાં એકલો સ્વભાવ જ દેખાય, બીજું કાંઈ ન દેખાય. નયથી સ્વભાવ વિચારવો અને સ્વભાવથી સ્વભાવ વિચારવો, એ વિચાર કોટિમાં પણ મોટો ફેર છે. સ્વભાવ પોતાનો વિશ્વાસ અને જ્ઞાનનું વજન ખમી શકે છે. પરંતુ નય એ વજન ખમી શકતી નથી, કેમ કે નય સાપેક્ષ છે.**

મુમુક્ષુ: બહુ જ સ્પષ્ટ છે હોં!

મુમુક્ષુ: સ્વભાવથી વિચાર કરે તો સ્વભાવમાં બેસી જાય છે, ઘૂસી જાય છે.

પૂ. લાલચંદભાઈ: બેસી જાય છે, બસ! બેસી જાય છે. જામી જાય છે.

મુમુક્ષુ: બહુ સરસ. **દ્રવ્યલિંગીની આ જ ભૂલ છે. એ દ્રવ્યની નિરપેક્ષતામાં આવી શકતો નથી**.

પૂ. લાલચંદભાઈ: દ્રવ્યની નિરપેક્ષતામાં આવી શકતો નથી, હોં! પર્યાયથી રહિત દ્રવ્ય છે, એમાં નથી આવતો.

મુમુક્ષુ: **તેમ જ પર્યાયની નિરપેક્ષતામાં પણ આવી શકતો નથી.**

પૂ. લાલચંદભાઈ: પર્યાય પણ નિરપેક્ષ છે, એ દ્રવ્યથી નિરપેક્ષ છે. દ્રવ્યથી પર્યાય છે એમ નહિ, સત્ અહેતુક છે. અને દ્રવ્ય સત્ અહેતુક છે, એને પર્યાયની અપેક્ષા નથી એને.

મુમુક્ષુ: એક બીજા, એક બીજાથી નિરપેક્ષ છે. એમાં જ બંનેની પુષ્ટિ છે.

પૂ. લાલચંદભાઈ: પુષ્ટિ છે. બન્ને સત્ જીવતા રહે છે. એકતા થતી નથી, એમાં.

મુમુક્ષુ: **એ દ્રવ્યને પણ સાપેક્ષ જુએ છે અને પર્યાયને પણ સાપેક્ષ જુએ છે.** પર્યાયને સત્ નથી જોતો અને દ્રવ્યને અકર્તા નથી જોતો.

પૂ. લાલચંદભાઈ: નથી જોતો. બહુ સારું આવી ગયું છે હો!

મુમુક્ષુ: બહુ સારું, અરે! કેટલું સારું. ભંડાર ભર્યો છે આમાં.

પૂ. લાલચંદભાઈ: એમ લાગે છે સારું આવી ગયું.

મુમુક્ષુ: **જ્ઞાન નિશ્ચયનયથી આત્માને જાણે છે એ પણ એક જાતની સાપેક્ષતા જ છે. જ્ઞાન નિશ્ચયનયથી આત્માને જાણે છે એ પણ એક જાતની સાપેક્ષતા જ છે. જ્ઞાન સ્વભાવથી જ આત્માને જાણે છે. સ્વભાવ કહેતા નિરપેક્ષતા જ આવે છે.** વાહ! **સંસારનો થાક ઉતરી જાય એવી વાત છે. આ રહસ્ય ખ્યાલમાં આવતાં અલ્પકાળમાં મુક્તિ થાય.**

પૂ. લાલચંદભાઈ: અલ્પકાળમાં થાય. થઈ ગયો ટાઈમ લ્યો. મુક્તિ પણ થઈ ગઈ અને ટાઈમ પણ થઈ ગયો.

મુમુક્ષુ: ટાઈમસર મુક્તિ થઈ ગઈ?

પૂ. લાલચંદભાઈ: પણ આવું ઘોળાય, એની મુક્તિ જ હોય ને? એને કાંઈ સંસાર થોડો છે? જ્યાં છેલ્લા વિકલ્પો... આહાહા! કેમ શું હશે છે? કહો ને.

મુમુક્ષુ: એમ કીધું ને? ટાઈમસર મુક્તિ થઈ ગઈ.

મુમુક્ષુ: ટાઈમસર મુક્તિ થઈ ગઈ.

પૂ. લાલચંદભાઈ: ટાઈમસર મુક્તિ. ટાઈમસર જ થાય ને બધું? તેર પાના થયા, તેર પાના થયા.

મુમુક્ષુ: પ્રતિમાને સુમંત્ર (સૂર્યમંત્ર) આપે છે ને, આ પ્રતિષ્ઠામાં? એમ આ સુમંત્ર કહેવાય. શું કહેવાય? સૂર્યમંત્ર. એમ આ એક સ્વભાવ, સ્વભાવ, સ્વભાવ.

ॐ

# દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ, પાનું ૧૪-૧૫
# ઉષાકિરણ એપાર્ટમેંટ, રાજકોટ
# તારીખ: ૧૭-૧-૧૯૯૧

# પ્રવચન LA ૦૬૭

ચૌદમું પાનું.

મુમુક્ષુ: **નિશ્ચયનયે શુદ્ધ કહેતા, કોઈ નયે અશુદ્ધ છે એમ આવી જશે. નિશ્ચયનયે નિત્ય કહેતા, કોઈ નયે અનિત્ય છે એમ આવી જશે. કેમ કે નય સાપેક્ષ હોય છે. અને સ્વભાવ તો નિરપેક્ષ છે.**

પૂ. લાલચંદભાઈ: સ્વભાવ તો નિરપેક્ષ હોય છે.

મુમુક્ષુ: **નય સ્વભાવથી જ સાપેક્ષ હોય છે અને સ્વભાવ સ્વભાવથી જ અત્યંત નિરપેક્ષ હોય છે. વ્યવહારનય નિશ્ચયનયના દ્વારા નિષેધ્ય છે અને નિશ્ચયનય સ્વભાવના દ્વારા નિષેધ્ય છે**. વાહ!

પૂ. લાલચંદભાઈ: સંકલન સારું થઈ ગયું. **કેમ કે નિશ્ચયનય સ્વભાવના દ્વારા** જ **નિષેધ્ય** થાય**,** નહિતર વિકલ્પ ઊભો જ થાય. સ્વભાવમાં જો જાય એટલે નિશ્ચયનયો વિકલ્પ ચાલ્યો જાય. સ્વભાવ દ્વારા નિશ્ચયનયનો અભાવ થઈ જાય, અને વ્યવહારનયનો નિષેધ નિશ્ચયનય દ્વારા થાય. જૈનદર્શન પરિપૂર્ણ છે. હેં? ચૌદમું પાનું છે મોદી સાહેબ, ત્રીજો પારો, ચૌદમે પાને, હવે.

મુમુક્ષુ: **'નય' છે એ નિર્ણય કરવા માટે છે. અપૂર્વ નિર્ણય આવે છે- પરોક્ષ અનુભૂતિ થાય છે પણ એમાં આનંદ નથી. જ્ઞાન છે એ અનુભવ માટે છે. પ્રત્યક્ષ અનુભૂતિ થાય છે-એમાં આનંદ આવે છે.**

પૂ. લાલચંદભાઈ: ટૂંકા શબ્દોમાં બધું આવી ગયું. આ અભ્યાસી માટે જ છે. ટૂંકા વાક્ય છે એ અભ્યાસી સિવાય કોઈ સમજી ન શકે.

મુમુક્ષુ: આમાં અપૂર્વ નિર્ણય આવ્યો. કાલે આપે ફરમાવ્યું હતું, એ નિર્ણય.

પૂ. લાલચંદભાઈ: એ નિર્ણય (છે), અનુભવ નથી એમાં.

મુમુક્ષુ: **વ્યવહારદૃષ્ટિ તે મિથ્યાદૃષ્ટિ અને નિશ્ચયદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ એમ આવે છે. (પણ) 'નિરપેક્ષ દૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ' બસ નિરપેક્ષતામાં બે નયપક્ષ ઉભા જ ન થાય. અહીં નયાતીત થવાની વાત છે.**

પૂ. લાલચંદભાઈ: આ તો જાણે સૂત્ર હોય ને, સૂત્ર. એવું આવી ગયું છે, આવી ગયું છે. કોઈ પળ હતી, પળ હતી.

મુમુક્ષુ: **વ્યવહારદૃષ્ટિ તે મિથ્યદૃષ્ટિ અને નિશ્ચયદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ એમ આવે છે. (પણ) 'નિરપેક્ષ દૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ' બસ નિરપેક્ષતામાં બે નયપક્ષ ઊભા જ ન થાય. અહીં નયાતીત થવાની વાત છે.**

પૂ. લાલચંદભાઈ: મંત્રો છે.

મુમુક્ષુ: પહેલી વાત પ્રચલિત છે. આ નિરપેક્ષ દૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ એ (પ્રચલિત નથી).

મુમુક્ષુ: મહનીય ગુરુ જ કહી શકે!

મુમુક્ષુ: સાચી વાત છે.

પૂ. લાલચંદભાઈ: પાછું કારણ આપ્યું કે **બસ નિરપેક્ષતામાં બે નયપક્ષ ઊભા જ ન થાય. અહીં નયાતીત થવાની વાત છે.** કોઈ વિકલ્પ જ ઊભો ન થાય. આ નયે આવો અને આ નયે આવો, વિધિ-નિષેધ નહિ, પ્રમાણ નહિ, વિધિ-નિષેધ નહિ, કાંઈ નહિ, સ્વભાવ.

મુમુક્ષુ: **નિશ્ચયનયથી એક જ ધર્મ ખ્યાલમાં આવે છે અને સ્વભાવની સમીપ જઈને જુએ છે તો આખો સ્વભાવ ખ્યાલમાં આવે છે.** બરાબર. **પરિપૂર્ણ સ્વભાવની પ્રાપ્તિ સ્વભાવદૃષ્ટિમાં થાય છે.** એક એક (મંત્ર છે). **નિશ્ચયનયથી એક જ ધર્મ ખ્યાલમાં આવે છે અને સ્વભાવની સમીપ જઈને જુએ છે તો આખો સ્વભાવ ખ્યાલમાં આવે છે. પરિપૂર્ણ સ્વભાવની પ્રાપ્તિ સ્વભાવદૃષ્ટિમાં થાય છે.**

પૂ. લાલચંદભાઈ: નિશ્ચયનય છે ને, નય? એ એક ધર્મને સ્વીકારે છે. સ્વભાવ દૃષ્ટિમાં આખો ધર્મી આવી જાય છે. ફરીથી **નિશ્ચયનયથી**...

મુમુક્ષુ: **નિશ્ચયનયથી એક જ ધર્મ ખ્યાલમાં આવે છે અને સ્વભાવની સમીપ જઈને જુએ છે તો આખો સ્વભાવ ખ્યાલમાં આવે છે. પરિપૂર્ણ**

**સ્વભાવની પ્રાપ્તિ સ્વભાવદૃષ્ટિમાં થાય છે.**

પૂ. લાલચંદભાઈ: લ્યો! ૧૪ માં પાના ઉપર છેલ્લો પારો છે.

મુમુક્ષુ: **નય દૃષ્ટિથી માત્ર એક જ ધર્મની સિદ્ધિ થાય છે, તેથી બીજા ધર્મોને જાણવાની આકુળતા ઉત્પન્ન થાય છે.**

પૂ. લાલચંદભાઈ: છેલ્લા પારામાં ચોથી લીટી. **નય દૃષ્ટિથી માત્ર એક જ ધર્મની સિદ્ધિ થાય છે, તેથી બીજા ધર્મોને**..

મુમુક્ષુ: **જાણવાની આકુળતા ઉત્પન્ન થાય છે. નયમાં વિકલ્પની ઉત્પત્તિ થાય છે એનું કારણ જ એ છે કે નયનો ધર્મ એક એક ધર્મને જાણવાનો છે. જ્યારે સ્વભાવની સમીપ જઈને જુએ છે તો આખો સ્વભાવ જણાય છે. અને કંઈપણ જાણવું બાકી નહિ રહેતું હોવાથી નયપક્ષના વિકલ્પ ઉત્પન્ન જ થતા નથી.** વાહ! **વિષયનો પ્રતિબંધ છૂટી જાય છે અને અનુભવ થઈ જાય છે.**

પૂ. લાલચંદભાઈ: **કંઈપણ જાણવું બાકી રહેતું નથી.** આત્માને જાણ્યો એણે બધું જાણ્યું.

મુમુક્ષુ: **ત્યારે ધ્યેયપૂર્વક આખો સામાન્ય-વિશેષાત્મક આત્મા જ્ઞાનનું જ્ઞેય થાય છે.**

પૂ. લાલચંદભાઈ: નયથી એક ધર્મ જણાતો હતો. સ્વભાવદૃષ્ટિથી આખો ધર્મી જણાઈ જાય છે. આહાહા! આશ્રય એકનો અને જ્ઞાન અનંતનું થઈ જાય. આશ્રય સામાન્યનો અને જ્ઞાન સામાન્ય-વિશેષ આખા આત્માનું. બધા ધર્મો યુગપદ, અક્રમે, એક સમયમાં નિર્વિકલ્પધ્યાનમાં જણાઈ જાય છે, અતીન્દ્રિયજ્ઞાનમાં. નયજ્ઞાન છે, એ ઈન્દ્રિયજ્ઞાન છે, માટે એમાં આકુળતા થાય છે, એક ધર્મને જાણે છે અને બાકી જાણવું રહી જાય છે બાકી. **માટે સ્વભાવની દૃષ્ટિ થતા**....

મુમુક્ષુ: **માટે સ્વભાવની દૃષ્ટિ થતા જ પક્ષાતિક્રાંત થવાય છે.** જુઓ! એક-એક વાક્ય! **માટે સ્વભાવની દૃષ્ટિ થતા જ પક્ષાતિક્રાંત થવાય છે. પરંતુ નિશ્ચયનયથી પક્ષાતિક્રાંત થવાતું નથી.**

પૂ. લાલચંદભાઈ: નિશ્ચયનય તો એક ધર્મને અંગીકાર કરે છે અને બાકીના ધર્મો રહી જાય છે.

મુમુક્ષુ: કાલે ફરમાવ્યું હતું, નિશ્ચયનયથી પ્રમાણમાંથી નીકળી નથી શકાય.

પૂ. લાલચંદભાઈ: બે વિકલ્પ ઊભા થાય, ઘડીકમાં આ વિકલ્પ અને ઘડીકમાં આ વિકલ્પ. સાપેક્ષ નય છે ને? સ્વભાવ સુધી પહોંચતા, બે નયોનો જ્ઞાતા થઈ જાય છે, પણ બે નયોનો કોઈ વિકલ્પ ઉત્પન્ન ન થાય. આહાહા! (સમયસાર) ૧૪૩માં કહ્યું ને? સમયથી પ્રતિબદ્ધ થાય ત્યારે બે નયોનો જ્ઞાતા થાય છે. કોઈ પણ નય પક્ષ ગ્રહણ કરતો નથી. એટલે વિકલ્પ માત્ર વિલય પામે છે અને અનંત ધર્મોનું જ્ઞાન થઈ જાય છે. આહાહા! નયથી એક-એક ધર્મનું જ્ઞાન થાય. સ્વભાવથી અનંત ધર્મનું જ્ઞાન થાય. નય માનસિક જ્ઞાન છે, ઓલું અતીન્દ્રિયજ્ઞાન છે. **નિશ્ચયનયથી પક્ષાતિક્રાંત થવાતું નથી.** આહાહા! **સ્વભાવદૃષ્ટિ થતા જ પક્ષાતિક્રાંત થવાય છે. પરંતુ નિશ્ચયનયથી પક્ષાતિક્રાંત થવાતું નથી.**

હું શુદ્ધ છું, અભેદ છું, જ્ઞાયક છું, એમ નિશ્ચયનયથી વિચાર કર્યા કરે, વિચાર સાચો છે. વ્યવહારનયનો વિચાર પણ ખોટો છે, કર્મથી બંધાયેલો છું અને મનુષ્ય છું અને રાગી છું અને પરનો જ્ઞાતા છું, એ તો પક્ષ જ જાવા દયો. આ તો નિશ્ચયનય સુધી આવ્યો, જેવો સ્વભાવ છે એવો લક્ષમાં લે છે, વિકલ્પમાં, તો પણ પક્ષાતિક્રાંત થવાતું નથી. સ્વભાવ દૃષ્ટિ થતા નિશ્ચયનયનો વિકલ્પ છૂટી જાય છે. નિશ્ચયનયનો વિકલ્પ છૂટતાં નિશ્ચય-વ્યવહારનો જ્ઞાતા થાય છે. નિશ્ચયનયના પક્ષમાં નિશ્ચય-વ્યવહારનો જ્ઞાતા થવાતું નથી. જ્ઞાતા થવું હોય ને તારે? તો સ્વભાવ ઉપર જા ને!

બે નયને તમે માનો છો? બે નયને અમે માનીએ છીએ, જ્ઞાની જ માને છે. બે નયને જાણે છે એ. ક્રમે જાણવું એ જાણવું જ નથી. અક્રમે જણાઈ જાય છે, દ્રવ્ય-પર્યાયસ્વરૂપ આખી વસ્તુ. સામાન્ય-વિશેષ બે લીધું ને? આહાહા! કાલે હસમુખભાઈ આવ્યા હતા. મેં કીધું કે આ કાચો પારો છે જુઓ આ. મોદી સાહેબ કહે કે કાચો પારો છે પણ જો પચી જાય તો ચક્રવર્તી થઈ જાય, ચક્રવર્તી થઈ જાય. અખંડનો સ્વામી, ચક્રવર્તી એટલે? છ ખંડનો નહિ, અખંડનો સ્વામી. આહાહા! આગળ.

મુમુક્ષુ: **જે આત્મા સ્વભાવથી જ શુદ્ધ છે એને કોઈ નય દ્વારા શુદ્ધ કહેવો એ બરાબર નથી.**

મુમુક્ષુ: જરા ખોલો ને, સાહેબ.

પૂ. લાલચંદભાઈ: એમ કહે છે કે જે આત્મા અનાદિ-અનંત પોતે પોતાના

સ્વભાવથી જ શુધ્ધ છે, એ શુધ્ધ થતો નથી. ભગવાન જે આત્મા સામાન્ય જ્ઞાયકભાવ છે, એ અનાદિ-અનંત પોતાના સ્વભાવથી જ શુધ્ધ છે. અશુધ્ધતા ટળે તો શુધ્ધ છે, એમ પણ નહિ, અને 'હું શુધ્ધ છું' એવો વિકલ્પ કરે તો શુધ્ધ છે, એમ પણ નહિ. એ તો અનાદિ-અનંત સ્વભાવથી શુધ્ધ છે. વિકલ્પ દ્વારા સમજાવે છે. અશુધ્ધતાનો પક્ષ હતો એને કહે છે કે વ્યવહારનયથી અશુધ્ધ કહે છે, વ્યવહારનય આત્માને, પણ ખરેખર નિશ્ચયનય કહે છે એ સત્યાર્થ કથન છે. નિશ્ચયનય આત્માને શુધ્ધ કહે છે, ત્રિકાળ, એટલે ઓલું અશુધ્ધનયનું પડખું છૂટી ગયું અને શુધ્ધમાં આવ્યો પણ વિકલ્પમાં ઊભીને શુધ્ધમાં આવ્યો. હવે કહે છે કે નિશ્ચયનયે હું શુધ્ધ છું, એમ જાણીશ તો વ્યવહારનયે અશુધ્ધ છું- (આ) પ્રતિપક્ષ આવી જશે એટલે પ્રમાણમાં આવી જશે.

વ્યવહારનયથી વિચારે તો પણ પ્રમાણમાં અને નિશ્ચયનયથી વિચારે તો પણ પ્રમાણમાં આવી જાય છે. સાપેક્ષ છે ને, એટલે. હવે કહે છે કે વિકલ્પ છોડી દે. સ્વભાવથી શુધ્ધ અનાદિ-અનંત શુધ્ધ છું, નિત્ય નિરાવરણ એમ, અખંડ-એક-પ્રત્યક્ષ-પ્રતિભાસમય આત્મા છે. અનાદિ-અનંત સ્વભાવથી જ શુધ્ધ છે, એને નયની જરૂર નથી. નયો દ્વારા સમજાવવામાં આવે છે પણ નયોથી વસ્તુ તને અનુભવમાં નહિ આવે, અનુમાનમાં આવશે પણ અનુભવમાં નહિ આવે. માટે (નિશ્ચયનય)થી જ શુધ્ધ છે એમ તું લઈશ તો નિશ્ચયનયથી હું શુધ્ધ છું એવો જે વિકલ્પ ઊઠે, એ વિકલ્પ એનું કર્મ થઇ જાય. ઈન્દ્રિયજ્ઞાન અને રાગ એનું કર્મ થઈ જાય, અનુભવ ન થાય એમાં. સ્વભાવથી જ શુધ્ધ છું અનાદિ-અનંત, કોઈ નયની મારે અપેક્ષા નથી. આહાહા! અગ્નિ ઉષ્ણ સ્વભાવથી જ છે. પાણી શીતળ સ્વભાવથી જ છે. આહાહા! સૂર્ય પ્રકાશનો પુંજ સ્વભાવથી જ છે. નયની શું જરૂર છે?

સ્વભાવ સમજતો નથી, એને નય દ્વારા સમજાવે છે. પણ નયને વળગવા જેવું નથી. નયને છોડી દેવા જેવો છે. બાળક ચાલતો હોય ત્યારે ઓલી બાબાગાડી આપે, પડી ન જાય એટલા માટે. પછી થયો મોટો, પછી બાબાગાડી રાખતો હશે? છોડી દયે છે. એવી રીતે સ્વરૂપ વિપરીતતા હતી, એ અવિપરીત સમજણ થાય એટલા માટે વ્યવહારનો નિષેધ કરીને નિશ્ચયનયનું પ્રતિપાદન કર્યું. સવિકલ્પ નિશ્ચયનયમાં મોટો ફાયદો એ થયો એને કે વિપરીતતા નીકળી ગઈ. ખ્યાલમાં

આવ્યું, ઓહો! હું તો અશુધ્ધ થયો જ નથી ને! અશુધ્ધતાની તો પરિણામની સ્થિતિ હતી, પરિણામ તો પરદ્રવ્ય છે. પરિણામ તો જીવને હોય જ નહિ. હું તો પરિણામથી ભિન્ન પરમાત્મા છું. હું તો ત્રિકાળ પ્રથમથી જ શુધ્ધ છું, શુધ્ધ મારે થવું પણ નથી. પરિપૂર્ણ છું, મારે પરિપૂર્ણ થવું નથી.

એમ પહેલા પર્યાય ઉપર દૃષ્ટિ હતી એને દ્રવ્ય સ્વભાવનું, જેવું સ્વરૂપ છે, અવિપરીત, એવું જ્ઞાન કરાવ્યું. હવે કહે છે કે વિકલ્પ છોડી દે. એ એને પ્રતીતમાં આવે ને જ્યારે, પૂરું પ્રતીતમાં આવે, જેટલી માત્રામાં શ્રધ્ધા જોઈએ એટલી માત્રામાં શ્રધ્ધા આવે, વચનાતીત છે, ઈશારાથી સમજાવું છું તમને. જેટલી માત્રામાં શ્રધ્ધા આવે, પરિપક્વ થાય, એટલી માત્રામાં જો પરિપક્વ થઈ જાય શ્રધ્ધા, તો હું શુધ્ધ છું એવો જે છેલ્લો વિકલ્પ, એ વિલય પામીને સાક્ષાત્ શુધ્ધનો અનુભવ કરે અને પર્યાયમાં શુધ્ધતા પ્રગટ થઈ જાય.

શ્રધ્ધાના બળે જ ઉપયોગ અંદરમાં આવે છે. શ્રધ્ધા વિપરીત છે અનંતકાળથી. શ્રધ્ધાનો દોષ પહેલો ટળે છે, પછી ચારિત્રનો દોષ ટળે છે. લોકોને શ્રધ્ધાની કાંઈ કિંમત જ નથી. આહાહા! પર્યાયદૃષ્ટિ છે ને? એટલે જ્ઞાની કહે છે તું શુધ્ધ છો, પરિપૂર્ણ છો. કે ના સાહેબ, હું તો અશુધ્ધ છું. જ્ઞાનીના વચન ઉપર શ્રધ્ધા રાખેને તો એ વ્યવહાર શ્રધ્ધામાં આવ્યો કહેવાય. ગુરુદેવને પ્રશ્ન આવતા હતા કે સંસારી જીવ છે, તો મિથ્યાદર્શનરૂપે પરિણમે છે ત્યારે દ્રવ્ય પણ અશુધ્ધ થઈ ગયું? એમ હિન્દુસ્તાનમાંથી પ્રશ્નો આવે છાપામાં. ત્યારે ગુરુદેવ કહે ભાઈ, એ પ્રથમથી જ શુધ્ધ છે, અશુધ્ધ થયો જ નથી. આહાહા! કપડું જ્યારે મેલું છે ત્યારે કપડું સ્વચ્છ છે, મેલું થયું જ નથી ને. પાણી ઉષ્ણ થયું ત્યારે પાણી શીતળ જ છે ને. ઉષ્ણ થયું નથી. આહાહા!

એમ બે નય છે. એક નય સંયોગને બતાવે છે, બીજી નય સ્વભાવને બતાવે છે, નિશ્ચયનય. બન્નેને વિકલ્પાત્મક નય છે. હવે નિશ્ચયનય જે વિકલ્પાત્મકનય છે એ વસ્તુના યથાર્થ સ્વરૂપનું પ્રતિપાદન કરે છે, જેમ છે તેમ. પ્રતિપાદન કરનાર પણ નયથી સમજાવે છે અને સમજનાર પણ નિશ્ચયનયથી સમજે છે. બન્નેને વિકલ્પ ઊઠે છે. પછી ઓલો વિકલ્પ છૂટી જાય છે, હું તો સ્વભાવથી પરિપૂર્ણ શુધ્ધ છું, સ્વભાવથી જ અકર્તા છું, એ છેલ્લો વિકલ્પ હતો એ છૂટે છે. એ શ્રધ્ધાનું બળ આવે એટલું બધું જબરજસ્ત, અપૂર્વ, નહિ આવેલું એવું શ્રધ્ધાનું બળ આવે. ફટ

વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ અનુભવ થઈ જાય છે.

લોકો જ્ઞાનના બળ ઉપર ચાલ્યા ગયા, શ્રધ્ધાનું બળ જોઈએ. જ્ઞાન નિર્બળ છે, સવિકલ્પ છે એ જ્ઞાન. શ્રધ્ધા નિર્વિકલ્પ છે. શ્રધ્ધા અભેદગ્રાહી છે, જ્ઞાન ભેદાભેદગ્રાહી છે. શ્રધ્ધાનું બળ main (મેઇન, મુખ્ય) (છે), ગુરુદેવનો ૪૫ વર્ષનો ઉપદેશ શ્રધ્ધાના ઉપર વજન હતું. તું વર્તમાનમાં મુક્ત છો! તું બંધાણો જ નથી ને! કે સાહેબ, વ્યવહારનયે તો બંધાણો છું ને? ભાઈ હવે રહેવા દેને, અત્યારે રામ બોલો ભાઈ રામ રહેવા દે, લગનના ગીત ગવાય છે. તું મુક્ત છો, અટાણે તું સિધ્ધ સમાન છો, સિધ્ધ જ છો, સિધ્ધ થવું પણ નથી. એમ નય દ્વારા સ્વભાવનો ખ્યાલ આવે ત્યારે નિશ્ચયનયના પક્ષવાળાને સ્વભાવનું બળ આવે છે. ધ્યાન રાખજો. નિશ્ચયનયના પક્ષવાળાને સ્વભાવનું બળ આવે છે. એવું સ્વભાવનું બળ એક વખત આવશે કે નિશ્ચયનયનો વિકલ્પ છૂટીને સાક્ષાત્ અનુભવ થઈ જશે.

આ તો નિશ્ચયની વાત છે, આ તો નિશ્ચયની વાત છે, એમ કરીને કાઢી નાખે! નિશ્ચય એટલે સત્ય, વ્યવહાર એટલે જૂઠું. વ્યવહારનય અન્યથા કથન કરે છે. નિશ્ચયનય જેવું સ્વરૂપ છે એવું કથન કરે છે, પણ નિશ્ચયનયના વિકલ્પમાં અનુભવ ન થાય. એ સ્વભાવનું જોર આવે એમાં વિકલ્પ છૂટી જાય. એને ખબર પણ ન હોય અને એકાએક સમ્યગ્દર્શન થઈ જાય એ વખતે. સ્વભાવનું એકદમ રટણ ચાલતું હોય એમાં. સ્વભાવનું જોર આવે છે તે વખતે.

આ પુસ્તક નયાતિક્રાંત થવાનું છે.  નિશ્ચયનય સુધી આવી ગયો. વ્યવહારના પક્ષમાં ઊભો છે એને તો આ નિમિત્ત પણ નહિ થાય. પણ નિશ્ચયનયના પક્ષમાં આવ્યો છે એને જ્ઞાનીની વાણી નિમિત્ત થશે. પક્ષાતિક્રાંત થવાની વિધિ છે આ. નિશ્ચયનયથી શુધ્ધ છું એમ નહિ, સ્વભાવથી જ શુધ્ધ છું. નિશ્ચયનયથી અકર્તા છું એમ નહિ, સ્વભાવથી જ અકર્તા છું. નિશ્ચયનયથી જ્ઞાતા છું એમ નહિ, સ્વભાવથી જ જ્ઞાતા છું, એમ. આવ્યું ને? નિશ્ચયનય વ્યવહારનો નિષેધ કરે છે અને સ્વભાવ નિશ્ચયનયનો નિષેધ કરી અને અનુભવ કરાવે છે, એમ આવ્યું. **વ્યવહારનય નિશ્ચયનયના દ્વારા નિષેધ્ય છે અને નિશ્ચયનય સ્વભાવના દ્વારા નિષેધ્ય છે.** બીજો પારો, મોટા અક્ષર ત્રણ લીટી, મોટા અક્ષર bold type (બોલ્ડ ટાઇપ, બોલ્ડ પ્રકાર).

આવે, વિકલ્પ આવે. નિશ્ચયનયના વિકલ્પ દ્વારા વ્યવહારનયનો વિકલ્પનો

નિષેધ થાય, પણ તેથી શું? નિશ્ચયનયના વિકલ્પમાં પણ આનંદ નથી, સમ્યગ્દર્શન ન થાય. એ વિકલ્પ છૂટે ત્યારે અનુભવ થાય. આ કોને માટે છે? કે વ્યવહારનો જેને નિષેધ વર્તે છે, નિશ્ચયના પક્ષમાં આવી ગયો છે અને હજી અનુભવ થતો નથી, એના માટે છે. ચક્રવર્તીના આંગણા સુધી આવ્યો છે પણ અંદર દાખલ નથી થતો.

વ્યવહારનયના પક્ષવાળો તો હરિજનવાસમાં રખડે છે. આહાહા! આત્માના અનુભવ વિના ધર્મ ત્રણકાળમાં શરૂ થાય નહિ. આજે અનુભવ કરો કે કાલ કરો, બીજી કોઈ ક્રિયા જ નથી. सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः (મોક્ષશાસ્ત્ર/તત્ત્વાર્થસૂત્ર, પ્રથમ અધ્યાય, સૂત્ર ૧), આત્માનું જ્ઞાન, આત્માનું શ્રધ્ધાન અને આત્માની લીનતા, બસ! આ મોક્ષનો, સુખનો માર્ગ, બાકી બધી વાતો.

વ્યવહારના પક્ષવાળાને તો આ એકાંત લાગે આમાં. નિશ્ચયના પક્ષવાળાને અમૃત લાગે. (સમયસાર ગાથા) ૧૪૩ મા કહ્યું છે કે પક્ષાતિક્રાંત થાય ત્યારે જ સમયસારની પ્રાપ્તિ થાય છે. પક્ષમાં, નિશ્ચયનયના પક્ષમાં (પ્રાપ્ત નથી થતું). તેથી શું? (સમયસાર ગાથા ૧૪૨, મથાળું) વ્યવહારનો નિષેધ તો પ્રથમથી જ કરતા આવીએ છીએ. એવું તો આત્માનું સ્વરૂપ જ નથી, વ્યવહારનય પ્રતિપાદન કરે છે એવું. નિશ્ચયનય પ્રતિપાદન કરે છે એવું સ્વરૂપ છે. વ્યવહારનય તો અન્યથા કથન કરે છે. નિશ્ચયનય તો જેવું સ્વરૂપ છે એવું પ્રતિપાદન કરે છે. પણ તેથી શું? એ વિકલ્પમાં કાંઈ શાંતિ નથી, આકુળતા છે. સ્વભાવનું જોર આવતા વિકલ્પ છૂટી જાય છે, સહેજે છૂટે છે. છોડતો નથી, વિકલ્પની ઉત્પત્તિ થતી નથી, એમ. છૂટે છે બસ! વિકલ્પને છોડતો પણ નથી અને નિર્વિકલ્પને કરતો પણ નથી, એ તો જ્ઞાયકને જાણે છે - ત્યાં આ સ્થિતિ ભજી જાય છે. પૂર્વ પર્યાયનો વ્યય અને ઉત્તર પર્યાયનો ઉત્પાદ અને ધ્રુવની દૃષ્ટિ. આ અનુભવ કેમ થાય એની આમાં વિધિ છે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી છે આ. શું કહ્યું?

મુમુક્ષુ: રહસ્યપૂર્ણ ચિઠ્ઠી છે, સાહેબ. પરમ સત્ય વાત છે. અફર ફરમાન!

પૂ. લાલચંદભાઈ: અને title page (ટાઈટલ પેજ, મુખપૃષ્ઠ) પણ સારું કર્યું છે. આ ૐ કાર ધ્વનિમાંથી આવેલું છે આ, દ્રવ્ય સ્વભાવ અને પર્યાય સ્વભાવ. ગોહિલ (ચિત્રકર્તા)નું કામ સારું છે. આ પુસ્તક તો છ મહિના પછી બહાર પડશે, છ મહિના સુધી ગુપ્ત રાખવાનું છે.

મુમુક્ષુ: આમાં આવ્યું નય પક્ષથી અતિક્રાંત ભાખ્યો તે સમયનો સાર છે.

પૂ. લાલચંદભાઈ: પહેલા પાના ઉપર છે, પહેલા પાના ઉપર, ગોળાકારમાં. હા, એ, હા, એ. એટલે આમાં એ વિષય છે, એમ. વિષયની સૂચના છે આમાં. નયમાં વિકલ્પ ઉત્પન્ન થાય છે, કે હું શુદ્ધ છું એવો વિકલ્પ, અને જ્યારે વિકલ્પ તૂટે છે ત્યારે નિર્વિકલ્પ ધ્યાન આવી જાય છે. એટલે ઈન્દ્રિયજ્ઞાન રોકાઈ જાય છે, નવું સ્વસંવેદન અતીન્દ્રિયજ્ઞાન આત્મસન્મુખ પ્રગટ થાય છે. તે આત્માના આશ્રયે પ્રગટ થાય છે તો અભેદ થઈને આનંદનો એમાં અનુભવ આવે છે. એનું નામ નિર્વિકલ્પ, વિકલ્પ રહિત, રાગ રહિત, ઈન્દ્રિયજ્ઞાન રહિત, ખંડજ્ઞાન રહિત. વિકલ્પનો અર્થ ખંડજ્ઞાન છે, વિકલ્પનો અર્થ રાગ પણ છે. એ વચનાતીત, વિકલ્પાતીત, નયાતીત - અનુભવમાં નય ન હોય, નયાતીત છે. એટલે આ અભ્યાસ કર્યા પછી જેને અનુભવ ન થયો હોય, સમ્યગ્દર્શન, આ એને માટે છે. વ્યવહારના પક્ષવાળાને તો કાંઈ આ લાગુ પડે એવું નથી.

મુમુક્ષુ: એ તો હરિજનવાસમાં છે.

પૂ. લાલચંદભાઈ: હરિજનવાસમાં છે, એને તો દિલ્હી બહુ દૂર છે. આ તો સ્વભાવની સમીપે આવી ગયો છે. આહાહા! વ્યવહારનો નિષેધ વર્ત્યા જ કરે છે, નિષેધના વિકલ્પ વર્તે છે. નિષેધના વિકલ્પ વિના વ્યવહારનો નિષેધ વર્તી જાય છે - એ સ્વભાવ થઈ જાય છે, ઓલો, પક્ષ.

પહેલા વ્યવહારનો નિષેધ એને વિકલ્પ દ્વારા કરવો પડે. નિશ્ચયનયના પક્ષમાં આવીને 'આવો હું નથી', એમ, એમ કરવું પડે, practice (પ્રેકટીસ, અભ્યાસ). પછી જ્યારે એવો નિશ્ચયનયનું જોર આવી જાય છે ત્યારે એને નિષેધ માટે વિકલ્પ નથી કરવો પડતો, વિકલ્પ વિના નિષેધ વર્ત્યા કરે છે. અને આત્માનો આશ્રય આવ્યો નથી અને નિશ્ચયનયના વિકલ્પનો પક્ષ રહ્યા કરે છે. જ્યારે આત્માનો આશ્રય આવે, ત્યારે નિશ્ચયના પક્ષનો વિકલ્પ છૂટી અને અનુભવ થઈ જાય. પછી તો નિષધેની વાત છે જ નહિ.

મુમુક્ષુ: સ્વભાવના બળે નિષેધ વર્ત્યા જ કરે છે?

પૂ. લાલચંદભાઈ: નિશ્ચયનયના પક્ષમાં આવી જાય એને વ્યવહારનયનો નિષેધ વર્ત્યા જ કરે છે. એ શાસ્ત્રમાં વાંચે ને, જ્ઞાનીની વાણી, જ્ઞાનીની વાણી, પણ એને નિષેધ વર્ત્યા કરે છે. નિષેધ કરવાનો વિકલ્પ નથી રહેતો, એ સ્વભાવ એનો થઈ ગયો. એવો એક સ્વભાવ થઈ જાય છે, અનુભવ પહેલા. અનુભવ પહેલા...

મુમુક્ષુ: સ્વભાવ વર્ત્યા જ કરે છે.

પૂ. લાલચંદભાઈ: વર્ત્યા જ કરે છે, કે એ હું નથી, એવો હું નથી, જે વ્યવહારનય કહે છે એવો હું નથી, મારું સ્વરૂપ નથી, બસ! મારું સ્વરૂપ નથી એટલે નથી, એમ નહિ! મારું સ્વરૂપ જ નથી. એ વ્યવહારનય તો અન્યથા કથન કરે છે. કરવા દયો, એમાં અમને કાંઈ તકલીફ નથી, અમને તકલીફ નથી. આત્મા રાગનો કર્તા છે, અને કર્મને બાંધે છે અને દુ:ખને ભોગવે છે અને પરને જાણે છે અને - ભલે વ્યવહારનય કથન કરે! હું એના માટેનો વિકલ્પ પણ નથી કરતો! એ વિકલ્પ મારા નિષેધ માટે નથી, એ મારા વિકલ્પ સ્વભાવની અસ્તિમાં ચાલ્યો જાય છે. એ વિકલ્પ રહે છે, એટલો વિકલ્પ રહે છે. એ વિકલ્પનો દુરુપયોગ નથી કરતો... વિકલ્પનો જ સદુપયોગ. હું તો સ્વભાવથી અકર્તા છું.

મુમુક્ષુ: અપૂર્વ છે.

પૂ. લાલચંદભાઈ: (હા). એટલું સ્વભાવનું જોર આવે...

મુમુક્ષુ: વ્યવહારનો નિષેધ (એ) વિકલ્પનો દુરુપયોગ.

પૂ. લાલચંદભાઈ: દુરુપયોગ.

મુમુક્ષુ: વ્યવહારનો નિષેધ ઓહો! ધન્ય છે.

પૂ. લાલચંદભાઈ: અને નિશ્ચયનયનો જે પક્ષનો વિકલ્પ આવે છે એ વિકલ્પાત્મક શુદ્ધોપયોગ છે, વિકલ્પનો સદુપયોગ છે. કેમ કે વિકલ્પમાં સ્વભાવ લીધો એણે, વિકલ્પમાં વિભાવ છોડી દીધો, વિકલ્પમાં વિભાવ છોડી દીધો, હું રાગી નથી, હું તો પરમાત્મા છું.

મુમુક્ષુ: સ્વભાવ ગ્રહણ કર્યો વિકલ્પમાં.

પૂ. લાલચંદભાઈ: હા, સ્વભાવ ગ્રહણ કર્યો વિકલ્પમાં, તો વિકલ્પનો સદુપયોગ થયો. એ વિકલ્પનો જે સદુપયોગ રહે છે, એ વિકલ્પ તૂટવાવાળો છે. જે વિકલ્પમાં દુરુપયોગ છે, તે વિકલ્પ તૂટે નહિ અને સમ્યગ્દર્શન નહિ થાય, ત્રણકાળમાં, વ્યવહારના પક્ષમાં.

મુમુક્ષુ: ધન્ય છે, પરાકાષ્ટાનું. કમાલ કરી દીધા.

મુમુક્ષુ: વિકલ્પનો સદુપયોગ છે તે તૂટવાનો છે અને વિકલ્પનો દુરુપયોગ છે તે તૂટશે નહિ.

પૂ. લાલચંદભાઈ: તે તૂટશે નહિ. એ તો દૃઢ થાય છે, મિથ્યાત્વ એને.

આહાહા!

મુમુક્ષુ: પરાકાષ્ઠાની વ્યાખ્યા છે. વિકલ્પનો દુરુપયોગની વ્યાખ્યા શું? અને વિકલ્પના સદુપયોગની વ્યાખ્યા શું? આ સદુપયોગનો વ્યય થઈને નિર્વિકલ્પ અનુભવ થશે.

પૂ. લાલચંદભાઈ: જરૂર થશે.

મુમુક્ષુ: ધન્ય છે સાહેબ. ઘણું બધું શીખ્યા.

પૂ. લાલચંદભાઈ: કેમ કે વિકલ્પમાં પણ સ્વભાવ ઘૂંટાય છે એને, નિરંતર સ્વભાવ ઘૂંટાય છે.

મુમુક્ષુ: સ્વભાવમાં આવવાથી વિકલ્પ તૂટે છે. આ અફર વાત છે! આ માટે છે.

પૂ. લાલચંદભાઈ: આ માટે (**દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ**) છે.

મુમુક્ષુ: ધન્ય હૈ! પરમ પ્રતાપ છે આપનો.

મુમુક્ષુ: બહુ સરસ વાત કહી. અનુભવ પહેલા પણ વ્યવહારનો નિષેધ કરવા માટે વિકલ્પની જરૂર નથી પડતી.

પૂ. લાલચંદભાઈ: બિલકુલ જરૂર નથી પડતી. એક વખત નિર્ણય કરી લીધો કે વ્યવહારનય સઘળોય અભૂતાર્થ છે, ખોટું કથન કરે છે. શ્રી ગુરુએ, મહનીય ગુરુ. કેવા? મહનીય શ્રી ગુરુએ મને કહ્યું કે વ્યવહાર સઘળોય અભૂતાર્થ છે. હવે વ્યવહાર અભૂતાર્થ છે એવો વિકલ્પ પણ આવતો નથી. (વ્યવહારનય) સ્વભાવથી અભૂતાર્થ છે. મારે એ વિકલ્પની શું જરૂર છે?

મુમુક્ષુ: બહુ ઊંચી દિવ્યવાણી આવી રહી છે. ઘણી ઊંચીથી ઊંચી પરાકાષ્ઠાની દિવ્યવાણી આવી!

પૂ. લાલચંદભાઈ: છે પરાકાષ્ઠાની, એ વાત સાચી છે. હા એટલું છે, સ્વભાવમાં પહોંચ્યો નથી હજી એટલે નિશ્ચયનયનો જે વિકલ્પ, જે સ્વભાવ છે, એવા વિકલ્પ આવે એને. હું અકર્તા છું, જાણનાર જણાય છે, મને જાણનાર જણાય છે, બીજું કાંઈ જણાતું નથી ને! મને મારો પરમાત્મા, મારા વિશેષમાં મારુ સામાન્ય જણાય છે. એવા વિકલ્પનો એ સદુપયોગ છે પણ એ પણ પરમાર્થે જોઈએ તો દુરુપયોગ છે, એટલે નીકળી જાય છે અને અનુભવ થઈ જાય છે.

મુમુક્ષુ: દુરુપયોગ છે માટે નીકળી જાય છે.

પૂ. લાલચંદભાઈ: (હા), એ રહેતો નથી પછી વિકલ્પ. મારા વિશેષમાં સામાન્ય જણાય છે, મારા વિશેષમાં વિશેષ જણાતું નથી. પર તો જણાતું નથી પણ મારા વિશેષમાં સામાન્ય જણાય છે એવો જે વિકલ્પ, એક અપેક્ષાએ એ સદુપયોગ છે, ઓની અપેક્ષાએ. પણ એ વિકલ્પ પણ ખટકે છે, ખટકે છે! એ વિકલ્પની પણ અધિકતા નથી આવતી. અધિકતા જો આવી જાય તો નિશ્ચયનય રહેતી નથી. એ વિકલ્પમાં અધિકતા ન હોય.

મુમુક્ષુ: વિકલ્પમાં સ્વભાવની અધિકતા હોય છે.

પૂ. લાલચંદભાઈ: સ્વભાવની અધિકતા હોય એટલે આ વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ અનુભવ અવશ્ય થાય એને.

મુમુક્ષુ: નિયમથી થાય.

પૂ. લાલચંદભાઈ: (હા), નિયમથી થાય.

મુમુક્ષુ: સોગાનીજીને સ્વભાવની અધિકતા હતી એટલે **अरे विकल्प! यदि तुझे तेरी आयु प्रिय है तो अन्य सबको गौण कर व गुरुदेवके संग में ले चल, वरना उनका दिया हुआ वीतरागी अस्त्र शीघ्र ही तेरा अन्त कर डालेगा।** (દ્રવ્ય-દૃષ્ટિ પ્રકાશ, ભાગ ૧, પત્ર ૯, ૫/૭/૧૯૫૩).

પૂ. લાલચંદભાઈ: હા એ, બસ! એ વિકલ્પનો સદુપયોગ મને લઈ જા ત્યાં, બાકી બીજા વિકલ્પને અમે આવકાર નહિ આપીએ, એમ. બીજો વિકલ્પનો તો નિષેધ વર્તે જ છે, સ્વભાવથી નિષેધ આવી જાય છે, સ્વભાવથી.

ગુરુદેવે જે સ્વાધ્યાયની પ્રથા કરી છે, બહુ સારી પ્રથા છે. સ્વભાવના લક્ષે જ સ્વાધ્યાય કરવો, નિમિત્તના લક્ષે નહિ, ભેદના લક્ષે નહિ, રાગના લક્ષે નહિ, આહાહા! ઉઘાડના લક્ષે નહિ. સ્વભાવના લક્ષે સ્વાધ્યાય કરવો. એમાં ઉર્ધ્વ આત્મા, આત્મા આવવો જોઈએ, બસ, તો જ સ્વાધ્યાય સાચું.

મુમુક્ષુ: બાકી બધું સંયોગ છે. નિમિત્ત, ભેદ વગેરે સ્વભાવ નથી.

પૂ. લાલચંદભાઈ: સંયોગ છે, સ્વભાવ નથી.

મુમુક્ષુ: આત્માને છોડીને બધું સંયોગ છે.

પૂ. લાલચંદભાઈ: સંયોગ છે. ચૌદ ગુણસ્થાન, માર્ગણાસ્થાન એને જાણવાથી કાંઈ તને લાભ નથી. પરદ્રવ્ય છે એ તો બધું. ચૌદ ગુણસ્થાન, માર્ગણાસ્થાન પરદ્રવ્ય છે. આહાહા! એકવાર પરદ્રવ્ય (છે) આવ્યું, ખલાસ! પછી "પરદ્રવ્ય છે"

(એવા) વિકલ્પની ક્યાં તારે જરૂર છે?

મુમુક્ષુ: એવી તો એની પરિણતિ બંધાઈ ગઈ છે.

પૂ. લાલચંદભાઈ: (હા) બંધાઈ ગઈ છે.

મુમુક્ષુ: અનુભવ પહેલા એવી પરિણતિ બંધાઈ ગઈ છે, નિર્વિકલ્પપણે નિષેધ વર્તે છે. બહુ સરસ!

પૂ. લાલચંદભાઈ: મારામાં જેની નાસ્તિ છે, એકવાર 'મારામાં નાસ્તિ છે' એ આવી ગયો વિચાર, પછી મારામાં નથી, મારામાં નથી, આ મારામાં નથી, પહેલું ગુણસ્થાન મારામાં નથી, બીજું મારામાં નહિ, ત્રીજું મારામાં નહિ, ચોથું મારામાં નહિ- દુરુપયોગ છે તારો. સમુચ્ચરૂપે ભગવાન જ્ઞાયક સામાન્ય તત્ત્વ તે હું છું, બાકી બધો વિશેષ મને પરદ્રવ્ય છે, પરભાવ છે, હેય છે. શ્રીગુરુએ ફરમાવ્યું, બસ ખલાસ! નિષેધ આવ્યો એ આવ્યો, નિષેધનો વિકલ્પ પણ નહિ હવે.

વિધિના વિકલ્પ આવે છે પ્રભુ! હજી વિધિના વિકલ્પ આવે છે, પ્રભુ! છૂટતું નથી પણ આપની કૃપા છે ને? આપની કૃપા છે ને? ગુરુ. હે ગુરુ, તારી કૃપા છે ને? છૂટી જશે. ઓલા (પર)ગુરુની કૃપા અને આ ગુરુની (મારા આત્માની) કૃપા. અહીંયાં (મારામાં) મેં લીધું અહીંયાં. હે ગુરુ! તારી કૃપા છે ને? અહીંથી મેં વાત કરી.

મુમુક્ષુ: છૂટવા માટે જ આવે છે.

પૂ. લાલચંદભાઈ: (હા). સ્વભાવના જોરવાળાને વિકલ્પ તૂટવાનો અને અનુભવ થવાનો. વિભાવનું જોર છે જેને (તેનો વિકલ્પ તૂટશે નહિ). આહાહા! વ્યવહારનય તો પહેલેથી છોડાવતા આવ્યા છે, સમયસારમાં (કળશ ૭૦). આહાહા! અહીંયાં તો શુદ્ધનયના પક્ષમાં આવ્યો, તેથી શું? એનાથી 'હવે આ વિકલ્પ તૂટે કેમ' તેની આ વિધિ છે આમાં (**દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ**માં).

મુમુક્ષુ: નિષેધનો વિકલ્પ આવ્યો તે દુરુપયોગ છે. ગજબ વાત છે.

પૂ. લાલચંદભાઈ: (હા). હું કર્મથી બંધાયેલો નથી, હું કર્મથી બંધાયેલો નથી, હું કર્મથી બંધાયેલો નથી, દુરુપયોગ છે તારો. તને એમાં જ રહેવું (બતાવે છે) કે શંકા છે હજી, સશંક છો તું. કર્મથી બંધાયેલો છું એનો વારંવાર નિષેધ કરશ એનો અર્થ કર્મથી બંધાયેલો છું, એમ આવી ગયું. 'હું નારકી નથી', 'હું તિર્યંચ નથી' (એવો) કોઈ દિવસ વિકલ્પ ઊઠે છે?

મુમુક્ષુ: નહિ સાહેબ!

પૂ. લાલચંદભાઈ: ઊઠે છે કોઈને વિકલ્પ? એક વાર ગુરુએ કહ્યું 'હું કર્મથી બંધાયેલો નથી', (તો) હું અબદ્ધ છું (એમ નિર્ણય થઈ ગયો), ખલાસ!

મુમુક્ષુ: વ્યાખ્યાનમાં આવ્યું હતું, હું ચોર નથી, આજે સવારે. હું ચોર નથી, હું ચોર નથી, હું ચોર નથી.

પૂ. લાલચંદભાઈ: શાહૂકાર માણસ આમ વાત કરે?

મુમુક્ષુ: બિલકુલ ન કરે સાહેબ!

પૂ. લાલચંદભાઈ: આટલું તો એને સવિકલ્પ ભેદજ્ઞાન થઈ જાય. આવું તો સવિકલ્પ ભેદજ્ઞાન આવે પહેલા. સ્વભાવના વિકલ્પ આવે એ ખટકે એને. આહાહા! વિશેષમાં સામાન્ય જણાય છે એ પણ ખટકે.

મુમુક્ષુ: ખટકે ત્યારે નીકળે ને? આત્માર્થીને ખટકે જ.

પૂ. લાલચંદભાઈ: ખટકે, આત્માર્થીને ખટકે. એય! સાંભળ્યું?

મુમુક્ષુ: પરમ સત્ય. ખટકે જ.

પૂ. લાલચંદભાઈ: મને મારા જ્ઞાનમાં આત્મા જણાય છે, એવો વિકલ્પ ખટકે. છે વાત સાચી, પણ છે વિકલ્પ. આહાહા! આ (**દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ**) તો છેલ્લી હદની વાત છે આમાં. સૂક્ષ્મ વિકલ્પ રહેતા હોય, (તે) તૂટીને (અનુભવ થાય).

મુમુક્ષુ: ખટકનો વ્યય, ખટક-અતિક્રાંતનો ઉત્પાદ.

પૂ. લાલચંદભાઈ: ઉત્પાદ થઈ જાય છે, બસ. ચાલો આગળ.

મુમુક્ષુ: **જે આત્મા સ્વભાવથી જ શુદ્ધ છે એને કોઈ નય દ્વારા શુદ્ધ કહેવું એ બરાબર નથી**.

પૂ. લાલચંદભાઈ: ક્યાં આવ્યું?

મુમુક્ષુ: પંદરમું પાનું બીજો પેરેગ્રાફ.

પૂ. લાલચંદભાઈ:પંદરમે પાને, ઠીક, બીજો પેરેગ્રાફ. **જે આત્મા સ્વભાવથી જ શુદ્ધ છે એને.**

મુમુક્ષુ: **જે આત્મા સ્વભાવથી જ શુદ્ધ છે એને કોઈ નય દ્વારા શુદ્ધ કહેવો એ બરાબર નથી**.

પૂ. લાલચંદભાઈ: સ્વભાવથી જ શુદ્ધ છું, અનાદિ-અનંત. નિશ્ચયનયથી શુદ્ધનું શું કામ છે? આહાહા! એ તો જે શુદ્ધઆત્માને અશુદ્ધ માનતો હતો એને

સમજાવવા માટે કહ્યું કે આત્મા નિશ્ચયનયે શુદ્ધ છે એ ગ્રહણ કર તું, એમ. અશુદ્ધતાનું શલ્ય હતું ને કે સંસારી જીવ અશુદ્ધ છે? કે સંસારી જીવ શુદ્ધ છે, એમ. છેલ્લી કોટિની વાત છે આ, રહસ્યપૂર્ણ ચિઠ્ઠી છે.

મુમુક્ષુ: **આત્મા નિશ્ચયનયથી શુદ્ધ છે, એ કથન સાચું છે પણ એમાં અનુભવ નથી.**

પૂ. લાલચંદભાઈ: કથન સાચું છે. આત્મા અશુદ્ધ છે એ તો કથન પણ ખોટું છે. આત્મા નિશ્ચયનયે શુદ્ધ છે, એ કથન તો સાચું છે. **પણ એમાં**..

મુમુક્ષુ: **પણ એમાં અનુભવ નથી.**

પૂ. લાલચંદભાઈ: **અનુભવ નથી**. આહાહા!

મુમુક્ષુ: **પરંતુ એ કથન દ્વારા સ્વભાવનું માત્ર અનુમાન જ થઈ શકે છે.**

પૂ. લાલચંદભાઈ: **થઈ શકે છે.** કથન દ્વારા, વિકલ્પ દ્વારા, બીજો ઉપાય નથી.

મુમુક્ષુ: **આત્મા નિશ્ચયનયે શુદ્ધ છે, એમ નહિ, પણ સ્વભાવથી જ શુદ્ધ છે. સીધા સ્વભાવને જ જુઓ તો જે નયના માધ્યમ દ્વારા વિકલ્પ આવતા હતા, એ વિકલ્પ છૂટી જશે.** પરમ સત્ય. અક્ષરેઅક્ષર પરમ સત્ય છે.

પૂ. લાલચંદભાઈ: જે હમણાં તમે બોલ્યા ને? એ જ વિચાર મને આવ્યો, એ જ વિચાર આવ્યો. એ જ તમારી વાણીમાં આવ્યું. કેમ કે મારું કહેલું છે એટલું હું કઈં શું બોલું? એમ.

મુમુક્ષુ: આહાહા! અક્ષરેઅક્ષર પરમ સત્ય છે.

પૂ. લાલચંદભાઈ: ફરીથી, **આત્મા નિશ્ચયનયે**...

મુમુક્ષુ: **આત્મા નિશ્ચયનયે શુદ્ધ છે એમ નહિ, પણ સ્વભાવથી જ શુદ્ધ છે. સીધા સ્વભાવને જ જુઓ તો જે નયના માધ્યમ દ્વારા વિકલ્પ આવતા હતા, એ વિકલ્પ છૂટી જશે.**

પૂ. લાલચંદભાઈ: **છૂટી જશે.** સ્વભાવથી જુઓ તો વિકલ્પ છૂટી જશે. નયથી જોયા કરશો તો વિકલ્પ રહેશે.

મુમુક્ષુ: **સ્વભાવથી વિચારતા**...

પૂ. લાલચંદભાઈ: સ્વભાવથી વિચારતા અને સ્વભાવથી અનુભવતાં, એ બન્નેમાં ફેર છે. સ્વભાવથી વિચારતા એ માનસિક છે. **સ્વભાવથી વિચારતા વચ્ચે**

**જે નય આવતી હતી એ નીકળી જશે,** સ્વભાવના જોરે.

મુમુક્ષુ: વાહ વાહ! બહુ સરસ!

પૂ. લાલચંદભાઈ: અને શું રહી જશે?

મુમુક્ષુ: **એકલું જ્ઞાન રહી જશે**.

પૂ. લાલચંદભાઈ: વિકલ્પ વિનાનું જ્ઞાન.

મુમુક્ષુ: જ્ઞાન તો વિકલ્પ વિનાનું જ હોય ને?

પૂ. લાલચંદભાઈ: હોય ને! **એકલું જ્ઞાન રહી જશે.**

મુમુક્ષુ: **એકલું જ્ઞાન રહી જશે અને અનુભવ થઈ જશે.**

પૂ. લાલચંદભાઈ: **એકલું જ્ઞાન રહી જશે અને અનુભવ થઈ જશે.** એકલા જ્ઞાનમાં જ અનુભવ થાય ને? રાગ મિશ્રિત, વિકલ્પ મિશ્રિત જ્ઞાનમાં કંઈ અનુભવ ન થાય.

મુમુક્ષુ: એકલા જ્ઞાનમાં, શુદ્ધ જ્ઞાનમાં.

પૂ. લાલચંદભાઈ: એકલા જ્ઞાનમાં, સમ્યગ્જ્ઞાનમાં.

મુમુક્ષુ: શુદ્ધ જ્ઞાનમાં.

પૂ. લાલચંદભાઈ: શુદ્ધ જ્ઞાનમાં, સ્વસંવેદન જ્ઞાનમાં, અતીન્દ્રિયજ્ઞાનમાં.

મુમુક્ષુ: **સ્વભાવથી** જ **સ્વભાવ વિચારો (અને) નયના માધ્યમને-વિકલ્પને રહેવા દો. સ્વભાવથી સ્વભાવ વિચારો (અને) નયના માધ્યમને-વિકલ્પને રહેવા દો**.

પૂ. લાલચંદભાઈ: **રહેવા દયો. "હું સ્વભાવથી જ શુદ્ધ છું"**, પરિપૂર્ણ છું. બસ! નયનું શું કામ છે? આગળ. કોઈ પળ હતી, બસ બીજું કંઈ નથી, પળ હતી.

મુમુક્ષુ: આ તો જ્ઞાનીઓનો શુદ્ધ અનુભવ છે.

પૂ. લાલચંદભાઈ: અનુભવની વિધિ છે આમાં, ખુલ્લમ ખુલ્લા.

મુમુક્ષુ: ખુલ્લમ ખુલ્લા, કાંઈ પણ છૂપાવ્યા વિના.

પૂ. લાલચંદભાઈ: ખાનગી નહિ, એક એકને વ્યક્તિને કાનમાં મંત્ર આપવું, એમ નહિ. ખુલ્લમ ખુલ્લા.

મુમુક્ષુ: ખુલ્લી રહસ્યપૂર્ણ ચિઠ્ઠી છે, ખુલ્લી રહસ્યપૂર્ણ ચિઠ્ઠી છે.

પૂ. લાલચંદભાઈ: ખુલ્લી, હા.

મુમુક્ષુ: ગુરુદેવ કહેતા (હતા કે) 'નાગા બાદશાહથી આઘા', એવી વાત છે.

મુમુક્ષુ:**"હું સ્વભાવથી જ શુદ્ધ છું" -એમાં વ્યવહારનયે અશુદ્ધ છું, એ દોષ છૂટી જાય છે અને નિશ્ચયનયે શુદ્ધ છું એ વિકલ્પ છૂટી જાય છે.** આ તો શું મંત્ર છે! બહુ સરસ.

મુમુક્ષુ: તે દોષ, આ વિકલ્પ.

પૂ. લાલચંદભાઈ: ફરીથી.

મુમુક્ષુ: **"હું સ્વભાવથી જ શુદ્ધ છું", "હું** તો **સ્વભાવથી જ શુદ્ધ છું".**

પૂ. લાલચંદભાઈ: into comma (ઇનટુ કોમા છે, અવતરણમાં) **"હું સ્વભાવથી જ શુદ્ધ છું" -એમાં**...

મુમુક્ષુ: **-એમાં વ્યવહારનયે અશુદ્ધ છું, એ દોષ છૂટી જાય છે.**

પૂ. લાલચંદભાઈ: **છૂટી જાય છે અને**...

મુમુક્ષુ: **અને નિશ્ચયનયે શુદ્ધ છું એ વિકલ્પ છૂટી જાય છે.**

પૂ. લાલચંદભાઈ: નિશ્ચયનયે શુદ્ધ છું એ દોષ હતો, વિકલ્પ એ દોષ હતો ને? ઓલો દોષ છૂટયો અને આ વિકલ્પાત્મક દોષ પણ છૂટી જાય છે, અનુભવમાં.

મુમુક્ષુ: બહુ સરસ!

પૂ. લાલચંદભાઈ: બોલ્ડ ટાઈપીથી છે ને? છ મહિના પછી આ બધાને મળશે. પહેલા **ઇન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી** એનો ખૂબ પ્રચાર થાય. પછી વાત.

ૐ

# દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ, પાનું ૧૬-૧૯
# ઉષાકિરણ એપાર્ટમેંટ, રાજકોટ
# તારીખ: ૧૮-૧-૧૯૯૧

# પ્રવચન LA-૦૬૮

આજે પર્યાય સ્વભાવનું પ્રકરણ આવવાનું છે. એક દ્રવ્ય સ્વભાવ છે અને એક પર્યાય સ્વભાવ છે. દ્રવ્ય સ્વભાવ પણ સ્વભાવથી અનાદિ-અનંત છે. દ્રવ્યનો પોતાનો નિજ ભાવ - નિજ સ્વભાવ ભાવ, સ્વભાવથી જ અનાદિ-અનંત છે. એમાં કદી કોઈ પણ કારણે ફેરફાર થઈ શકતો નથી. તેમાં ફેરફાર થવાનું અશકય છે. જે છે, ગઈકાલે હતો, આજે છે અને ભવિષ્યકાળ, અનંતકાળમાં પણ એવો ને એવો દ્રવ્ય સ્વભાવ રહેશે.

દ્રવ્ય સ્વભાવ નિરપેક્ષ છે. એને કોઈ સંયોગની, કોઈ નિમિત્તની અપેક્ષા નથી. એને કર્મનો બંધ થતો નથી. એને કર્મનો ઉદય આવતો નથી. એ દ્રવ્ય સ્વભાવ કર્મના ઉદયમાં જોડાતો નથી. એ નવા કર્મને બાંધતો નથી અને બંધાય એમાં નિમિત્તપણું પણ એમાં નથી. એવો એક દ્રવ્ય સ્વભાવ અનાદિ-અનંત પરમાત્માનો સ્વભાવ છે. અને અંદરમાં જોઈએ તો એ પરિણામથી પણ નિરપેક્ષ છે. કે જેથી કરીને પરિણામ બગડે કે સુધરે, પરિણામ ઘટી જાય કે વધી જાય, પરિણામ સ્વભાવમાં ગમે એટલો ફેરફાર થાય, તો પણ એ પરિણામથી આત્મા રહિત હોવાથી નિરપેક્ષ છે, એની બિલકુલ અપેક્ષા એને નથી.

દ્રવ્ય સ્વભાવ પર્યાયને અડતો નથી. એવો દ્રવ્ય સ્વભાવ ત્રિકાળી છે કે જે પરિણામ થાય એને કરે પણ નહિ અને પરિણામ થાય એને જાણે પણ નહિ. એવો દ્રવ્ય સ્વભાવ નિષ્ક્રિય પરમાત્મા છે. એ પારિણામિક ભાવે બિરાજમાન છે. એને કોઈ કર્મના ઉદય આદિની અપેક્ષા નથી, ક્ષયની અપેક્ષા નથી. નિગોદની પર્યાય

વખતે જે દ્રવ્ય સ્વભાવ છે, સાધકની અવસ્થા વખતે પણ એવો ને એવો છે. એ પરમાત્મા અરિહંત અને સિધ્ધ થાય તો પણ એવો ને એવો છે. કિંચિત્ માત્ર ન ઘટે ન વધે, ન ઘટે ન વધે એવો અઘટિત ઘાટ અનાદિ-અનંત પરમાત્માનો સ્વભાવ છે. અનંત ગુણનો પિંડ પરમાત્મા છે.

એ નિષ્ક્રિય છે, ક્રિયાનાં કારકો એમાં નથી. સ્વભાવથી જ અકારક અને અવેદક છે. કોઈ પણ થતા પરિણામને કરે નહિ અને થતા પરિણામને ભોગવે નહિ. અજ્ઞાન દશામાં હોય તો અજ્ઞાન ભાવને કરે નહિ અને અજ્ઞાનનું ફળ દુ:ખ એ ભોગવે નહિ. સાધકદશા થાય પર્યાયમાં તો એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ પ્રગટ થાય, એને કરે નહિ અને એનું ફળ આંશિક આનંદ આવે પર્યાયમાં, એને એ ભોગવે નહિ.

અને સાધક થઈને એ પરમાત્મા થાય, પર્યાયે - બહિર્આત્મા, અંતરઆત્મા અને પરમાત્મા, ત્યારે કેવળજ્ઞાન આદિ પર્યાયને કરે નહિ અને યથાખ્યાત ચારિત્રનું ફળ જે પૂર્ણ આનંદ એને એ ભોગવતો નથી. એવો અકારક-અવેદક ત્રિકાળ સામાન્ય એકરૂપ સ્વભાવ છે, એને દૃષ્ટિનો વિષય કહેવાય, અથવા એને શુધ્ધનયનો વિષય પણ કહેવાય. અથવા જે ઉપાદેય તત્ત્વ છે અનાદિ-અનંત, એવો ત્રિકાળી સામાન્ય એકરૂપ સ્વભાવ, કે જેને પોતાના વિશેષ પર્યાયમાં આવો સ્વભાવ લક્ષમાં આવે ત્યારે એને આત્માનો અનુભવ થાય, દર્શન થાય આત્માના, ભગવાનના. ત્યારે પર્યાય અપેક્ષાએ તેને મોક્ષમાર્ગ પ્રગટ થયો કહેવાય.

દ્રવ્ય સ્વભાવથી તો ત્રણેકાળ મુક્ત છે. એ બંધાણો નથી, બંધાય તે મુકાય. બંધાણો નથી માટે મૂકાતો પણ નથી. પરમાત્મપ્રકાશમાં (ગાથા ૬૮ માં) કહે છે બંધ મોક્ષથી આત્મા રહિત છે. શ્રીમદ્ રાજચંદ્રજી (વયાખ્યાનસાર-૧, બોલ ૮૦) કહે છે કે દિગંબરના આચાર્યોએ એમ કહ્યું છે કે **જીવનો મોક્ષ થતો નથી, પરંતુ મોક્ષ સમજાય છે**. એટલે ત્રણેકાળ મુક્ત છે, એમ સમજાય છે, એમ જણાય છે, એમ અમને અનુભવમાં આવે છે, એમ. જીવનો મોક્ષ થતો નથી, મોક્ષ સમજાય છે, છે એ જણાય છે. જીવનો મોક્ષ ન થાય, જો જીવનો મોક્ષ થાય તો જીવ બંધાયેલો હોય તો છૂટે. પણ જીવ તો અબધ્ધ સ્વભાવી અનાદિ-અનંત. ભાવકર્મનો પણ બંધ નથી, દ્રવ્યકર્મનો પણ બંધ નથી, સંયોગનો પણ સંબંધ છે નહિ. એવો દ્રવ્ય સ્વભાવ ત્રિકાળી સામાન્ય એકરૂપ છે.

હવે એને કહે છે કે અહીંયાં તો આગળ વધીને એવો જે છે, એવા આત્માના મૂળ સ્વભાવને જે જાણતો નથી, એવા અજ્ઞાની પ્રાણીઓને, નય દ્વારા એ સ્વરૂપને સમજાવે છે સંતો. કે નિશ્ચયનયથી અકારક-અવેદક છે, શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી જોવામાં આવે તો અકારક-અવેદક છે, નિષ્ક્રિય છે. એમ નય દ્વારા વસ્તુના સ્વરૂપને એ સમજાવે છે. સમજાવવા માટે નયનો પ્રયોગ યથાર્થ છે. કેમ કે જે જીવ વસ્તુના સ્વરૂપને સમજતો નથી, જાણતો નથી, ખરેખર કોઈ દિવસ સાંભળ્યું નથી રૂચિપૂર્વક, અનુભવ તો થયો નથી, એવા જીવોને સમજાવવા માટે સંતો કરૂણા કરી, પોતાને નુકસાન થતું દેખાય તો પણ, એ સવિકલ્પમાં આવી અને નયોના બે ભેદ કરીને સમજાવે છે કે એક નય તો અન્યથા કથન કરે છે, વ્યવહારનય તો, એની વાત તો શું કરવી અમારે? પણ નિશ્ચયનય યથાર્થ સ્વરૂપને બતાવે છે. અને અમે નિશ્ચયનયથી સમજાવીએ છીએ તે સમજનારને ખ્યાલમાં પણ આવતું જાય છે કે આપ આમ કહેવા માંગો છો. કહેનારનો આશય લાયક શ્રોતા સમજી શકે છે. સમજીને વ્યવહારનો પક્ષ છોડી દયે છે. બુધ્ધિ પૂર્વક વ્યવહારનો જે પક્ષ હતો એ છોડી દયે છે. બુધ્ધિ પૂર્વક નિશ્ચયનયના પક્ષમાં આવી જાય છે અને પછી પક્ષતિક્રાંત થઈને અનુભવ કરે છે.

ત્યારે શ્રી ગુરુને નમસ્કાર કરે છે કે આપે જે મને નય દ્વારા વસ્તુનું સ્વરૂપ સમજાવ્યું અને મેં મારા માનસકિ જ્ઞાનમાં ગ્રહણ કર્યું. પછી માનસિક જ્ઞાન છૂટી ગયું અને આત્મિક જ્ઞાનમાં, જે માનસિક જ્ઞાનમાં આવ્યું હતું, જે આપે કહ્યું હતું, આપે કહ્યું હતું, માનસિક જ્ઞાનમાં આવ્યું હતું, એવો જ આત્મા મને આજે અનુભવમાં આવ્યો. આપનું વચન પ્રમાણ છે.

એમ કરીને એ સ્વભાવની સન્મુખ થઇ અને દ્રવ્ય સ્વભાવને પર્યાયમાં, વિશેષમાં સામાન્યને ગ્રહણ કરે છે. એ વિશેષમાં જ્યાં સામાન્યનું ગ્રહણ થયું ત્યાં એ વિશેષની તે કાળની યોગ્યતા, શુધ્ધતા થવાની હતી એ થઇ. સામાન્યને ગ્રહણ કર્યું માટે શુધ્ધતા પ્રગટ થઇ એમ પણ નથી. એ એનો શુધ્ધતાનો સ્વકાળ હતો, અશુધ્ધતા છૂટવાનો સ્વકાળ હતો. એ વિશેષમાં, એ વિશેષમાં, ઈન્દ્રિયજ્ઞાનમાં રાગ અને દેહ, એ જણાતો હતો એને બંધ કર્યો. અને એ વિશેષમાં સામાન્ય જણાવા લાગ્યો ત્યારે આનો સ્વકાળ શુધ્ધતાનો હતો, (ત્યારે) આના આશ્રયે શુધ્ધતા પ્રગટ થઇ એમ ઉપચારથી કહેવામાં આવે છે. આવો દ્રવ્ય સ્વભાવ છે અનાદિ-અનંત.

હવે **પર્યાય સ્વભાવ**ની વાત શરૂ થાય છે.

મુમુક્ષુ: દ્રવ્ય સ્વભાવનું એકદમ સ્પષ્ટ.

પૂ. લાલચંદભાઈ: સ્પષ્ટ. ઘણાં દિવસથી ચાલે છે ને? એટલે short (શોર્ટ, સંક્ષેપ)માં.

મુમુક્ષુ: **'પર્યાય સ્વભાવ'. સિધ્ધાંત:- વસ્તુ કદી પણ પોતાના સ્વભાવને છોડે નહિ. વસ્તુના બે વિભાગ.**

પૂ. લાલચંદભાઈ: પહેલા વસ્તુ કહી. એ વસ્તુમાં દ્રવ્ય પર્યાય સ્વરૂપ બે આવી ગયા. વસ્તુ गुणपर्ययवत् द्रव्यं (મોક્ષશાસ્ત્ર અધ્યાય ૫, સૂત્ર ૩૮), એ સિધ્ધાંત કહ્યો. વસ્તુ એનો સ્વભાવને છોડે નહિ. હવે એ વસ્તુ કેવી છે? વસ્તુના બે વિભાગ. વસ્તુ એક એના વિભાગ બે, ભેદ બે.

મુમુક્ષુ: **૧. દ્રવ્ય સ્વભાવ:- નિષ્ક્રિય સ્વરૂપ પોતાના અનાદિ-અનંત અકર્તા સ્વભાવને છોડે નહિ અને કદી પણ કર્તા થાય નહિ.**

પૂ. લાલચંદભાઈ: આ દ્રવ્ય સ્વભાવ. શબ્દ પહેલો નિષ્ક્રિય આવ્યો. કેમ કે 'निष्क्रिय: शुद्धपारिणामिक:' (ગાથા ૩૨૦, સમયસાર, તાત્પર્યવૃતિ ટીકા, જયસેનાચાર્ય) એનો મૂળ સ્વભાવ છે. એનું લક્ષણ છે એ. નિષ્ક્રિય છે એ દ્રવ્ય સ્વભાવનું લક્ષણ છે.

મુમુક્ષુ: **૨. પર્યાય સ્વભાવ:- પર્યાય પણ એક વસ્તુ છે. સત્ અહેતુક છે. પર્યાય સ્વભાવથી જ ક્રિયાવંત છે. અનાદિ-અનંત તે પોતાના ક્રિયાના કારકને છોડે નહિ. પર્યાયમાં ક્રિયા-(સામાન્ય ઉત્પાદ-વ્યયરૂપ ક્રિયા, પરાશ્રિત કે સ્વાશ્રિત એવો ભેદ હમણાં ન પાડવો) -સમયે સમયે થયા જ કરે છે.**

પૂ. લાલચંદભાઈ: ઉત્પાદ-વ્યય થયા જ કરે છે.

મુમુક્ષુ: **એ એનો સ્વભાવ જ છે.**

પૂ. લાલચંદભાઈ: એનો સ્વભાવ છે. ઉત્પાદ-વ્યય પણ પર્યાયનો સ્વભાવ છે, વસ્તુનો સ્વભાવ છે. કોઈ સમયે પર્યાયમાં ઉત્પાદ-વ્યય ન થાય એમ બને નહિ. અને ધ્રુવમાં ઉત્પાદ-વ્યય થઈ જાય એમ કોઈ કાળે બને નહિ. આ જૈનદર્શન વસ્તુ-દર્શન છે. એના બે ભેદ, દ્રવ્ય સ્વભાવ અને (પર્યાય સ્વભાવ). દ્રવ્ય નિષ્ક્રિય અને પર્યાય સક્રિય, અનાદિ-અનંત બન્ને. પોતપોતાના ધર્મને, સ્વભાવને છોડતા નથી. આહાહા!

મુમુક્ષુ: અને એકબીજાના ધર્મને કોઈ ગ્રહણ કરતું નથી.

પૂ. લાલચંદભાઈ: ગ્રહણ કરતું નથી, અડતું નથી. બે સત્ અલગ-અલગ છે, સામાન્ય અને વિશેષ અલગ-અલગ છે.

મુમુક્ષુ: વાસ્તવિક વસ્તુની સ્થિતિનો સિદ્ધાંત.

પૂ. લાલચંદભાઈ: પ્રમાણથી એક સત્તા છે, નય વિભાગથી જુઓ તો બે સત્તા છે. આહાહા! સ્વભાવથી જુઓ તો પણ બે સત્તા છે, જુદી-જુદી. આહાહા! અભેદનયે એક સત્તા છે, ભેદનયે બે સત્તા છે. વસ્તુનું સ્વરૂપ છે આવું.

મુમુક્ષુ: **થતી ક્રિયાને હું કરું એ અજ્ઞાન. થતી ક્રિયાને હું રોકું એ પણ અજ્ઞાન. પર્યાયમાં કર્તા-ભોક્તા ધર્મ સ્વભાવથી જ છે. પર્યાય કરે છે અને ભોગવે છે એ એનો સ્વભાવ જ છે.**

પૂ. લાલચંદભાઈ: મિથ્યાત્વને કરે અને દુ:ખને ભોગવે એ પર્યાયનો સ્વભાવ છે, વિભાવ સ્વભાવ. સમ્યગ્દર્શનને કરે પર્યાય અને આનંદને ભોગવે એ પણ પર્યાયનો સ્વભાવ છે. એ વિભાવ કહેવાય, સમજી ગયા? ચારે પર્યાય વિભાવરૂપ છે - ઉપશમ, ક્ષાયિક, ક્ષયોપશમ, (ઔદયિક). વિભાવ પણ એનો સ્વભાવ છે. રાગ થવો એવો જે વિભાવ એ પર્યાયનો તત્ સમયનો સ્વભાવ છે. સ્વભાવ એટલે ધર્મ, એમ. કોઈથી ન થાય, નિમિત્તથી ન થાય અને આત્માથી પણ ન થાય રાગ.

મુમુક્ષુ: **પર્યાય કરે છે અને ભોગવે છે એ એનો સ્વભાવ જ છે. કયા નયે પર્યાયને કરે છે અને ભોગવે છે એમ નહિ. બસ સ્વભાવથી જ એમાં કર્તાભોક્તાપણું છે.**

પૂ. લાલચંદભાઈ: અજ્ઞાની હોય, સાધક હોય, પરમાત્મા હોય, પર્યાયમાં કર્તા અને ભોક્તાપણું પર્યાયનું સ્વભાવથી થયા કરે છે, બસ. થવા યોગ્ય થાય છે, જાણનાર જણાય છે. જાણનારને જેણે જાણ્યો એને એમ ભાસે છે કે થવા યોગ્ય થાય છે. એનો સ્વભાવ છે પર્યાયનો, કરે અને ભોગવે. આહાહા! જેવા પરિણામને એ કરે તેવા પરિણામને એ ભોગવે. આહાહા! એ પરિણામને કરે અને ભોગવું હું એમ નથી. જે કરે તે ભોગવે, જે ન કરે તે ભોગવે નહિ. આત્મા તો કરતો નથી, એ દુ:ખને ક્યાંથી ભોગવે? આ ભેદજ્ઞાન છે, દ્રવ્ય પર્યાયના વચ્ચેનું ભેદજ્ઞાન છે, ઉત્કૃષ્ટ ભેદજ્ઞાન છે.

મુમુક્ષુ: **અજ્ઞાન દશામાં રાગને કરે છે અને દુ:ખને ભોગવે છે.**

પૂ. લાલચંદભાઈ: કોણ, અજ્ઞાન દશામાં રાગને કરે અને (દુ:ખને) ભોગવે કોણ?

મુમુક્ષુ: પર્યાય.

પૂ. લાલચંદભાઈ: પર્યાય, જીવ નહિ?

મુમુક્ષુ: નહિ. એમાં ધર્મ જ નથી કરવા-ભોગવવાનો જીવમાં?

પૂ. લાલચંદભાઈ: અચ્છા!

મુમુક્ષુ: **અજ્ઞાન દશામાં રાગને કરે છે અને દુ:ખને ભોગવે છે.**

પૂ. લાલચંદભાઈ: આ પર્યાય સ્વભાવની વાત ચાલે છે, એ ધ્યાન રાખવું, પ્રકરણ બદલી ગયું.

મુમુક્ષુ: હા! પર્યાય સ્વભાવની. **સાધક દશામાં, વીતરાગતા અને રાગને કરે છે, અને આનંદ અને દુ:ખને ભોગવે છે.** સાધક છે ને?

પૂ. લાલચંદભાઈ: સાધક દશા છે, બે ધર્મ લીધા ને? વીતરાગતાને કરે અને રાગને કરે. દુ:ખને ભોગવે અને આનંદને ભોગવે. એક પર્યાયમાં બે ભાગ પડી ગયા, થોડો વીતરાગભાવ, થોડો રાગભાવ.

મુમુક્ષુ: બોલો કેવી વાત છે ને? સાધક દશામાં એવો પર્યાય સ્વભાવ છે?

પૂ. લાલચંદભાઈ: પર્યાય સ્વભાવ એવો જ છે. કેમ કે જો અજ્ઞાન દશામાં પર્યાય સ્વભાવ જેવો છે એવો સાધક દશામાં હોય નહિ.

મુમુક્ષુ: બરાબર! આ તો પર્યાય સ્વભાવ છે.

પૂ. લાલચંદભાઈ: પર્યાય સ્વભાવ છે એ વીતરાગભાવને કરે અને રાગને કરે. થોડો રાગને કરે, પરાશ્રિત પર્યાય છે એ રાગને કરે, અને સ્વાશ્રિત પર્યાય વીતરાગભાવને કરે. અને એ પર્યાય જેટલો રાગ કરે એટલું દુ:ખ ભોગવે. અને પર્યાય જેટલો વીતરાગભાવને કરે એટલું સુખ ભોગવે. જેમ એને કરવું હોય એમ કરે. આહાહા! થવા યોગ્ય થાય છે.

મુમુક્ષુ: વીતરાગતા પણ થવા યોગ્ય થાય છે અને રાગ પણ થવા યોગ્ય થાય છે.

પૂ. લાલચંદભાઈ: થાય છે. આત્મા અકારક અને અવેદક છે, મૂળ વાત એ છે. પર્યાય કરે છે ત્યારે દ્રવ્ય અકર્તા રહે છે, એમ. પર્યાય જ્યારે કરે છે એના કાર્યને, ત્યારે હસ્તક્ષેપ કોઈ કરતું નથી. દ્રવ્ય એનો દાતા નથી.

મુમુક્ષુ: **સાધ્યદશામાં પૂર્ણ વીતરાગતાને કરે છે અને પૂર્ણ આનંદને ભોગવે છે.**

પૂ. લાલચંદભાઈ: સાધ્ય એટલે મોક્ષ. ઓલી સાધક અવસ્થા હતી. પહેલી અજ્ઞાન, પછી સાધક અને પછી સાધ્ય, ત્રણ પર્યાયના પ્રકાર પાડયા. મીઠાભાઈ! પહેલી લીટી છે એ એકલું અજ્ઞાન. બીજી દશામાં સાધક અને ત્રીજામાં સાધ્ય. બહિર્આત્મા, અંતરાત્મા અને પરમાત્મા એમ ત્રણ વિભાગ કરીને સમજાવે છે. સાધ્ય એટલે મોક્ષ, એવી જે દશા થાય જીવની, ત્યારે **પૂર્ણ વીતરાગતાને કરે છે**. કોણ કરે છે? પર્યાય કરે છે. અને પૂર્ણ આનંદને ભોગવે છે કોણ? પર્યાય ભોગવે છે. ભગવાન આત્મા ભોગવતો નથી. **આમ**...

મુમુક્ષુ: **આમ પર્યાય પોતાના કર્તાભોક્તા ધર્મને કદી પણ છોડતી નથી.**

પૂ. લાલચંદભાઈ: આહાહા! સોળમું પાનું છેલ્લી લીટીથી. **સાધ્યદશામાં પૂર્ણ વીતરાગતાને કરે છે અને પૂર્ણ આનંદને ભોગવે છે.** પર્યાય હોં! પર્યાય સ્વભાવની વાત ચાલે છે. આત્મા નથી કરતો-ભોગવતો. આત્મા કર્તા-ભોક્તા છે એવી ભ્રાંતિ અનાદિકાળથી છે, તો પણ આત્મા કર્તા થતો નથી, અકર્તાપણું છોડતો નથી.

કર્તા પ્રતિભાસે અજ્ઞાનીને, કે રાગને હું કરું છું, એમ પ્રતિભાસે તો પણ ભગવાન આત્મા રાગને કરતો નથી. એ સમયે અજ્ઞાન દશામાં પણ પર્યાય રાગને કરે છે. અજ્ઞાન દશા પહેલી લીધી, પછી સાધકની લીધી અને પછી સાધ્ય, ત્રણ વિભાગ કર્યા. રાગને ન કરે તો કાંઈ નહિ પણ કેવળજ્ઞાનને કરે કે નહિ આત્મા? કે ન કરે!

મુમુક્ષુ: ન કરે. એ તો પર્યાયનો સ્વભાવ છે. કરવું આત્માનો સ્વભાવ જ નથી.

પૂ. લાલચંદભાઈ: નથી. નિષ્ક્રિય છે એ તો પહેલા કહી દીધું.

મુમુક્ષુ: અનાદિ-અનંત અકર્તા સ્વભાવને છોડે નહિ.

પૂ. લાલચંદભાઈ: હા, છોડે નહિ. આ ગોટાળો ક્યાં થયો છે? અને આ ગોટાળાનો ઉકેલ કુંદકુંદ ભગવાને કહ્યો, મહાપુરુષ એક. ગોટાળો કેમ થયો? પર્યાયને કરે છે અને ભોગવે છે, એવું અનાદિથી અજ્ઞાનનો પ્રવાહ ચાલે છે. આત્મા જ કરે અને આત્મા જ ભોગવે એકલો. આત્મા પાછો એકલો કરે અને એકલો

ભોગવે. અજ્ઞાન દશામાં એકલો, સાધક અવસ્થામાં એકલો અને પૂર્ણ પરમાત્મા થાય ત્યારે પણ એકલો. એમ સંતો લખે છે, એકલો કરે અને એકલો ભોગવે. આ બધું આગમમાં છે. એ કહે છે, કુંદકુંદાચાર્ય ભગવાને કલમ ચલાવી કે વ્યવહારનય સઘળોય અભૂતાર્થ છે. એ ઉપચારના કથન છે. મિથ્યાત્વના પરિણામને જીવ કરે છે એ ઉપચારનું કથન છે, વ્યવહારનું કથન. સમ્યગ્દર્શનની પર્યાયને કરે છે આત્મા, એ ઉપચારનું કથન છે. કેવળજ્ઞાનને કરે છે, ઉપચારનું કથન છે. એ ઉપચાર જે વ્યવહાર છે એ તને સત્યાર્થ લાગ્યો છે એટલે તારું અજ્ઞાન રહી ગયું.

ગુરુદેવે એ બે ભાગ જુદા પાડયા - દ્રવ્ય સ્વભાવ અને પર્યાય સ્વભાવ. આ જે દ્રવ્ય સ્વભાવ અને પર્યાય સ્વભાવની વાત (પ્રવચન રત્નાકરના) ૧૧ ભાગ તમે વાંચો તો એમાં મળશે. આ તો ૧૧ માંથી તારણ કરીને આપણે જુદું મૂક્યું, લોકોનું ધ્યાન ખેંચાય એટલા માટે.

કરે છે અને ભોગવે છે - કઈ નયનું કથન છે? કે ભાઈ અશુધ્ધ નિશ્ચયનયનું કથન. એટલે અશુધ્ધ નિશ્ચયનયનું કથન એટલે પર્યાયાર્થિકનયનું કથન એટલે વ્યવહારનયનું કથન, એમ શાસ્ત્રમાં પાછું બધું આવે છે ચોખવટ. પણ એ વ્યવહારના પક્ષવાળાને એ વ્યવહાર સત્યાર્થ લાગ્યો, એટલે અજ્ઞાન રહી ગયું.

મુમુક્ષુ: અશુધ્ધ નિશ્ચયનય કહ્યું એટલે પર્યાય સ્વભાવ થઈ રહ્યો.

પૂ. લાલચંદભાઈ: થઈ રહ્યું. એટલે ઉપચારથી, એટલે આના ઉપર ઉપચાર આવ્યો. કુંભાર તો ઘટની પર્યાયને કરતો નથી પણ માટી પણ ઘટની પર્યાયને કરતી નથી. માટી કરે તો સરખા જ ઘડા થવા જોઈએ, ફેરફાર થવા (ન જોઈએ).

મુમુક્ષુ: પણ કરતી જ નથી ને માટી?

પૂ. લાલચંદભાઈ: એના માટે અહીંયાં પરમાત્મપ્રકાશની ૬૫ ને ૬૮ ગાથા ચાલતી હતી. અને આ જયસેન આચાર્યની ૩૨૦ ગાથા અકારક-અવેદકની. કઈ સાલમાં?

મુમુક્ષુ: ૬૭.

પૂ. લાલચંદભાઈ: ૬૭ની સાલમાં. એને યાદ હોય.

મુમુક્ષુ: નહિ, ૬૭ તો આપની હતી. બાકી મહારાજ...

પૂ. લાલચંદભાઈ: ૬૮ની સાલમાં, કેટલા વર્ષ થયા?

મુમુક્ષુ: બાવીસ.

પૂ. લાલચંદભાઈ: બાવીસ વર્ષ પહેલા આ ગાથા ચાલતી હતી ત્યારે આત્મા અકારક-અવેદક છે, પોતાના પરિણામ થવા યોગ્ય થાય છે, એને કરતો નથી. એનો એક જબરદસ્ત અકાટ્ય દૃષ્ટાંત આપ્યો. અકાટ્ય, કોઈ કાટી ન શકે. કે જુઓ, એક પરમાણુ લ્યો, એક પરમાણુમાં મુખ્યપણે ચાર ગુણ, સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ. તો વર્ણ નામની પર્યાય લ્યો, તો પહેલા સમયે કાળી હતી, બીજા સમયે ધોળી થઇ જાય, ત્રીજા સમયે રાતી થઇ જાય. હવે એને કોઈ નિમિત્તની અપેક્ષા નથી (કારણ કે) છૂટું પરમાણુ લીધું. ગુણ એક સરખો અને પર્યાયમાં ફેરફાર થવા માંડયો, તો એ ગુણથી પણ પર્યાય થતી નથી, દ્રવ્યથી (પણ) થતી નથી, એના સ્વકાળે પર્યાય થાય છે. એવો એક જબરદસ્ત સિધ્ધાંત મૂકયો એમણે. આહાહા! કર્તાબુધ્ધિ છૂટી જાય! જ્ઞાતા થઈ જાય સાક્ષાત્, પરમાત્મા થઈ જાય દૃષ્ટિમાં, (પૂર્ણ) પરમાત્મા થોડા ટાઈમમાં.

એક પરમાણુ લીધું. સ્કંધનું પરમાણુ ન લીધું, (નહિતર) તો તો આના નિમિત્તથી આ થયું અને આના નિમિત્તથી આ થયું. નહિ! એક છૂટો પરમાણુ લ્યો, એમાં વર્ણ નામનો ગુણ લ્યો, વર્ણ નામનો એક ગુણ જે છે એની એક સમયની પર્યાય કાળી અને બીજા સમયની ધોળી થઇ જાય, સંખ્યાત ગુણી ધોળી, અસંખ્યાત ગુણી ધોળી, અનંત ગુણી ધોળી થઇ જાય, પછી એમાં પણ એ વૃદ્ધિ-હાનિ થઈ જાય. કોણ કરે છે એને?

મુમુક્ષુ: પર્યાય કરે છે પર્યાયને.

પૂ. લાલચંદભાઈ: જો ગુણ કરે તો સરખી પર્યાય થવી જોઈએ, અને કાળી પછી ધોળી ન જ થાય. જો કાળી પર્યાયને કરે તો ધોળી પર્યાય ન થાય, કાળી જ કર્યા કરે. પણ કર્તા નથી, ગુણ તો નિષ્ક્રિય છે. એવો દાખલો આપ્યો હતો.

મુમુક્ષુ: આપે મને બાવીસ વર્ષ પહેલા બતાવ્યું હતું, મેં તો ત્યારે જ લખી લીધું હતું, ત્યારથી મને યાદ છે.

પૂ. લાલચંદભાઈ: ધૂન ચડી ગઈ હતી ગુરુદેવને એ ગાથામાં, ૩૨૦ ગાથામાં દાખલો આપ્યો. આત્મા કર્તા નથી. આહાહા! જેમ ચક્ષુ દેખનાર છે એમ આત્મા દેખનાર જાણનાર છે, કરનાર નથી. આ કર્તા-ભોક્તાનું શલ્ય જબરદસ્ત છે. કોઈ તો ઈશ્વરને કર્તા માને, કોઈ કર્મને કર્તા માને અને કોઈ પોતાને કર્તા માને, ત્રણે અજ્ઞાની છે.

મુમુક્ષુ: ત્રણે અપસિધ્ધાંત છે.

પૂ. લાલચંદભાઈ: અપસિધ્ધાંત. કુંદકુંદ ભગવાન દ્રવ્યલિંગી મુનિને કહે છે, જેમ ઈશ્વર કર્તાવાદી છે એમ તું જો કરીશ, કે 'હું કરું છું પરને અને પોતાના પરિણામને' તો તારામાં અને ઈશ્વરના કર્તાવાદીમાં કોઈ ફેર નથી, અન્યમતિ છો! અન્યમતિ કહી દીધું. તારો મોક્ષ નહિ થાય, એમ. એમ કહ્યું મોક્ષ નહિ થાય.

મુમુક્ષુ: એટલે પોતાના પરિણામનો કર્તા માને એનો મોક્ષ નહિ થાય.

પૂ. લાલચંદભાઈ: મોત થાય! મોત થાય! ભાવમરણ થાય પણ મોક્ષ (ન થાય).

મુમુક્ષુ: ગુરુદેવશ્રીનો મહાસિધ્ધાંત સારો ફરમાવ્યો, આપે કહ્યું ને કે ગોટાળો કેમ થઈ ગયો? આ કારણે.

પૂ. લાલચંદભાઈ: ઉપચારના કથન આવે, પાર વગરના શાસ્ત્રોમાં, એકલો કરે અને એકલો ભોગવે. પ્રવાચનસારમાં, અમૃતચંદ્ર આચાર્ય ભગવાન કહે છે અરે! હું અજ્ઞાન અવસ્થામાં હતો ને? અમૃતચંદ્ર આચાર્ય સમર્થ! હું અજ્ઞાન અવસ્થામાં હતો ને, હું એકલો પરિણામને કરતો હતો અને પરિણામને ભોગવતો હતો. એટલે એ પરિણામ બીજાથી થતા નહોતા એટલું એને બતાવવું હતું, પરથી જુદાપણું. અને પછી જ્યારે ભેદજ્ઞાન થયું, ત્યારે હું એકલો જ મોક્ષમાર્ગમાં આવ્યો અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામને એકલો કરું છું અને આનંદને એકલો હું ભોગવું છું. આહાહા! એવા જે ઉપચારના કથનો, વ્યવહારનયના કથનો, એ સત્યાર્થ જેને લાગે છે એને સમ્યગ્દર્શન થવાનું નથી. ત્રણકાળમાં નહિ થાય.

મુમુક્ષુ: કેવી રીતે થાય? આત્મા એવો છે નહિ.

પૂ. લાલચંદભાઈ: આત્મા તો નિષ્ક્રિય છે. આત્માને કર્તા માન્યો. આત્માને અકર્તા રાખીને પર્યાય પર્યાયને કરે છે એમ જાણો. એમ જાણો કે હું તો અકર્તા છું અને પરિણામ પરિણામથી થાય છે, પરિણામ પરિણામને કરે છે. બસ! તો અકર્તાના પક્ષમાં તો આવ્યો, ભલે સાક્ષાત્ પછી થાય પણ અકર્તામાં તો આવ્યો, એટલું ભેદજ્ઞાન તો થયું. આહાહા!

આ ત્રણે વાત લીધી જુઓ! અજ્ઞાન દશા, સાધક દશા અને પરમાત્મ દશા. બહુ વ્યવસ્થિત બધું આવતું હતું! **આમ પર્યાય**...

મુમુક્ષુ: **આમ પર્યાય પોતાના કર્તાભોક્તા ધર્મને કદીપણ છોડતી નથી.**

પૂ. લાલચંદભાઈ: આહાહા! કરે જ છે ત્રણેકાળ. આત્મા કર્તા છે એમ જે કહ્યું એનો અર્થ પર્યાય કરે છે અને પર્યાયનો આરોપ આત્મા ઉપર આપીને આત્મા કરે છે, એવો આરોપિત કથન, વ્યવહારનું કથન છે, ખરેખર એ કથન સાચું નથી.

મુમુક્ષુ: સાચું નથી. એમ નથી. બરાબર. આ પર્યાય સ્વભાવ બતાવીને આ બહુ સ્પષ્ટ કરી દીધું ભાઈ! હોં! આ પર્યાય સ્વભાવ છે.

પૂ. લાલચંદભાઈ: પર્યાય સ્વભાવ છે. કર્તાનો ઉપચાર આપશે, વ્યવહારના કથન તો અનેક પ્રકારના આવે, એમાં શું?

મુમુક્ષુ: પર્યાય સ્વભાવ છે એ તો. એટલે દ્રવ્ય સ્વભાવ નથી.

પૂ. લાલચંદભાઈ: નથી! કરવું-ભોગવવું એ તો પર્યાયનો સ્વભાવ છે, જીવનો સ્વભાવ નથી. જીવ તો અકારક-અવેદક નિષ્ક્રિય પરમાત્મા છે. આહાહા! પર્યાયરૂપે પરિણમતો જ નથી ને, તો પર્યાયને કરે ક્યાંથી? तद्रूपो न भवति (સમયસાર ગાથા ૩૨૦, જયસેન આચાર્યદેવની ટીકા) આહાહા! શિષ્યના મુખમાં પ્રશ્ન આવ્યો કે આ મિથ્યાત્વ અવસ્થામાં રાગને કરે છે જીવ? કે ખોટી વાત છે. કે ખોટી વાત હોય તો કારણ આપો? અમે તો શાસ્ત્રમાં ઠેકઠેકાણે વાંચ્યું છે કે અજ્ઞાનીનો આત્મા રાગને કરે છે, અજ્ઞાનીનો આત્મા રાગને કરે છે. કે નહિ! तद्रूपो न भवति, તે રૂપે થતો નથી માટે ભગવાન આત્મા રાગને કરતો નથી. (રાગ) થાય ત્યારે એ અકર્તા રહે છે, એ ટળે ત્યારે અકર્તા થયો એમ નહિ. મિથ્યાત્વની પર્યાય થાય ત્યારે મિથ્યાત્વની પર્યાયનો ભગવાન આત્મા અકર્તા છે. એ મિથ્યાત્વની પર્યાય ટળી જાય ત્યારે અકર્તા થયો, એમ નથી. એ તો પ્રથમથી જ અકર્તા છે. આહાહા! એવો અકર્તા સ્વભાવ દૃષ્ટિમાં આવ્યો એને પર્યાય દૃષ્ટિ છૂટીને સમ્યગ્દર્શન થાય જ. આગળ.

મુમુક્ષુ: **પર્યાયના આવા સ્વભાવને જાણવાનો નિષેધ નથી**.

પૂ. લાલચંદભાઈ: પર્યાય, આવું પર્યાયમાં ક્રિયાના કારક છે. પર્યાયમાં મિથ્યાત્વ અવસ્થાએ મિથ્યાત્વને કરે છે. (પર્યાય) સમ્યગ્દર્શનને કરે છે, એ પર્યાય કેવળજ્ઞાનને કરે છે. એવો પર્યાય સ્વભાવ છે એને જાણવાનો નિષેધ નથી, પણ 'હું કરું છું' એનો નિષેધ છે.

મુમુક્ષુ: બોલો! પર્યાયનું જ્ઞાન થઈ જાય અને દ્રવ્ય-દૃષ્ટિ થઈ જાય.

પૂ. લાલચંદભાઈ: દ્રવ્ય-દૃષ્ટિ થાય. થવા યોગ્ય થાય છે અને જાણનાર

જણાય છે, એ આ, એ આ છે. પર્યાયના આવા સ્વભાવને, જે ત્રણ પ્રકાર ઉપર કહ્યા, અજ્ઞાન અવસ્થામાં, સાધક અવસ્થામાં કે સાધ્ય અવસ્થામાં, પર્યાયનો જે આવો સ્વભાવ છે એને **જાણવાનો નિષેધ નથી, પણ એમાં હું પણાનો નિષેધ છે.** 'હું કરું છું' એનો નિષેધ છે. આહાહા!

મુમુક્ષુ: ભાઈ, થવા યોગ્ય થાય છે અને જાણનારો જણાય છે.

પૂ. લાલચંદભાઈ: એ જ આવ્યું ને? આહાહા! ત્રણલોકના નાથની વાણીમાં ... આહાહા! તો દિવ્યધ્વનિ છે. વધારે તો કહેવાય નહિ કેમ કે પંચમકાળ છે, હજમ થાય નહિ કોઈને. તો પણ અમે તો કોઇ-કોઈ વખતે કહી દઈએ છીએ. આહાહા! ભવિષ્યમાં એમ તો થશે કે આ એક પુરુષ થઈ ગયો, (એ) એમ કહી ગયો છે. બસ છે, કોકનું કામ થશે એમાં.

મુમુક્ષુ: આ તો પરમાણુનો દૃષ્ટાંત ગુરુદેવની દિવ્યધ્વનિમાં આવવાનો છે.

પૂ. લાલચંદભાઈ: હા! આવવાનો છે, આવવાનો છે. પરમાણુનો દૃષ્ટાંત બહુ સારો. ગુણ એક સરખો, પર્યાય ફેરફાર થયા કરે છે. શ્રદ્ધા નામનો ગુણ એક સરખો અને પર્યાયમાં મિથ્યાત્વ, પર્યાયમાં ઉપશમ સમ્યક્, ક્ષયોપશમ સમ્યક્, ક્ષાયિક સમ્યક્. બોલો! પર્યાયના ફેરફાર થયા જ કરે છે. આહાહા! બોલો આગળ.

મુમુક્ષુ: **હું તો જ્ઞાયક છું. સ્વભાવથી જ અકારક અને અવેદક છું. હું પણું અહીં આવ્યું તો, દ્રવ્ય સ્વભાવને જાણતાં જાણતાં, પર્યાયના કર્તા-ભોક્તા ધર્મો જેમ છે એમ જણાઈ જાય છે.**

પૂ. લાલચંદભાઈ: **એમ જણાઈ જાય છે.**

મુમુક્ષુ: **પર્યાયના કર્તા-ભોક્તા ધર્મો જેમ છે એમ જણાઈ જાય છે.**

પૂ. લાલચંદભાઈ: **જણાઈ જાય છે**, એને જાણતો નથી. જણાઈ જાય છે, जणीत जाता है. લક્ષ નથી ને ત્યાં.

મુમુક્ષુ: અને પર્યાયના કર્તા-ભોક્તા ધર્મો.

પૂ. લાલચંદભાઈ: હા. પર્યાયના કર્તા-ભોક્તા ધર્મો હોં!

મુમુક્ષુ: જેમ છે એમ જણાઈ જાય છે. આમાં બધું આવી ગયું.

પૂ. લાલચંદભાઈ: પરિણામ થવા યોગ્ય થાય છે અને જાણનાર જણાય છે.

મુમુક્ષુ: થવા યોગ્ય થાય છે એ જણાતું નથી, જાણનાર જણાય છે.

પૂ. લાલચંદભાઈ: હા. જણાય છે.

મુમુક્ષુ: **આત્મા વ્યવહારથી કર્તા-ભોક્તા નથી. એ તો પર્યાય સ્વભાવ જ છે.** ઓહો! **આત્મા વ્યવહારથી કર્તા-ભોક્તા નથી.**

પૂ. લાલચંદભાઈ: નિશ્ચયથી તો કર્તા-ભોક્તા નથી પણ આત્મા ઉપચારથી પણ પરિણામનો કર્તા-ભોકતા નથી.

મુમુક્ષુ: કેમ કે **એ તો પર્યાય સ્વભાવ જ છે.**

પૂ. લાલચંદભાઈ: પર્યાય સ્વભાવ છે. એ જયપુરમાં કહ્યું હતું કે નિર્મળ પર્યાયનો કર્તા ઉપચારથી પણ નથી. એટલે વ્યવહારથી પણ સમ્યગ્દર્શનનો કર્તા નથી. નિશ્ચયથી તો નથી આત્મા કર્તા પણ વ્યવહારનયે (પણ) કર્તા નથી. વ્યવહારનયે કર્તા નથી, તારે જો એટલું લેવું હોય તો વ્યવહારનયે જ્ઞાતા છે- એટલું લે, પણ કર્તાનું શલ્ય કાઢી નાખ. શું કહ્યું?

મુમુક્ષુ: વ્યવહારનયે કર્તા છું એનું શલ્ય તો કાઢી નાખ.

પૂ. લાલચંદભાઈ: કાઢી નાંખ.

મુમુક્ષુ: જ્ઞાતા લેવું હોય તો લે.

પૂ. લાલચંદભાઈ: લે, લે થોડા ટાઈમ માટે, temporary (ટેમ્પરેરી, અલ્પકાલિક) એમ કહે છે, બાકી કર્તાનું શલ્ય તો છોડી દે અત્યારે.

મુમુક્ષુ: હાથ હલાવું છું એમ તો ન લે પણ હલતા હાથને જાણું, થોડો ટાઈમ માટે એ લઈ લે.

પૂ. લાલચંદભાઈ: આહાહા! પર્યાયને હું કરું છું એ કર્તાબુદ્ધિ છોડી દે કે નિશ્ચયે પણ કર્તા નથી અને વ્યવહારે પણ કર્તા નથી. તો વ્યવહાર કરવો હોય તો શું કહેવો? કે વ્યવહારે એને જાણે છે, એટલું કહીએ. આહાહા! બાકી કરે છે, એ શલ્ય તો ભાઈસાહેબ કાઢી નાખવું. આહાહા! ભાષા બોલે છે વ્યવહારનયે કર્તા અને માને છે નિશ્ચયે કર્તા, એમ માઈલ્લ ધવલમાં પાઠ આવ્યો.

માઈલ્લ ધવલમાં એક પાઠ આવ્યો કે જીવો એમ કહે છે કે વ્યવહારનયે, દેહ છે એ વ્યવહારનયે મારો છે, નિશ્ચયનયે મારો નથી, એમ બોલે ભાષામાં. પણ એ બોલે છે વ્યવહારનયે મારો છે, એ નિશ્ચયનયે મારો માને છે, એમ. એમ વ્યવહારનયે કર્તા છું પરિણામનો, એમ જે ભાષામાં આવ્યું તે નિશ્ચયનયે કર્તા છે (એમ માને છે). એની ભાષામાં એમ કેમ ન આવ્યું કે વ્યવહારનયે જ્ઞાતા છે? કર્તાનું કેમ આવ્યું શલ્ય?

મુમુક્ષુ: કર્તાબુદ્ધિ છે એટલે. બરાબર છે એકદમ.

પૂ. લાલચંદભાઈ: વાણીમાં કેમ કર્તા આવ્યું વ્યવહારનયે? વાણીમાં એમ કેમ ન આવ્યું કે વ્યવહારનયે એને જાણે છે, પરિણામને?

મુમુક્ષુ: બરાબર. ન્યાયથી વાત છે.

મુમુક્ષુ: એમ લે તો તો જાણવાના વ્યવહારને ઓળંગી જશે.

પૂ. લાલચંદભાઈ: હા! તો જાણવા નહિ રોકાય, એ છૂટીને અનુભવ થશે. પણ વ્યવહારે હું કર્તા છું એ છૂટીને અનુભવ નહિ થાય, કેમ કે જ્ઞાતાના પક્ષમાં પણ આવ્યો નહિ.

મુમુક્ષુ: જ્ઞાતાના પક્ષમાં પણ આવ્યો નહિ.

પૂ. લાલચંદભાઈ: ઓલો પક્ષ... સમ્યગ્દર્શનનો કર્તા ઉપચારથી પણ કર્તા નથી. અને એ જ વાત કુંદકુંદ ભગવાને નિયમસારમાં પાંચ રત્નની (૭૭-૮૧) ગાથામાં કહ્યું કે પર્યાયનો કર્તા વ્યવહારે પણ નથી. કર્તા જ નથી, નિશ્ચયે કે વ્યવહારે કર્તા જ નથી કેમ કે થવા યોગ્ય પરિણામ થાય છે, માટે કર્તાપણું આને લાગુ પડતું નથી. વ્યવહારે કર્તા એટલે નિમિત્તકર્તા થઈ જશે એ. માટી ઘટની પર્યાયને નિશ્ચયનથી તો ન કરે પણ વ્યવહારે કરે - વ્યવહારે કરે એટલે માટી કારણ બની ગઈ અને ઘડો કાર્ય થઈ ગયો. કે કર્તા પણ નથી અને કારણ પણ નથી, એટલે નિમિત્ત કારણ એમાં નથી. એની હાજરી છે, માટી દ્રવ્યની, તો ઘટની પર્યાય થઈ એમ નથી. માટે એમાં કર્તાપણું પણ નથી અને કારણપણું પણ નથી એટલે નિમિત્તપણાનો પણ એમાં અભાવ. જીણી વાત છે.

મુમુક્ષુ: કર્તા અને કારણ બે (શબ્દો) લીધા, એનું રહસ્ય છે.

પૂ. લાલચંદભાઈ: રહસ્ય છે. સમ્યગ્દર્શનનો નિશ્ચયે તો કર્તા નથી, વ્યવહારે પણ કર્તા નથી. વ્યવહારે કર્તા નથી એટલે એની હાજરી છે તો અહીંયાં થાય છે, એમ નથી. એ છે તો અહીંયાં થાય છે એ નિમિત્તપણું એમાં છે, એમ નથી. કેમ કે આત્મા તો અનાદિનો હતો, કેમ સમ્યગ્દર્શન ન થયું? એટલે આત્મા કર્તા પણ નથી અને નિમિત્ત કારણ પણ નથી. હવે જો આત્મા કર્તા નથી તો સમ્યગ્દર્શનની પર્યાયનો કર્તા કોણ છે? કે પર્યાયનો કર્તા પર્યાય છે. આત્મા એમાં નિમિત્ત નથી તો નિમિત્ત કારણ બતાવો? કે કર્મનો અભાવ નિમિત્ત છે. આ વાત ૧૩ મી ગાથામાં લીધી છે.

મુમુક્ષુ: પોતે અને પર જેમનું કારણ છે. પોતે અને પર જેમનું કારણ છે.

પૂ. લાલચંદભાઈ: (હા). પર્યાયનું કારણ પર્યાય છે, એનું ક્ષણિક ઉપાદાન. નિમિત્તકારણ કર્મનો અભાવ છે. નવે પર્યાયમાં જૂના કર્મ લેવા, નવા કર્મ નહિ. નવા કર્મના બંધમાં કારણ થાય એવો પર્યાયનો પણ સ્વભાવ નથી. નિર્મળ પર્યાય થાય એ પર્યાયનો સ્વભાવ છે, ત્યારે કર્મનો અભાવ એને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. ઉપાદાનકર્તા પર્યાય અને નિમિત્તકર્તા જૂના કર્મનો અભાવ. પણ ઉપાદાનકર્તા આત્મા પણ નહિ અને નિમિત્તકર્તા પણ આત્મા (નહિ). કેમ કે આત્મા તો નિમિત્ત પહેલેથી હતો, કેમ સમ્યગ્દર્શન ન થયું? સૂક્ષ્મ વાત છે! આહાહા! ચાલો આગળ. ચાલો આગળ. કર્તા પણ નથી અને કારણ પણ નથી. આહાહા! (નિયમસારમાં ગાથા ૭૭-૮૧)માં લીધું છે, કર્તા નથી, કારયિતા નથી, અનુમોદક નથી અને કારણ પણ નથી. આહાહા! પર્યાયનું કારણ પર્યાય જ છે.

મુમુક્ષુ: એ પર્યાયનો સ્વભાવ જ છે.

પૂ. લાલચંદભાઈ: એ પર્યાયનો સ્વભાવ છે. અને તારે જો નિમિત્ત જોતું હોય તો કર્મનો સદ્ભાવ-અભાવ લઈ લે, બસ. પણ આત્માને તો નિમિત્ત બનાવ મા. આત્માને નિમિત્તપણું ટાળવા માટે ઓને નિમિત્ત કહ્યું, સાપેક્ષ. છે તો એ પણ નિરપેક્ષ, છે તો એ પણ નિરપેક્ષ. પણ આ આત્મા નિમિત્તકર્તા નથી.

મુમુક્ષુ: પર્યાય પણ નિરપેક્ષ છે.

પૂ. લાલચંદભાઈ:(હા), ચાલો આગળ. **આત્મા વ્યવહારથી કર્તા-ભોક્તા નથી.**

મુમુક્ષુ: **એ તો પર્યાય સ્વભાવ જ છે**.

પૂ. લાલચંદભાઈ: **એ તો પર્યાય સ્વભાવ જ છે**.

મુમુક્ષુ: **પર્યાય સ્વભાવ જ છે. કર્તા-ભોક્તા ધર્મો પર્યાયમાં સ્વભાવથી જ છે.**

પૂ. લાલચંદભાઈ: **સ્વભાવથી જ છે.**

મુમુક્ષુ: **ધર્મી તો માત્ર પર્યાયના ધર્મોને જાણે છે. ધર્મી તો માત્ર પર્યાયના ધર્મોને જાણે છે. વ્યવહારનયે પણ હું કર્તા-ભોક્તા નથી. વ્યવહારનયે પણ હું કર્તા-ભોક્તા નથી.**

પૂ. લાલચંદભાઈ: નથી!

મુમુક્ષુ: **એ તો પર્યાયમાં સ્વભાવથી જ કર્તા-ભોક્તા ધર્મ છે.**

પૂ. લાલચંદભાઈ: એમ હું જાણું છું. હું કર્તા-ભોક્તા છું એમ જાણવામાં આવતું નથી. તેમ કર્તા-ભોક્તા, એનો (પર્યાયનો) ધર્મ છે, એમ મને જ્ઞાનમાં જણાય છે. પણ હું કરું છું અને હું ભોગવું છું, એમ ધર્મીને જણાતું નથી. આહાહા! કહ્યું ને? બહુ થાય ખેંચીને તો જ્ઞાતા છું એમ લે, પણ કર્તા રહેવા દે. એ કહ્યું હતું ને, (એનો આ) ખુલાસો (છે).

મુમુક્ષુ: **આત્મા વ્યવહારનયે કર્તા-ભોક્તા છે- એમ ન લે.**

પૂ. લાલચંદભાઈ: એમ ન લે પ્રભુ! આહાહા! હવે રહેવા દે ને?

મુમુક્ષુ: અચ્છા! બહુ સારી વાત આવવાની છે. **આત્મા વ્યવહારનયે કર્તા-ભોક્તા છે- એમ ન લે.**

પૂ. લાલચંદભાઈ: ન લે પ્રભુ! આહાહા! **અને** ...

મુમુક્ષુ: **અને પર્યાયનો કર્તા પર્યાય નિશ્ચયનયે છે- એમ પણ ન લે!**

પૂ. લાલચંદભાઈ: ન લે!

મુમુક્ષુ: કેમ કે પર્યાયનો કર્તા પર્યાય નિશ્ચયનયે છે તો આત્મા વ્યવહારનયે (કર્તા) છે એમ આવી જશે.

પૂ. લાલચંદભાઈ: આવી જશે, સાપેક્ષ છે નય.

મુમુક્ષુ: નય લાગૂ ન કર.

પૂ. લાલચંદભાઈ: એનો સ્વભાવ, પર્યાયને એના સ્વભાવથી જુઓ ને? નયનું શું કામ છે તારે? ખરેખર ઊંચો માલ આવી ગયો છે. એવી પળ હતી, ૩૧ મી December (ડિસેમ્બર ૧૯૮૯). એક વરસ અને અઢાર દિવસ થયા. અઢાર તારીખ છે ને આજે. શાંતિભાઈ ઝવેરીના ઘરે નીલાંબરમાં સવારે ૬ ને ટકોરે શરૂ થઈ ગઈ ચર્ચા. ૬ વાગે એટલે આવી જાય બધાય, ઘરના, કુટુંબના. તમે પણ હતા. રાતે સૂતા હતા એટલે મારી પડખે.

મુમુક્ષુ: આપની કૃપાથી લાભ મળ્યો હતો.

પૂ. લાલચંદભાઈ: મારી પથારી હોય એની બાજુમાં એની પથારી હોય જ, જ્યાં જાઉં ત્યાં. દેવલાલી બે મહિના રહ્યા, શ્રવણબેલગોલા (રહ્યા). આહાહા! રાતના બે વાગે બાથરૂમ જવા ઊઠું. બેસી જાઓ, જરા બેસો મારી સામે. ભાવ આવ્યા હોય, એ કહી દઉં.

મુમુક્ષુ: મીઠાભાઈની પણ પાત્રતા છે ને?

પૂ. લાલચંદભાઈ: (હા), ઝીલે છે. ઝીલે છે. આહાહા! બહેન, શું કહીએ? નિકટભવી જીવ હોય ને, એ સ્વભાવના પક્ષમાં આવી જાય છે. પછી (પક્ષ) છૂટી જાય. આમ કરીને શાષ્ટાંગ પ્રણામ કરે છે.

મુમુક્ષુ: આ કડી ખૂટતી હતી તે મળી જાય અને છૂટી જ જાય.

મુમુક્ષુ: સ્વભાવના પક્ષવાળો પાછો નહિ પડે.

પૂ. લાલચંદભાઈ: (હા). વ્યવહારના પક્ષમાં સલવાણો છે ને? નિશ્ચયના પક્ષમાં આવ. એ નિશ્ચયનો પક્ષ, વિકલ્પ છૂટી જશે, રહેશે નહિ ઝાઝો ટાઈમ. સ્વભાવ ઘોળાય છે ને? નિકટભવી હોય, એને નિશ્ચયની વાત અમૃત જેવી લાગે છે. વ્યવહારના પક્ષવાળા દૂરભવી જીવને એકાંતની દુર્ગંધ લાગે છે એમાં, છે સુગંધ.

મુમુક્ષુ: સુવાસ! સુવાસ ભરેલી છે.

પૂ. લાલચંદભાઈ: સુવાસ ભરેલી વાત છે. આહાહા! એના लक्खणथी ખ્યાલ આવી જાય કે આ નિકટભવી નથી. એના लक्खण છે એ. આવે છે ને णाणदंसणलक्खणो (નિયમસાર ગાથા ૧૦૨), શાસ્ત્રનું વચન છે लक्खणो, लक्खणो. પ્રાકૃત ભાષામાં लक्खणो. પુત્રના પગ પારણામાંથી વર્તાઈ જાય, પુત્રના પગ, સમજી ગયા? એનો ખ્યાલ આવી જાય કે આ નિકટભવી લાગતો નથી. નિષેધ કરે, નિશ્ચયનયનો પાછો. આદર ન કરે ત્યાં સુધી વાંધો નહિ, પણ નિષેધ કરે કે 'નહિ એકાંત થઈ ગયું આ', સમજી લેવું, ખલાસ! ન બેસે તો વિચારકોટિમાં રાખજો પણ નિશ્ચયનયના કથનને એકાંત કરીને ઉડાડ મા.

મુમુક્ષુ: ભૂલચૂકમાં પણ એનો અનાદર કરવો યોગ્ય નથી.

પૂ. લાલચંદભાઈ: અનાદર ન કર, સ્વભાવની વાત છે. નિશ્ચયનયથી આત્મા જ્ઞાયક છે, જ્ઞાતા છે, જ્ઞાયક છે. એ તો સ્વભાવની વાત છે, એનો નિષેધ ન કર ભાઈ! આહાહા! તારા આત્માનો નિષેધ છે એમાં.

મુમુક્ષુ: ગુરુદેવ બહારની વાત આવે તો, આ તો નિશ્ચય છે, નિશ્ચય છે - એ સોગઢના એરિયાની બહારની વાત આવે (ત્યારે) અરેરે! પ્રભુ! તું શું વાત કરે છે? શું કરે છે આ?

પૂ. લાલચંદભાઈ: શું કરે છે આ?

મુમુક્ષુ: ખરી વાતને ઉડાડે છે!

પૂ. લાલચંદભાઈ: ગુરુદેવના પ્રતાપે આ બધી વાત ૧૧ ભાગમાં છે, બધી વાત છે. પર્યાય સ્વભાવની વાત એમણે જ કરી છે, ષટ્કારક એનાથી થાય છે, એની જન્મક્ષણ છે, એનો સ્વકાળ છે. આત્માથી પર્યાય થતી નથી. આ બધી વાત, આ બધો માલ એમનો જ છે. અમે તો એમના ટપાલી છીએ, વહેંચીએ છીએ ટપાલ, કે ગુરુદેવ આમ કહી ગયા છે ભાઈ, બસ. આહાહા! આગળ.

મુમુક્ષુ: **આત્મા વ્યવહારનયે કર્તા-ભોક્તા છે - એમ ન લે**,

પૂ. લાલચંદભાઈ: **ન લે!**

મુમુક્ષુ: **અને પર્યાયનો કર્તા પર્યાય નિશ્ચયનયે છે - એમ પણ ન લે!**

પૂ. લાલચંદભાઈ: **એમ પણ ન લે!**

મુમુક્ષુ: **પર્યાય સ્વભાવથી જ ક્રિયાવંત છે એમ જાણ! કોઈ જ નયપક્ષ ઊભો નહિ થાય.** કેવી વાત છે!

પૂ. લાલચંદભાઈ: આગળ.

મુમુક્ષુ: **પર્યાય જણાય એ પણ સ્વાભાવિક છે. એવી જ કોઈ સ્વાભાવિક સ્વચ્છતા છે.**

પૂ. લાલચંદભાઈ: સ્વચ્છતા છે જ્ઞાનમાં કે પર્યાય જણાઈ જાય છે. જાણવાનો પ્રયત્ન કરે અને જણાય, એમ નથી. સહેજમાં જણાઈ જાય છે. આહાહા! પર્યાય પ્રતિબિંબિત થાય છે. આહાહા! સુખ આવ્યું, સુખનો પ્રતિભાસ થાય છે જ્ઞાનમાં, સ્વચ્છતા છે, એમ.

મુમુક્ષુ: **એના જાણપણાનો (જણાવાપણાનો) નિષેધ નથી.**

પૂ. લાલચંદભાઈ: નથી!

મુમુક્ષુ: **પ્રથમ નિષેધ કરાવ્યો કેમ કે પર્યાયમાં જ આત્મબુદ્ધિ હતી.**

પૂ. લાલચંદભાઈ: (હા) હતી!

મુમુક્ષુ: એટલે નિષેધ કરાવ્યો.

પૂ. લાલચંદભાઈ: કરાવ્યો.

મુમુક્ષુ: **હવે તો આત્માને જાણતા જાણતા પર્યાય એના ધર્મો સહિત જેમ છે એમ જણાય છે.**

પૂ. લાલચંદભાઈ: જણાય જાય છે. આહાહા!

મુમુક્ષુ: પહેલા જાણવાનો નિષેધ કર્યો (કારણ કે) એ તો પર્યાયદૃષ્ટિ હતી.

પૂ. લાલચંદભાઈ: પર્યાયદૃષ્ટિ હતી એને છોડાવી. અનુભવ થયો તો દ્રવ્ય-પર્યાય એક સમયમાં બધું જણાય છે બસ! ધર્મીને જાણતાં ધર્મો પણ જણાઈ જાય છે.

મુમુક્ષુ: **પ્રશ્ન: આત્મા રાગને કયા નયે કરે છે? ઉત્તર: અરે! એમ નથી. એ તો એ સમયની પર્યાયની પોતાની યોગ્યતા (સ્વભાવ) છે. એ પર્યાયનો વિભાવ સ્વભાવ છે તો રાગ થયો. પર્યાય સ્વભાવથી થયો છે.**

પૂ. લાલચંદભાઈ: રાગ થાય છે પર્યાયમાં એ પર્યાયના સ્વભાવથી થાય છે, એમ. એની યોગ્યતા છે, એમ. નિમિત્તથી પણ નહિ અને ત્રિકાળી ઉપાદાન સ્વભાવથી પણ નહિ. કર્મના ઉદયથી રાગ થતો નથી, એમ આત્માથી રાગ થતો નથી, એમ. એ પર્યાયની તત્ સમયની યોગ્યતાના સ્વભાવથી થાય છે.

મુમુક્ષુ: **અરે! ત્યાં તો નયના વિકલ્પથી જ્ઞાન છૂટી ગયું!**

પૂ. લાલચંદભાઈ: આ ઉપરનું વિચારે કે એના સ્વભાવથી પર્યાય થાય છે ત્યાં નયનો વિકલ્પ છૂટી જાય છે.

મુમુક્ષુ: **એકલો 'જ્ઞાતા' થઈ ગયો.**

પૂ. લાલચંદભાઈ: ઉપર આવ્યું હતું ને, નિશ્ચયનયે કર્તા કે વ્યવહારનયે કર્તા? નય લગાડ મા, એમ. એ રાગ તો સ્વભાવથી થાય છે.

મુમુક્ષુ: એટલે આમાં થવા યોગ્ય થાય છે એ પર્યાયનો સ્વભાવ છે.

પૂ. લાલચંદભાઈ: થવા યોગ્ય થાય છે, (એ પર્યાયનો) સ્વભાવ છે એમ તું જાણ.

મુમુક્ષુ: એમ જાણતાં એને જાણનાર જ જણાય.

પૂ. લાલચંદભાઈ: એની અંદરમાં આવી જાય. કર્તાબુદ્ધિ છૂટે અને જ્ઞાતાબુદ્ધિ છૂટે, થવા યોગ્ય થાય છે. જ્ઞાતા થાય, સાક્ષાત્ જ્ઞાતા થાય.

મુમુક્ષુ: **એકલો 'જ્ઞાતા' થઈ ગયો. નયના વિકલ્પથી છૂટી એકલું જ્ઞાન રહી ગયું**.

પૂ. લાલચંદભાઈ: **જ્ઞાન રહી ગયું**, એકલું અતીન્દ્રિયજ્ઞાન રહી ગયું. આત્મજ્ઞાન થઈ ગયું.

મુમુક્ષુ: આમાં કેટલું બધું ભર્યું છે? **નયના વિકલ્પથી છૂટી એકલું જ્ઞાન રહી ગયું. સ્વભાવને જાણવામાં નયની જરૂરત નથી**.

પૂ. લાલચંદભાઈ: નિશ્ચયનયથી હું આત્માને જાણું છું, એમ નથી. હું મારા સ્વભાવથી જ આત્માને હું જાણું છું. જાણવાનો મારો સ્વભાવ છે, એમાં નયની અપેક્ષા નથી.

મુમુક્ષુ: **સ્વભાવને જાણવામાં નયની જરૂરત નથી, પરંતુ નયાતીત જ્ઞાનની જરૂરત છે.**

પૂ. લાલચંદભાઈ: સ્વભાવને જાણવામાં નયની જરૂર નથી, પણ નયાતીત જ્ઞાનની તો જરૂર છે. એક-એક વાક્ય છે ને ... છે. મંત્રો છે બસ! મંત્રો છે, એમા જાણનારો જણાઈ છે. મંત્રો છે બસ!

મુમુક્ષુ: **"બન્ને સ્વભાવને જાણતાં જાણતાં મોક્ષ થાય"**.

પૂ. લાલચંદભાઈ: કર્તા સ્વભાવ અને અકર્તા સ્વભાવ, બેને જાણતાં-જાણતાં (મોક્ષ થાય). એમ ભાઈના (પ્રેમચંદજી, દિલ્લીના) ઉપર સોગાનીજીનો કાગળ છે. કયા નંબરનો?

મુમુક્ષુ: (દ્રવ્ય-દ્રષ્ટિ પ્રકાશ, પત્ર) ૩૪ નંબરનો.

પૂ. લાલચંદભાઈ: ૩૪ નંબરનો કાગળ સોગાનીજીનો એમના ઉપર આવ્યો. કર્તા-અકર્તાને જાણતાં-જાણતાં પૂર્ણ થઈ જાય છે આત્મા.

મુમુક્ષુ: અને એમણે કહ્યું કે પર્યાય જ પર્યાયનો કર્તા છે ... એ કર્તા-કર્મની ચરમ સીમા છે (દ્રવ્ય-દ્રષ્ટિ પ્રકાશ, પત્ર ૨૪).

પૂ. લાલચંદભાઈ: ચરમ સીમા છે, હા.

મુમુક્ષુ: એટલે કે એ પર્યાયનો સ્વભાવ છે.

પૂ. લાલચંદભાઈ: સ્વભાવ છે.

મુમુક્ષુ: એમાં આગળ કોઈ વિકલ્પ નથી. એ ચરમ સીમાની વાત છે.

પૂ. લાલચંદભાઈ: વિકલ્પ છે નહિ. ચરમ સીમાની વાત છે. આત્મા એનો કર્તા-બર્તા છે નહિ.

મુમુક્ષુ: સોગાનીજીએ નય નથી લગાવી.

પૂ. લાલચંદભાઈ: નય ક્યાંથી લગાવે?

મુમુક્ષુ: પર્યાય જ પર્યાયનો કર્તા છે એ કર્તા-કર્મની ચરમ સીમા છે.

પૂ. લાલચંદભાઈ: ચરમ સીમા છે. સ્વભાવ છે. અકર્તા અને કર્તાને જાણતાં-જાણતાં મોક્ષ થઈ જાય. પ્રમાણથી બેને જાણે છે. આહાહા! **બન્ને સ્વભાવને**

**જાણતાં** એટલે દ્રવ્ય સ્વભાવ અને પર્યાય સ્વભાવ. સ્વભાવથી જાણવું, નયથી નહિ! દ્રવ્યને એના સ્વભાવથી જાણ અને પર્યાયને પણ એના સ્વભાવથી જાણ. કોઈ નય લગાડ મા. નીલમ!

મુમુક્ષુ: હા જી!

પૂ. લાલચંદભાઈ: **"બન્ને સ્વભાવને જાણતાં જાણતાં મોક્ષ થાય"**. સમ્યક્ એકાંતપૂર્વક અનેકાંત થઇ ગયું કે નહિ?

મુમુક્ષુ: થઇ ગયું ને.

પૂ. લાલચંદભાઈ: બન્નેને જાણે છે આવ્યું કે ન આવ્યું?

મુમુક્ષુ: આવ્યું ને.

પૂ. લાલચંદભાઈ: આહાહા! ક્યાં એમાં એકાંત થયું?

મુમુક્ષુ: આ જાણવું પણ જુદા પ્રકારનું.

પૂ. લાલચંદભાઈ: અતીન્દ્રિયજ્ઞાન.

મુમુક્ષુ: અતીન્દ્રિયજ્ઞાન કઈ રીતે પ્રગટ થાય એની આ રીત છે.

મુમુક્ષુ: **૧. નિશ્ચયનયથી નિરપેક્ષ દ્રવ્યનો સ્વભાવ.**

પૂ. લાલચંદભાઈ: લ્યો આ તમે કહ્યું હતું ને એ, પૂછયું હતું ને "દ્રવ્યનો સ્વભાવ શું?" એ આ આવ્યું, પાછું.

મુમુક્ષુ: **૨. વ્યવહારનયથી નિરપેક્ષ પર્યાયનો સ્વભાવ.** એ નિશ્ચય-વ્યવહાર બોલો! કઈ જાતના લીધા?

પૂ. લાલચંદભાઈ: હા.

મુમુક્ષુ: દ્રવ્ય સ્વભાવને સ્વભાવથી જાણે એ નિશ્ચય અને પર્યાય સ્વભાવને સ્વભાવથી જાણે એ વ્યવહાર.

પૂ. લાલચંદભાઈ: હા. કેમ કે નિશ્ચયનયથી નિરપેક્ષ છે સ્વભાવ. વ્યવહારનયથી પણ નિરપેક્ષ પર્યાયનો સ્વભાવ છે. આહાહા! **બન્ને નયોના વિકલ્પોને**...

મુમુક્ષુ: **બન્ને નયોના વિકલ્પોને ઓળંગી ગયો તો સાક્ષાત્ જ્ઞાતા થઈ ગયો!**

પૂ. લાલચંદભાઈ: બે નયનો જ્ઞાતા આવ્યુંને (સમયસાર ગાથા) ૧૪૩ માં. સમયથી પ્રતિબધ્ધ થાય જ્યારે આત્મા, ત્યારે બે નયોનો જ્ઞાતા થાય છે પણ કોઈ

નયપક્ષને ગ્રહણ કરતો નથી, એ. આગળ.

મુમુક્ષુ:**પર્યાય પર્યાયથી થાય**.

પૂ. લાલચંદભાઈ: **પર્યાય પર્યાયથી થાય**.

મુમુક્ષુ: **એમ હું જાણું પણ પર્યાય મારાથી થાય એમ હું ન જાણું કેમ કે પર્યાય સ્વભાવથી જ પરિણમી રહી છે. કારણ કે પર્યાય સત્ છે. પર્યાયને વ્યવહારે જાણું પણ પર્યાયને વ્યવહારે કરું નહિ.**

પૂ. લાલચંદભાઈ: આવ્યું ને? પર્યાયને વ્યવહારે કરું એમ નથી. ભેદમાં છો (તો) પર્યાયને વ્યવહારે જાણું, એટલું રાખ. અભેદમાં તો એ પણ નથી, પર્યાયને જાણતો નથી. પર્યાય પોતે આત્મા થઈ જાય છે, અભેદનયે તો. આ તો સવિકલ્પદશામાં, તે-તે કાળે જાણેલો પ્રયોજનવાન કહ્યો ને? કરેલો નહિ.

મુમુક્ષુ: જાણેલો. કે થવા યોગ્ય થાય છે, એમ જણાય છે, એનું નામ જાણેલો પ્રયોજનવાન છે.

પૂ. લાલચંદભાઈ: બારમી ગાથામાં 'કરેલો' શબ્દ નથી, 'જાણેલો' છે. વ્યવહારનયે કર્તા કાઢી નાખ. વ્યવહારનયે જ્ઞાતા છે પર્યાયનો, એટલું રાખ, બહુ તો, સવિકલ્પદશામાં. એ પણ કોઈ-કોઈને કોઈ વખતે, કાયમ માટે નથી. આહાહા! ગુરુદેવ તો ન્યાલ કરી ગયા છે, કેટલું બધું આપી ગયા છે. વ્યવહારે કર્તા નથી, વ્યવહારે જ્ઞાતા છે એમ લે. એટલો વ્યવહાર છે સવિકલ્પદશામાં. આહાહા! સવિકલ્પદશામાં પર્યાયને જ્ઞાન જાણે. દ્રવ્યને જાણતાં-જાણતાં આ પર્યાય ઉત્પાદ-વ્યય છે એને જાણે બસ! કરે નહિ. આગળ.

મુમુક્ષુ: **સ્વભાવથી સમજતાં વિકલ્પ છૂટી જાય છે. નયથી સમજતાં વિકલ્પ રહી જાય છે.** સૂત્ર.

પૂ. લાલચંદભાઈ: સૂત્ર છે.

મુમુક્ષુ: **જ્ઞાનને સ્વભાવ તરફ લઈ જાઓ તો વિકલ્પ નહિ ઊઠે. સ્વભાવમાં અપેક્ષા લગાડશો તો વિકલ્પ ઊઠશે, સ્વભાવ હાથમાં નહિ આવે.**

પૂ. લાલચંદભાઈ: ઘણું ઊંડાણ છે, વિચાર કરે, પછી વિસ્તારથી પોતે એકલો-એકલો. ૬ મહિના પછી આ પુસ્તક મળશે બધાને, હમણાં નહિ. આહાહા! લઈ લ્યો થોડું બાકી છે, બસ.

મુમુક્ષુ: **પર્યાય સ્વભાવથી જ ક્રિયાવંત છે**.

પૂ. લાલચંદભાઈ: એટલે પર્યાયમાં ક્રિયા થાય જ છે. સમયે-સમયે જે થવા યોગ્ય એની ક્રિયા, એના સ્વકાળે થાય જ છે, ક્રમબદ્ધના નિયમ મુજબ. ક્રિયા થયા વિના રહે જ નહિ પર્યાયમા.

મુમુક્ષુ: **પર્યાય સ્વભાવથી જ ક્રિયાવંત છે તો આત્મા ઉપચારથી પર્યાયને કરે, એ ક્યાં આવ્યું?**

પૂ. લાલચંદભાઈ: એટલે વ્યવહારે કર્તા નથી એ આવ્યું એમાં.

મુમુક્ષુ: હા બરાબર! નથી કર્તા વ્યવહારથી, ઉપચારથી પણ કર્તા નથી.

પૂ. લાલચંદભાઈ: તારે ઉપચારથી લેવું હોય તો એને જાણે છે, જાણેલો પ્રયોજનવાન એટલું લે. તાણીને કહીએ તો એટલું લે, બાકી ઓલું (કર્તા) તો છે નહિ.

મુમુક્ષુ: તું કહેતો હોય તો. અમારે તો એ પણ કહેવું નથી.

પૂ. લાલચંદભાઈ: એ પણ કહેવું નથી, ખટકે છે અમને.

મુમુક્ષુ: **તો આત્મા ઉપચારથી પર્યાયને કરે એ કયા આવ્યું? તો દૃષ્ટિ સીધી અકર્તા સ્વભાવ ઉપર ગઈ તો કર્તાધર્મનો પણ જ્ઞાતા થઈ ગયો.**

પૂ. લાલચંદભાઈ: પર્યાયનો કર્તાધર્મ છે એનો જ્ઞાતા થઈ ગયો, કર્તા ન રહ્યો.

મુમુક્ષુ: પર્યાયના ષટ્કારકથી પર્યાય થાય છે. ગુરુદેવશ્રીએ બહુ પહેલા ત્રણ સિદ્ધાંત સિદ્ધ કર્યા હતા કે (૧)અકર્તા સ્વભાવ આવ્યો, (૨)કેવળજ્ઞાન આવ્યું અને (૩)ક્રમબદ્ધ આવ્યું.

પૂ. લાલચંદભાઈ: હા ક્રમબદ્ધ આવ્યું.

મુમુક્ષુ: ત્રણ આવ્યા. બહુ પહેલા ફરમાવ્યું હતું.

પૂ. લાલચંદભાઈ: ત્રણ આવ્યા, બરાબર છે! આવું જ છે.

મુમુક્ષુ: પર્યાયનો કર્તા પર્યાય છે. એના ષટ્કારકથી થાય છે. કેવળજ્ઞાનની સિદ્ધિ, અકર્તા સ્વભાવની સિદ્ધિ અને ક્રમબદ્ધ પર્યાયની સિદ્ધિ.

પૂ. લાલચંદભાઈ: એમાં થઈ જાય છે. કર્તાબુદ્ધિ છૂટી જાય છે. ક્રમબદ્ધપર્યાયમાં કર્તાબુદ્ધિ છૂટી જાય છે.

મુમુક્ષુ:**ક્રિયા ન કરવી એ દ્રવ્યનો સ્વભાવ.**

પૂ. લાલચંદભાઈ: **ક્રિયા ન કરવી**, કોઈ પણ પ્રકારની, બંધ-મોક્ષની, એ દ્રવ્યનો સ્વભાવ. અને...

મુમુક્ષુ: **ક્રિયા કરવી એ પર્યાયનો સ્વભાવ.**

પૂ. લાલચંદભાઈ: **ક્રિયા કરવી,** ક્રિયા તો થાય છે ને પર્યાયમાં? **એ પર્યાયનો સ્વભાવ** છે.

મુમુક્ષુ: **બન્નેને જાણવું એ જ્ઞાનનો (જ્ઞાતાનો) સ્વભાવ.**

પૂ. લાલચંદભાઈ: અકર્તાને અકર્તાપણે જાણે છે અને કર્તાને કર્તાપણે જાણે છે, જ્ઞાનનો સ્વભાવ છે. અકર્તા અને કર્તાને જાણતાં-જાણતાં (કેવળજ્ઞાન) થાય કે નહિ? આ એ.

મુમુક્ષુ: **પર્યાયને સ્વભાવથી જુઓ તો વ્યવહારનયે આત્મા કર્તા છે એ ઉપચાર નીકળી જશે.**

પૂ. લાલચંદભાઈ: આ મૂળ વાત છે. પર્યાયને પર્યાયના સ્વભાવથી જુઓ તો આત્મા એનો કર્તા છે એ ભૂલ નીકળી જશે. એમાં નયનું શું કામ છે? એ તો થયા જ કરે છે.

મુમુક્ષુ: ઉપચાર નીકળી જશે. **ઉપચારને ઓળંગે તો અનુભવ થાય.**

પૂ. લાલચંદભાઈ: આહાહા! કર્તાપણાનો ઉપચાર એને ઓળંગી જાય કે હું વ્યવહારે કર્તા નથી તો એ સીધો જ્ઞાતા થઇ જાય છે. કર્તાબુધ્દ્ધિ છૂટે, જ્ઞાતા થઈ જાય. કર્તાબુધ્દ્ધિનું શલ્ય મારે છે જીવને. ચાલો એટલું બસ છે હવે. ટાઈમ થઇ ગયો.

ૐ

# દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ,, પાનું ૧૯-૨૨ તથા નાટક સમયસાર, સાધ્ય-સાધક દ્વાર, ગાથા ૪૩ ઉષાકીરણ એપાર્ટમેંટ, રાજકોટ તારીખ: ૧૯-૧-૧૯૯૧

# પ્રવચન LA ૪૧૦

(**નાટક સમયસાર**, સાધ્ય-સાધક દ્વાર, ગાથા ૪૩) **જીવ પદાર્થ નયની અપેક્ષાએ અસ્તિ-નાસ્તિ, એક-અનેક, સ્થિર-અસ્થિર આદિ અનેકરૂપે કહેવામાં આવ્યો છે.** આહાહા! **જો એક નયથી વિપરીત બીજો નય ન બતાવવામાં આવે તો**, તો **વિપરીતતા દેખાય છે**, **જો એક નયથી વિપરીત બીજો નય ન બતાવવામાં આવે તો વિપરીતતા દેખાય છે અને વાદ-વિવાદ ઉપસ્થિત થાય છે. એવી દશામાં અર્થાત્ નયની વિકલ્પ જાળમાં પડવાથી ચિત્તને વિશ્રામ મળતો નથી અને ચંચળતા વધવાથી અનુભવ ટકી શકતો નથી**. અનુભવ થતો નથી, એમ નહિ.

મુમુક્ષુ: (અનુભવ) ટકી શકતો નથી.

પૂ. લાલચંદભાઈ: અનુભવ ટકી શકતો નથી. **તેથી જીવ પદાર્થને અચળ, અબાધિત, અખંડિત અને એક સાધીને અનુભવનો આનંદ લેવો જોઈએ.**

**ભાવાર્થ:- એક નય પદાર્થને અસ્તિરૂપ કહે છે તો બીજો નય તે જ પદાર્થને નાસ્તિરૂપ કહે છે, એક નય તેને એકરૂપ કહે છે તો બીજો નય તેને અનેક કહે છે, એક નય નિત્ય કહે છે તો બીજો નય તેને અનિત્ય કહે છે, એક નય શુદ્ધ કહે છે તો બીજો નય તેને અશુદ્ધ કહે છે, એક નય જ્ઞાની કહે છે તો બીજો નય તેને અજ્ઞાની કહે છે, એક નય સબંધ કહે છે તો બીજો નય તેને અબંધ કહે છે, આવી રીતે પરસ્પર વિરુદ્ધ અનેક ધર્મોની અપેક્ષાએ પદાર્થ અનેકરૂપ કહેવાય છે. જ્યારે પહેલો નય કહેવામાં આવ્યો હોય ત્યારે તેનો**

**વિરોધી બતાવવામાં ન આવે તો વિવાદ ઊભો થાય છે અને નયોના ભેદ વધવાથી અનેક વિકલ્પો ઉત્પન્ન થાય છે જેનાથી ચિત્તમાં ચંચળતા વધવાથી અનુભવ નષ્ટ થઈ જાય છે, તેથી પ્રથમ અવસ્થામાં તો નયોને જાણવા આવશ્યક છે. પ્રથમ અવસ્થામાં તો નયોને જાણવા આવશ્યક છે**, જરૂરી છે. **પછી તેમના દ્વારા પદાર્થનું વાસ્તવિક સ્વરૂપ નક્કી કર્યા પછી**, નિર્ણય કર્યા પછી, **એક શુદ્ધ બુદ્ધ આત્મા જ ઉપાદેય છે.** બસ લ્યો, સરવાળો આવી ગયો. સારું છે.

મુમુક્ષુ: ૧૯ પેજ (**દ્રવ્ય સ્વભાવ-પર્યાય સ્વભાવ**).

પૂ. લાલચંદભાઈ: ૧૯? હા બરાબર! અડધું પાનું ચાલ્યું હતું. ઉપરથી લઈ લ્યોને, ૧૯ પાનું પહેલેથી.

મુમુક્ષુ: પહેલેથી અચ્છા! **પર્યાય સ્વભાવથી જ ક્રિયાવંત છે તો આત્મા ઉપચારથી પર્યાયને કરે એ ક્યાં આવ્યું?**

પૂ. લાલચંદભાઈ: આત્મા ઉપચારથી કરે ત્યારે ક્રિયા થાય એ ક્યાં આવ્યું? એ ક્રિયા તો સ્વભાવથી કરે જ છે, પર્યાય તો પોતાના સ્વભાવથી ક્રિયાવંત છે જ, એનો સ્વભાવ જ છે. તો આત્મા એને કરે એવો ઉપચાર ક્યાં આવ્યો?

મુમુક્ષુ: ન આવ્યો.

પૂ. લાલચંદભાઈ: એ **ઉપચારથી પર્યાયને કરે એ ક્યાં આવ્યું?** અને કદાચિત્ કોઈ કહે તો ખોટું છે, એમ. ઉપચાર એટલે ખોટું.

મુમુક્ષુ: **તો દૃષ્ટિ સીધી અકર્તા સ્વભાવ ઉપર ગઈ તો કર્તાધર્મનો પણ જ્ઞાતા થઈ ગયો.**

પૂ. લાલચંદભાઈ: ઉપચારથી કર્તાપણું છૂટયું તો સાક્ષાત્ જ્ઞાતા થયો. જ્યાં સુધી ઉપચારથી આનો કર્તા છું ત્યાં સુધી લક્ષ એનું ત્યાં જાય છે. પણ પર્યાય એના સ્વભાવથી ક્રિયાવંત છે. ઉપચારથી કર્તા હું નથી, તો સ્વભાવ ઉપર દૃષ્ટિ જતાં એ ધર્મનો જ્ઞાતા થઈ ગયો, પણ ઉપચારથી કર્તા એવો વિકલ્પ છૂટી ગયો. એટલે સ્વીકાર કર્યો એ ધર્મનો, પણ નયથી નહિ, સ્વભાવથી.

મુમુક્ષુ: સ્વભાવને જાણે એ જ જ્ઞાતા થાય.

પૂ. લાલચંદભાઈ: હા! સ્વભાવને જાણે એ જ જ્ઞાતા થાય. એટલે એમાં બે સ્વભાવ આવ્યા. બહેને કહ્યું ને, સ્વભાવથી જાણે તે જ્ઞાતા થાય. એટલે પર્યાય

સ્વયં ક્રિયાવંત છે, થયા જ કરે છે, એમ જાણે પર્યાયનો સ્વભાવ, એમ જાણે તો આત્મા પણ જ્ઞાતા છે એમ જાણે, તો જ્ઞાતા થઈ જાય. દ્રવ્યનો સ્વભાવ અને પર્યાયનો સ્વભાવ. દ્રવ્યના સ્વભાવમાંથી ઉપચાર કર્તા નીકળી ગયો. દ્રવ્યના સ્વભાવમાં આવ્યો તો ઉપચારથી કર્તાપણું નીકળી ગયું. અને ક્રિયાવંત એનો (પર્યાયનો) સ્વભાવ છે તો પર્યાય સ્વભાવને પર્યાય સ્વભાવપણે જાણ્યો, દ્રવ્યને દ્રવ્ય સ્વભાવથી જાણ્યો, જ્ઞાતા થઈ ગયો બન્નેનો. વિકલ્પ ન ઉત્પન્ન થયો, વિકલ્પ ઉત્પન્ન નથી થતો, જ્ઞાતા થઈ જાય છે. ધર્મનો જ્ઞાતા થઈ જાય છે, ધર્મી ધર્મોને જાણે છે તો ધર્મી ધર્મોને કરતો નથી. નિશ્ચયનયથી કર્તા નથી અને ઉપચારથી પણ કર્તા નથી, ત્યારે જ્ઞાતા થાય છે. ઉપચારથી જ્યાં સુધી કર્તા છે ત્યાં સુધી જ્ઞાતામાં નથી આવતો.

મુમુક્ષુ: જ્ઞાતા નિર્વિકલ્પ હોય છે. જ્ઞાતા સ્વભાવિક હોય છે.

પૂ. લાલચંદભાઈ: સ્વભાવિક હોય છે. બસ!

મુમુક્ષુ: ખરેખર બન્નેનો સ્વભાવ આવી ગયો.

પૂ. લાલચંદભાઈ: બન્નેનો સ્વભાવ આવી ગયો.

મુમુક્ષુ: દ્રવ્ય સ્વભાવમાંથી ઉપચાર નીકળી ગયો.

પૂ. લાલચંદભાઈ: નીકળી ગયો.

મુમુક્ષુ: અને પર્યાય સ્વભાવથી જ ક્રિયા કરે છે.

પૂ. લાલચંદભાઈ: પર્યાય સ્વભાવથી જ ક્રિયા કરે છે, બસ. બન્ને સ્વભાવ ખ્યાલમાં આવી ગયા એનું નામ જ્ઞાતા બની ગયો.

મુમુક્ષુ: કમાલ કરી દીધી! પરમ સત્ય છે. એકદમ બેસી ગયું.

પૂ. લાલચંદભાઈ: બેસી ગયું ને?

મુમુક્ષુ: ઉપચાર લગાવે ત્યાં સુધી જ્ઞાતા થાય જ નહિ.

પૂ. લાલચંદભાઈ: હા.

મુમુક્ષુ: પર્યાયને સ્વભાવથી ક્રિયાવંત માની નહિ.

પૂ. લાલચંદભાઈ: માની નહિ. એક ત્યાં દોષ આવ્યો, એક અહીંયાં દોષ આવ્યો, વિકલ્પનો!

મુમુક્ષુ: દોષ જ દોષ છે.

પૂ. લાલચંદભાઈ: દોષ જ દોષ આવ્યો.

મુમુક્ષુ: એવી વસ્તુ સ્થિતિ છે. કમાલ કરી દીધી. બન્નેને સ્વભાવથી જુઓ. એમાં પહેલા જ આપે લીધું છે કે અનાદિ-અનંત દ્રવ્ય સ્વભાવ, અનાદિ-અનંત અકર્તા સ્વભાવને છોડે નહિ. અને પર્યાય સ્વભાવ, પર્યાય પણ એક, એમાં પણ અનાદિ-અનંત લીધું, અનાદિ-અનંત તે પોતાના ક્રિયાના કારકને છોડે નહિ.

પૂ. લાલચંદભાઈ: છોડે નહિ. આ વાત છે. સ્વભાવ અનાદિ-અનંત હોય છે. દ્રવ્યનો સ્વભાવ કે પર્યાયનો સ્વભાવ અનાદિ-અનંત જ રહે છે.

મુમુક્ષુ: એ (દ્રવ્ય) અકારક, એ (પર્યાય) ક્રિયાને છોડે નહિ.

પૂ. લાલચંદભાઈ: બસ!

મુમુક્ષુ: **ક્રિયા ન કરવી એ દ્રવ્યનો સ્વભાવ. ક્રિયા કરવી એ પર્યાયનો સ્વભાવ.**

મુમુક્ષુ: આમાં કોઈ પણ પ્રશ્ન ઊભો ન થાય.

પૂ. લાલચંદભાઈ: બધા પ્રશ્નોનો ઉકેલ (solve) થઈ જાય અને અનુભવ થાય, અને જ્ઞાની રહી જાય અને કોઈ દિવસ પાછો અજ્ઞાની થાય નહિ. આ એવું છે. શું કહ્યું? જ્ઞાની તો થઈ જાય પણ ફરીથી અજ્ઞાની ન થાય, એવો જ્ઞાની થાય. એવું છે આ. નીલમ સમજાણું?

મુમુક્ષુ: હા જી, પર્યાય સ્વભાવથી જુએ તો કોઈ દિવસ અજ્ઞાની ન થાય.

મુમુક્ષુ: જ્ઞાની થઈ જાય, અને જ્ઞાની રહી જાય.

પૂ. લાલચંદભાઈ: જ્ઞાની થઈ જાય અને જ્ઞાની રહી જાય, સાદિ અનંતકાળ. ખલાસ. આવજો ભાઈ આવજો, સલામ, જગતને સલામ.

મુમુક્ષુ: બે સ્વભાવ ખ્યાલમાં આવી જાય તો જગતને સલામ થઈ જ જાય છે.

પૂ. લાલચંદભાઈ: ખલાસ! બસ, બે સ્વભાવ જ છે, (૧)દ્રવ્ય સ્વભાવ અને (૨)પર્યાય સ્વભાવ. સમજવા જેવું આ આટલું જ છે. સમજવા જેવું આટલું જ છે.

મુમુક્ષુ: અને આ રીતે જ સમજવા જેવું છે.

પૂ. લાલચંદભાઈ: આ રીતે જ સમજવા જેવું છે.

મુમુક્ષુ: મહારાજ સાહેબ વારંવાર ફરમાવતા હતા 'સમજાણું કાંઈ?', આ જ સમજવાનું છે.

પૂ. લાલચંદભાઈ: આ સમજવાનું છે.

મુમુક્ષુ: **ક્રિયા ન કરવી એ દ્રવ્યનો સ્વભાવ. ક્રિયા કરવી એ પર્યાયનો સ્વભાવ**. **બન્નેને જાણવું એ જ્ઞાનનો (જ્ઞાતાનો) સ્વભાવ.**

પૂ. લાલચંદભાઈ: આમાં પરનું જાણવું તો કાંઈ આવ્યું નહિ ક્યાંય? છે જ નહિ, ક્યાંથી આવે?

મુમુક્ષુ: **પર્યાયને સ્વભાવથી જુઓ તો વ્યવહારનયે આત્મા કર્તા છે એ ઉપચાર નીકળી જશે.**

મુમુક્ષુ: બધું કહી દીધું છે.

પૂ. લાલચંદભાઈ: બધું આવી ગયું જુઓ. આહાહા! આ જ સમજવા જેવું છે. આટલું સમજે (તો) બેડો પાર, દ્રવ્ય-પર્યાયના, દ્રવ્યના અને પર્યાયના સ્વભાવને. છ દ્રવ્યના સ્વભાવની વાત નથી અહીંયાં. પોતાનો આત્મા સામાન્ય-વિશેષરૂપ છે, એક સામાન્ય પડખું દ્રવ્યનું અને એક પર્યાયનું પડખું, બેને જાણો બસ, જેમ છે તેમ જાણો. **પર્યાયને સ્વભાવથી જુઓ તો**...

મુમુક્ષુ: **વ્યવહારનયે આત્મા કર્તા છે એ ઉપચાર નીકળી જશે.** કેમ કે પર્યાયનો સ્વભાવ તો એ છે કે એ પોતે ક્રિયાવંત છે.

પૂ. લાલચંદભાઈ: પોતે ક્રિયા થયા જ કરે છે એમાં તારા કર્તાની ક્યાં અપેક્ષા છે?

મુમુક્ષુ: બિલકુલ જરૂર નથી. એમાં એ પર્યાયના સ્વભાવને જાણે તો દ્રવ્યનો સ્વભાવ વધારે સ્પષ્ટ થાય.

પૂ. લાલચંદભાઈ: વધારે સ્પષ્ટ થાય.

મુમુક્ષુ: એની જ પુષ્ટિ છે એમાં. એક બીજાનો સ્વભાવ એક બીજાને પુષ્ટિકારક છે.

પૂ. લાલચંદભાઈ: હા! પુષ્ટિકારક છે, હા! પર્યાયના સ્વભાવને જાણે તો દ્રવ્યનો સ્વભાવ દૃઢ થાય અને દ્રવ્યનો સ્વભાવ જાણે તો પર્યાયનો સ્વભાવ દૃઢ થઈ જાય. દ્રવ્ય અકર્તા છે એવો સ્વભાવ જાણે તો પર્યાયનું કર્તાપણું ન રહે. અને પર્યાય સ્વયં કરે છે તો કર્તાનો ઉપચાર નીકળી જાય. કર્તાની બુદ્ધિ પણ નીકળે અને કર્તાનો ઉપચાર પણ નીકળે. બે ગુણ થાય, પહેલા સમ્યગ્દર્શન, અને પછી વિશેષ અનુભવ - શ્રેણી.

મુમુક્ષુ: એટલે કદી અજ્ઞાની જ ન થાય. એ કહે ઉપચાર નીકળી ગયો,

ખલાસ! હવે ઉપચાર પણ ન થાય.

મુમુક્ષુ: દ્રવ્ય સ્વભાવ વાંચીને અચાનક અનુભવ થઈ જાય એને.

પૂ. લાલચંદભાઈ: હે?

મુમુક્ષુ: દ્રવ્ય સ્વભાવ વાંચીને અચાનક અનુભવ થઈ જાય.

પૂ. લાલચંદભાઈ: થઈ પણ જાય.

મુમુક્ષુ: પર્યાય સ્વભાવ વાંચે તો ક્ષાયિક થઈ જાય, એવી વાત છે.

મુમુક્ષુ: શાબાશ બેટા! શાબાશ!

પૂ. લાલચંદભાઈ: બસ! તેં બરાબર કહ્યું. અત્યારે, આ જે હાથ ફેરવ્યો (શાબાશી દીધિ), એ બરાબર ફેરવ્યો. એવું વાક્ય નીકળ્યું એનું. શું કહ્યું એણે? નીલમબેને શું કહ્યું?

મુમુક્ષુ: દ્રવ્ય સ્વભાવને કોઈ સમજીને સમ્યગ્દર્શન થઈ જાય અને જો પર્યાય સ્વભાવને યથાર્થ જાણી લે તો ક્ષાયિક થઈ જાય.

પૂ. લાલચંદભાઈ: બન્નેના સ્વભાવ યથાર્થ જાણે, ખ્યાલમાં આવી જાય, તો ક્ષાયિક જ થાય. શાબાશ બેટા, એમ કહ્યું.

મુમુક્ષુ: આપના દરબારના રત્ન છે આ બધા.

પૂ. લાલચંદભાઈ: એ પ્રેમચંદજી!

મુમુક્ષુ: પરમ સત્ય. આપનો અનંતો ઉપકાર, પરમ પ્રતાપ. આ બે તો મહાન ચીજ છે સાહેબ. અમે તો ભેળસેળ મેળવતા હતા. જ્યારે નિશ્ચય આવે ત્યારે એમાં બિલકુલ તે ૪૩ (નાટક સમયસાર, સાધ્ય-સાધક દ્વાર, ગાથા ૪૩) નંબરનો પરિચય કરી બેઠો. કારણ કે એમાં ક્યારેક નિશ્ચય-વ્યવહાર, બાકી આ તો બન્ને શાશ્વત સ્વતંત્ર છે.

પૂ. લાલચંદભાઈ: સ્વતંત્ર છે, શાશ્વત સ્વતંત્ર છે. એ (દ્રવ્ય) અકર્તા સ્વતંત્ર છે, એ (પર્યાય) કર્તા સ્વતંત્ર છે.

મુમુક્ષુ: બસ! સ્વભાવ જ છે બન્નેના.

પૂ. લાલચંદભાઈ: સ્વભાવ છે બન્નેના. નયથી સમજાવાય છે.

મુમુક્ષુ: ઓ ભાઈ! દૃષ્ટિ ચોખ્ખી થઈ જાય અને જ્ઞાન એકદમ ચોખ્ખું થઈ જાય. જ્ઞાતા, જ્ઞાતા જ રહે. બસ! એટલી સફાઇ થઈ જાય આમાં એકદમ.

પૂ. લાલચંદભાઈ: સફાઇ. તમારો શિષ્ય બોલ્યો - ઉવાચ, બરાબર છે. કે

દ્રવ્ય સ્વભાવ (ખ્યાલમાં) આવતા તો સમ્યગ્દર્શન થાય પણ પર્યાય સ્વભાવ જો બરાબર ખ્યાલમાં આવે તો ક્ષાયિક થઈ જાય. ઉપશમમાંથી ક્ષાયિક થઈ ગયો.

મુમુક્ષુ: એ કહ્યું ને કદી અજ્ઞાની ન થાય, આપે કહ્યું ને. એ આ.

પૂ. લાલચંદભાઈ: હા, અજ્ઞાની ના થાય કોઈ દિવસ, એ આ. બન્નેના સ્વભાવ જેમ છે એમ જાણ, બસ. આહાહા! સ્વભાવ જાણી લેને! બીજું શું તારે કામ છે? આ પુસ્તક મને લાગે છે કોઈ એવી પળે રચાઇ ગયું છે. બહેનને કહ્યું કઠણ પડશે હોં! (બહેને કહ્યું) કઠણ ભલે પડે પણ આપણે છપાવવું છે. બોલો!

મુમુક્ષુ:સાહેબ, આમાં અમારું તો કામ થઈ જાય એવું છે. કઠણ ભલે પડે.

પૂ. લાલચંદભાઈ: કામ થાય એવું છે, વાત સાચી છે. કેવી ઊંચી વાતો. આહાહા!

મુમુક્ષુ: દેશનાની પરાકાષ્ઠા છે, સાહેબ! દેશનાની પરાકાષ્ઠા.

મુમુક્ષુ: બસ! બરાબર! એના પછી દેશના ન હોય. એના પછી દેશના ન હોય. એના પછી તો સીધો અનુભવ હોય. એવી વાત છે.

પૂ. લાલચંદભાઈ: બોલો!

મુમુક્ષુ: **૧. 'આત્મા સ્વભાવથી જ અકર્તા છે' - અહીં નિશ્ચયનયે આત્મા અકર્તા છે એનો નિષેધ થયો.**

પૂ. લાલચંદભાઈ: સ્વભાવથી અકર્તા છે, એમ જ્યારે ખ્યાલમાં આવે ત્યારે નિશ્ચયથી હું અકર્તા છું એવો વિકલ્પ છૂટી જાય છે, એમ. સ્વભાવ જોયો, પછી નિશ્ચયનયથી અકર્તા છું એવો જે વિકલ્પ, વિકલ્પ છૂટી જાય અને સ્વભાવ દૃષ્ટિમાં આવી જાય અને અનુભવ થઈ જાય, એમ. વિકલ્પ છૂટે છે.

મુમુક્ષુ: એક વાત. **૨. 'પર્યાય સ્વભાવથી જ કર્તા છે'**.

પૂ. લાલચંદભાઈ: ઉપરનો જ વિસ્તાર ચાલિયો આવે છે.

મુમુક્ષુ: પણ ક્રમસર આવ્યું છે, બિલકુલ ક્રમસર.

મુમુક્ષુ: **૨. 'પર્યાય સ્વભાવથી જ કર્તા છે' -અહીં વ્યવહારનયે આત્મા કર્તા છે એનો નિષેધ થયો - બન્ને નય ઓળંગી ગયો. સાક્ષાત્ જ્ઞાતા થઈ ગયો - બસ સ્વભાવમાં આવી ગયો. દ્રવ્ય સ્વભાવમાં બેઠો બેઠો પર્યાય સ્વભાવને જાણી લે છે.**

પૂ. લાલચંદભાઈ: **દ્રવ્ય સ્વભાવમાં બેઠો બેઠો પર્યાય સ્વભાવને જાણી**

**લે છે.**

મુમુક્ષુ: બિલકુલ સાચી વાત છે, એકદમ. **બન્ને નય ઓળંગી ગયો. સાક્ષાત્ જ્ઞાતા થઈ ગયો - બસ સ્વભાવમાં આવી ગયો.** એટલે કે **દ્રવ્ય સ્વભાવમાં બેઠો બેઠો પર્યાય સ્વભાવને જાણી લે છે.** બસ.

પૂ. લાલચંદભાઈ: આબેહૂબ વસ્તુનું સ્વરૂપ છે.

મુમુક્ષુ: વસ્તુના સ્વરૂપ અને અનુભવમાં કેવું થતું હશે, બધું એમાં છે, પ્રમાણિકપણે.

પૂ. લાલચંદભાઈ: અનુભવમાં આવેલી વાત જ - જે વાણીમાં આવે ને, એ યથાર્થ હોય. અનુભવમાં આવેલી વાત જે વાણીમાં આવે ને, તે યથાર્થ હોય. બીજો જ્ઞાની પણ હકાર કરે, ત્રીજો થાય એ પણ હકાર કરે. અને હકાર કરે તો ત્રીજો-ચોથો થઈ જાય, જેમ હકાર કરતા જાય, એમ વધતા જાય, એમ વધતા જાય. દ્રવ્ય સ્વભાવ અને પર્યાય સ્વભાવનો જે હકાર કરે, એ જ્ઞાની થતા જાય, વધતા જાય. આહાહા! અપૂર્વ છે આ.

મુમુક્ષુ: અનુભવમાં આવેલી વાત વાણીમાં આવે, એ હકાર કરતા જાય, એ જ્ઞાની થતા જાય.

પૂ. લાલચંદભાઈ: એ જ્ઞાની થતા જાય, બસ! આ પારો એવો છે, આ પાનું જ એવું છે. નિચોડ હવે આવે છે, નિચોડ. પાનું ૧૯મો છે. ભાઈને આપોને? તમે વચમાં રાખો બન્ને. ૧૯મું પાનું. એક નંબર, ફરીથી એક નંબર લ્યો.

મુમુક્ષુ: **૧. 'આત્મા સ્વભાવથી જ અકર્તા છે' -અહીં નિશ્ચયનયે આત્મા અકર્તા છે એનો નિષેધ થયો**.

પૂ. લાલચંદભાઈ: નિષેધ થયો, એ વિકલ્પનો નિષેધ થઈ ગયો.

મુમુક્ષુ: **૨. 'પર્યાય સ્વભાવથી જ કર્તા છે' -અહીં વ્યવહારનયે કર્તા છે એનો નિષેધ થયો.**

પૂ. લાલચંદભાઈ: વ્યવહારનયે આત્મા કર્તા છે એનો નિષેધ થયો. પછી આગળ.

મુમુક્ષુ: **બન્ને નય ઓળંગી ગયો.**

પૂ. લાલચંદભાઈ: બન્ને નયના વિકલ્પો છૂટી ગયા. પછી.

મુમુક્ષુ: **સાક્ષાત જ્ઞાતા થઈ ગયો**.

પૂ. લાલચંદભાઈ: પહેલા પરોક્ષ હતો, હવે પ્રત્યક્ષ થઈ ગયો, સાક્ષાત. પછી.

મુમુક્ષુ: **બસ સ્વભાવમાં આવી ગયો.**

પૂ. લાલચંદભાઈ: બન્ને વિકલ્પ ગયા. સ્વભાવમાં આવી ગયો. પછી.

મુમુક્ષુ: અને **દ્રવ્ય સ્વભાવમાં બેઠો બેઠો પર્યાય સ્વભાવને જાણી લે છે.**

મુમુક્ષુ: એ વાક્ય બહુ સરસ છે. **દ્રવ્ય સ્વભાવમાં બેઠો બેઠો પર્યાય સ્વભાવને જાણી લે છે.**

પૂ. લાલચંદભાઈ: દ્રવ્ય સ્વભાવમાંથી નીકળે જ નહિ ને! દ્રવ્ય સ્વભાવમાં બેઠો બેઠો એટલે દ્રવ્યને લક્ષમાં લેતો-લેતો પર્યાયનો જ્ઞાતા થઈ જાય છે, પર્યાયનું લક્ષ નથી. 'पर्याय जणीत जाता है', જણાઈ જાય છે પર્યાયો, એને જાણે છે એમ કહેવાય. આગળ.

મુમુક્ષુ: પર્યાયમાં બેસતો નથી. પર્યાય સ્વભાવમાં બેસતો નથી. દ્રવ્ય સ્વભાવમાં બેસે છે.

પૂ. લાલચંદભાઈ: દ્રવ્ય સ્વભાવમાં બેસી ગયો. બેઠક બદલી ગઈ. અનંતકાળથી પર્યાયદૃષ્ટિ હતી, એ દ્રવ્યદૃષ્ટિ થઈ ગઈ.

મુમુક્ષુ: **દ્રવ્ય સ્વભાવને નિશ્ચયનયે નક્કી કરવા ગયો**.

પૂ. લાલચંદભાઈ: નયે નક્કી કરવા ગયો, નયના માધ્યમથી, એનું સાધન લઈને.

મુમુક્ષુ: **તો સ્વભાવ દૂર રહી ગયો.**

પૂ. લાલચંદભાઈ: **સ્વભાવ દૂર રહી ગયો.** નયથી વિચાર કરે છે ત્યાં સ્વભાવનો અનુભવ ન થયો, વિકલ્પનો અનુભવ થયો, જ્ઞાનનો અનુભવ ન થયો, રાગનો અનુભવ થયો. એટલે દૂર રહી ગયો સ્વભાવ તો, જ્ઞાયકભાવ દૂર રહી ગયો, નિશ્ચયનયથી વિચાર કરે ત્યાં. વ્યવહારનયથી તો વાત જ નથી. **દૂર રહી ગયો.** અને પછી આગળ.

મુમુક્ષુ: **દ્રવ્ય સ્વભાવને સ્વભાવથી જ જ્યાં નક્કી કર્યો તો નિશ્ચયનય દૂર થઈ ગઈ.**

પૂ. લાલચંદભાઈ: ઓમાં સ્વભાવ દૂર હતો, હવે આ નિશ્ચયનય દૂર થઈ ગયો, વિકલ્પ છૂટી ગયો નિશ્ચયનયનો. નિશ્ચયનયે આવો છું, એ છૂટી ગયું. કોઈ કેવી પળે, મને આશ્ચર્ય થાય છે કે આ મેં કહેલું હશે આ? હા ખરેખર, એમ અટાણે

લાગે છે. મેં કહ્યું હશે?

મુમુક્ષુ: આજે તો આપનો કહેલી વાતને ગુરુદેવે મહોર છાપ મારી દીધી. આજે એ જ વાત આખા પ્રવચનમાં એમ જાણે આપનું દ્રવ્ય સ્વભાવ-પર્યાય સ્વભાવ જ ચાલે છે એવું ચાલ્યું છે આજે, ... અપૂર્વ.

મુમુક્ષુ: આજે ટેપ હતી, એમાં.

પૂ. લાલચંદભાઈ: હા ટેપ હતી. આહાહા!

મુમુક્ષુ: **આત્માને વ્યવહારથી કર્તા કહ્યો તો પર્યાય સ્વભાવ ખ્યાલમાં ન આવ્યો**.

પૂ. લાલચંદભાઈ: પર્યાયનો કર્તા સ્વભાવ છે એ ખ્યાલમાં ન આવે, કેમ કે કર્તા પોતાને માન્યો. 'હું આને કરું છું' તો એણે કર્તા ધર્મને ઊડાડયો, પર્યાયનો કર્તા ધર્મનો નાશ કરી નાખ્યો. **આત્માને વ્યવહારથી કર્તા કહ્યો તો પર્યાય સ્વભાવ ખ્યાલમાં ન આવ્યો અને**...

મુમુક્ષુ: **અને પર્યાય સ્વભાવ ખ્યાલમાં આવ્યો તો ઉપચાર ઓળંગી ગયો.** બહુ સરસ.

પૂ. લાલચંદભાઈ: તો આત્મા વ્યવહારે કર્તા છે, વ્યવહાર કહો કે ઉપચાર, એવો જે કર્તાપણાનો આરોપ આવતો હતો ને? એ ઊડી ગયો, અનુભવ થઈ ગયો. વિકલ્પ નીકળી ગયો, અનુભવ થયો, દ્રવ્યમાં આવી ગયો, (દ્રવ્યમાં) બેઠો બેઠો પર્યાયના સ્વભાવને જાણે છે. આ સાદિ અનંતકાળ રહેવાનું છે. અહીંથી જે શરૂ થાય છે, સાદિ અનંતકાળ સિધ્ધ અવસ્થામાં રહેવાનું છે આ. દ્રવ્યમાં બેઠો બેઠો પર્યાયને જાણશે.

ક્ષાયિક થઈ ગયો ને? દ્રવ્ય સ્વભાવને જાણતાં સમ્યગ્દર્શન થાય અને પર્યાય સ્વભાવને યથાર્થ જાણે તો ક્ષાયિક થઈ જાય. અનુભવની કળા અને વિધિ છે આ માર્ગની. નયોથી અભ્યાસ કર્યા પછી નયાતિક્રાંત કેમ થવાય, પક્ષાતિક્રાંત કેમ થવાય, એ આ પુસ્તકનો લાભ છે. આહાહા! ચોવીસ પાના છે, ચોવીસ તીર્થંકરે કહેલી વાત છે. આગળ. બેસી જાય, બેસી જાય એવી વાત છે. ન બેસે એવી વાત નથી.

મુમુક્ષુ: આવું સ્પષ્ટ રીતે સ્વરૂપ, સ્વભાવથી જ વાત આવી, પછી કેમ એને (ન બેસે)?

પૂ. લાલચંદભાઈ: હા (બેસી જાય)! આગળ.

મુમુક્ષુ: **પર્યાય સ્વભાવ ખ્યાલમાં આવ્યો તો ઉપચાર ઓળંગી ગયો.**

પૂ. લાલચંદભાઈ: પર્યાય પર્યાયથી ક્રિયાવંત છે, એ કરે છે, તો આત્મા ઉપચારથી કરે છે એ ઉપચાર નીકળી ગયો. અનુભવ થઈ ગયો, જ્ઞાતામાં આવી ગયો. કર્તાપણાનો ઉપચાર એટલે વિકલ્પ, એ છૂટી ગયો, જ્ઞાતા થઈ ગયો સાક્ષાત્. આહાહા! દ્રવ્યમાં, સ્વભાવમાં બેઠા બેઠા પર્યાયને જાણે છે કે પર્યાય પર્યાયથી ક્રિયા થાય છે, મારાથી નહિ. નિશ્ચયે પણ નહિ અને વ્યવહારે પણ નહિ. આહાહા!

મુમુક્ષુ: અકર્તામાં બેઠો બેઠો કર્તાધર્મને જાણી લે છે.

પૂ. લાલચંદભાઈ: જાણે છે. અકર્તામાં બેઠા બેઠા કર્તાધર્મને જાણે છે. અકર્તા સ્વભાવને છોડે તો?

મુમુક્ષુ:કર્તાબુદ્ધિ થઈ જાય.

પૂ. લાલચંદભાઈ: કર્તાબુદ્ધિ થાય. કોઈને ન જાણી શકે, અજ્ઞાન થઈ જાય. આગળ.

મુમુક્ષુ: **આહાહા... કર્તાપણાનો ઉપચાર જ્યાં ગયો ત્યાં 'સાક્ષાત્ જ્ઞાતા' થયો**.

પૂ. લાલચંદભાઈ: આહાહા! આ વાત, પરમાર્થ પ્રતિક્રમણમાં (નિયમસર ગાથા ૭૭-૮૧) આ વાત છે. આહાહા! યથાર્થ ઉકેલ નહોતો આવતો દેવલાલીમાં, નહિ શ્રવણબેલગોલામાં. ભટ્ટારકની હાજરીમાં આપણે આ પાંચ ગાથા લીધી હતી. ત્યારે અમારે પછી ચર્ચા થાય કે આ કર્તા નથી, કારયિતા નથી, કર્તાબુદ્ધિ તો છૂટી ગઈ છે. નિર્મળ પર્યાયનો કર્તા નથી, એમ શા માટે યાદ કરે? એ તો ચોથા ગુણસ્થાને ગયું. એ સમજી ગયા? એ ઉકેલ નહોતો આવતો. ડીપોઝીટ રહ્યું હતું, સમજવાનું. એ પ્રશ્ન અહીંયાં (નિજ) ભગવાન પાસે મૂક્યો હતો, કે ભગવાન તારા સિવાય કોઈ નહિ કહે. કહેશે તો તું જ કહીશ. અને અમુક ટાઈમ થયો, ભગવાન આવીને કહી ગયા, એકાએક કહી ગયા. ઈશ્વરીયા મહાદેવ ગયા હતા આપણે. પંકજભાઈ એ વખતે હતા.

મુમુક્ષુ: હા પંકજભાઈ હતા.

પૂ. લાલચંદભાઈ: અને બસ, નાસ્તા પાણી કરતા હતા બધા. બકુલભાઈ હતાને?

મુમુક્ષુ: હા! ઘણાં મુમુક્ષુ હતા.

પૂ. લાલચંદભાઈ: હા! ઘણાં મુમુક્ષુ હતા. નવિનભાઈ હતા, બધા હતા ત્યાં, ઘણાં હતાં. બહાર ચોકમાં બેઠા હતા અને નાસ્તાપાણી કર્યા, બસ, પાણી-બાણી પીધુ. ઉકેલ આવી ગયો. કર્તા નથી એમ શા માટે કહ્યું? કે કર્તાપણાનો ઉપચાર આવતો હતો, વ્યવહારે કર્તા, એ કાઢી નાખ્યું. શુદ્ધોપયોગ થઇ ગયો. ઉપચાર નીકળી ગયો.

મુમુક્ષુ: પણ ઉપચાર નીકળે કેવી રીતે? કે પર્યાય સ્વભાવને પર્યાય સ્વભાવ તરીકે જાણે તો ઉપચાર નીકળી ગયો.

પૂ. લાલચંદભાઈ: જાણિયું એટલે ઉપચાર નીકળી ગયો. સમ્યગ્દૃષ્ટિ તો હતો પણ શુદ્ધોપયોગ નહોતો થતો, ઉપચાર આડો આવતો હતો, ઉપચાર આડો આવતો હતો. એટલે એને શુદ્ધોપયોગ થવા માટે પરમાર્થ પ્રતિક્રમણ હતું ને? આહાહા! શુદ્ધોપયોગ થવા માટે થઈને કર્તા નથી નિર્મળ પર્યાયનો, સાહેબ કેમ કહ્યું? કે ઉપચારથી કર્તા આવતું હતું ત્યાં સુધી છઠ્ઠું હતું. ઉપચારને ઓળંગી ગયો તો સાતમું આવી ગયું. બહેન હલી ગયા. હલે જ ને? હર્ષના આંસુ આવી જાય છે. આહાહા! **આહાહા... કર્તાપણાનો ઉપચાર જ્યાં ગયો**, ગયો ત્યાં શું થયું?

મુમુક્ષુ: '**સાક્ષાત્ જ્ઞાતા' થયો.**

પૂ. લાલચંદભાઈ: શુદ્ધોપયોગ થઈ ગયો. આહાહા! આગળ. આહાહા! ગુરુદેવે ન્યાલ કર્યા છે. એક પુરુષ પાક્યો, એક જ પુરુષ. ઘણાં જીવોનું કામ થશે. **આ આત્મા**.

મુમુક્ષુ: **આ આત્મા સ્વભાવથી જ અકારક-અવેદક છે. એને સમજાવવા માટે નયથી સમજાવે છે પણ નયથી સમજતાં વિકલ્પની ઉત્પત્તિ થાય છે. આત્મા સુધી ઉપયોગ પહોંચી શકતો નથી, જ્ઞાન લંબાઈ ને આત્માથી અભેદ થઈ અનુભવ થવો જોઈએ, પરંતુ નયના વિકલ્પો અનુભવમાં બાધક થાય છે.**

પૂ. લાલચંદભાઈ: નિશ્ચયનયનો વિકલ્પ પણ અનુભવમાં બાધક છે. આહાહા!

મુમુક્ષુ: **जे जे वस्तु साधक हैं तेऊ तहां बाधक हैं**. **(સમયસર નાટક, જીવ દ્વાર, ગાથા ૧૦)**

પૂ. લાલચંદભાઈ: **बाधक हैं**.

મુમુક્ષુ: નિર્ણય માટે સાધક છે પણ અનુભવમાં બાધક છે.

પૂ. લાલચંદભાઈ: બાધક છે, બસ! આહાહા!

મુમુક્ષુ: **પરંતુ નયના વિકલ્પો અનુભવમાં બાધક થાય છે. જીવ પક્ષાતિક્રાંત થઈ શકતો નથી. વ્યવહારનય તો અન્યથા કથન કરે છે, પણ નિશ્ચયનય તો સાચું કથન કરે છે. જેવો આત્મા છે એવું કથન કરે છે. માટે એ નય દ્વારા નિર્ણય થાય પણ સ્વભાવથી દૂર રહીને સ્વભાવ બતાવે છે.**

પૂ. લાલચંદભાઈ: નય તો સ્વભાવથી દૂર રહી અને સ્વભાવ બતાવે છે 'આવો સ્વભાવ છે, આવો તારો સ્વભાવ છે, આવો સ્વભાવ છે'. આહાહા! કેમ કે નયનો પ્રવેશ નથી અનુભવમાં.

મુમુક્ષુ: **સ્વભાવથી દૂર રહીને સ્વભાવ બતાવે છે. એ નય સ્વભાવથી તન્મય નથી થતી.**

પૂ. લાલચંદભાઈ: નય (તન્મય) ક્યાંથી થાય? વિકલ્પ છે ને? જુઓ આવ્યું પાછું, **નય વિકલાત્મક છે.**

મુમુક્ષુ: **એ નય સ્વભાવથી તન્મય નથી થતી. નય વિકલ્પાત્મક છે. માત્ર અંગુલિ નિર્દેશ કરે**.

પૂ. લાલચંદભાઈ: અણીશુધ્ધ આવ્યું છે હોં, અણીશુધ્ધ!

મુમુક્ષુ: અણીશુધ્ધ એકદમ.

પૂ. લાલચંદભાઈ: અણીશુધ્ધ આવ્યું છે.

મુમુક્ષુ: **માત્ર અંગુલિ નિર્દેશ કરે પણ ત્યાં સુધી પહોંચવા છતાં પણ અનુભવ ન થાય.**

પૂ. લાલચંદભાઈ: આગળ, અનુભવ કેમ થાય એ કહો?

મુમુક્ષુ: **પ્રશ્ન: તો પછી એ નયના વિકલ્પ કેમ છૂટે?**

પૂ. લાલચંદભાઈ: નયના વિકલ્પ કેમ છૂટે અને અનુભવ કેમ થાય? એમ! વિકલ્પ છૂટે તો અનુભવ થાય, એમ પ્રશ્નકારે પ્રશ્ન કર્યો.

મુમુક્ષુ: **ઉત્તર: નયનું અવલંબન લઈને જે નિર્ણય થયો હતો એ નયને છોડીને તમે સ્વભાવ તરફ ચાલ્યા જાઓ.**

પૂ. લાલચંદભાઈ: જાણનારો જણાય છે, જાણનારો જણાય છે એમાં ચાલ્યા જાઓ. જણાય જશે. આગળ ચલાવો.

મુમુક્ષુ: ભાઈ! આપે ન્યાલ કરી દીધા.

પૂ. લાલચંદભાઈ: પ્રમોદનો પાર નથી. અમને બહુ પ્રમોદ આવી જાય છે.

મુમુક્ષુ: બધું આવી ગયું. છેલ્લામાં છેલ્લું જે જોઈએ એ પણ આવી ગયું. છેલ્લામાં છેલ્લું.

પૂ. લાલચંદભાઈ: અદભૂત આવી ગયું છે. વાણીએ રચના કરી છે, રચના અમે નથી કરી. વાણી નીકળી ગઈ, કાળલબ્ધિ પાકે, એવી વાણી નીકળી ગઈ બસ!

મુમુક્ષુ: भविभागन वश जोगे वशाय (सकल ज्ञेय ज्ञायक तदपि, निजानंद रसलीन, पं. दौलतरामजी दर्शन स्तुति).

પૂ. લાલચંદભાઈ: એમ જ છે. એ શબ્દો નીકળી જાય.

મુમુક્ષુ: **નયનું અવલંબન લઈને જે નિર્ણય થયો હતો એ નયને છોડીને તમે સ્વભાવ તરફ ચાલ્યા જાઓ. આત્મા નિશ્ચયનયથી અકર્તા નથી, સ્વભાવથી જ અકર્તા છે.**

પૂ. લાલચંદભાઈ: એનો સ્વભાવ જ અકારક-અવેદક છે, બસ.

મુમુક્ષુ: **આત્મા નિશ્ચયનયથી શુદ્ધ નથી, સ્વભાવથી જ શુદ્ધ છે.**

પૂ. લાલચંદભાઈ: કોઈ કહે કે આગમમાં આ બધી વાત આવે છે, આપ આગમને ઓળંગીને આગળ વાત કરો છો? ભાઈ, આગમને ઓળંગી..! આગમના લક્ષને છોડશો ત્યારે અનુભવ થશે. હેં! આગમનું લક્ષ છોડવું પડશે.

મુમુક્ષુ: આત્માનું લક્ષ કરવું પડશે.

પૂ. લાલચંદભાઈ: કરવું પડશે.

મુમુક્ષુ: **સ્વભાવથી જ શુદ્ધ છે.** અનાદિ-અનંત **સ્વભાવથી જ મુક્ત છે, પરિપૂર્ણ છે.**

પૂ. લાલચંદભાઈ: પરિપૂર્ણ છે સ્વભાવથી જ, બસ! સ્વભાવથી જુઓને આત્માને.

મુમુક્ષુ: **આમ સ્વભાવના આશ્રયથી નયોના વિકલ્પ છૂટી સીધો અનુભવ થઈ શકે છે.** બિલકુલ પરમ સત્ય વાત છે.

પૂ. લાલચંદભાઈ: આ જે પ્રશ્ન હતો ને? **તો પછી એ નયના વિકલ્પ કેમ છૂટે?** એનો અહીંયાં ઉત્તર આપ્યો છે.

મુમુક્ષુ: **આમ સ્વભાવના આશ્રયથી નયોના વિકલ્પ છૂટી સીધો અનુભવ થઈ શકે છે.**

પૂ. લાલચંદભાઈ: **થઈ શકે છે.** આહાહા!

મુમુક્ષુ: બહુ સરસ. **નયાતીક્રાંત થવાની આ વિધિ છે.**

પૂ. લાલચંદભાઈ: **આ વિધિ છે.** હલવો બનાવવાની વિધિ છે આ.

મુમુક્ષુ: **જેમકે અગ્નિ ઉષ્ણ છે. કઈ નયે?**

પૂ. લાલચંદભાઈ: અગ્નિ સ્વભાવથી જ ઉષ્ણ છે, બસ!

મુમુક્ષુ: એમ હું સ્વભાવથી જ જ્ઞાયક છું.

પૂ. લાલચંદભાઈ: હું સ્વભાવથી જ જ્ઞાયક છું, બસ! થઈ ગયું.

મુમુક્ષુ: બસ, એટલું બસ છે.

પૂ. લાલચંદભાઈ: બસ છે. સ્વભાવથી જ્ઞાયક છું. નિશ્ચયનયથી જ્ઞાયક છું, એમ નથી.

મુમુક્ષુ: આજે આ ગુરુદેવે આ જ દ્રષ્ટાંત આપ્યો હતો. આમ જ આપ્યો હતો દ્રષ્ટાંત. આજે જ આવ્યો હતો એ દ્રષ્ટાંત. સ્વભાવથી જ ઉષ્ણ છે. એ બધા આકારો એમનો ... એ અગ્નિ તો અગ્નિ જ છે. એ જ દૃષ્ટાંત આપ્યો હતો.

પૂ. લાલચંદભાઈ: દૃષ્ટાંતથી સમજાય. દૃષ્ટાંતથી સમજાય.

મુમુક્ષુ: **જેમકે અગ્નિ ઉષ્ણ છે. કઈ નયે? અરે! સ્વભાવથી જ અગ્નિ ઉષ્ણ છે. એને કહેવા કોઈ નયની અપેક્ષા નથી**.

પૂ. લાલચંદભાઈ: આહાહા! જ્યાં ત્યાં નય લગાડીને મરી ગયો. નયો લગાડી અને મરી ગયો. આહાહા! હાથમાં કાંઈ ન આવ્યું.

મુમુક્ષુ: પૂર્વે અનંતકાળથી કેવી રીતથી આ થયું વિપરીતતાપણું, એ આ.

પૂ. લાલચંદભાઈ: આ તો છેલ્લી વાત છે ને? પક્ષાતિક્રાંત થવાની વાત છે, છેલ્લી વાત છે. અનુભવ કેમ થાય, નયોમાં આવ્યા પછી નયાતિક્રાંત કેમ થવાય, એની આ વિધિ છે.

મુમુક્ષુ: **આમ તમે નયોના વિકલ્પોને ઓળંગી એકદમ સ્વભાવની સન્મુખ થાઓ**...

પૂ. લાલચંદભાઈ: **થાઓ તો**...

મુમુક્ષુ: **તો વિકલ્પ છૂટી અનુભવ થાય.** સ્વાનુભવ થાય.

મુમુક્ષુ: એમ લાગે છે કે પોતાની રીત બતાવતા હોય ને 'અમને એવી રીતે થયું છે તમને પણ એવી રીતે જ થશે'.

મુમુક્ષુ: **ગઇકાલે દ્રવ્યવસ્ભાવને પ્રસિદ્ધ કરનારી નિશ્ચયનયના વિકલ્પોને દ્રવ્ય સ્વભાવની મુખ્યતાથી ઓળંગી જવાની વાત કરી હતી... દ્રવ્ય સ્વભાવને પ્રસિદ્ધ કરનારી નિશ્ચયનયના વિકલ્પોને દ્રવ્ય સ્વભાવની મુખ્યતાથી ઓળંગી જવાની વાત કરી હતી...**

પૂ. લાલચંદભાઈ: ૩૧ મી (ડીસેમ્બર ૧૯૮૯) તારીખે આ (દ્રવ્ય સ્વભાવની) કહી હતી. આ જે, ૧ તારીખે (જાન્યુઆરી ૧૯૯૦) પર્યાય સ્વભાવની વાત (થઈ હતી).

મુમુક્ષુ: **આજે બીજું પડખું વ્યવહારનયનું છે.**

પૂ. લાલચંદભાઈ: ઓલું નિશ્ચયનયનું વિષય દ્રવ્ય સ્વભાવ હતું.

મુમુક્ષુ: **પર્યાયો સ્વભાવથી જ ક્રિયાવંત છે. ક્રિયાના કારક સ્વભાવથી જ પર્યાયમાં છે. ત્યાં હવે તમે કહો કે આત્મા વ્યવહારનયે પર્યાયને કરે છે તો એ વાત બરાબર નથી. એ વાત બરાબર નથી. પર્યાય સ્વભાવથી જ એના કારકથી પરિણમે છે.**

પૂ. લાલચંદભાઈ: આત્મા સમ્યગ્દર્શનને કરે છે એ લાગુ ક્યાં પડયું એમાં?

મુમુક્ષુ: નથી પડતું. જરાય નથી પડતું. એ તો પર્યાયનો સ્વભાવ છે. આત્માએ તો એમાં કાંઇ કર્યું નથી બિલકુલ.

પૂ. લાલચંદભાઈ: બસ. એ તો દ્રવ્યમાં બેઠો બેઠો પર્યાય સ્વભાવને જાણે.

મુમુક્ષુ: પર્યાય સ્વભાવને જાણી લે છે.

પૂ. લાલચંદભાઈ: બસ! બાકી કાંઈ નહિ.

મુમુક્ષુ: જાણે છે અને જણાવે છે.

પૂ. લાલચંદભાઈ: બસ!

મુમુક્ષુ:ભાઈ, (જો) પર્યાય સ્વભાવને સ્વભાવથી જાણે ને, તો ઉપચારનો નિષેધ થઈ જાય છે.

પૂ. લાલચંદભાઈ: હા. એટલે ઉપચારનો નિષેધ જે પાંચ પ્રતિક્રમણ(ની ગાથા)માં કર્યો ને, એ આપણે બહુ મંથન કરતા હતા શ્રવણબેલગોલામાં, પણ ખ્યાલમાં નહોતું આવ્યું. એટલે મારો એક સ્વભાવ છે (કે) કોઈને પૂછું નહિ, હું

(નિજ) ભગવાનની પાસે મૂકી દઉં મારો પ્રશ્ન. અને ખરેખર મારો ભગવાન મને મોડામાં મોડું છ મહિને તો જવાબ આપે જ, લાંબુ ન થાય. અને જવાબ અંદરથી આવ્યો હોં! આહાહા! મેં કહ્યું આવી ગયું. શું? મેં કહ્યું ઉપચારથી કર્તા જે આવતું હતું ને, વ્યવહાર, એનો નિષેધ કરીને શુદ્ધોપયોગમાં ચાલ્યા ગયા.

કર્તાબુદ્ધિ તો ગઈ હતી. એટલે પ્રશ્ન હતો કે કર્તાબુદ્ધિ ગયા પછી હું કર્તા નથી, કારયિતા નથી શુદ્ધ પર્યાયનો, રાગની વાત તો દૂર રહો. આ કેમ કહે છે? બહુ ચાલ્યું મંથન પણ એ તો જવાબ આવવો હોય ત્યારે આવે ને? ભગવાન તુષ્ટમાન થાય ત્યારે જવાબ આપે. ભગવાન એ જુએ છે કે જ્યાં-ત્યાં પૂછવા જાય છે કે નહિ, જોઉં તો ખરો. એણે જોયું કે ક્યાંય પૂછવા જતો નથી, તો તો મારી ફરજ છે મારે કહી દેવું જોઈએ. એટલે કહ્યું. જો હું પૂછવા જ્યાં-ત્યાં ગયો હોતને તો આ ભગવાન જવાબ ન દેત. જવાબ અહીંથી (અંદરથી) જ લેવો, અહીંથી જ આવે. એ સત્ય જવાબ હોય. એકાએક આવી ગયો હોં! આહાહા!

મુમુક્ષુ: એ સમયે ગુરુદેવ હાજર થયા હતા.

પૂ. લાલચંદભાઈ: હા! એ જ આવ્યું, ગુરુદેવ હાજર થયા. ઉપચારથી કર્તા નથી નિર્મળ પર્યાયનો, એમ (ગુરુદેવે) જયપુરમાં કહ્યું હતું, એ વાત મળી ગઈ, સાક્ષી ગુરુદેવની. આ એ વાત બરાબર, એ વાત કહી હતી એ વખતે ત્યાં જંગલમાં, જંગલમાં. એ જ યાદ આવ્યું હતું તે વખતે. ગુરુદેવનો આધાર આપ્યો હતો. આહાહા! તત્ત્વનો ઉકેલ હતોને, તત્ત્વનો ઉકેલ. તત્ત્વના ઉકેલની આખી (વાત), પ્રમોદ જુદી જાતનો હોય, જુદી જાતનો. જાત જ જુદી. કેમ કે શુદ્ધોપયોગ થવાની વાત હતી ને? સમ્યગ્દર્શન તો થઈ ગયું હતું. હોં!

મુમુક્ષુ: પરમાર્થ પ્રતિક્રમણ.

પૂ. લાલચંદભાઈ: હા! પરમાર્થ પ્રતિક્રમણની વાત હતી.

મુમુક્ષુ: કર્તાબુદ્ધિ માટે તો (દ્રવ્ય) સ્વભાવને જાણ્યો હતો, પણ ફરીથી શુદ્ધોપયોગ થવા માટે પર્યાય સ્વભાવને જાણ, તો કર્તાનો ઉપચાર છૂટી જશે.

પૂ. લાલચંદભાઈ: છૂટી જશે, બસ. આહાહા! સ્વયં થાય છે એને કોણ કરે?

મુમુક્ષુ: બધા ખુશ ખુશ થઈ ગયા હતા ત્યારે.

પૂ. લાલચંદભાઈ: બધા ખુશ થઈ ગયા, હોં. એમાં પણ જેણે આ ચર્ચાઓ ત્યાં સાંભળી હતી ને? એ વધારે ખુશ થાય. કેટલાક તો ત્યાં નહોતા,

શ્રવણબેલગોલા. ચાલો આગળ.

મુમુક્ષુ: **પર્યાયો સ્વભાવથી જ ક્રિયાવંત છે. ક્રિયાના કારક સ્વભાવથી જ પર્યાયમાં છે. ત્યાં હવે તમે કહો કે આત્મા વ્યવહારનયે પર્યાયને કરે છે તો એ વાત બરાબર નથી. પર્યાય સ્વભાવથી જ એના કારકથી પરિણમે છે. એને વ્યવહારથી આત્મા કર્તા છે એવો જે ઉપચાર આવતો હતો એને ઓળંગી પર્યાયને પર્યાયના સ્વભાવથી જુઓ.** ઉપચારને રહેવા દયો.

પૂ. લાલચંદભાઈ: રહેવા દયો ઉપચાર. સ્વભાવથી જુઓ. ઉપચાર નીકળી ગયો. નીકળી જ જાય ને? પર્યાય પર્યાયથી થાય છે.

મુમુક્ષુ: સ્વભાવથી જુએ તો પછી ઉપચાર આવે જ નહિ.

પૂ. લાલચંદભાઈ: આવે જ નહિ. પર્યાયના મૂળ સ્વભાવને જુઓ, મૂળ સ્વભાવને જુઓ. મૂળ સ્વભાવને મૂળમાંથી જુઓ. આગળ.

મુમુક્ષુ: **પર્યાયને નયથી ન જુઓ. અરે! પર્યાયનો કર્તા પર્યાય નિશ્ચયનયે છે એમ પણ ન જુઓ.**

પૂ. લાલચંદભાઈ: પર્યાયનો કર્તા આત્મા છે એ તો જવા દયો, એ વ્યવહાર તો જવા દયો, પણ પર્યાયનો કર્તા પર્યાય છે, નિશ્ચયથી **પર્યાયનો કર્તા પર્યાય છે એમ પણ ન જુઓ.**

મુમુક્ષુ: કેમ કે એમ જોશો તો ઓલું આવી જશે.

પૂ. લાલચંદભાઈ: હા. તો વ્યવહારે આત્મા કર્તા છે (આવી જશે). પર્યાયનો કર્તા પર્યાય નિશ્ચયથી છે, તો વ્યવહારે કોણ કરે છે? કે આત્મા કરે છે, આવી જશે એ.

મુમુક્ષુ: ભાઈ! એવી હોંશિયારીથી વાત કરી છે. કોઈ પણ રીતે એને નયપક્ષ રહે જ નહિ.

પૂ. લાલચંદભાઈ: હા!

મુમુક્ષુ: ચારે બાજુથી હોં! નીકળી જાય.

મુમુક્ષુ: સહજ આવ્યું, વગર સોચે-વિચારે સહેજે આવતું ગયું.

પૂ. લાલચંદભાઈ: સહજે! બસ સહેજે. (૧ જાન્યુઆરી ૧૯૯૦) પહેલી તારીખે, બહેન તો અહીં આવતા રહ્યા હતા અને અમે, પ્લેનની ટિકિટ હતી, તો પ્લેન હતું મોડું. એટલે થોડીક ચર્ચા થઈ ત્યાં અને પછી આવ્યા અહીંયાં.

મુમુક્ષુ: અર્ચનાબેન પાસે.

પૂ. લાલચંદભાઈ: અર્ચનાબેન ડોક્ટર જે છે, અટાણે અમેરકિા, એને ઘેરે. સમજી ગયા? તો પછી અમીતા અને અર્ચના અને એ તો તત્ત્વના રિસક. તો કહે કે ભાઈ, ઓલું ફરીને લ્યો ને, એ કહે. ત્યાં ચર્ચા થઈ હતી 'ફરીને લ્યોને' એ કહે. સમજી ગયા? ત્યાં (૩૧ ડીસેમ્બર) અર્ચના નહોતી, અમીતા હતી. અમીતાએ વાત કરી, ચર્ચા બહુ સરસ આવી, અમીતાએ અર્ચનાને વાત કરી, તો અર્ચના કહે 'ભાઈ, પર્યાય સ્વભાવ ફરીથી લ્યોને?'. કેમ કે એ પણ પાત્ર જીવ છે, તત્ત્વરસિક છે બહુ. એટલે એણે કહ્યું. એણે કહ્યું, પછી જમવાને વાર હતી, ત્યારે પ્લેન બહુ મોડું હતું એટલે નિરાંતે પાછી ચર્ચા, પર્યાય સ્વભાવની વિશેષ કરી.

મુમુક્ષુ: આપ છોડવા જેવા નથી. એક ક્ષણ માટે પણ આપ.

પૂ. લાલચંદભાઈ: એટલે સાથેને સાથે. અમીતાએ ડોક્ટર હોમિયોપેથી, અર્ચના પણ ડોક્ટર. સમજી ગયા? એ સાથે ને સાથે રહી. આહાહા! મોટરમાં કાંઈ બોલે, તો એ લખી લે.

મુમુક્ષુ: એમાં જ આ છપાઇ ગયુંને?

પૂ. લાલચંદભાઈ: એમાં જ છપાણું.

મુમુક્ષુ: અમારા માટે બહાર આવી ગયું, સાહેબ. એ બધી કૃપા.

પૂ. લાલચંદભાઈ: અમીતાની ઘણી મહેનત છે. લખે પણ ખરી, ... બધું. કોઈ એક વાક્ય જવા ન દયે.

મુમુક્ષુ: એણે જ બધું ફાઇનલ કર્યું હતું, અમીતાએ. ઉતારીને એણે જ મોકલાવ્યું.

પૂ. લાલચંદભાઈ: હા! એણે જ મોકલાવ્યું. મહેનત એણે કરી. કેમ કે તત્ત્વની વાત છે ને? બહુ ગંભીર વાત છે. આ કઈ... આને છપાવવું, છપાવવાની જવાબદારી વધારે છે.

મુમુક્ષુ: **પર્યાયને નયથી ન જુઓ. અરે! પર્યાયનો કર્તા પર્યાય નિશ્ચયનયે છે એમ પણ ન જુઓ. કેમ? એમાં શું દોષ આવે છે? - અરે! એનો પ્રતિપક્ષ ઊભો થાય છે.** શું? કે **આત્મા વ્યવહારનયે પર્યાયને કરે છે એ મોટો દોષ આવી પડે છે. આ ખૂબ ભયંકર દોષ છે!**

પૂ. લાલચંદભાઈ: નિશ્ચયનયે પર્યાયનો કર્તા પર્યાય છે એમ જો જોઇશ, તો

વ્યવહારનયે આત્મા એનો કર્તા છે આવી જાય, કેમ કે પ્રતિપક્ષ નય (હોય), નય પ્રતિપક્ષ હોય. નિશ્ચયનયથી કહો, તો વ્યવહારનયે બીજું કાંઈ છે અંદરમાં, લેવું જ પડે તમારે, મોટો દોષ આવશે. એટલે ઓળંગી નહિ શકે, વ્યવહારનયે કર્તા રહેશે, ઉપર જે દોષ સમજાવ્યો તો એ રહેશે.

મુમુક્ષુ: ખૂબ મોટો દોષ આવશે.

પૂ. લાલચંદભાઈ: મોટો દોષ આવી પડે.

મુમુક્ષુ: અરે! દોષ એવો આવે ભાઈ! એને દોષ ખ્યાલમાં ન આવે, એવો દોષ આવી જાય.

પૂ. લાલચંદભાઈ: હા, એવો દોષ આવી જાય, એવો દોષ.

મુમુક્ષુ: ઘૂંટે છે અકર્તા, અને કર્તા થાય છે એ એને ખબર ન પડે.

પૂ. લાલચંદભાઈ: ખબર ન પડે. મોઢેથી અકર્તા, ભાવથી કર્તા બની જાય. ચાલો આગળ.

મુમુક્ષુ: **પર્યાયમાં ક્રિયા થયા જ કરે છે**, **પર્યાયનો સ્વભાવ જ કર્તાપણું છે. જેમ દ્રવ્યનો સ્વભાવ અકર્તાપણું છે. એ કઈ નયથી અકર્તાપણું છે? એમ નહિ. સ્વભાવથી જ અકર્તા છે. એમ પર્યાય કઈ નયથી કર્તા છે? એમ નહિ.** એમ નહિ. **સ્વભાવથી જ કર્તા છે.**

પૂ. લાલચંદભાઈ: **એમ નહિ. સ્વભાવથી જ કર્તા છે.** પર્યાયનો કર્તા પર્યાય સ્વભાવથી જ છે.

મુમુક્ષુ: એ તો બે બાળક, બે બાળક પાસે short માં (સંક્ષેપમાં) એનો સંવાદ કરાવવા જેવો છે.

મુમુક્ષુ: જબરજસ્ત! એનો સંવાદ તો જબરજસ્ત!

મુમુક્ષુ: જબરદષ્ટ! Short માં, main-main point (મુખ્ય-મુખ્ય મુદા) હોય ને? બે બાળક કરે, બહુ સરસ થાય. જેમ મોહ રાજાનો સંવાદ થયો ને?

પૂ. લાલચંદભાઈ: એ તો અમિતાને સોંપો તો કરશે, ગોઠવશે.

મુમુક્ષુ: એ તો બહેન ગોઠવશે.

પૂ. લાલચંદભાઈ: હા, બહેન ગોઠવશે.

મુમુક્ષુ: બહુ સરસ છે ભાઈ.

પૂ. લાલચંદભાઈ: બહેન ગોઠવે તો બહુ સરસ.

મુમુક્ષુ: બહુ સરસ. લોકોનું હિત થાય એવી વાત છે.

પૂ. લાલચંદભાઈ: વાત સાચી છે, વાત સાચી છે.

મુમુક્ષુ: નિશ્ચયનયે તો પર્યાય પર્યાયનો કર્તા છે તો દ્રવ્ય કર્તા એમાં આવી ગયું.

પૂ. લાલચંદભાઈ: એમાં તો કોઈને દોષ લાગે જ નહિ ને? કેમ કે પર્યાયનો કર્તા પર્યાય છે, નિશ્ચયથી છે. એ કઇં દોષ ન લાગે એમાં કોઈને, કે એ તો સાચી વાત છે. પર્યાયનો કર્તા પર્યાય છે, એ નિશ્ચયથી તો સાચી વાત છે. પણ નિશ્ચયનયની પ્રતિપક્ષનય, વ્યવહારનય ઊભી થાય. નહિતર, ઓલી નય, નહિતર પ્રતિપક્ષ નય ન હોય તો મિથ્યાનય થઈ જાય. સમ્યક્ નય કરવા માટે આત્મા એનો કર્તા, એમ કરીશ તો મરી જાઇશ.

મુમુક્ષુ: મરી જાઇશ, ભયંકર દોષ આવશે.

પૂ. લાલચંદભાઈ: ભયંકર દોષ.

મુમુક્ષુ: આત્મા શાશ્વત અકર્તા છે એ નીકળી ગયું.

પૂ. લાલચંદભાઈ: અકર્તા છે એ નીકળી ગયું. વ્યવહારે કર્તા કહેવાથી શાશ્વત અકર્તા નીકળી ગયું. એક સમય માટે કર્તા વ્યવહારનયથી કહ્યું, (તો) શાશ્વત અકર્તા નીકળી ગયો. ભયંકર દોષ. ભયંકર દોષ.

મુમુક્ષુ: ધ્યેયની ભૂલ થઇ ગઈ.

પૂ. લાલચંદભાઈ: ધ્યેયની ભૂલ થઇ ગઈ.

મુમુક્ષુ: કમાલ કરી દીધું સાહેબ. મને આ fit (યથાર્થ રીતે) બેસાડી દીધું! બોલો! નિશ્ચયનય, એમાં શું દોષ થઈ ગયો? તો ઉપચારથી, નિશ્ચયનય સાપેક્ષ હોય છે, નય સાપેક્ષ હોય છે.

પૂ. લાલચંદભાઈ: નિશ્ચયનય સાપેક્ષ હોય છે એટલે...

મુમુક્ષુ: તો વ્યવહારથી આત્મા કર્તા છે અમે આવી ગયું.

પૂ. લાલચંદભાઈ: આવી ગયું.

મુમુક્ષુ: આત્મા તો શાશ્વત અકર્તા છે, શાશ્વત અકર્તા છે.

પૂ. લાલચંદભાઈ: એ નીકળી ગયું. આહાહા!

મુમુક્ષુ: ભયંકર દોષ ધ્યેય માટે.

પૂ. લાલચંદભાઈ: ભયંકર દોષ શબ્દ લખ્યો છે, ભયંકર દોષ શબ્દ લખ્યો છે.

વાત સાચી છે.

મુમુક્ષુ: ધન્ય છે, સાહેબ! નિશ્ચયનયે પર્યાય પર્યાયનો કર્તા, આ છોડવાથી જ્યારે પોતાનો આત્મા સ્વભાવ, જે જ્ઞાયક પરમાત્મા લક્ષમાં આવશે. અને કોઈ..., મહાવીરના માર્ગનો પાત્ર કોણ? સૂક્ષ્મ બોધનો અભિલાષી.

પૂ. લાલચંદભાઈ: (સૂક્ષ્મ બોધનો) અભિલાષી તે...

મુમુક્ષુ: જે ધ્યેયને પોતાની પાસે ચોકસ રાખે,શાશ્વત.

પૂ. લાલચંદભાઈ: બસ. ભયંકર દોષ.

મુમુક્ષુ: **સ્વભાવથી જ પર્યાયમાં ક્રિયા થયા કરે છે. અવિરતપણે થયા કરે છે. એને રોકી ન શકાય, વિકારી કે અવિકારી એમ ન લેવું. સામાન્ય ક્રિયા, ઉત્પાદ-વ્યય. પર્યાય પોતાના સ્વભાવથી જ પરિણમે છે. એમ પર્યાયને પર્યાયના સ્વભાવથી જોતાં, આત્મા વ્યવહારથી પર્યાયને કરે છે, એ કર્તાપણાનો ઉપચાર નીકળી જાય છે.**

પૂ. લાલચંદભાઈ: આહાહા! શુધ્ધોપયોગ થઈ જાય છે.

મુમુક્ષુ: બહેન શરૂઆતમાં બોલ્યા હતા કે સ્વભાવથી જાણશે તો અનુભવ થઈ જશે.

પૂ. લાલચંદભાઈ: (અનુભવ) થઈ જશે, બરાબર છે. સ્વભાવથી જ જુઓ. બસ! એમ જ અનુભવ થાય. નયથી જુએ તો અનુભવ ન થાય.

મુમુક્ષુ: પ્રતિક્રમણની ગાથામાં ઉપચાર નીકળ્યો તો સાતમું ગુણસ્થાન આવી ગયું.

પૂ. લાલચંદભાઈ: આવી ગયું. ત્યાં સુધી છઠ્ઠું રહેતું હતું. આચાર્ય ભગવાનને એક ખટક આવી, કુંદકુંદ ભગવાનને. આહાહા! નિશ્ચય રત્નત્રયના પરિણામ. (પરમાર્થ) પ્રતિક્રમણ છે ને? શુધ્ધોપયોગનો કર્તા ઉપચારથી? કે નહિ, ઉપચારથી કર્તા નથી. આહાહા! એ નહિ, એ નહિ, એ નહિ, એ નહિ, ત્યાં તો અંદરમાં (ચાલ્યો જાય).

મુમુક્ષુ: જ્યારે ભાઈ લેતા હતા પરમાર્થ પ્રતિક્રમણ, લીધું હતું ત્યારે બહુ જોશ હતો આપને, 'કોની સાથે વાત કરે છે? કોને જોઈને વાત કરે છે? ઉપચાર મને લાગુ ન પડે'.

પૂ. લાલચંદભાઈ: હા, હા! એમ કહ્યું હતું.

મુમુક્ષુ: એમ બહુ જોશમાં હતા ત્યારે.

પૂ. લાલચંદભાઈ: સાચી વાત છે.

મુમુક્ષુ: 'ઘર ભૂલી ગયો છે તું. કોને જોઈને તું વાત કરે છે?'

પૂ. લાલચંદભાઈ: એમાં ખુશ થઈ ગયાને ભાઈ-ભટ્ટારક, એવા ખુશ થઈ ગયા બહુ. સાંભળવા આવતા હતા ગુફામાં. તમે તો હતાને? (ભટ્ટારક) નરમ માણસ.

મુમુક્ષુ: એક દિવસ તો (સેવક) પાટલો મૂકી ગયો, બીજા દિવસે તો હટાવી લીધો.

પૂ. લાલચંદભાઈ: એક દિવસ પાટલો મૂકયો ઓલાએ, એને (ભટ્ટારકને) તો ઊંચું આસન (હોય), એ તો ત્યાંના દરબાર કહેવાય ને? ત્યાગી. બીજા દિવસે ઓલાને કહે 'પાટલો હટાવી દે'. નીચે બેસી ગયા.

મુમુક્ષુ: જમીન ઉપર, જેવી રીતે અમે બધા બેઠા એવી રીતે બેસી ગયા. એ તો એવી જ રીતે બેસે ને આપની સામે. ઊંચા કોઈ બેસે?

મુમુક્ષુ: એમને ખ્યાલ આવી ગયો ને.

પૂ. લાલચંદભાઈ: ચાલો આગળ.

મુમુક્ષુ: ઉપચારનો જે નિષેધ આવ્યો, ઉપચારનો નિષેધ આવ્યો, એ પણ તીર્થંકરની વાણી છે. પદ્મપ્રભમલધારી દેવ ભાવી તીર્થંકરની વાણીમાં ઉપચારનો નિષેધ આવ્યો. દ્રવ્યને દ્રવ્ય સ્વભાવથી જુઓ...

પૂ. લાલચંદભાઈ: દ્રવ્યને દ્રવ્ય સ્વભાવથી જુઓ અને પર્યાયને પર્યાય સ્વભાવથી જુઓ. એ વાત સાચી છે. આ વાત સારી કરી. ટીકાકારે કાઢયું. તીર્થંકરના દ્રવ્યની સ્વભાવથી કાંઈક વિશિષ્ટતા હોય છે, કુદરતી, ગુરુદેવ જેમ સૂર્યકિર્તી થવાના છે. આગળ.

મુમુક્ષુ: **પર્યાયને પર્યાયના સ્વભાવથી જોતાં, આત્મા વ્યવહારથી પર્યાયને કરે છે એ કર્તાપણાનો ઉપચાર નીકળી જાય છે.**

પૂ. લાલચંદભાઈ: નીકળી ગયો.

મુમુક્ષુ: **જેમ કે જ્ઞાનની પર્યાય સમયે-સમયે પ્રગટે છે. તો આત્મા કઈ નયે જ્ઞાનની પર્યાયને કરે છે?**

પૂ. લાલચંદભાઈ: જ્ઞાનની પર્યાય તો સ્વયં પ્રગટે છે, પ્રગટયા જ કર્યા જ કરે

છે સમયે-સમયે. તો કઈ નયે એને પ્રગટાવે છે, કરે છે?

મુમુક્ષુ: **તો કહે છે કે વ્યવહારનયે આત્મા જ્ઞાનની પર્યાયનો કર્તા છે, નિશ્ચયનયે તો આત્મા જ્ઞાનની પર્યાયનો પણ અકર્તા જ છે. હવે આ જે વ્યવહારનયે કર્તાપણાનો ઉપચાર આવે છે એને ઓળંગી જાઓ કે પર્યાયમાં તો કાર્ય પર્યાયના સ્વભાવથી જ થાય છે**, **પર્યાયમાં તો કાર્ય પર્યાયના સ્વભાવથી જ થાય છે - તો અરે! વ્યવહારનયે આત્મા કર્તા છે એ ઉપચાર ખોટો થયો**.

પૂ. લાલચંદભાઈ: ખોટો થયો. ઉપરની વાત આવી ને? ખોટો ઠર્યો.

મુમુક્ષુ: **તો જે નયોના વિકલ્પ ઉઠતાં હતા તે છૂટી અંદરમાં ચાલ્યો ગયો.**

પૂ. લાલચંદભાઈ: **ચાલ્યો ગયો.**

મુમુક્ષુ: **ત્યારે પર્યાયના સ્વભાવનો પણ જ્ઞાતા થઈ જાય છે.**

પૂ. લાલચંદભાઈ: ઉપચારથી કર્તા નીકળી ગયો, તો પર્યાયનો પણ જ્ઞાતા થઈ ગયો.

મુમુક્ષુ: દ્રવ્યમાં બેઠો ને?

પૂ. લાલચંદભાઈ: દ્રવ્યમાં બેઠો ને! શુદ્ધોપયોગ આવ્યો ને!

મુમુક્ષુ: હા જી! જ્ઞાતામાં બેસી ગયો.

પૂ. લાલચંદભાઈ: બસ!

મુમુક્ષુ: **દ્રવ્ય સ્વભાવનો જ્ઞાતા અને પર્યાય સ્વભાવનો પણ જ્ઞાતા**. **દ્રવ્ય સ્વભાવનો જ્ઞાતા અને પર્યાય સ્વભાવનો પણ જ્ઞાતા - વચ્ચે જે નયોના વિકલ્પ ઊઠતા હતા- નિશ્ચયનયના-વ્યવહારનયના એ છૂટી એકલું**, એકલું-એકલું **જ્ઞાન રહ્યું**.

પૂ. લાલચંદભાઈ: **એકલું જ્ઞાન રહ્યું**.

મુમુક્ષુ: **એ એકલા જ્ઞાનમાં આનંદ આવે છે.**

પૂ. લાલચંદભાઈ: **એકલા જ્ઞાનમાં આનંદ આવે છે.** નયવાળા જ્ઞાનમાં આનંદ આવતો નથી.

મુમુક્ષુ: આનંદ નથી ને.

પૂ. લાલચંદભાઈ: બસ હવે થોડું છે, બે મિનિટ. લઈ લ્યો એટલું.

મુમુક્ષુ: **દ્રવ્ય સ્વભાવનો પણ જ્ઞાતા અને પર્યાય સ્વભાવનો પણ જ્ઞાતા**

**- વચ્ચે જે નયોના વિકલ્પ ઉઠતા હતા- નિશ્ચયનયના-વ્યવહારનયના, એ છૂટી એકલું જ્ઞાન રહ્યું - એ એકલા જ્ઞાનમાં આનંદ આવે છે.**

પૂ. લાલચંદભાઈ: નય મિશ્રિત જ્ઞાન હતું ને? નયના વિકલ્પો નીકળી ગયા એટલે શુદ્ધોપયોગ થઈ ગયો અને એમાં આનંદ આવે છે.

ૐ

# દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ પાનું ૨૩-૨૪
# ઉષાકિરણ એપાર્ટમેંટ, રાજકોટ
# તારીખ: ૨૦-૧-૧૯૯૧

# પ્રવચન LA ૪૧૧

૨૨ (મું) પાનું પૂરું થયું. ૨૩ મું આવે છે. બોલો.

મુમુક્ષુ: **માટે પર્યાયનો કર્તા પર્યાય સ્વભાવથી જ છે. નિશ્ચયનયે પર્યાય પર્યાયને કરે છે એમ પણ ન લેવું. કોઈ નયથી સ્વરૂપની પ્રાપ્તિ નથી... જ્ઞાનથી સ્વરૂપની પ્રાપ્તિ છે. સ્વભાવથી સ્વભાવની પ્રાપ્તિ છે.** આનીકોર, ૨૩ પાનું.

પૂ. લાલચંદભાઈ: ૨૩ પાનું. ૨૩ પાનાની બીજી લીટી.

મુમુક્ષુ: **માટે પર્યાયનો કર્તા પર્યાય સ્વભાવથી જ છે. નિશ્ચયનયે પર્યાય પર્યાયને કરે છે એમ પણ ન લેવું.**

પૂ. લાલચંદભાઈ: એમ લેવાથી શું થાય? કે નિશ્ચયનયે પર્યાય પર્યાયને કરે છે તો વ્યવહારનયે આવી જશે, પ્રતિપક્ષ, એમ. તો વ્યવહારનયે આત્મા (પર્યાયને) કરે છે. નિશ્ચયનયે પર્યાય પર્યાયને કરે છે તો વ્યવહારનયે આત્મા પર્યાયને કરે છે, એમ કહ્યા વગર આવી જશે અંદર, એટલે કર્તાબુધ્ધિ છૂટશે જ નહિ. વ્યવહારના નામે પણ કર્તાબુધ્ધિ પોષાઇ જાય છે. અને વ્યવહારે પર્યાયનો જ્ઞાતા છે એમાં જ્ઞાતાબુધ્ધિ પોષાઇ જાય છે. શું કહ્યું?

મુમુક્ષુ: વ્યવહારે પર્યાયનો જ્ઞાતા છે.

પૂ. લાલચંદભાઈ: જ્ઞાતા છે.

મુમુક્ષુ:એમાં જ્ઞાતાબુધ્ધિ પોષાઇ જ જાય છે.

પૂ. લાલચંદભાઈ: (એમાં જ્ઞાતાબુધ્ધિ) પોષાઇ જાય છે.

મુમુક્ષુ: કર્તાનું ઝેર નીકળી ગયું.

પૂ. લાલચંદભાઈ: નિશ્ચયનયે, લખે છે, **નિશ્ચયનયે પર્યાય પર્યાયને કરે છે**

**એમ પણ ન લેવું.** એમ લેશો તો વ્યવહારનયે આત્મા એને કરે છે. નિશ્ચયનયે પર્યાય પર્યાયને કરે અને વ્યવહારનય, પ્રતિપક્ષનય તો તમારે લેવી પડશે, કે નય તો સાપેક્ષ હોય, **निरपेक्षा नया मिथ्या** (આપ્ત-મીમાંસા, ગાથા ૧૦૮).

મુમુક્ષુ: નિશ્ચયનયે પર્યાય પર્યાયને કરે છે તો વ્યવહારનયે આત્મા પર્યાયને કરે છે.

પૂ. લાલચંદભાઈ: (આત્મા) પર્યાયને કરે છે એમ આવ્યા વગર રહેશે જ નહિ, એટલે કર્તાબુદ્ધિ જ રહી, નયના નામે.

મુમુક્ષુ: નયમાં કર્તાબુદ્ધિ હોય.

પૂ. લાલચંદભાઈ: (હા). નય જે ઊઠે ત્યાં નયનો કર્તા બની ગયો, એમ કહે છે. નયમાં કર્તાબુદ્ધિ છે. શું કહ્યું?

મુમુક્ષુ: નયમાં કર્તાબુદ્ધિ છે.

પૂ. લાલચંદભાઈ: જ્ઞાનમાં કર્તાબુદ્ધિ ન હોય. કાળ પાક્યો હશે એનું કામ થઈ જશે. **નિશ્ચયનયે પર્યાય પર્યાયને કરે છે એમ પણ ન લેવું.** એમ લેવામાં શું દોષ આવે? કે આત્મા વ્યવહારે કર્તા પર્યાયનો આવી જશે, એટલે કર્તાબુદ્ધિ છૂટશે નહિ તારી, એમ. પછી આગળ. **કોઈ નયથી**...

મુમુક્ષુ: **કોઈ નયથી સ્વરૂપની પ્રાપ્તિ નથી.**

પૂ. લાલચંદભાઈ: આહાહા! એટલે નિશ્ચયનયથી નથી અને વ્યવહારનયથી નથી, **કોઈ નય** એમ કહ્યું. નયથી જોશો તો કર્તાબુદ્ધિ રહી જશે. કહ્યુંને હમણાં? નયનું અવલંબન લેશો તો નયનો કર્તા થઈ જશે, જ્ઞાન પ્રગટ નહિ થાય, નય પ્રગટ થશે. **श्रुतविकल्पा नया** (સમયસાર ગાથા ૧૪૯, તાત્પર્યવૃત્તિ ટીકા) શ્રુતજ્ઞાનનો ભેદ, એને વિકલ્પ કહેવાય છે. આહાહા! **કોઈ નય**, બોલો.

મુમુક્ષુ: **કોઈ નયથી સ્વરૂપની પ્રાપ્તિ નથી... જ્ઞાનથી સ્વરૂપની પ્રાપ્તિ છે.**

પૂ. લાલચંદભાઈ: **કોઈ નય** એમ. બેમાંથી **કોઈ નય**, એમ કહ્યું. વ્યવહારનયથી પ્રાપ્તિ નથી અને નિશ્ચયનયથી પ્રાપ્તિ છે, એમ નથી, એમ કહે છે. **કોઈ નય** શબ્દ વાપર્યોને?

મુમુક્ષુ: **જ્ઞાનથી સ્વરૂપની પ્રાપ્તિ છે.** એટલે કે **સ્વભાવથી સ્વભાવની પ્રાપ્તિ છે. પર્યાયને એના સ્વભાવથી જોતાં એની કરવાની બુદ્ધિ છૂટી જાય છે**

**અને કરવાનો ઉપચાર પણ છૂટી જાય છે.**

પૂ. લાલચંદભાઈ: મિથ્યાત્વનો દોષ તો છૂટે છે પણ ચારિત્રનો દોષ છૂટીને શ્રેણી આવી જાય છે, એમ કહે છે. શુદ્ધોપયોગ થઈ જાય છે. પહેલા શુદ્ધોપયોગ અને પછી આગળ વધે તો શ્રેણી. જેવો કાળ, એનો સ્વકાળ. બે દોષ નીકળી જાય છે. આહાહા! ગૂઢ છે ગૂઢ હોં, બધું. ફરીથી **પર્યાયને**...

મુમુક્ષુ: **પર્યાયને એના સ્વભાવથી જોતાં**.

પૂ. લાલચંદભાઈ: **એની** એટલે પર્યાયની...

મુમુક્ષુ: પર્યાયની **કરવાની બુદ્ધિ છૂટી જાય છે.**

પૂ. લાલચંદભાઈ: આહાહા! થવા યોગ્ય થાય છે. પર્યાયને એના સ્વભાવથી જુઓ. 'હું કરું છું' નીકળી જશે. આહાહા! બુદ્ધિ છૂટી જશે. કર્તાબુદ્ધિ છૂટશે એટલે મિથ્યાત્વ છૂટશે પહેલા. અને પછી ઉપચાર, કર્તાનયે, કર્તાનયે તો કર્તા ખરોને? 'કર્તાનયે તો કર્તા ખરોને' એ શલ્ય રહી જાય છે. ''કર્તાનયે તો રાગનો કર્તા ખરો કે નહિ?'' એમ પ્રશ્ન બહુ આવે છે મારી સામે. **અને કરવાનો ઉપચાર પણ છૂટી જાય છે** અને શુદ્ધોપયોગ થઈ જાય છે. પહેલા કર્તાબુદ્ધિ જાય તો શુદ્ધોપયોગમાં સમ્યગ્દર્શન, અને ઉપચાર ગયો તો ચારિત્રનો શુદ્ધોપયોગ આવે છે, લીનતા. સમજમાં આવ્યું?

મુમુક્ષુ: પરમાર્થ પ્રતિક્રમણમાં સાતમું ગુણસ્થાન આવી ગયું ઉપચારનો નિષેધ આવ્યો તો.

પૂ. લાલચંદભાઈ: હા! સાતમું આવી ગયું. કર્તાબુદ્ધિ તો ગઈ હતી પહેલા, તો સમ્યગ્દર્શન તો થઈ ગયું હતું. પણ પરમાર્થ પ્રતિક્રમણ નહોતું થયું, વ્યવહાર પ્રતિક્રમણ આવતું હતું-વિકલ્પ. આહાહા! વિષકુંભ આવતો હતો. પોતે વિષકુંભ કહે છે હોં, છઠ્ઠા ગુણસ્થાને-વિકલ્પને. ત્રીજી ભૂમિ આવી, અમૃતકુંભ થઈ ગયું. આહાહા! પ્રતિક્રમણ અને અપ્રતિક્રમણથી જુદી, ત્રીજી અપ્રતિક્રમણ. આહાહા! મિથ્યાદૃષ્ટિના અપ્રતિક્રમણને તો નિષેધ કરતા જ આવીએ છીએ, એ તો ઝેરનો ઘડો છે જ, વિષકુંભ. એની તો અમે વાત જ કરતા નથી, મિથ્યાદૃષ્ટિનું અપ્રતિક્રમણ. પણ સમ્યગ્દૃષ્ટિને પ્રતિક્રમણનો વિકલ્પ ઊઠે છે, એ પણ ઝેરનો ઘડો છે, વિષકુંભ છે. માટે ત્રીજી ભૂમિકામાં જતાં અમૃતકુંભ, અપ્રતિક્રમણ. આહાહા!

મુમુક્ષુ: પ્રતિક્રમણ વિષકુંભ?

પૂ. લાલચંદભાઈ: પ્રતિક્રમણ વિષકુંભ.

મુમુક્ષુ: અપ્રતિક્રમણ એ?

પૂ. લાલચંદભાઈ: (અપ્રતિક્રમણ) અમૃતકુંભ. ત્યારે એમ પ્રશ્ન ઊઠે કે "અપણા અપ્રતિક્રમણ"? આ મિથ્યાદૃષ્ટિનું નથી, એ તો પાપનો ઘડો છે, એની વાત તો અમે કરતા જ નથી. આહાહા! આ સમયસારમાં ભર્યું છે બધું હોં, માલ. ઉપચાર પણ છૂટી જાય છે, ઉપચારને છોડતો નથી હવે, છોડે તો કર્તાબુદ્ધિ થઈ જાય!

મુમુક્ષુ: બરાબર, છૂટી જાય છે.

મુમુક્ષુ: ઉપચારના જે વિશેષણ થવા યોગ્ય થાય છે.

પૂ. લાલચંદભાઈ: બસ! આગળ.

મુમુક્ષુ: **કાર્ય સ્વયં થતું હોય એમાં બીજો કરે એવા ઉપચારનો અવકાશ જ ક્યાં છે? કાર્ય સ્વયં થતું હોય એમાં બીજો કરે એવા ઉપચારનો અવકાશ જ ક્યાં છે?**

પૂ. લાલચંદભાઈ: નિર્મળ પર્યાય સ્વયં થાય છે એને આત્મા કરે છે એવું ક્યાં એમાં રહ્યું? અવકાશ નથી.

મુમુક્ષુ: **બસ સ્વયંથી થાય છે. આત્મા જ્ઞાતા થઈ જાય છે.**

પૂ. લાલચંદભાઈ: આહાહા! માલ ભર્યો છે બહેન! માલ, માલામાલ થઈ જાય. આહાહા! આગળ.

મુમુક્ષુ: **નયના વિકલ્પોમાં એ વિકલ્પનો કર્તા બની જાય છે**.

પૂ. લાલચંદભાઈ: હમણાં કહ્યું ને? નયના વિકલ્પમાં આત્મા કર્તા થઈ જાય છે. કહ્યું હતું ને બહેને, એ?

મુમુક્ષુ: **નયના વિકલ્પોમાં એ વિકલ્પનો કર્તા બની જાય છે, રાગનો કર્તા બની જાય છે. એને ખબર જ નથી પડતી. જો વિકલ્પ છૂટે તો જ્ઞાન પ્રગટ થાય, તો જ્ઞાનનો કર્તા બને. જ્ઞાતા થઈ જાય છે - આ રહસ્ય છે. નયના વિકલ્પોમાં એ વિકલ્પનો કર્તા બની જાય છે, રાગનો કર્તા બની જાય છે. એને ખબર જ નથી પડતી.**

પૂ. લાલચંદભાઈ: બે વાત આવી, ઈન્દ્રિયજ્ઞાનનો કર્તા અને રાગનો કર્તા.

મુમુક્ષુ: **જો વિકલ્પ છૂટે તો જ્ઞાન પ્રગટ થાય, તો જ્ઞાનનો કર્તા બને.**

**જ્ઞાતા થઈ જાય છે - આ રહસ્ય છે.**

પૂ. લાલચંદભાઈ: પહેલાં કહ્યું કે જ્ઞાનનો કર્તા બને. પછી કહે છે '(જ્ઞાનનો) કર્તા'' પણ નહિ, જ્ઞાતા થઈ જાય છે, એમ કહ્યું. ત્યાં પૂરું થાય છે. કર્તાનો ઉપચાર કહેવો પડયો પણ ખરેખર જ્ઞાતા છે, એ રહસ્ય છે. કહેવું પડે, રાગનો કર્તા થતો હતો એ જ્ઞાનનો કર્તા થયો હવે, એમ કહેવું પડે. **જ્ઞાતા થઈ જાય છે - આ રહસ્ય છે.** આ રહસ્યપૂર્ણ ચિઠ્ઠી છે ને? એટલે રહસ્ય શબ્દ છે.

મુમુક્ષુ: **શ્રી સમયસાર શ્લોક-૯૫. શ્લોકાર્થ:- [विकल्पकः परं कर्ता] વિકલ્પ કરનાર જ કેવળ કર્તા છે અને [विकल्पः केवलम् कर्म] વિકલ્પ જ કેવળ કર્મ છે; (બીજા કોઈ કર્તા-કર્મ નથી;) [सविकल्पस्य] જે જીવ વિકલ્પ સહિત છે તેનું [कर्तृकर्मत्वं] કર્તાકર્મપણું [जातु] કદી [नश्यति न] નાશ પામતું નથી. વિકલ્પ કરનાર જ કેવળ કર્તા છે અને વિકલ્પ જ કેવળ કર્મ છે; (બીજા કોઈ કર્તા-કર્મ નથી;) જે જીવ વિકલ્પ સહિત છે તેનું કર્તાકર્મપણું કદી નાશ પામતું નથી.**

પૂ. લાલચંદભાઈ: કર્તા-કર્મ અધિકારમાં આત્મા અને આસ્રવ - રાગનું ભેદજ્ઞાન કરાવ્યું. આસ્રવ કહો કે રાગ કહો, આકુળતામય છે, અચેતન જડ છે, એનાથી ભેદજ્ઞાન કરાવી અને અનુભવ કરાવ્યો. અને જ્યારે નયોના વિકલ્પમાં સલવાઇ ગયો હતો એને પછી કર્તા-કર્મ અધિકારમાં જ વિકલ્પ કર્મ બનતું હતું, નયનો વિકલ્પ. પહેલાં શરૂઆતમાં રાગ કર્મ બનતું હતું, પછી વિકલ્પ કર્મ બન્યો. વિકલ્પ, એટલે કે ઈન્દ્રિયજ્ઞાન, કર્મ બન્યું. ઓમાં રાગ કર્મ બનતું હતું, આમાં ઈન્દ્રિયજ્ઞાન કર્મ બન્યું. **श्रुतविकल्पा नया** (સમયસાર ગાથા ૧૪૯, તાત્પર્યવૃત્તિ ટીકા) છે ને, એટલે. એટલે એ કર્તા-કર્મની પ્રવૃત્તિ અહીંયાં સુધી રહેતી હતી, નયનો વિકલ્પ, નય ઊઠયો એટલે વિકલ્પ થઇ ગયો અને એનો કર્તા બની ગયો. આહાહા! એને એમ લાગે છે કે હું રાગનો કર્તા નથી, એને એમ લાગે છે. કેમ કે જેવું સ્વરૂપ છે એવું હું વિચારું છું, એમાં કર્તા-કર્મની પ્રવૃત્તિ તો આવતી નથી. આહાહા! પણ એ રાગનો કર્તા અને ઈન્દ્રિયજ્ઞાનનો કર્તા બની જાય છે, બન્ને સાથે છે અવિનાભાવ.

મુમુક્ષુ: ઈન્દ્રિયજ્ઞાનનો કર્તા પણ રાગનો કર્તા (બની) જ જાય. ઈન્દ્રિયજ્ઞાન કર્મ બન્યું.

પૂ. લાલચંદભાઈ: બની જ જાય છે. બસ! એટલે કર્તા-કર્મની પ્રવૃત્તિ અહીંયાં

સુધી લઈ લીધી. આહાહા! પક્ષાતિક્રાંત ન થાય ત્યાં સુધી વિકલ્પનો કર્તા (થાય છે). આહાહા! એ ઉપરમાં આવી ગયુંને? **નયના વિકલ્પોમાં એ વિકલ્પોનો કર્તા બની જાય છે, રાગનો કર્તા બની જાય છે.** બન્ને લીધું ને ઉપર. નયનો કર્તા, નયના વિકલ્પનો અને રાગનો કર્તા, બન્ને આવી ગયું ને!

મુમુક્ષુ: **ભાવાર્થ:- જ્યાં સુધી વિકલ્પભાવ છે ત્યાં સુધી કર્તાકર્મભાવ છે; જ્યાં સુધી વિકલ્પભાવ છે ત્યાં સુધી કર્તાકર્મભાવ છે**.

પૂ. લાલચંદભાઈ: એટલે અનાદિથી જ્યાં સુધી વિકલ્પની લાળ ચાલી આવી છે, એક સમય પણ કટ નથી થઈ, સમજી ગયા? એક સમય પણ કપાણી નથી, એનાથી જુદો પડયો નથી, નિર્વિકલ્પભાવ આવ્યો નહિ અને વિકલ્પ ચાલ્યા કરે છે હજી. એવો અનાદિનો પ્રવાહ વિકલ્પનો જે હતો, એ **જ્યાં સુધી વિકલ્પ ભાવ છે.** એમ, અનાદિથી પ્રવાહ ક્રમ, એ તૂટયો નથી **ત્યાં સુધી કર્તાકર્મભાવ** નયના વિકલ્પની સાથે **છે**. **જ્યારે વિકલ્પનો અભાવ થાય**, એમ. એટલે વિકલ્પની સાથે એકતાબુધ્ધિ તૂટીને નિર્વિકલ્પ અનુભવ થાય ત્યારે પ્રથમ સમ્યગ્દર્શન થાય. **વિકલ્પનો અભાવ થાય ત્યારે કર્તાકર્મભાવનો પણ અભાવ થાય છે.** ત્યારે જ્ઞાતા-જ્ઞેય અંદરમાં આવ્યું, બસ. આહાહા! પછી બહારમાં જ્ઞાતા-જ્ઞેય વ્યવહાર કહેવાય, જાણેલો પ્રયોજનવાન, એ પછી.

પહેલા જ્ઞાતા-જ્ઞેય અભેદ થાય છે અહીંયાં. જ્ઞાતાની વ્યાખ્યા જ એ કહી પોતે પોતાને જાણે છે માટે આત્માનું નામ જ્ઞાતા છે (સમયસાર, કળશ ૨૭૧ ભાવાર્થ). પરને જાણે છે માટે જ્ઞાતા, એમ નહિ. સ્વ-પરને જાણે છે માટે જ્ઞાતા, એમ નહિ. પોતે પોતાને જાણે છે માટે આત્મા પોતે જ્ઞાતા છે. જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયના ત્રણ ભેદ કરીને, એક એકના, ત્રણે શબ્દના ભાવ ભર્યા છે, ત્રણમાં, ૨૭૧ મા. એમાં આ જ્ઞાતાની વ્યાખ્યા છે, પોતે પોતાને જ જાણે છે માટે પોતે આત્મા, એનું નામ જ્ઞાતા છે. પોતે જ જણાય છે અને બીજું જણાતું નથી માટે પોતે જ્ઞેય છે. એમ કે રાગ પણ જણાય અને જ્ઞાયક પણ જણાય, એવું જ્ઞેયપણું નથી. બન્નેને જાણે એવો જ્ઞાતા નથી, બે જણાય એવું જ્ઞેય નથી. એક સાથે બે જણાઈ જાય, દેહ અને આત્મા બે જણાઈ જાય, બે જ્ઞેય થાય, એમ નથી. અને બેનો જ્ઞાતા થાય એમ પણ નથી. એકનો જ જ્ઞાતા અને એક જ જ્ઞેય થાય છે. એનો ભેદ છૂટી જાય છે ત્યારે અનુભવ થાય છે. ૨૭૧ માં લીધું છે આ બધુ.

મુમુક્ષુ: જ્ઞાનમાં બે કેવી રીતે લેવું? એક તો જ્ઞેય આવ્યું, જ્ઞાતા આવ્યું. જ્ઞાનમાં બે કેવી રીતે લેવું?

પૂ. લાલચંદભાઈ: જ્ઞાન કેવી રીતે લેવું? કે જ્ઞાન એક જ છે. ઇન્દ્રિયજ્ઞાન- બીજું જ્ઞાન અને અતીન્દ્રિયજ્ઞાન, બે જ્ઞાન, એમ નથી. જ્ઞાન - અતીન્દ્રિયજ્ઞાનમય ભગવાન આત્મા એ જ જ્ઞાન છે. જ્ઞાન પણ આત્મા, જ્ઞેય પણ આત્મા અને જ્ઞાતા પણ આત્મા. જ્ઞાન - અતીન્દ્રિયજ્ઞાનમય આત્મા છે. એ જ્ઞાનના બે ભેદ નથી. જેમ જ્ઞેય બે નથી, એમ જ્ઞાન બે પ્રકારના નથી ઉત્પન્ન થતા. એક જ પ્રકારનું જ્ઞાન, એક જ પ્રકારનું જ્ઞેય, અને એક જ પ્રકારનો જ્ઞાતા. ત્રણેમાં એક જ પ્રકાર છે. એમ અનુભવના કાળે, અતીન્દ્રિયજ્ઞાન પણ થાય અને ઈન્દ્રિયજ્ઞાન થાય, એમ જ્ઞાનના બે પ્રકાર નથી. અને જ્ઞાયક જ્ઞેય થાય અને દેહાદિ પણ જ્ઞેય થાય એમ બે પ્રકારના જ્ઞેય બનતા નથી. એમ જ્ઞાતા પોતાનો પણ જ્ઞાતા અને છ દ્રવ્યનો (પણ) જ્ઞાતા, એમ બેનો જ્ઞાતા બની શકતો નથી. એકનો જ જ્ઞાતા અને એક જ જ્ઞેય અને એક જ જ્ઞાન, એના ભેદ નીકળી જાય તો અનુભવ થઈ જાય.

લીધું છે ને એમાં? એક જ લીધું છે ને? સ્વજ્ઞેય લીધું છે ને. આહાહા! પરજ્ઞેય લીધું નથી એમાં. જ્ઞાનમાં અતીન્દ્રિયજ્ઞાન લીધું, ઇન્દ્રિયજ્ઞાન એમાં ન હોય. અનુભવમાં જાય ત્યારે જ્ઞાનના બે પ્રકાર, જ્ઞેયના બે પ્રકાર, અને જ્ઞાતાના બે પ્રકાર? ત્રણકાળમાં નહિ બને. અનુભવના કાળમાં એક જ જ્ઞાન, એક જ જ્ઞેય અને એક જ જ્ઞાતા. જ્ઞાતાના બે પ્રકાર નથી બનતા, જ્ઞેયના બે પ્રકાર બનતા નથી અને જ્ઞાનના બે પ્રકાર બનતા નથી. અદભૂતથી અદભૂત ૨૭૧ કળશ છે. અનુભવની રીત બતાવી છે એમાં.

મુમુક્ષુ: જ્ઞાનમાં બે પ્રકાર ન હોય એ તો સમજમાં આવે છે. પણ જ્ઞેયમાં તો બે પ્રકાર આવે ને?

પૂ. લાલચંદભાઈ: બિલકુલ ન આવે. જ્ઞાયક જ જ્ઞેય થાય. રાગ કે દેહ કે દેવ- ગુરુ-શાસ્ત્ર જ્ઞેય થાય જ નહિ. એમાં વ્યાખ્યા કરી છે જ્ઞેયની. પોતે 'જ' જણાવા યોગ્ય હોવાથી. પર જણાવા યોગ્ય (નહિ), સ્વ-પર જણાવા યોગ્ય (નહિ), એમ બન્નેને કાઢી નાખ્યા. જ્ઞેયની વ્યાખ્યા, પોતે જ જણાવા યોગ્ય છે. આહાહા! ધ્યેય, જ્ઞેય થાય છે અને પછી ફળમાં, જ્ઞેય - સામાન્ય-વિશેષાત્મક આખો આત્મા, જ્ઞેય થઇ જાય છે. પણ એક જ્ઞેય છે, એમ. એ કોકે પ્રશ્ન કર્યો હતો આપણને, ખબર છે

ને? કે જ્ઞેયમાં તો દ્રવ્ય-પર્યાય બન્ને જણાય છે? કે નહિ! એક જ છે, અભેદ. એક જ જ્ઞેય છે, જ્ઞેય બે નથી. આહાહા! એક ત્રિકાળી જ્ઞેય અને આનંદ આવ્યો (એ બીજો) જ્ઞેય, એમ નથી. આહાહા! કોઈ વાત છે!

ઉપાદેયપણે પણ એક જ્ઞેય, જ્ઞાયક - સામાન્ય. અને જાણવાની અપેક્ષાએ પણ અભેદજ્ઞાનપર્યાય-પરિણત આખો આત્મા, સામાન્ય-વિશેષ બન્ને, એ જ્ઞેય. આહાહા! એક જ્ઞેયમાં અનંત ગુણ છે અને બીજું જ્ઞેય નવું થાય છે, એમાં આનંદપર્યાય સહિત આખો આત્મા જ્ઞાનનું જ્ઞેય થઈ જાય છે. અપરિણામી જ્ઞેય અને પરિણામી જ્ઞેય, એવો ભેદ નથી. સમજાવવા માટે છે. એક જ જ્ઞાન, એક જ જ્ઞેય અને એક જ જ્ઞાતા. જ્ઞાતા બેનો નહિ, બે પ્રકારના જ્ઞેય નહિ અને બે પ્રકારના (જ્ઞાન નહિ). એ કહે કે "જ્ઞાનના બે પ્રકાર કે એક પ્રકાર?" - એ રહી ગયું હતું. થોડું ઈન્દ્રિયજ્ઞાન અને થોડું અતીન્દ્રિયજ્ઞાન, બે વડે આત્મા જણાય? શું કહો છો?

મુમુક્ષુ: અતીન્દ્રિયજ્ઞાન એક જ જ્ઞાન છે.

પૂ. લાલચંદભાઈ: ઈન્દ્રિયજ્ઞાન વડે આત્મા ન જણાય?

મુમુક્ષુ: ન જણાય, કોઈ હિસાબે ન જણાય.

પૂ. લાલચંદભાઈ: પણ એકલા ઈન્દ્રિયજ્ઞાનથી ન જણાય, પ્રેમચંદજી. એકલા ઈન્દ્રિયજ્ઞાનથી આત્મા ન જણાય પણ સાથે અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થાય ત્યારે બે થઈને આત્માને જાણે ને?

મુમુક્ષુ: નહિ.

પૂ. લાલચંદભાઈ: ના પાડે છે. તમે બોલો માં કાંઈ. ના પાડે છે.

મુમુક્ષુ: એકલા અતીન્દ્રિયજ્ઞાનમાં.

પૂ. લાલચંદભાઈ: એકલું અતીન્દ્રિયજ્ઞાન?

મુમુક્ષુ: એકલું.

પૂ. લાલચંદભાઈ: તો એકાંત નહિ થઈ જાય?

મુમુક્ષુ: સમ્યક્ એકાંત.

પૂ. લાલચંદભાઈ: શાબાશ! હવે ઠીક છે, બરાબર.

બહેન, હમણાં-હમણાં આવ્યા ત્યારે તમને વાત કરી, કે શુદ્ધનયનો ઉપદેશ વિરલ છે. જો ઉપદશ બહાર આવે તો એને ઝીલનારા હોય જ છે. શારદાબહેને કહ્યું, લિફટમાં આવતા હતા ઉપર 'સ્વભાવથી શુદ્ધ છું'. મેં કહ્યું 'નિશ્ચયનયથી શુદ્ધ

છે આત્મા'. કે 'નહિ! તો વ્યવહારનયે અશુદ્ધ આવી જશે' એમ કહ્યું. તો અશુદ્ધતા આવી જશે, વ્યવહારનયથી અશુદ્ધ. નિશ્ચયનયથી શુદ્ધ તો વ્યવહારનયે અશુદ્ધ. સ્વભાવથી શુદ્ધ તો? આહાહા! શુદ્ધની દૃષ્ટિ થઈ જશે. અશુદ્ધતા ક્યાં ગઈ એ અમે જાણતા નથી! પછી મિથ્યાત્વની અશુદ્ધતા ગોતવા જશું તો (પણ) નહિ મળે. અવસ્તુ, મિથ્યાત્વ જેવી વસ્તુ નથી. આહાહા! પણ સ્યાદવાદથી, અતીન્દ્રિયજ્ઞાનથી અને ઈન્દ્રિયજ્ઞાન(થી), બે જ્ઞાન વડે એક આત્મા જણાય?

મુમુક્ષુ: નહિ, ન જણાય. તે જ્ઞાન જ નથી, ઈન્દ્રિયજ્ઞાન જ્ઞાન જ નથી.

પૂ. લાલચંદભાઈ: જ્ઞાન એક તો, જ્ઞેય તો બે રાખો?

મુમુક્ષુ: નહિ-નહિ. જ્ઞાન એક તો જ્ઞેય પણ એક જ છે.

પૂ. લાલચંદભાઈ: અચ્છા! અને જ્ઞાતા?

મુમુક્ષુ: જ્ઞાતા પણ એક જ છે. એકનો જ જ્ઞાતા છે.

પૂ. લાલચંદભાઈ: આ ૨૭૧ કળશનો ખુલાસો. સારું. ચાલો. વિકલ્પ આવ્યા ને, એમાં નીકળ્યું બધું. અરે! એક વખત નિર્વિકલ્પ અનુભવ તો કરી લે! આહાહા! સ્વપ્રકાશક લક્ષણ વડે ભગવાન આત્માને એક વાર જાણી લે ને, ભાઈ! ભવનો અંત આવશે બાપુ! **જ્યાં સુધી વિકલ્પભાવ છે ત્યાં સુધી કર્તાકર્મભાવ છે; જ્યારે વિકલ્પનો અભાવ થાય ત્યારે કર્તાકર્મભાવનો પણ અભાવ થાય છે.** ૨૪ પાનું, છેલ્લું.

આહાહા! એક વિચાર આવ્યો હતો ભરતભાઈ, તમને પૂછવાનો કે આ ભરતક્ષેત્રમાં ચોવીસ તીર્થંકર થાય છે, ભરતક્ષેત્રમાં. અને ઐરાવતમાં તીર્થંકરો થાય એ વખતે, અહીંયાં હોય ત્યારે?

મુમુક્ષુ: હા! એ જ વખતે થાય. ત્યાં પણ ૨૪નો ક્રમ હોય છે.

પૂ. લાલચંદભાઈ: ત્યાં પણ ૨૪?

મુમુક્ષુ: જેવી રીતે અહીંયાં હોય છે તેવી રીતે ત્યાં હોય.

પૂ. લાલચંદભાઈ: ઠીક, સમજાઈ ગયું. હેતુસર વિચાર આવ્યો હતો એ, ઐરાવતનો. જોકે મેં સાંભળ્યું હતું કે જેવું અહીંયાં હોય એવું ત્યાં હોય, સીમીલરલી (similarly-એના જેવું).

મુમુક્ષુ: જ્યારે અહીંયાં કાળ હોય ત્યારે ત્યાં પણ કાળ હોય.

પૂ. લાલચંદભાઈ: એટલે અહીંયાં પાંચમો આરો તો ત્યાં પણ પાંચમો આરો?

મુમુક્ષુ: હા જી.

પૂ. લાલચંદભાઈ: બરાબર! ઐરાવત ક્ષેત્ર છે, એ જંબુદ્વીપનું.

મુમુક્ષુ: પાંચ ઐરાવત છે.

પૂ. લાલચંદભાઈ: પાંચ ઐરાવત. અમારા પિતાજીને ભૂગોળનું બહુ જ્ઞાન. એમ ખિમચંદભાઇને પણ જ્ઞાન બહુ. એનો વારસો એને આવ્યો છે એટલે એને આપણે પૂછી લઈએ. ચાલો આગળ.

મુમુક્ષુ: **નયથી વસ્તુની સિધ્ધિ કરે છે**, **નયથી વસ્તુની સિધ્ધિ કરે છે તો વિકલ્પોનો કર્તા બને છે.**

પૂ. લાલચંદભાઈ: પદાર્થની સિધ્ધિ. વસ્તુ એટલે પદાર્થની સિધ્ધિ (નયથી) કરે છે તો વિકલ્પોનો કર્તા બને છે.

મુમુક્ષુ: **નયોથી ભિન્ન સ્વભાવથી વસ્તુને સિધ્ધ કરો તો નયના વિકલ્પ રહિત જ્ઞાન પ્રગટ થાય છે**. અક્ષરેઅક્ષર પરમ સત્ય છે.

મુમુક્ષુ: સ્વભાવથી નિશ્ચયનયનો નિષેધ, નિશ્ચયનયથી વ્યવહારનો નિષેધ.

પૂ. લાલચંદભાઈ: હા! નિશ્ચયનયથી વ્યવહારનો નિષેધ અને સ્વભાવથી નિશ્ચયનયના વિકલ્પનો નિષેધ થઈ ગયો, અનુભવ, જ્ઞાન પ્રગટ થાય. ઓલું અજ્ઞાન હતું, નય જ્ઞાન છે એ ખરેખર અજ્ઞાન છે, જ્ઞાન નથી. કેમ કે નય દ્વારા આત્માનો અનુભવ થતો નથી, માટે જ્ઞાન નથી પણ અજ્ઞાન છે, અજ્ઞાન.

મુમુક્ષુ: **નયોથી ભિન્ન સ્વભાવથી વસ્તુને સિધ્ધ કરો તો નયના વિકલ્પ રહિત જ્ઞાન પ્રગટ થાય છે, જે દ્રવ્ય સ્વભાવને તો જાણે છે પણ પર્યાય સ્વભાવ પણ જેમ છે તેમ એમાં જણાઈ જાય છે.**

પૂ. લાલચંદભાઈ: **જણાઈ જાય છે.** દ્રવ્યને જાણતાં પર્યાય જેમ છે એમ જણાય છે. બેનો જ્ઞાતા, આવી ગયું છે આપણે (વાંચનમાં) તો.

મુમુક્ષુ: **જ્ઞાન વિકલ્પ વિનાનું 'મધ્યસ્થ' થયું. જ્ઞાન વિકલ્પ વિનાનું 'મધ્યસ્થ' થયું.**

પૂ. લાલચંદભાઈ: '**મધ્યસ્થ' થયું** એટલે વીતરાગતા થઈ, મધ્યસ્થતામાં રાગ-દ્વેષનો દ્વંદ્વ નીકળી ગયો, વીતરાગતા છે. અને **વિકલ્પમાં**...

મુમુક્ષુ: **વિકલ્પમાં પક્ષપાત હતો**.

પૂ. લાલચંદભાઈ: **હતો**, એટલે કે વિધિ-નિષેધના વિકલ્પ હતા એમાં રાગ-

દ્વેષ. નિષેધમાં દ્વેષબુધ્ધિ, વિધિમાં રાગબુધ્ધિ હતી.

મુમુક્ષુ: **વિકલ્પમાં પક્ષપાત હતો એટલે કે રાગ-દ્વેષ હતા**.

પૂ. લાલચંદભાઈ: જુઓ આવ્યું! ઓમાં મધ્યસ્થતા, રાગ-દ્વેષ રહિત વીતરાગતા.

મુમુક્ષુ: **રાગ-દ્વેષ હતા, ક્રમે ક્રમે જાણતો હતો.**

પૂ. લાલચંદભાઈ: રાગ-દ્વેષ થવાનું કારણ, અક્રમે નહિ - ક્રમે ક્રમે જાણતો હતો. દ્રવ્યને જાણે, ઘડીકમાં પર્યાયને જાણે, એકને જાણે તો બીજુ જાણવું ન રહે, એમ. રાગ-દ્વેષ થયા કરે.

મુમુક્ષુ: **નયોથી છૂટું પડેલું જ્ઞાન**, **નયોથી છૂટું પડેલું જ્ઞાન દ્રવ્ય-પર્યાયના સ્વભાવને અક્રમે જાણે છે.**

પૂ. લાલચંદભાઈ: અક્રમે, એક સમયમાં. સામાન્ય-વિશેષને એક સમયમાં જાણી લે. આહાહા! આ પક્ષાતિક્રાંતની વાત ચાલે છે ને? બે નયોના વિષયને જાણે છે. આમાં નીચે આધાર આવશે પાછું. બરાબર છે.

મુમુક્ષુ: **બન્ને નયોનો જ્ઞાતા છે, કોઈ નયપક્ષ ગ્રહણ કરતો નથી.** પરમ નિર્દોષ વાત છે.

પૂ. લાલચંદભાઈ: પળ હતી, પળ!

મુમુક્ષુ: **નયોથી છૂટું પડેલું જ્ઞાન દ્રવ્ય-પર્યાયના સ્વભાવને અક્રમે જાણે છે.**

પૂ. લાલચંદભાઈ: બીજી વાર વાંચ્યું એણે, મોટા અક્ષર હતાને, પોતાને ગમતી વાત હતી ને.

મુમુક્ષુ: **અક્રમે જાણે છે. બન્ને નયોનો જ્ઞાતા છે, કોઈ નય પક્ષ ગહણ કરતો નથી.**

પૂ. લાલચંદભાઈ: એટલે કોઈ વિકલ્પ ઉત્પન્ન થતો નથી. વિકલ્પ વિનાનું જ્ઞાન દ્રવ્યને પણ જાણે અને પર્યાયને પણ, યુગપદ, એક સમયમાં જાણે જ છે, બસ! સ્વભાવ છે એનો.

મુમુક્ષુ: નયથી છૂટલં પડેલું.

પૂ. લાલચંદભાઈ: નયથી છૂટું પડેલું. અંદરમાં સ્વપરપ્રકાશક સ્વભાવ છે. આગળ.

મુમુક્ષુ: **દ્રવ્યથી પર્યાય ન થાય, પર્યાયના સ્વભાવથી પર્યાય થાય છે. ઉત્પાદ-વ્યય સમયે-સમયે થયા જ કરે છે. આ બે સ્વભાવની વાત છેલ્લી છે.**

પૂ. લાલચંદભાઈ: 'દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ'ની વાત છેલ્લી છે.

મુમુક્ષુ: **જેનો મર્મ પામતાં પક્ષાતિક્રાંત થઈ અનુભવ થાય છે; સાક્ષાત્ જ્ઞાતા થાય છે.**

પૂ. લાલચંદભાઈ: છેલ્લું, પૂર્ણાહુતિ છે ને?

મુમુક્ષુ: **સમયસાર ગાથા ૧૪૩. પક્ષાતિક્રાંતનું (પક્ષને ઓળંગી ગયેલાનું) શું સ્વરૂપ છે? એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા હવે કહે છે:-**

**નયદ્રય કથન જાણે જ કેવળ સમયમાં પ્રતિબદ્ધ જે,**
**નયપક્ષ કાંઈ પણ નવ ગ્રહે, નયપક્ષથી પરિહીન તે. ૧૪૩.**

પૂ. લાલચંદભાઈ: આ (ગાવાનો) રાગ બહુ સરસ છે. આ રાગમાં જ ૪૧૫ ગાથા આપણે ઉતારી લઈએ. આ રાગ સરસ છે. ૪૧૫ ગાથા જેમ ઈન્દુબેન ધાનકની છે ને, એમ. બહુ સારો છે આ રાગ.

મુમુક્ષુ: **ગાથાર્થ:- [नयपक्षपरिहीनः] નય પક્ષથી રહિત જીવ,**

પૂ. લાલચંદભાઈ: એટલે વિકલ્પથી રહિત.

મુમુક્ષુ: **[समयप्रतिबद्धः] સમયથી પ્રતિબધ્ધ થયો થકો (અર્થાત્ ચિત્સ્વરૂપ આત્માને અનુભવતો થકો)**, જુઓ આમાં કેટલો સરસ ક્રમ લીધો છે.

પૂ. લાલચંદભાઈ: સારો ક્રમ લીધો છે.

મુમુક્ષુ: **नयपक्षपरिहीनः**.

પૂ. લાલચંદભાઈ: હા, એટલે વિકલ્પથી રહિત. વિકલ્પ છૂટયો, વિકલ્પ છૂટયો ત્યારે શું ફળ આવ્યું?

મુમુક્ષુ: શું ફળ આવ્યું? કે **સમયથી પ્રતિબધ્ધ થયો** એટલે ચિત્સ્વરૂપ આત્માનો અનુભવ થયો.

પૂ. લાલચંદભાઈ: અનુભવ થયો. ઓમાં, નયમાં અનુભવ રોકાતો હતો, બાધક હતો. નય બાધક, સાધક નહિ. जो जो बाते सहायक थी ...

મુમુક્ષુ: जे जे वस्तु साधक है तेऊ तहां बाधक है। (સમયસાર નાટક, જીવદ્વાર ગાથા ૧૦)

પૂ. લાલચંદભાઈ: बाधक है.

મુમુક્ષુ: **[नयपक्षपरिहनि:] નય પક્ષથી રહિત જીવ,**

પૂ. લાલચંદભાઈ: **જીવ**.

મુમુક્ષુ: **[समयप्रतिबद्ध:] સમયથી પ્રતિબધ્ધ થયો થકો (અર્થાત્ ચિત્સ્વરૂપ આત્માને અનુભવતો થકો), [द्वयो: अपि] બન્ને [नययो:] નયોના [भणितं] કથનને** એટલે કે સ્વરૂપને.

પૂ. લાલચંદભાઈ: સ્વરૂપને.

મુમુક્ષુ: **[केवलं तु] કેવળ [जानाति] જાણે જ છે [तु] પરંતુ [नय पक्षं] નયપક્ષને [किञ्चित् अपि] જરા પણ [न गृह्यति] ગ્રહણ કરતો નથી.**

પૂ. લાલચંદભાઈ:કેમકે અતીન્દ્રિય જ્ઞાનથી દ્રવ્ય-પર્યાયને જાણે તો એને વિકલ્પ ઉત્પન્ન જ ન થાય અને જાણ્યા વગર રહે નહિ. જણાય અને વિકલ્પ ઉત્પન્ન ન થાય. કેમ કે દ્રવ્યનું અવલંબન લેતાં અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થયું ને! એ અતીન્દ્રિયજ્ઞાને દ્રવ્ય-પર્યાય બન્નેને જાણ્યા. સમજી ગયા? દ્રવ્યને આશ્રયે જ્ઞાન પ્રગટ થાય એમાં વિકલ્પ ન હોય. મનને આશ્રયે, પરને આશ્રયે એમાં વિકલ્પ હોય. પહેલા વિકલ્પ છૂટી ગયો, એમ. એટલે વિકલ્પ દ્વારા બે નયોનો જ્ઞાતા ન થઈ શકે (અને) વિકલ્પ રહિત અતીન્દ્રિયજ્ઞાન, અનુભવ થાય ત્યારે બે નયોનો સાક્ષાત્ જ્ઞાતા છે. આહાહા! કેવળીમાં ઉતાર્યું છે અને પછી સાધકમાં ઉતાર્યું છે, ટીકામાં. બરાબર છે.

મુમુક્ષુ: એટલે કે પહેલા વિકલ્પ છૂટી ગયા, વ્યવહારનું પહેલાં છૂટયું, પછી નિશ્ચયનું પણ છૂટયું.

પૂ. લાલચંદભાઈ: છૂટયું, હા.

મુમુક્ષુ: પછી એને ચિત્સ્વરૂપ આત્માનો અનુભવ થયો.

પૂ. લાલચંદભાઈ: થયો.

મુમુક્ષુ: એટલે કે દ્રવ્ય-દૃષ્ટિ થઈ અને આત્માનો અનુભવ થયો.

પૂ. લાલચંદભાઈ: બરાબર. થયો.

મુમુક્ષુ: અને અનુભવમાં એ બન્ને નયના વિષયને જાણી લે છે.

પૂ. લાલચંદભાઈ: અનુભવ અને અનુભવનો વિષય બન્ને જણાઈ જાય છે. અનુભવનો વિષય અને અનુભવ થયો તે, બન્નેનો જ્ઞાતા થઈ ગયો અને એમાં વિકલ્પ બિલકુલ છે નહિ, એમ. અનુભવનો વિષય અને અનુભવ, સમજી ગયા?

ભેદ કરો તો બન્નેને જાણે છે, અભેદથી એકને જાણે છે અને પ્રમાણથી ભેદાભેદને જાણે છે. એ કાંઈ નથી, એક જ્ઞાનની પર્યાય જણાય છે, બસ! પછી ત્રણે કાઢી નાખો. વિવિક્ષાથી ત્રણ, ભેદને જાણે, ભેદાભેદને જાણે, અભેદને જાણે. આહાહા! **સમયથી પ્રતિબધ્ધ થયો**. ચિત્સ્વરૂપ આત્માને નિર્વિકલ્પધ્યાનમાં અનુભવતો વિકલ્પાતીત, મનાતીત, વચનાતીત. આહાહા!

**નયપક્ષને જરા પણ ગ્રહણ કરતો નથી**. એટલે કોઈ વિકલ્પ ઉત્પન્ન થતો નથી. દ્રવ્યને જાણવા દ્રવ્યાર્થિકનયનો વિકલ્પ નથી. પર્યાયને જાણતાં પર્યાયાર્થિકનયનો વિકલ્પ નથી. એમ કહ્યું ને? કોઈ નયપક્ષને ગ્રહણ કરતો નથી. દ્રવ્યને દ્રવ્ય સ્વભાવથી જાણે છે, પર્યાયને પર્યાય સ્વભાવથી જાણે છે. દ્રવ્યને દ્રવ્યાર્થિકનયથી નથી જાણતો, પર્યાયને પર્યાયાર્થિકનયથી નથી જાણતો. એટલે કોઈ પણ પ્રકારનો વિકલ્પ ઉત્પન્ન થયા વિના બન્નેનો જ્ઞાતા થઈ ગયો. પહેલા નયથી જ્ઞાતા હતો, જાણપણું, (હવે) નયાતીત થયો. આહાહા!

સમમયસાર તો સમયસાર છે. 'समयसार लगे हम को प्यारा', એ આજ બોલાવવું છે, પૂર્ણાહુતિ થાય (પછી), આજ બોલાવો. અને એક ગુરુભક્તિ, બન્નેનું આજ જરા - પ્રોગ્રામનું મન થયું છે. હવે એક છેલ્લું, વાંચી લ્યો, છેલ્લું છે.

મુમુક્ષુ: **શ્રી પંચાધ્યાયી ભાગ - ૧**.

પૂ. લાલચંદભાઈ: બહુ ઇમ્પોર્ટન્ટ છે આ.

મુમુક્ષુ: **ગાથા ૫૦૬. અન્વયાર્થ:- (ज्ञान विकल्पः) જ્ઞાનના વિકલ્પનું નામ (नयः) નય છે, તથા (सः विकल्प अपि) એ વિકલ્પ પણ (अपरमार्थः अस्ति) પરમાર્થભૂત નથી.**

પૂ. લાલચંદભાઈ: આ નયોના વિકલ્પ **પરમાર્થભૂત નથી**, અહિતનું કારણ છે, નુકશાનનું કારણ છે. જેમ છે એમ વિચાર હોં, પાછો. એનાથી વિપરીત હોય તો-તો નય જ નથી. સર્વજ્ઞ ભગવાને જે નય દ્વારા જે સ્વરૂપ કહ્યું એ નય દ્વારા એવા સ્વરૂપને વિચારે છે, માનસિક જ્ઞાનમાં. એ અપરમાર્થભૂત છે, **પરમાર્થભૂત નથી**.

મુમુક્ષુ: **(यतः) કારણ કે એ જ્ઞાનવિકલ્પરૂપ નય (शुद्धं ज्ञानं गुण इति)**

પૂ. લાલચંદભાઈ: હવે **પરમાર્થભૂત નથી**, હિતનું કારણ નથી એના કારણ દર્શાવે છે.

મુમુક્ષુ: **જ્ઞાનવિકલ્પરૂપ નય શુદ્ધજ્ઞાનગુણ (ચ) તથા (જ્ઞેયં) જ્ઞેય પણ (ન) નથી**. જ્ઞાન પણ નથી અને તે જ્ઞેય પણ નથી.

પૂ. લાલચંદભાઈ: એ પ્રેમચંદજી! એ જ્ઞાન પણ નથી, એમ કહે છે. જ્ઞાન એક પ્રકારનું હોય, અતીન્દ્રિયજ્ઞાન એક જ પ્રકારનું હોય. એક અતીન્દ્રિયજ્ઞાન અને એક ઈન્દ્રિયજ્ઞાન, નયજ્ઞાન - એમ નથી. તેમ જ્ઞેય પણ નથી, આહાહા! કેમ નથી જ્ઞેય? એ છે જ નહિ. અનુભવના કાળે નયનો વિકલ્પ જ નથી, અવસ્તુ છે એટલે જ્ઞેયપણે જણાતું નથી.

મુમુક્ષુ: જ્ઞેય પણ નથી. એ પણ માર્મિક વ્યાખ્યા છે.

પૂ. લાલચંદભાઈ: માર્મિક વ્યાખ્યા છે. જ્ઞેય પણ નથી, એ માર્મિક છે.

મુમુક્ષુ: જણાતું નથી માટે જ્ઞેય નથી.

પૂ. લાલચંદભાઈ: કેમ કે અવસ્તુ છે, વ્યય થઈ ગઈ, નયનો વ્યય થઈ ગયો. ઈન્દ્રિયજ્ઞાનનો વ્યય અને અતીન્દ્રિયજ્ઞાનનો ઉત્પાદ. એ નયનો વિકલ્પ જ નથી. વિકલ્પ હોય તો જ્ઞાનનું જ્ઞેય થાય, હેયરૂપ જ્ઞેય, ઉપાદેયરૂપ જ્ઞેય, ઉપેક્ષારૂપ જ્ઞેય. બહેનને પૂછયું હતું કે આ પર્યાયાર્થિક ચક્ષુ બંધ કરવાનું કહે છે. મેં એને પૂછયું, કે 'હેયરૂપ જાણે તો? ઉપાદેયરૂપ ન જાણે, હેયરૂપ જાણે તો?' (એમણે કહ્યું) નહિ. (મેં પૂછયું) તો જ્ઞેયરૂપ જાણે? તો કહે, નહિ. જો જ્ઞેયરૂપ જાણે તો બંધ ક્યાં કરી? એ ૧૧૪ (ગાથા પ્રવચનસાર)ની સાથે મેળવ્યું. અવસ્તુ, વિકલ્પનો અભાવ જ થઈ ગયો છે. આહાહા! મિથ્યાત્વ ગયું, તો મિથ્યાત્વ જ્ઞાનનું જ્ઞેય થાય કે નહિ, સમ્યગ્દર્શન થાય ત્યારે? અરે! મિથ્યાત્વની શું તું વાત કરે છે?

મુમુક્ષુ: છે જ નહિ તો જ્ઞેય ક્યાં થાય?

પૂ. લાલચંદભાઈ: તાવ નોર્મલ (normal) થઈ ગયો. કે સાહેબ! ૧૦૪ ડિગ્રી જ્ઞાનનું જ્ઞેય તો થયું કે નહિ? પણ છે જ નહિ. પૂછો (ડોકટર) મોદી સાહેબને. અવસ્તુ. એ શુદ્ધજ્ઞાન નથી કેમ કે એ અશુદ્ધ જ્ઞાન છે, નયજ્ઞાન છે, ઈન્દ્રિયજ્ઞાન, માનસિક જ્ઞાન, અજ્ઞાન છે. એ શુદ્ધજ્ઞાન નથી, શુદ્ધ શબ્દ વાપર્યો. અને **જ્ઞેય પણ નથી**, જ્ઞાન તો નથી અને જ્ઞેય પણ નથી. આહાહા! શું એ પંચાધ્યાયી (કર્તા)એ ગજબ કરી!

મુમુક્ષુ: આ તો ઈન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી એ આવી ગયું.

પૂ. લાલચંદભાઈ: આવી ગયું ને!

મુમુક્ષુ: અને ઈન્દ્રિયજ્ઞાન જ્ઞેય પણ નથી.

પૂ. લાલચંદભાઈ: જ્ઞેય પણ નથી.

મુમુક્ષુ: કેમ કે જ્ઞાન છે તે જ જ્ઞેય છે.

પૂ. લાલચંદભાઈ: હા! જ્ઞાન જ્ઞાન પણ છે અને જ્ઞાન પોતે જ્ઞેય પણ છે. નયજ્ઞાન જ્ઞાન પણ નથી અને નયજ્ઞાન જ્ઞેય પણ નથી. સમાપન છે ને, આજ તો, હેં? આહાહા! પૂર્ણાહુતિ છે ને? પૂર્ણાહુતિમાં આ જ હોય ને?

મુમુક્ષુ: આપે ત્રણ હટાવીને જ્ઞાન જ રાખ્યું હતું એક, એક જ્ઞાન લ્યો.

પૂ. લાલચંદભાઈ: જ્ઞાન પણ એક, જ્ઞેય પણ એક અને જ્ઞાતા પણ એક. કહ્યું કે નહિ? આહાહા! એ જ્ઞાન જ નથી, નયજ્ઞાન જ્ઞાન નથી.

મુમુક્ષુ: બહુ ઊંચી વ્યાખ્યા. ઈન્દ્રિયજ્ઞાન(ની હયાતી) જ નથી તો પછી જ્ઞેય ક્યાં રહ્યું? પછી જ્ઞાન જ નથી તો પછી જ્ઞાન જ ન રહ્યું.

પૂ. લાલચંદભાઈ: એનો વ્યય થઈ ગયો વિકલ્પનો. આહાહા! દ્રવ્યાર્થિકનયે શુદ્ધ અને પર્યાયાર્થિકનયે અશુદ્ધ, એ બે પ્રકારના નયોના વિકલ્પ જ નથી. એટલે એ જ્ઞેય ક્યાંથી થાય? તો જ્ઞેય એક રહી ગયો, આત્મા ભગવાન. આહાહા! જ્ઞાન થઈ ગયું અને જ્ઞેય પણ રહી ગયો આત્મા, ભગવાન જ્ઞાયક આત્મા. આહાહા! શુદ્ધજ્ઞાન પણ પ્રગટ થઈ ગયું, અશુદ્ધ જ્ઞાનનો વ્યય થઈ ગયો અને ઓલા જ્ઞેયનો પણ વ્યય થઈ ગયો, વિકલ્પનો. ભગવાન આત્મા જ્ઞેય થઈ ગયો. જ્ઞાન પણ એક, જ્ઞેય પણ એક અને જ્ઞાતા પણ એક. જ્ઞેય બે, જ્ઞાન બે અને જ્ઞાતા બન્નેનો?

મુમુક્ષુ: એમ નથી.

પૂ. લાલચંદભાઈ: ચાલો હવે આજે બહેન પાસે ભક્તિ સાંભળીએ. એક સમયસારની અને પછી એક ગુરુભક્તિ. બસ બે લઈ લ્યો.

મુમુક્ષુ: એક લીટી રહી ગઈ.

પૂ. લાલચંદભાઈ: રહી ગઈ લીટી? અચ્છા! કરો, પૂરું કરો.

મુમુક્ષુ: **(किंतु) પરંતુ (तद्योगात) જ્ઞેયના સંબંધથી થવાવાળા જ્ઞાનના વિકલ્પનું નામ નય છે.**

પૂ. લાલચંદભાઈ: **નય છે.** પરજ્ઞેય છે ને? એના સંબંધમાં જે જ્ઞાન જાય છે ને, એમાં એ ખંડજ્ઞાન, ઈન્દ્રિયજ્ઞાન થાય એનું નામ વિકલ્પ, એમ. એક રાગને વિકલ્પ કહેવાય અને એક નયના સંબંધથી થવાવાળું ખંડજ્ઞાન, એનું નામ પણ વિકલ્પ,


નય વિકલ્પ છે. પરજ્ઞેયના સંગથી હોં! સ્વજ્ઞેયના સંગથી તો વિકલ્પ ઉત્પન્ન જ ન થાય. **જ્ઞેયના સંબંધથી** એટલે જ્ઞેયના લક્ષવાળું થયેલું જ્ઞાન, કહેવાતું જ્ઞાન, જ્ઞાન નથી પણ કહેવાતું જ્ઞાન. એ **થવાવાળા જ્ઞાનના વિકલ્પનું નામ નય છે.** આહાહા! જ્ઞેયના લક્ષવાળું જ્ઞાન એને આચાર્ય ભગવાને વ્યભિચારિણી બુદ્ધિ કહી. આહાહા! સંત સિવાય કોણ કહી શકે, હેં? પરના સંગમાં ગયું ને જ્ઞાન? એ જ્ઞાન હતું આત્માનું.

બોલો. ઠીક છે ને તબિયત તો? તો બોલો (ભક્તિ).

મુમુક્ષુ: समयसार हमको लागे प्यारा, (२)
लागे प्यारा, हमे लागे प्यारा। (२)
समयसार हमको लागे प्यारा। (२)
समयसार ही सम्यक् दर्शन, (२)
ज्ञान-चारित्र यही सुखकारा। (२)
समयसार हमको लागे प्यारा। (२)
समयसार ही प्राण हमारा, (२)
ये जीवन आधार हमारा। (२)
समयसार हमको लागे प्यारा। (२)
द्रव्य-भाव-नोकर्म रहित है, (२)
समयसार शुद्धात्म हमारा। (२)
समयसार हमको लागे प्यारा। (२)
चिदानंद चैतन्य प्रभु है, (२)
स्वानुभूति में शोभे अपारा। (२)
समयसार हमको लागे प्यारा। (२)
प्रमत्त नहीं अप्रमत्त नहीं जो, (२)
एक शुद्ध ज्ञायक ही हमारा। (२)
समयसार हमको लागे प्यारा। (२)
ज्ञानादि के गुण भेद न जिसमें, (२)
निर्भेद शुद्ध ज्ञायक हमारा। (२)
समयसार हमको लागे प्यारा। (२)

ज्ञानमयी ज्ञायक ही सार है।
कुंदकुंद प्रभु को वंदन हमारा। (२)
अमृत प्रभु को वंदन हमारा। (२)
कहान गुरु को वंदन हमारा। (३)
लाल प्रभु को वंदन हमारा। (२)

समयसार हमको लागे प्यारा। (४)
कोटि कोटि वंदन कर प्रभु को। (२)
हो जाऊँगा मैं भाव से पारा। (२)
समयसार हमको लागे प्यारा। (२)
अमृत पीकर अमर होंये अब। (२)
सिद्धालय में हो वास हमारा। (२)
समयसार हमको लागे प्यारा। (२)
समयसार जयवन्त रहो नित। (४)
गूँजती रहे जय जय जय कारा। (४)
समयसार हमको लागे प्यारा। (२)
लागे प्यारा, हमें लागे प्यारा। (२)
समयसार हमको लागे प्यारा। (२)




मुमुक्षुः हे गुरुवर तुम हो निधि की विधि,
सच्ची शिव विधि दरशाई है,
हे प्रभु आपका हृदय समझ,
मैंने मेरी निधि पाई है।
ऐसा लगता बस मुक्त हुआ,
नहीं करना कुछ भी शेष रहा,
निज में ही लीन रहूँ गुरुवर,
बस ये ही भाव विशेष रहा।
मेरा मिथ्याभ्रम दूर हुआ,
मैं दुःखी नहीं सुखमय ही हूँ,
बंधन बाधा अति भिन्न सदा,
मैं मुक्त स्वरूप सदा ही हूँ।
मैं मुक्त स्वरूप सदा ही हूँ।
भोगों की किंचित् चाह नहीं,
भव बाधायें सब ही विघटी,
मुक्ति की भी अब चाह नहीं,
मुक्ति की चिंता भी विघटी।

निष्काम नमन है प्रभु तुमको, दृष्टि आनंदमयी प्रगटी। (२)
मैं ज्ञायक पर ज्ञेय हैं मेरे,
ऐसी भ्रांति मिटा डाली।
ઉત્તર: આહાહા! ભવનો અંત (છે) આમાં.
मैं ज्ञायक पर ज्ञेय हैं मेरे,
ऐसी भ्रांति मिटा डाली।
ज्ञायक का ज्ञायक रहने की,
अपूर्व विधि बता डाली।
पर की तो क्या बात करूँ,
निज पर्यय का कर्तृत्व अहो,
एक क्षण मे दूर हुआ मुझसे,
निष्क्रिय ज्ञायक प्रगटा मेरे।
ઉત્તર: વાહ!
મુમુક્ષુ: होने योग्य ही कार्य जगत में,

होता देखा जाता है।
ना होने वाले को कोई,
कभी नहीं कर पाता है।
ध्याने योग्य ही ध्येय आपने, (२)
गुरुवर हमें दिखाया है।
ध्येय ध्यान की हुई अभेदता,
પૂ. લાલચંદભાઈ: ધ્યાતા બની ગયો.
મુમુક્ષુ: अपूर्व आनंद छाया है। (२)
मुक्ति मार्ग का सब रहस्य,
प्रभु आपने ही बतलाया है।
केवल बतलाया ही नहीं,
परिणत भी हमें कराया है।

मम् हृदयरूप घट में रे,
हर्ष नीर छलकाता है,
तव चरणों के प्रक्षालन हेतु,
ये उमड़ उमड़ कर आता है।
मम् हृदयरूप घट में रे,
जब नहीं समाने पाया है,
मन-वचन-काय की सीमा को,
ये लांघ बाहर यूँ आया है।
पर पूर्ण सफल ना होगा ये,
आपकी सुमहिमा गाने में।
फिर भी हठ पूर्वक उद्यत है,
ये अपना स्वाँग दिखाने में।
પૂ. લાલચંદભાઈ: હવે જીલશે.
મુમુક્ષુ: इस स्वाँग को आप जानते हैं,

પૂ. લાલચંદભાઈ: હું પણ સ્વાંગ જાણું છું.
મુમુક્ષુ: मैंने भी इसे स्वाँग जाना।
तुम सम ज्ञायक वृत्ति द्वारा,
निज ज्ञायक को अब पहिचाना।
द्रव्य दृष्टि का दान दिया, मैं सुखी रहूँ वरदान दिया। (२)
हो सच्चे अनुपम दानवीर,
मैं भाव आपका सफल किया।
सागर के अमाप जल को क्या, अंजुली से मापा जाता है। (२)
गुरुवर की अपार महिमा को,
क्या शब्दों से गाया जाता है।
है अलभ्य दर्शन आज गुरु,
फिर भी नित दर्शन देते हो।

है अलभ्य दर्शन आज प्रभु,
फिर भी नित दर्शन देते हो।
अंतः ज्ञायक गुरु की महिमा में,
मग्न हमें कर देते हो।
मम हृदयरूप सिंहासन पर,
मेरे प्रभुवर जयवंत रहो।
मम हृदयरूप सिंहासन पर,
मेरे गुरुवर जयवंत रहो।
जयवंत रहो जयवंत रहो,
श्री कहान गुरु जयवंत रहो।
जयवंत रहो जयवंत रहो,
श्री लाल प्रभु जयवंत रहो।
जयवंत रहो जयवंत रहो,
श्री कहान गुरु जयवंत रहो।
जयवंत रहो जयवंत रहो,
श्री लाल प्रभु जयवंत रहो।
जयवंत रहो जयवंत रहो,
श्री कहान-किरण जयवंत रहो।
श्री कहान-किरण जयवंत रहो।

ॐ

# જામનગર , ગુજરાત
# તા. ૧૧-૧૦-૧૯૮૮, પ્રવચન ૪૯૮ માંથી

# પરમપારિણામિકભાવ, સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો સંવાદ

**મુમુક્ષુઃ मङ्गलं भगवान् वीरो मङ्गलं गौतमो गणी ।**
**मङ्गलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मङ्गलम् ॥**
**सर्वमङ्गलमाङ्गल्यं सर्वकल्याणकारकं ।**
**प्रधानं सर्वधर्माणां जैनं जयतु शासनम् ॥**

અધ્યાત્મયુગ પ્રવર્તક મહાન કહાન ગુરુદેવની પરંપરામાં થયેલા મહાન વિદ્વાન પૂજ્ય શ્રી લાલચંદભાઇની સાક્ષીમાં, (પૂજ્ય લાલચંદભાઇને) પરમપરિણામીકભાવ સ્વરૂપની જગ્યાએ રાખીને અમે બન્ને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો સ્વાંગ ધારણ કરીને આ સંવાદ પ્રસ્તુત કરીએ છીએ.

**પૂ. લાલચંદભાઈ:** એ (સંધ્યાબહેન) સમ્યગ્દર્શનનો સ્વાંગ ધારણ કરે છે અત્યારે અને આ (નીલમબહેન) સમ્યગ્જ્ઞાન છે. એ બન્નેનો વાદવિવાદ થશે. અને પરમપારિણામિકભાવ અહીં, એ આત્મા છે.

**મુમુક્ષુ:** પરમપારિણામિકભાવ એ તો સ્વભાવ જ છે.

**પૂ. લાલચંદભાઈ:** આ તો સ્વાંગ છે, આ બધા.

**મુમુક્ષુ:** પરમપારિણામિકભાવ તો સ્વભાવ જ છે.

**મુમુક્ષુ:** સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાનની જોડી, કોઈ ન શકે તોડી.

**પૂ. લાલચંદભાઈ:** એક સાથે જ છે ને? સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એક સાથે જ પ્રગટ થાય છે, એક સાથે રહે છે. હવે સમ્યગ્દર્શન બોલે છે.

**સમ્યગ્દર્શન:-** હે પરમપારિણામિકભાવ સ્વરૂપ જ્ઞાયક પરમાત્મન્! તમને સમ્યક્ શ્રદ્ધાનો પ્રણામ સ્વીકાર હો, સ્વીકાર હો, સ્વીકાર હો!

**સમ્યગ્જ્ઞાન:-** હે પરમપારિણામિકભાવ સ્વરૂપ જ્ઞાયક પરમાત્મન્! તમને સમ્યગ્જ્ઞાનનો પ્રણામ સ્વીકાર હો, સ્વીકાર હો, સ્વીકાર હો!

**સમ્યગ્દર્શન:-** બન્ને મળીને પુન: પુન: નમસ્કાર કરીને આપશ્રીની સાક્ષીમાં અમે અમારા સ્વરૂપને ખુલ્લું કરીએ છીએ.

**સમ્યગ્જ્ઞાન:-** હે શ્રદ્ધા! હું આત્મવસ્તુને કથંચિત્ અભેદ અને કથંચિત્ ભેદસ્વરૂપ જાણું છું. નિત્ય-અનિત્ય, એક-અનેક, અપરિણામી-પરિણામી, દ્રવ્ય-પર્યાય સ્વરૂપ, उत्पादव्ययध्रौव्ययुक्तं सत्, એટલે કે વસ્તુ જેવી છે એવી બે પડખાવાળી જાણું છું. તું પણ મારી જેમ જ વસ્તુને એવી માન, એવી માન!

**સમ્યગ્દર્શન:-** ના ભાઈ જ્ઞાન! એમ ના બને. એવું તો બને જ નહિ. એમાં તો હું મિથ્યા થઈ જઇશ!

**સમ્યગ્જ્ઞાન:-** કેમ? કેમ મિથ્યા થઈ જઇશ? હું તો દ્રવ્ય-પર્યાય સ્વરૂપને જાણું છું, એમાં હું તો સમ્યક્ રહું છું. તું મિથ્યા કેમ થઈ જાય? તું મિથ્યા થવાનો ભય ના કર. તું પણ એમાં જ સમ્યક્ થઇશ. કેમ બરાબર છે ને?

**સમ્યગ્દર્શન:-** અરે ભાઈ જ્ઞાન! જેમાં તું સમ્યક્ રહે છે એમાં હું પણ સમ્યક્ રહું, એમ નથી. કેમ કે આપણા બન્નેનો nature (સ્વભાવ) ફરક-ફરક છે. હું તો નિર્વિકલ્પ છું અને મારો વિષય એક જ હોય. અને મારામાં સર્વથાપણું જ હોય છે, મારામાં કથંચિત્પણું ન હોય. મને કથંચિત્ આવડતું જ નથી, મને જે દેખાય છે એ સર્વથા જ દેખાય છે. હું શું કરૂં? મારો સ્વભાવ જ સર્વથા તરીકે જ દેખવાનો છે.

**સમ્યગ્જ્ઞાન:-** હા શ્રદ્ધા! એ તો બરાબર છે કે તારો સ્વભાવ નિર્વિકલ્પ છે, તારામાં સર્વથાપણું જ છે.

**સમ્યગ્દર્શન:-** એટલે જ તો! હે ભાઈ જ્ઞાન! અનંત-અનંતળકાથી હું પોતાના સર્વથા શુદ્ધ, પરિપૂર્ણ, અનંત-અનંત ગુણમય અભેદ-જ્ઞાતા સ્વભાવને સર્વથા અશુદ્ધ-અપૂર્ણ દોષી માનતી હતી. હવે આપશ્રીની અનંત-અનંત પરમકૃપાથી, આપશ્રીના શુદ્ધનય સ્વરૂપ કલ્યાણકારી માર્ગદર્શનથી, આપે મારા પૂર્ણ શુદ્ધ સ્વરૂપ, પરિપૂર્ણ કૃતકૃત્ય પરમાત્મસ્વરૂપ, સ્વયં સિદ્ધ સ્વરૂપ, આહાહા! ભગવાન આત્મસ્વરૂપ દેખાડ્યો છે, દર્શાવ્યો છે. અને મેં પણ મારા

સ્વરૂપને એવું જ માની લીધું છે કે હું તો નિત્યનિરાવરણ-અખંડ-પ્રત્યક્ષ-પ્રતિભાસમય પરિપૂર્ણ જ્ઞાયક પરમાત્મા છું. સર્વથા શુધ્ધ જ છું, પૂર્ણ જ છું, નિષ્ક્રિય શુધ્ધ જ્ઞાયકભાવરૂપે જ છું, અભેદ જ છું. મને એટલું જ દેખાય છે, એ સિવાય બીજું કશું પણ મને દેખાતું નથી. એમાં જ મારું સમ્યક્પણું છે.

**સમ્યગ્જ્ઞાનઃ-** એમ! તું સર્વથા શુધ્ધ સ્વભાવ, પરમાર્થ સ્વભાવથી અભેદ છો, નિર્વિકલ્પ છો. વાહ! બહુ સારું. હવે હું તને કથંચિત્નો આગ્રહ કદી ન કરું.

**સમ્યગ્દર્શનઃ-** હા પ્રભુ જ્ઞાન! જો મને કથંચિત્માં આવવાનું કહેશો તો હું મિથ્યા થઈ જઇશ. અને મારા મિથ્યા થતાં તમે પણ મિથ્યા થઈ જશો. મારા મરણ સાથે જ તમારું મરણ પણ જાણો!

**સમ્યગ્જ્ઞાનઃ-** એમ! ઓહોહોહો! તો મારે એવું નથી કરવું. અનંતકાળથી હું પણ તારા સમ્યક્પણા વિના મિથ્યા રહ્યો છું, કથંચિત્ના પક્ષમાં રહ્યો છું, નિત્ય-અનિત્યનો જ્ઞાતા નથી થયો. હવે હે શ્રધ્ધા! તું તારા સર્વથા શુધ્ધ સ્વભાવમાં નિશ્ચલ રહે. હું કોઈ દિવસ તને કથંચિત્માં નહિ લાવીશ.

**સમ્યગ્દર્શનઃ-** હા ભૈયા જ્ઞાન! આત્મા તો સર્વથા શુધ્ધ જ છે ને? આહાહા! હું તો પરિપૂર્ણ, નિર્વિકલ્પ, અભેદ પરમાત્મા છું. હું તો સર્વથા નિત્ય જ્ઞાતા સ્વરૂપે જ છું. હે ભાઈ જ્ઞાન! હવે તમે પણ જેટલો હું શ્રધ્ધું છું એટલો ચૈતન્ય સામાન્ય આત્મા છે, કેવળ એને જ તમે પણ આત્મા જાણો, સર્વથા દ્રવ્યને જ જાણો. તમે શું કામ પર્યાયને જાણો છો? એ તો પરદ્રવ્ય છે ને? તમે મારી વાત માનો કે એકલા દ્રવ્ય સ્વભાવને જ જાણો. તમે પણ સર્વથામાં આવી જાઓ ને?

**સમ્યગ્જ્ઞાનઃ-** અચ્છા! હે શ્રધ્ધા! જેમ તારા સ્વભાવમાં સર્વથા એકાંત છે એવું મારા સ્વભાવમાં સર્વથા એકાંત નથી. મારા સ્વભાવમાં તો અનેકાંતપણું છે, કથંચિત્પણું છે, હું સ્યાદ્વાદરૂપ છું. હું જો સર્વથા એકાંતમાં જાઉં તો હું મિથ્યા થઈ જાઇશ, મરી જાઇશ.

**સમ્યગ્દર્શનઃ-** અરે! હું તો સર્વથામાં જ સમ્યક્ રહું છું અને તમે સર્વથામાં સમ્યક્ નહિ? તમે એમાં મિથ્યા થઈ જશો? મરી જશો?

**સમ્યગ્જ્ઞાનઃ-** હા! હું સર્વથા એકાંતમાં સમ્યક્ નથી થતો. સર્વથામાં તું સમ્યક્ અને કથંચિત્માં હું સમ્યક્. કથંચિત્માં તું મિથ્યા અને સર્વથામાં હું મિથ્યા. હવે તો આપણા બન્નેનો સમ્યક્ થવાનો કાળ પાકી ગયો છે. કેમ કે આપણા ઉપર

પૂજ્ય શ્રી લાલચંદભાઈ જેવો પારિણામિક સ્વભાવ મળી ગયો છે ને? એટલે હવે તો બન્નેનો સમ્યક્ થવાનો કાળ પાકી ગયો છે. એટલે તું સર્વથા શુદ્ધ પરિપૂર્ણ મુક્ત અભેદ જ્ઞાયકભાવમાં જ રહે અને હું પણ તારો જે આત્મા છે એ જ મારો આત્મા છે, તને જે ઉપાદેય છે એ જ મને ઉપાદેય છે. એમાં તો હું તારી સાથે છું, પણ...

**પરમપારિણાકમિકભાવ:-** પણ...

**સમ્યગ્દર્શન:-** પણ...

**સમ્યગ્જ્ઞાન:-** પણ જાણવા માટે મારે તારા કરતા (સિવાય) બીજું પણ પડખું છે.

**પરમપારિણાકમિકભાવ:-** છે!

**સમ્યગ્દર્શન:-** હે જ્ઞાન! તું શુદ્ધનયના સ્વરૂપમાં તો મારી સાથે છો. એટલે તું મારી સાથે તો છો ને! એ બહુ સારું, બહુ સરસ, પણ...

**સમ્યગ્જ્ઞાન:-** પણ શું? મારી એક વિશેષતા છે. મારો સ્વભાવ જ સવિકલ્પ છે એટલે બધું જાણવું. દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપ, उत्पादव्ययध्रौव्ययुक्तं सत्, ભેદાભેદ સ્વરૂપ, કથંચિત્ રહિત અને કથંચિત્ સહિત, આત્મા અને આત્માશ્રિત આનંદ આદિને જાણવું એવો મારો સહજ સ્વભાવ છે. અને જ્યારે હું આખી વસ્તુ દ્રવ્ય-પર્યાય સ્વરૂપને જાણું છું ત્યારે જ તું પણ સમ્યક્ નામ પામે છે. એ પહેલા તો તું પણ મિથ્યા હતી. હે શ્રદ્ધા! તારા પક્ષથી મારો સ્વભાવ એકલો નિશ્ચયથી સ્વપ્રકાશક જ છે. અને જ્ઞાનની અપેક્ષાએ, એટલે જાણવાની અપેક્ષાએ મારો સ્વભાવ નિશ્ચય સ્વપરપ્રકાશક છે, અને વ્યવહાર સ્વપરપ્રકાશક પણ છે. કેમ બરાબર છે ને?

**સમ્યગ્દર્શન:-** બરાબર છે.

**હવે પરમપારિણામિકભાવ સમ્યકશ્રદ્ધા અને સમ્યગ્જ્ઞાનને આશીર્વાદ આપે છે.**

**પરમપારિણાકમિકભાવ:-** (હે) નિર્દોષ સમ્યક્ શ્રદ્ધા! હે નિર્દોષ સમ્યગ્જ્ઞાન! તમે બન્ને એક સાથે સંપીને રહો છો, એટલે સમ્યક્ એકાંત પૂર્વક અનેકાંત થાય છે. એ બહુ સારું છે. એવો જ તમારો બન્નેનો સ્વભાવ છે. સમ્યકશ્રદ્ધા-સમ્યગ્જ્ઞાન સ્વરૂપ જ્ઞાન-દર્શન જયવંત વર્તો. ધ્યેય પૂર્વક જ્ઞેયની સંધિ, સ્વરૂપ વીતરાગ સર્વજ્ઞપણું જયવંત વર્તો! જયવંત વર્તો!

**સમ્યક્શ્રદ્ધા-સમ્યગ્જ્ઞાન બન્ને મળીને કહે છે:-** હે પારિણામિકભાવ! હે પરમપારિણામિકભાવ સ્વરૂપ પરમાત્મન્! હે પ્રભો! અમે બન્ને આપના આશ્રયે આપની અનંત-અનંત કૃપાથી પ્રગટ થયા છીએ. અમારું સર્વસ્વ તો આપ જ છો. અમે આપમયી જ છીએ.

પરમપરિણામિકભાવ:- ભલે તમે બન્ને કહો છો કે મારા આશ્રયે સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે, પણ એમ છે નહિ. તમે પ્રગટ થાવ છો ત્યારે તમારું લક્ષ મારા ઉપર છે, એટલે મારા આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થયું, એવો ઉપચાર આવે છે. ખરેખર તો તમારા બન્નેની પર્યાય સત્ - તમારાથી પ્રગટ થઈ છે. અમે એના કર્તા પણ નથી અને અમે એના કારણ પણ નથી, અમે તો જાણનાર છીએ.

**સમ્યક્શ્રદ્ધા-સમ્યગ્જ્ઞાન બન્ને મળીને કહે છે:-** જાણનાર ભગવાન આત્માનો જય હો! જ્ઞાયક દેવનો જય હો! પરમપારિણામિકભાવનો જય હો!

**મુમુક્ષુ:** સ્વયંપ્રભુનો જય હો!

**પૂ. લાલચંદભાઈ:** સમ્યક્ એકાંત પૂર્વક (સમ્યક્) અનેકાંત (થાય છે) ...

**મુમુક્ષુ:** સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન તત્કાલની યોગ્યતા, આપને કારણે નહિ?

**પૂ. લાલચંદભાઈ:** ના બિલ્કુલ નહિ. અમને કારણ-બારણ કોઈ કહેશો (નહિ). એ સૌ સૌની યોગ્યતા પ્રમાણે પર્યાય પ્રગટ થાય છે. અમે તો અકર્તા અને અકારણ છીએ. આહાહા! અમે કોઈનું કારણ-બારણ નથી. પર્યાયનું કારણ પર્યાયમાં, પર્યાયનો કર્તા પર્યાય છે, હું કર્તા-ભોક્તા નથી. મારી હાજરીમાં થાય છે એટલું બરાબર છે, પણ મારા કારણે થાય છે, એમ છે નહિ. એમ અમને કહેશો (નહિ). આહાહા!

**મુમુક્ષુ:** આપની વાત અમને શિરોમાન્ય છે કેમ કે એમાં જ અમારું કલ્યાણ છે.

**પૂ. લાલચંદભાઈ:** તો ઠીક, કલ્યાણ છે!

**મુમુક્ષુ:** શિરોમાન્ય થયું ત્યારે તો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયું. એમાં જ અમારું કલ્યાણ છે.

**પૂ. લાલચંદભાઈ:** બરાબર છે. એમાં જ કલ્યાણ છે.

**મુમુક્ષુ:** ભાઈ! આટલું બધું નિરપેક્ષ અને સ્વતંત્ર?

**પૂ. લાલચંદભાઈ:** હા! બે સત્ અલગ-અલગ છે ભાઈ! કોઈને કારણે કોઈ છે નહિ. દ્રવ્યને કારણે પર્યાય નથી અને પર્યાયને કારણે દ્રવ્ય નથી. બે સત્ જ્યારે પ્રત્યક્ષપણે સ્વીકાર સ્વીકારશો, નિરપેક્ષ, ત્યાર પછી સાપેક્ષનો વ્યવહાર આવે, કે આત્માને આશ્રયે થાય, આત્માની કૃપાથી થયું, એ બધું વ્યવહાર કહેવાય.

**મુમુક્ષુ:** વાહ! પરમપરિણામિકભાવની કરુણા ઘણી.

**જાણનાર ભગવાન આત્માનો જય હો!**
**જ્ઞાયક દેવનો જય હો!**
**પરમપારિણામિકભાવનો જય હો!**

ૐ

ॐ